શ્રી હર્ષપુષ્પામૃત જૈન ગ્રંથમાલા, ગ્રંથાંક-૨૫૦

પં. શ્રી જિનવિજયજી ગણિવર વિરચીત
સુપાત્રદાન વિષયે
શ્રી

# ધન્ના શાલિભદ્ર રાસ

-: સંપાદક સંશોધક :-

પૂ. આ. શ્રી વિજયજિનેન્દ્રસૂરીશ્વરજી મ.

-: પ્રકાશિકા :-

શ્રી હર્ષપુષ્પામૃત જૈન ગ્રંથમાલા
લાખાબાવળ શાંતિપુરી (સૌરાષ્ટ્ર)

શ્રી હર્ષપુષ્પામૃત જૈન ગ્રંથમાલા. ગ્રથાંક-૨૫૦

શ્રી મહાવીરજિનેન્દ્રાય નમ:

શ્રી મણિબુદ્ધયાણંદ હર્ષકપૂરામૃતસૂરિભ્યો નમ:

પં. શ્રી જિનવિજયજી ગણિવર વિરચીત

સુપાત્રદાન વિષયે

શ્રી

# ધન્ના શાલિભદ્ર રાસ

-: સંપાદક સંશોધક :-

તપોમૂર્તિ પૂ. આચાર્યદેવ શ્રી વિજય કપૂરસૂરીશ્વરજી મ.ના પટ્ટધર હાલારદેશોદ્ધારક પૂ. આચાર્યદેવશ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મ.ના પટ્ટધર

પૂ આ. શ્રી વિજયજિનેન્દ્રસૂરીશ્વરજી મ.

-: સહાયક :-

પૂ આ. શ્રી વિજયજિનેન્દ્રસૂરીશ્વરજી મ ના ઉપદેશથી લંડન કેન્ટન સાઉથ હેરો આરાધક સંઘ તથા પૂ. સા. શ્રી ચંદ્રાનનાશ્રીજી મ.ના ઉપદેશથી અમદાવાદ પ્રીતમનગર શેઠ કેશવલાલ પ્રેમચંદ બંગલાના આરાધક બેનો તથા પાલીતાણા આરાધક બેનોના જ્ઞાન ખાતેથી.

-: પ્રકાશિકા :-

શ્રી હર્ષપુષ્પામૃત જૈન ગ્રંથમાલા

લાખાબાવળ શાંતિપુરી (સૌરાષ્ટ્ર)

પ્રકાશિકા–શ્રી હર્ષપુષ્પામૃત જૈન ગ્રંથમાલા
(લાખાબાવળ)
C/o. શ્રુત જ્ઞાન ભવન ૪૫ દિ. પ્લોટ, જામનગર.

| વીર સં. | વિ. સં. | સને | પ્રથમ આવૃત્તિ |
|---|---|---|---|
| ૨૫૧૯ | ૨૦૪૯ | ૧૯૯૨ | નકલ ૧૦૦૦ |


# આભાર દર્શન

અમારી ગ્રંથમાલા તરફથી પ્રાચીન સાહિત્ય પ્રકાશન યોજનામાં **આ શ્રી ધન્ના શાલિભદ્ર રાસ** પ્રગટ કરતાં આનંદ અનુભવીએ છીએ આ ગ્રંથના કર્તા પૂ. પં. શ્રી જિનવિજયજી મહારાજ છે. આ ગ્રંથનું સંપાદન પૂ. આ. શ્રી વિજય **જિનેન્દ્રસૂરીશ્વરજી** મહારાજે કર્યું છે.

આ ગ્રંથ પ્રકાશન માટે પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્રસૂરીશ્વરજી મ.ના ઉપદેશથી લંડન કેન્ટન **સાઉથ હેરોના આરાધક સંઘ** જ્ઞાન ખાતે હ. ભાઈશ્રી **મોતીચંદ એસ. શાહ** તથા **રતિલાલભાઇ ગુઢકા** તરફથી તથા પૂ.સા. શ્રી **ચંદ્રાનનાશ્રીજી** મ.ના ઉપદેશથી **અમદાવાદ પ્રીતમનગર શેઠ કેશવલાલ પ્રેમચંદ ના બંગલાના આરાધક બેનો** તથા **પાલીતાણા** આરાધક બેનોના જ્ઞાન ખાતેથી સહકાર મળ્યો છે અને તે માટે પ્રેરક તથા દાતાનો ખૂબ આભાર માનીએ છીએ અને પ્રાચીન સાહિત્યના ઉદ્ધારમાં સદૈવ સહકાર આપે તેવી અભિલાષા રાખીએ છીએ.

તા. ૧–૧૧–૯૨ **મહેતા મગનલાલ ચત્રભુજ**
શાક મારકેટ સામે, વ્યવ.
જામનગર શ્રી હર્ષપુષ્પામૃત જૈન ગ્રંથમાલા

# પ્રાસ્તાવિક

ભવ્ય જીવોના હિત ચિંતક મહાપુરુષો પ્રૌઢ કે બાળ સૌ જીવોના બોધ માટે ઉપદેશ આપે છે અને તેમને અનુરૂપ સાહિત્ય પણ સર્જે છે.

ગુજરાતીમાં રાસ ચોપાઇ વિગેરે પણ આ ઉપયોગી સાહિત્ય છે તેવા ઉપયોગી સાહિત્યમાં શ્રી ધન્ના શાલિભદ્રનો રાસ ગણાય. જે સુપાત્ર દાનના મહામહિમાને પ્રગટ કરે છે.

આ ગ્રંથની રચના પૂ. પં. **શ્રી જિનવિજયજી મ.** એ વિ. સં. ૧૭૯૯ માં શ્રા. સુ. ૧૦ ગુરુવારે કરી છે. તેઓ પૂ. આ. **શ્રી દેવસૂરીશ્વરજી**ના પટ્ટધર પૂ. આ. **શ્રી સિંહસૂરીશ્વરજી મ.** જેમણે મેવાડના રાણા જગતસિંહને પ્રતિબોધ કર્યો હતો તેમના શિષ્ય **શ્રી ગજવિજયજી મ.** તેમના **હિતવિજયજી મ.** તેમના ભાણુવિજયજી **મ.**ના ગુરુબંધુ **શ્રી** જિનવિજયજી **મ.** છે. પૂ. આ. **શ્રી ક્ષમાસૂરીશ્વરજી મ.** પૂ. આ. **શ્રી દયા સૂરીશ્વરજી મ.**નો આદેશ લઇને તથા પં. **શ્રી દીપ વિ. મ.** શિષ્ય **દયા વિ. મ.** શિષ્ય **શ્રી** કૃષ્ણ વિજયજી મ.ના આગ્રહથી આ રાસ રચ્યો છે.

આ રાસ પૂ. આ. **શ્રી જિનકીર્તિસૂરીશ્વરજી** **મ.**એ સંસ્કૃતમાં રચેલા ચરિત્ર ઉપરથી બનાવ્યો છે આ રાસમાં ૪ ઉલ્લાસ અને ૮૫ ઢાળો છે. જેમાં અનેક ચમત્કૃતિ છે. વળી પ્રસંગે પ્રસંગે સંસ્કૃત સુભાષિતો અર્થ સાથે મુકીને આ રાસને મધુર કાવ્ય રસના કુંડ જેવો બનાવ્યો છે.

વિ. સં. ૧૯૮૪ માં આ રાસ **શા. લખમશી જેસંગભાઈ (પાનસર)** તરફથી છપાયો હતો.

ગુજરાતી ગેય રાગોમાં આ રાસ વંચાય તો અનેરી ઝલકનો અનુભવ થાય છે. વકતા અને શ્રોતા બંને ધર્મ-કથા રસમાં ઝીલતા થઈ જાય છે.

આ રાસ એ રીતે વંચાતો થાય અને સૌ બોધ અમૃતનું પાન કરે એજ મંગલ ભાવના.

૨૦૪૮ આસો વદ ૧૩
તપગચ્છ અમર જૈનશાળા — જિનેન્દ્રસૂરિ
ખંભાત.

# —: અનુક્રમણિકા :—


| ઉલ્લાસ | | પૃષ્ઠ |
|---|---|---|
| ૧ ઉલ્લાસ પહેલો | ૧૭ | ૧ |
| ૨ ઉલ્લાસ બીજો | ૧૭ | ૫૮ |
| ૩ ઉલ્લાસ ત્રીજો | ૨૨ | ૧૦૮ |
| ૪ ઉલ્લાસ ચોથો | ૨૯ | ૧૭૮ |


## શુદ્ધિપત્રક

| પૃષ્ઠ | લીટી | શુદ્ધ |
|---|---|---|
| ૪ | ૧૫ | કલ્પદ્રુમ |
| ૫ | ૧૨ | અભ્યાસે |
| ૨૪ | ૬ | ઓવારણુ |
| ૨૪ | ૮ | સપ્રતીત |
| ૨૭ | ૧૭ | શૃગાલ |
| ૩૮ | ૧૬ | વિદ્યા સાધક |
| ૪૫ | ૮ | ધ્રુતં |
| ૪૮ | ૬ | કૃપણુની |
| ૪૮ | ૨૧ | થયો |

| | | |
|---|---|---|
| ૫૪ | ૧ | દેવીતે |
| ૫૪ | ૪ | સંઘે પણ |
| ૮૫ | ૧૫ | પુષ્પૈરપિ |
| ૧૦૯ | ૧૭ | નિશ્ચિંત |
| ૧૧૮ | ૯ | અસરાલ |
| ૧૨૨ | ૧૩ | નરશુ |
| ૧૨૨ | ૨૨ | દ્રૌપદીના |
| ૧૨૯ | ૮ | પહોત્યો |
| ૧૪૫ | ૧૦ | સતાનિક |
| ૧૪૬ | ૧૪ | શોભા |
| ૧૪૯ | ૨ | સ્વામીજી |
| ૧૪૯ | ૨ | પ્રતિષ્ઠાનપુર |
| ૧૪૯ | ૭ | મંત્રી |
| ૨૦૯ | ૨૦ | શ્રેણિક |
| ૨૧૧ | ૬ | વયણ |

અર્હમ્

પૂ. આ. શ્રી વિજયમનોહરસૂરિભ્યો નમ:

સુપાત્રદાન વિષયે પંડિત શ્રી જિનવિજયજી
મહારાજ વિરચિત

# ॥ શ્રી ધન્ના શાલિભદ્રનો રાસ. ॥

## ॥ દોહા ॥

ઐંદ્રશ્રેણિ નત ક્રમ કમલ, સ્વસ્તિશ્રી ગુણ ધામ ।
વીર ધીર જિનપતિ પ્રતે, પ્રેમે કરૂં પ્રણામ ॥૧॥
વસુધામે વિદ્યા વિપુલ, વર દાતા નિતમેવ ।
સમરૂં ચિત ચોરકે કરી, તે પ્રતિદિન શ્રુતદેવિ ॥૨॥
ગુરૂ ચરણાંબુજ સેવવા, મુજ મન મધુકર લીન ।
ઉપગારી અવની તલે, ગુરૂ સમ કોન પ્રવીન ॥૩॥
સિદ્ધાચલ વૈભારગિરી, અષ્ટાપદ ગિરનાર ।
સમેતાદિ એ પંચ વર, તીર્થ નમું નિત સાર ॥૪॥
સંઘ ચતુર્વિધને સદા, ત્રિકરણ શુદ્ધ ત્રિકાલ ।
વંદુ વિધિ વંદન થકી, સુકૃતકરણ સુવિશાલ ॥૫॥
ધર્મચતુર્વિધ ઉપદિશો, જગપતિ જનહિત કાજ ।
દાન શિયલ તપ ભાવના, જલનિધિ તરણ જહાજ ।૬।

યતઃ ॥ ઉપજાતિવૃત્તમ્ ॥ દાનં સુપાત્રે વિશદં ચ શીલં, તપો વિચિત્રં શુભ ભાવના ચ; ભવાર્ણવોત્તારણ યાનપાત્રં, ધર્મં ચતુર્દ્ધા મુનયો વદંતિ ॥ ૧ ॥

ભાવાર્થ: સુપાત્રને વિષે દાન આપવું, નિર્મલ શીલ

પાલવું, વિચિત્ર પ્રકારનો તપ કરવો અને શુભ ભાવના ભાવવી; એ રીતે ભવ રૂપ સમુદ્રથી પાર પમાડવાને જહાજ સમાન એવો ચાર પ્રકારનો ધર્મ, મુનિયો ઉપદિસે છે. ૧

*પ્રથમ દાન પદ ધર્મના, દાખ્યા પંચ પ્રકાર; અભય* સુપાત્ર અનુકંપ તિમ, ઉચિત કીર્તિ સુવિચાર. ૭ ઇહલોકે સુખ સંપજે, લહિયે નિત નવનીધિ; અભયદાન દેતે થકે, પરભવ રૂદ્ધિ સમૃદ્ધિ. ૮ એક શશક ઊગારતે, પામ્યો રૂદ્ધિ ઉદાર; ગજ ભવથી નર ભવ લહ્યો, મેઘકુમર મનોહાર. ૯ તિમ સુપાત્ર દાને કરી, શિવ સુખ પામે જીવ; ચિત્ત વિત્ત શુભ પાત્રથી, ત્રિકરણ શુદ્ધ અતીવ. ૧૦ પાયસાન્ન દાને કરી, પામ્યો ભોગ રસાલ; ધન્નશાહ ધર્માગ્રણી, પદ પદ મંગલ માલ. ૧૧ શાલિભદ્ર પિણ દાનથી, સુખ પામ્યો શ્રીકાર; શ્રેણિક કિરિયાણો કિયો, નર ભવ સુર અવતાર ૧૨. દીજે દાન દયા ધરી કરી ચિત્ત સુપ્રકાસ; મનવંછિત સુખ પામીએ, કલ્પદ્રુમપરે ખાસ. ૧૩ ધન્નશાહ ગુણ વર્ણવું, વચન થકી લવલેશ; નિદ્રા વિકથા છોડીને, શ્રોતા સુણો સુવિશેષ ૧૪.

## ॥ ઢાળ ૧લી. ॥

### ॥ જંબુદ્વીપના ભરતમાં—એ દેશી. ॥

જંબુદ્વીપ સોહામણો, લાખ જોયણ પરિમાણો રે; વૃત્તાકારે વિરાજતો, જગતિ કનકમય જાણો રે ॥ જંબૂદ્વીપ સોહામણો. ૧ એ આંકણી. ત્રિણ્ય લાખ સોલ

સહસથી, અધિક બસ્સે સત્તાવીશોરે; કોષ ત્રિક ઉપર કહતા, ધનુ શત એક જગીશોરે. જંબુ૦ ૨ અઠાવીસે આગલા, અંગૂલ સાડા તેર રે; પરિધિ કહી જંબુદ્વીપની, એહમાં ફાર ન ફેર રે. જંબુ૦ ૩ ભરતક્ષેત્ર દક્ષિણદીશે, સોહે જંબુદ્વીપે રે; પાંચસે છવ્વીસ છકલા, જોયણથી અતિ દીપે રે. જંબુ૦ ૪ ષટ ખંડ વૈતાઢયે કરી, ગંગા સિંધુથી સોહે રે; ભરત તણી શોભા ઘણી, દેખી સુર નર મોહે રે. જં૦૫ મધ્યખંડમેં શોભતો, પત્તન પુર પઇઠાણો રે; ઇંદ્રપુરી સમ ઓપતો, અતિ ઉત્તમ અહિઠાણો રે. જં૦ ૬ ચૌરાશી ચહુટાં ભલાં, ગઢ મઢ મંદિર દીપે રે; દેઉલ શ્રી જિનરાજનાં, અમર ભુવનને જીપે રે. જં૦ ૭ પૌષધશાલા પડવડી, તિમ વલી પઠનની શાલો રે; દાન શાલા અતિ દીપતી, ઇપ્સિત દાન રસાલો રે. જં૦ ૮ ગોદાવરી તટિની તિહાં, અહ નિશિ વહે અસરાલો રે; મચ્છ મયૂર ક્રીડા કરે, સુંદર સોહે મરાલો રે. જં૦ ૯ વન ઉપવન વાડી ઘણી, વૃક્ષ તણા બહુ વૃંદો રે; સઘન છાયાથી શોભતા, પંથી પામે આણંદો રે. ૧૦ જીતશત્રુ ભૂપતિ તિહાં, રાજે ધનદને તોલે રે; ખાગ ત્યાગ ગુણથી ભલો, લોક સહૂ જય બોલે રે. જં૦ ૧૧

યતઃ ॥ ઉપજાતિવૃત્તમ્ ॥ ઇંદ્રાત્ નૃપત્વં જ્વલનાત્પ્રતાપં, ક્રોધં યમાદ્વૈશ્રમણાચ્ચ વિત્તં; સત્ત્યસ્થિતિ રામજનાર્દનાભ્યા–માદાય રાજ્ઞઃ ક્રિયતે શરીરં. ૧

ભાવાર્થ:- ઇંદ્રથકી રાજાપણું, અગ્નિથકી પ્રતાપ, યમની પાસેથી ક્રોધ, કુબેરભંડારી પાસેથી ધન, તેમજ રામ અને જનાર્દનની પાસેથી સભ્યસ્થિતિ. એ સર્વે લેઈને રાજાનું શરીર કરાય છે. ॥ ૧ ॥

સુંદર રૂપ સોહામણી, ગુણસુંદરી પટરાણી રે; વચનામૃતથી વરસતિ, શીલે સીતા જાણી રે. જં૦ ૧૨ રૂપે રતિ પતિ સારીખો, સકલ કલાયે પૂરો રે; અરિદમનાભિધ ગુણ નીલો, કુમર અછે અતિ શૂરો રે. જં૦ ૧૩ વરણ અઢાર વસે સુખી, નૃપ આણા પ્રતિપાલે રે; સહુકો નિજનિજ ધર્મથી, કુલ મારગ અજુઆલે રે. ૧૪ કોટીધ્વજ વ્યવહારીયા, ભોગ પુરંદર સારો રે; દાન ગુણે કરી આગલા, નિવસે અતિ સુખકારો રે. જં૦ ૧૫ દઢધરમી ગુરૂ રાગીયા, ઉત્તમ કુલ આચારો રે; સમકિતવંત સદા ધરે, શ્રાવકનાં વ્રત બારો રે. જં૦ ૧૬ દાન કલ્પદ્રુમ રાસની,પ્રથમ ઢાલ એહ ભાખી રે; જિન કહે શ્રોતા સાંભલો, મન વચ તનુ થિર રાખી રે. જં૦ ૧૭

## ॥ દોહા ॥

વડવખતી વ્યવહારિયો, તહાં વસે ધનસાર; રૂદ્ધિ વૃદ્ધિ દિન દિન અધિક, જલધિ પરે વિસ્તાર. ૧ જલધિતણા જિમ રત્નનો, પાર ન પામે કોય; તિમ ધનસારના ધન તણો, લેખો કદિય ન હોય. ૨ દાનાદિક ગુણથી અધિક, જિનધરમી ગુણ ગેહ; ત્રિએય તત્ત્વ સુધા ધરે, વ્રતધારિ શુચિ દેહ. ૩ શીલવતી તસ ગેહિની, નામ

તિસો પરિણામ; દંપતિ જોડી અતિ ફુરસ, જીમ સીતા ને રામ. ૪ પંચ દાન નિતપ્રતિ દિયે, વ્રત પચ્ચખાણ ઉલાસ દોગુંદુક સુરની પરે, વિલસે ભોગ વિલાસ. ૫

## ॥ ઢાલ ૨ જી ॥

(કોયલો પરવત ધૂંધલોરે,લો.–એ દેશી)

વ્યવહારી ધનસારને રે લો, વિલસંતે સુખ ભોગરે; સોભાગી લાલ, પુત્ર થયા અતિ રૂયડા રે લો, પૂરવ પુણ્ય સંયોગે રે; સોભાગી લાલ, વ્યવહારી ધનસારનેરે લો. ૧ એ આંકણી. ધનદત્ત ને ધનદેવ જીરે લો, ધનચંદ્રાભિધ બાલ રે, સો૦ અધ્યાપક પાસે ભણ્યા રે લો, શાસ્ત્રાદિક સુવિશાલ રે સો૦ વ્ય૦ ૨ વિનયાદિક ગુણ અભ્યસે રે લો. સકલ કલા ગ્રહે તેહ રે; સો૦ અતિ સુંદર સોહામણા રે લો, દેવકુમર સમ દેહ રે. સો૦ વ્ય૦ ૩ યોવન વય આવ્યા યદા રે લો, તાતે તવ તતકાલ રે સો૦ પ્રિત થકી પરણાવિયા રે લો, કન્યા અતિ સુકુમાલ રે. સો૦ વ્ય૦ ૪ ધનશ્રી ધનદેવી ભલી રે લો; ધનચંદ્રા સુખકાર રે. સો૦ અતિરૂયડી રલીયામણી રેલો, ગુણમણિ રયણ ભંડાર રે. સો૦ વ્ય૦ ૫ પ્રમદાથી પ્રેમે રમે રે લો, ધનદત્તાદિક પૂત્ર રે સો૦; ધરમ કરમ વિધિ સાચવે રે લો, રાખે ઘરનો સૂત્ર રે. સો૦ વ્ય૦ ૬ નિર્વાહક ગૃહ ભારના રે લો, જાણી પૂત્ર સુજાત રે; સો૦ ધનસારેભ્ય કરે તદા રે લો, શ્રીયુત ધર્મ વિખ્યાત રે. સો૦ વ્ય૦ ૭ નવપદ ધ્યાન ધરે ભલો રે લો, પશ્ચિમ રાત્રિ વિભાગ રે; સો૦ આવશ્યક બે ટંકનાં રે લો, સાચવે

મન ધરી રાગ રે. સો૦ વ્ય૦ ૮ ચૈત્યવંદન સાતે સદા રે લો, દેવાર્ચન ત્રિણ્ય ટંક રે; સો૦ તીર્થાર્ચન યુગતે કરેરે લો, ટાલવા પાપના પંકરે. સો૦ વ્ય૦ ૯ રથયાત્રા રલીયામણી રે લો, સાધૂને વસતી દાન રે; સો૦ પડિલાભે ભાવ કરી રે લો, નિરવદ્ય અસન ને પાન રે. સો૦ વ્ય૦ ૧૦

યતઃ ॥ અનુષ્ટુબ્વૃત્તમ્ ॥

જયંતિ વંકચુલાદ્યા, કોશ્યા ચાશ્રયદાનતઃ;
અવંતિસુકુમાલશ્ચ, તિર્ણો સંસારસાગરં. ૧

ભાવાર્થ :– સાધુ મુનિરાજને રહેવા માટે સ્થાનક આપવાથી કોશ્યા વેશ્યા, અવંતિસુકુમાલ અને વંકચુલાદિક; એ સર્વે જયવંતા વર્તો. કારણ કે, તેઓ સંસાર સાગરને તરી ગયા. ૧

દેશના નિત્ય પ્રત્યે સાંભલે રે લો, દંપતિ દિલ ધરી દામ રે; સો૦ સાતક્ષેત્રને સાચવે રે લો, નિયમ ધરે હિત કામ રે. સો૦ વ્ય૦ ૧૧ પુણ્ય સંયોગે અન્યદા રે લો, શીલવતી સુકુમાલ રે સો૦; ગર્ભ ધરે સંયોગથી રે લો, નિરૂપમ ભાગ્ય વિશાલ રે. સો૦ વ્ય૦ ૧૨ દેખ્યો સુપનો દીપતો રે લો, ફલ્યો ફુલ્યો *સુરવક્ષ રે; સો૦ દેખી આનંદ ઊપન્યો રે લો, કંતને કહે પરતક્ષ રે. સો૦ વ્ય૦ ૧૩ કંત કહે કામિની પ્રતે રે લો, હોશે પુત્ર પ્રધાન રે; સો૦ કુલ મંડણ કુલ દિનમણી રે લો, રૂપે ભૂપ સમાન રે. સો૦ વ્ય૦ ૧૪ +પ્રત્યૂષે અતિ પ્રેમશું રે લો, તેડયા

*કલ્પવૃક્ષ +સવારે.

શાસ્ત્રના જાણ રે સો૦; ફલ પુછયાં સુહણાં તણાં રે લો, બોલ્યા તેહ સુજાણ રે સો૦ વ્ય૦ ૧૫ અંગજ અદ્દભુત રૂપર્થી રે લો, હોશે સુગુણ નિધાન રે; સો૦ સાંભલી શેઠ ખુશી થયા રે લો, દીધો પ્રેમે દાન રે. સો૦ વ્ય૦ ૧૬ અનુક્રમે ગર્ભ વધે સુખે રે લો, માનસ સર જિમ હંસ રે; સો૦ જિન કહે બીજી ઢાલમાં રે લો, પુણ્યે કુલ અવતંસરે. સો૦ વ્ય૦ ૧૭

॥ દોહા ॥

અથ ત્રીજે માસે અવલ, દોહદ ઉપજે તામ ।
જિનપૂજા ગુરૂ સેવના, કરવા ઉત્તમ કામ ॥૧॥
સાધુને વસ્ત્રાદિક દિઉં, પોખું સંઘ ઉદાર ।
સ્નાત્ર મહોચ્છવ સાચવું, વિરચું જૈન વિહાર ॥૨॥
પૌષધ સામાયિક કરૂં, ધરૂં નિયમ ચિત્ત લાય ।
નવપદને અહનિશિ જપું, પાલું પ્રવચન માય ॥૩॥
જીવદયા રાખણ યતન, કરૂં કરાવું સાર ।
આભરણાદિક અતિ સુભગ, પહેરૂં વેશ ઉદાર ॥૪॥
ઇત્યાદિક દોહદ સકલ, પ્રતિદિન જેહ ઉપન્ન ।
તે તે શેઠે પુરીયા, કરતે કોડિ યતન્ન ॥૫॥

॥ ઢાળ ૩ જી ॥

(દાન ઉલટ ધરી દીજીયે—એ દેશી.)

માસ નવ દિન સાતે થયે, ઉત્તમ યોગ તિથિ વાર રે; શીલવતી સુત પ્રસવીયો, હુઓ હર્ષ અપાર રે; પુણ્યે સયલ સુખ પામીયે. ૧ એ આંકણી. વામિયે દુરિત

દુઃખ દૂર રે; વંછિત વિપુલ વેગે મિલે, સુરવૃક્ષ ભરપુર રે. પુણ્યે૦ ૨ બાલ નાલ સ્થાપન ભણી, ભૂમિ ખનન કરે જામ રે, કનકનિધિ પરગટ થયો; દેખી પ્રમુદિત થયા તામ રે. પુણ્યે૦ ૩ શેઠને દીધી વધામણી, સુણી હરખ્યો ધનસાર રે; લાખ પસાય તેહને કીયો, લીયો સુજસ સુપ્રકાર રે. પુણ્યે૦ ૪ ઓચ્છવ રંગ વધામણાં, ધવલ મંગલ નવરંગ રે; યાચક દાન દેવરાવીયાં, બાંધ્યાં તોરણ ચંગરે. પુણ્યે૦ ૫ ચંદ્ર સૂર્યાદિ દર્શન કીયાં, તૃતીય દિને તતખેવ રે;રાત્રિ જાગરણ છઠે દીને, ધર્મકાર્ય જિનસેવ રે. પુણ્યે૦ ૬ દશ દિન સ્થિતિપતિકા કરી, અશુચી ટાલે તતકાલ રે; અસન વસનાદિકે સ્વજનને, પોખ્યા ભક્તિ સુવીશાલ રે. પુણ્યે૦ ૭ જન્મ સમય ધન પ્રગટીયો, તે ગુણ હૃદય સંભાર રે; નામ ધનકુમર તાતે દીયો, હુઓ સુજસ વિસ્તાર રે. પુણ્યે૦ ૮ રૂપ લાવણ્ય ગુણે કરી, અધીક ઓપે શુચી દેહ રે; પંચ ધાવે કરી પાલતે, સુખમેં વધે ગુણગેહ રે. પુણ્યે૦ ૯ અનુક્રમે અષ્ટવાર્ષિક થયો, પાઠવ્યો પીતૃ નીશાલ રે; યતનથી પઠન કરે તદા, ધન્નકુમર ઉજમાલ રે. પુણ્યે૦ ૧૦

યતઃ ॥ અનુષ્ટુબ્વૃત્તમ્ ॥
માતા વૈરી પીતા શત્રુ, બાલોયૈન ન પાઠીતઃ;
ન શોભતે સભા મધ્યે, હંસમધ્યે બકો યથા. ૧

**ભાવાર્થ** :- જેમણે બાલકને ભણાવ્યો નથી, તે માતા પિતા બાલકનાં શત્રુ જાણવા; કારણ કે, તે અભણ

રાખેલો પુત્ર; હંસોમાં બગલાની પેઠે વિદ્વાનોની સભામાં શોભતો નથી. ૧

હવે વિદ્યાના ગુણ કહે છે.

॥ શાર્દૂલવિક્રીડિતવૃત્તમ્ ॥

વિદ્યાનામ નરસ્ય રૂપમધિકં પ્રચ્છન્નં ગુપ્તં ધનં,
વિદ્યા ભોગકરી યશઃ સુખ કરી વિદ્યા ગુરૂણાં ગુરૂઃ;
વિદ્યા બંધુજનો વિદેશ–ગમને વિદ્યા પરં દૈવતં,
વિદ્યા રાજસુ પૂજ્યતે ન હિ ધનં વિદ્યા વિહિનઃ પશુઃ ૨

**ભાવાર્થ** :- વિદ્યા જ પુરૂષનું અધિક રૂપ, ઢાંકેલું ગુપ્ત ધન, ભોગ, યશ, સુખને આપનારી, ગુરૂની પણ ગુરૂ, પ્રવાસમાં વાટે જતાં બંધુજન સમાન અને પરમ દૈવત રૂપ છે; રાજદરબારમાં વિદ્યા જ પૂજાય છે, પણ ધન પૂજાતું નથી; માટે વિદ્યા રહિત પુરૂષને જનાવર સમાન જાણવો. ૨

વલી પણ વિદ્યાના ગુણ કહે છે.

ઉપજાતિ વ્રતમ્ ॥ ન ચોર હાર્યં ન ચ રાજ હાર્યં; ભ્રાતૃ ભાજ્યં ન ચ ભારકારિ; વ્યયે કૃતે વર્દ્ધત એવ નિત્યં, વિદ્યા ધનં સર્વધન પ્રધાનં. ૩

**ભાવાર્થ** :- વિદ્યા રૂપ ધન, ચોર તથા રાજાથી લેઇ લેવાતું નથી, ભાઇયોથી વહેંચી લેવાતું નથી, કાંઈ ભાર કરતું નથી અને કોઇને આપવાથી ઘટવાને બદલે નિરંતર વધે છે; માટે વિદ્યા રૂપ ધન, સર્વ ધનમાં મુખ્ય ધન છે. ૩

અનુષ્ટુપ્‌વૃત્તમ્ ॥

રૂપ યૌવન સંપન્ના, વિશાલ કુલ સંભવાઃ;
વિદ્યા હીના ન શોભંતે, નિર્ગંધા ઇવ કિંશુકાઃ ૪.

ભાવાર્થ :- રૂપાલા, યુવાન અને મ્હોટા કુલમાં ઉત્પન્ન થએલા, એવા પણ જો વિદ્યા હીન હોય, તો સુગંધ વિનાનાં કેશુડાંનાં ફુલની પેઠે શોભતા નથી; ૪

વિદ્વત્વં ચ નૃપત્વં ચ. નૈવ તુલ્યં કદાચન;
સ્વદેશે પૂજ્યતે રાજા, વિદ્વાન્ સર્વત્ર પૂજ્યતે ૫

ભાવાર્થ:- વિદ્વાનપણું અને રાજાપણું એ કદિ બરોબર છેજ નહિ. કારણ કે, રાજા પોતાના દેશમાં પૂજાય છે અને વિદ્વાન સર્વે ઠેકાણે પુજાય છે. ૫.

લીખીત ગણીતાદિ બહોંતેર કલા, તીમ વલી શુકન વિચાર રે; ગીત નૃત્યાદિ વિધિ ગ્રહી, શબ્દશાસ્ત્રાદિ વ્યવહાર રે. પુણ્યે૦ ૧૧. જોતીષ નિમિત્ત વૈદ્યક ભલા, અલ્પ પસાયથી તેહ રે; વિસ્મૃત સ્મરણ જયૂં કીજીએ, તેમ ભણ્યો ધરી નેહ રે. પુ૦ ૧૨. બુદ્ધિ ચારતણો ઉદધિ તે, તીમ વલી નીતિનો જાણ રે; વીણજ વ્યાપારે કુશલપણો, પરીક્ષક માંહિ સુપ્રમાણ રે. પુણ્યે૦ ૧૩. નીપન્યો પુત્ર તે નિરખીને, દિલ ધરી અધીક આણંદ રે; અધ્યાપક ધન આપને, સંતોષ્યો અતીહિ અમંદ રે. પુણ્યે૦ ૧૪. બાલ વય છોડી બલવંત તે, થયો યૌવન વેશ રે; અતુલ્ય અતી રૂપ લાવણ્યથી, પ્રગટયો જાણે સુરેશ રે. પુણ્યે૦ ૧૫. પંચ મીલી પ્રશ્ન પુછે જીકે, ઉત્તર દીયે

તસ ઠીક રે; નીતિ રીતે કરી દાખવે, સાહસપણે નીરક-ભીરે પુણ્યે૦ ૧૬. ધન સુતથી ધનસારનો, વધ્યો સુજસ જગમાંહ રે; રૂદ્ધી સ્મૃદ્ધિ પામી ઘણી, દિન દિન અતિહી ઉચ્છાહ રે. ૧૭. ધવલ પક્ષે જીમ ચંદ્રમા, પ્રતિદિન અધીક દીપંત રે; તેમ કુમર ચઢતી કલા, કોય ન તાસ જીપંત રે. પુણ્યે૦ ૧૮. ચતુરપણે માત તાતનાં, વિનય વચન પ્રતિપાલરે; દાન કલ્પદ્રુમ રાસની, જિનકહે ત્રીજી ઢાલ રે. પુણ્યે૦ ૧૯.

॥ દોહા ॥

કલા કોષ દેખી કરી, રૂપવંત શિરદાર; ભાગ્યાધિક જાણી કરી, ચિત્ત ચિંતે ધનસાર. ૧. પુણ્યોદયથી આહરે, શ્રી જિનધર્મ પસાય; અંગજ અદ્‌ભુત ઊપન્યો, સયણ સયલ સુખદાય. ૨. એહથી ધન વાધ્યો અધિક, યશ હુઓ જગત વિખ્યાત; પંચમે પતી વધતી થઈ, વારૂં બની એ વાત. ૩. સદ્‌ગુણ સ્તવના કીજીએ, તેહમાં કોઈ ન લાજ; સુત પણ ચિત રાજી રહે, એક પંથ દોઇ કાજ. ૪. પંચમે બેસી શેઠજી, ધન સુતતણાં વખાણ; પ્રતિદિન ભાંખે પ્રેમશું, વિવિધ પરે સુપ્રમાણ ૫. જન્મ કાલે એ બાલના, ધન પ્રગટ્યો અતી ભુર; દુઃખ દોહગ દૂરે ટલ્યાં, અમ કુલ અંબર સુર. ૬. વિનય વંત વિદ્યા નીલો, અવર નહીં કો આજ; અગ્રજાત એ આગલે, કોય ન આવે કાજ. ૭.

## ॥ ઢાલ ૪ થી. ॥
( પુણ્ય ન મૂકીએ–એ દેશી )

વયણ સુણી નિજ તાતના રે, અગ્રજ સુત અકુલાય; ત્રીણ્યે મીલીને તાતના રે, આવી પ્રણમે પાયો રે, તાતજી સાંભલો; એ અમચી અરદાસો રે, મુકી આમલો. મન રાખી વિસવાસો રે. તાતજી સાંભલો૦ ૧. એ આંકણી. ધન્ન કુમર અમ અનુજ છે રે, રૂપ કલા અભીરામ; તીણે કરી અમે પ્રમુદિતપણે રે, રહીએ સદા શુભ કામોરે. તા૦ ૨. એ અમને અતિ વાલહો રે, પ્રાણથકી નીરધાર; માડી જાયા દોહીલા રે, જાણે સયલ સંસારો રે. તા૦ ૩ પણ સુતની ગુણ વર્ણના રે, ન ઘટે તુમને રે તાત; નીતિ શાસ્ત્રમેં પણ કહી રે, તે શું વીસરી વાતો રે. તા૦ ૪

યતઃ–અનુષ્ટુબ્વૃત્તમ્,

પ્રત્યક્ષે ગુરવઃ સ્તુત્યા, પરોક્ષે મીત્ર બાંધવા;
કર્માંતે દાસભૂત્યાશ્ચ, પુત્રાશ્ચૈવ મૃતા-સ્રિયઃ ॥ ૧ ॥

**ભાવાર્થઃ**–પ્રત્યક્ષમાં ગુરૂનાં પરોક્ષમાં મીત્ર અને બાંધવોનાં, આપણું કાર્ય થઇ રહ્યા પછી દાસ અને અનુચરોનાં; તેમજ પુત્ર અને સ્રીનાં મરણ પછી વખાણ કરવાં ॥ ૧ ॥

આર્યાવૃત્તમ –

વન્નિજ્જ ભીચ્ચ ગુણો, ન પરૂકખં ન ય સુઅસ્સ પચ્ચકખં;
મહિલાઉ નોભયાવીહુ, નનસ્સએ જેણ માહપ્પં. ૨.

**ભાવાર્થ** :– સેવકના ગુણ પ્રત્યક્ષે કહ્યાથી, પુત્રના ગુણ પરોક્ષે કહ્યાથી અને સ્ત્રીના ગુણ કદી પણ નહિ

બોલવાથી પોતાનું મ્હોટાઇપણું સચવાય છે; તેમ છતાં જો કદિ બોલે, તો માનનો નાશ થાય. ૨

સુત ગુણ વર્ણવતે થકે રે, લઘુતા લહીએરે આપ; સુત પણ વિનય ન સાચવેરે, માનતણો હોય વ્યાપો રે. તા૦ ૫ કુલ મર્યાદાથી ટલેરે ન ગણે માતને ભ્રાત; તાતને પણ નવી લેખવે રે, પ્રાજ્ઞક હોય જો જાત રે. તા૦ ૬ તે માટે હવે આજથી રે, સુત ગુણ વર્ણન વાત; મત કરજ્યો કોઇ આગલે રે, એ અમ વચન વિખ્યાતો રે. તા૦ ૭ વચન સુણી તવ શેઠજી રે, સુતને કહે સુવિચાર; ગુણ ગ્રાહક તુમે કો નહી રે, ત્રીણ્યે મુઢ ગમારો રે; પુત્રજી સાંભલો, એ અમચી એક વાતો રે. મુકી આમલો; જીમ પામો સુખશાતો રે, પુત્રજી સાંભલો. ૮ એ આંકણી; તુમ જાયા પછી ઘરતણો રે,ધન હીણો થયો જોય; વ્યાપારે હીણા પડયારે, કાર ન માને કોયો રે. પુ૦ ૯ ઘણું કરતાં હીણપ હુવે રે વીણસે ઘરનારે કાજ;નિજ સાથલ ઊઘાડતેરે પામીજે અતિ લાજોરે. પુ૦ ૧૦ એ અંગજ આવ્યા થકીરે, લક્ષ્મી લીલ કરંત; કાર કડપ વાધ્યો આપણો રે, સહુ જણ આણ વહંત રે. પુ૦ ૧૧

યતઃ અનુષ્ટુબ્વૃત્તમ્ –

એકોપિ ગુણવાન્ પુત્રો, નીર્ગુણૈઃ કીં શતૈરપિ;
એકશ્ચંદ્રો જગચ્ચક્ષુ-ર્નક્ષત્રૈઃ કિં પ્રયોજનમ્ ૩

ભાવાર્થઃ– એક પણ ગુણવાન પુત્ર હોય તો સારો પરંતુ સેંકડો નીર્ગુણ પુત્રોવડે શું ? કારણ કે, એક

ચંદ્ર તે આખા જગતની આંખ છે, પણ ઘણા નક્ષત્રોવડે શું થાય! કાંઇ નહી. ૩

એકેન હી સુવૃક્ષેણ, પુષ્પીતેન સુગંધિના;
વાસીતં તદ્વનં સર્વં, સુપુત્રેણ કુલં યથા. ૪

**ભાવાર્થ** :- એક પણ સુગંધીદાર ફુલવાલા સારા વૃક્ષવડે જેમ આખું વન સુગંધમય થાય છે, તેમ સુપુત્રવડે પણ આખું કુલ સારૂં કહેવાય છે. ૪

વરમેકો ગુણી પુત્રો, ન ચ મુર્ખશતાન્યપિ;
એકશ્ચંદ્રસ્તમો હંતી, ન ચ તારાગણોપિ ચ. ૫

**ભાવાર્થ**—ગુણવાન એવો એક પુત્ર હોય તે સારો, પણ સેંકડો મુર્ખ પુત્રો સારા નહિ; કારણ કે, એક ચંદ્ર આખા જગતના અંધારાને દુર કરે છે, પણ તારાઓનો સમૂહ કરતો નથી. ૫

તાત વચન સુણી તતક્ષણે રે, ત્રટકી બોલ્યા રે તેહ; એક પખો ઇમ તાણતાં રે, જાણ્યો તુમચો નેહો કે, તાતજી સાંભલો. ૧૨ વ્યવસાયાર્થે જલધિ મેં રે, અમે જાઊં અતિ દુર; કષ્ટ ખમુ તોફાનનાં રે, જીહાં નવિ દીસે સુરો રે; તા૦ ૧૩ તીહાં જ ઇંધન લાવું અમે રે, રાખું અમે વ્યવહાર; વલિ પરદેશે થલવટે રે, જાઉં કરણ વ્યાપારો રે. તા૦ ૧૪ તડકા તાઢ ઘણી ખમું રે, વર્ષાકાલે રે વૃષ્ટી; ભુખ તૃષા સહવી સદા રે, પંથ શ્રમ જુઉં દષ્ઠો રે. તા૦ ૧૫ વળી સેવા રાજાતણી રે, અમે કરૂં અહનીશી ખાસ; તે પણ ધનને કારણેરે, જોવો હૃદય વીમાસો રે. તા૦ ૧૬

**યતઃ મંદાક્રાંતાવૃત્તમ્.–મૌનાન્મુકઃ પ્રવચનપટુઃ** વાતુલો જલ્પકો વા, ક્ષાંત્યાભીરૂ યદિ ન સહતે પ્રાયઃશો-ભાભિજાતઃ; દૃષ્ટા પાર્શ્વે ભવતિ ચ સદા દુરતશ્ચાપ્રગલ્ભ, સેવાધર્મઃ પરમગહનો યોગીનામપ્યગમ્યઃ. ૬

**ભાવાર્થ:** મૌન ધારણ કરવાથી મુંગો, બોલવામાં ચતુર હોવાથી વાચાલ અથવા બહુબોલકણો, ક્ષમાગુણથી બીકણ. સહન ગુણ નહોવાથી તામસી, હમ્મેશાં પાસે રહેનારો હોય તો જોનારો અને દૂર રહેતો હોય તો ગરીબ; એ પ્રકારે સેવા (ચાકરી) ધર્મ ઘણોજ આકરો છે, અર્થાત્ તે યોગીજનોને પણ અગમ્ય છે. ૬

કૃષીકર્માદીક બહુ કરૂં રે, વલી નેસ્તી વ્યવસાય; દોશીવટ નાણાવટી રે, કણ વ્યાપાર કહાયો રે. તા૦ ૧૭ ઇત્યાદિક ઉપક્રમ કરી રે, અર્જન કરૂં ધન કોડ; અમે સામર્થ સદા અછું રે, કીમ ધન્નો અમ જોડો રે. તા૦ ૧૮ એ અહનીશી રમતો ફરે રે, ન કરે ઘરની રે સાર; ચોથી ઢાલે જિન કહે રે, પુણ્યે જય જયકાર રે. તા૦ ૧૯

## ॥ દોહા ॥

ધન્નાને અમથા અધીક, દાખો કવણ પ્રકાર ।
વચન અયુક્ત કહ્યાં તણો, ઉત્તમ નહી આચાર ॥૧॥
તાતને તનુજ સવે સદૃશ, લેખવવા હિત લાય ।
નયન સદૃશ ગણવા સદા, લોક કહે એ ન્યાય ॥૨॥
સુતમેં અંતર રાખતે, વધે વિરોધ વિખ્યાત ।
લજ્જા લાગે લોકમેં, હીણપ પામે જાત ॥૩॥

તાત સકજ્જ સદા કરે, સુત વાંછીત સુપ્રકાર ।
જો સુતને પોખે નહી, તો શો સગપણ સાર ॥૪॥
તે માટે તુમે તાતજી, સરીખા ગણજ્યો સર્વ ।
વિધિ વ્યવહાર ચાલતાં, કેહને ન ચઢે ગર્વ ॥૫॥

## ॥ ઢાળ ૫ મી ॥

( રહો રહો રહો વાલહા—એ દેશી. )

શેઠ કહે સુત સાંભલો, હું ગુણનો આસકત લાલરે;
જાત સદૃશ સવિ માહરે, પણ તુમે છો અવ્યક્ત લાલ રે;
શેઠ કહે સુત સાંભલો—એ આંકણી. ૧.

**યતઃ** અનુષ્ટુબ્ વ્રતમ્;
ગુણાઃ સર્વત્ર પૂજ્યંતે, પિતૃ વંશો નિરર્થકઃ;
વાસુદેવં નમસ્યંતી, વસુદેવં ન તે નરાઃ ૧.

**ભાવાર્થઃ**—સર્વે ઠેકાણે ગુણો પુજાય છે, પણ પિતાનો વંશ પૂજાતો નથી, અર્થાત તે નકામો છે, કેમકે, સર્વે લોકો વાસુદેવને નમસ્કાર કરે છે, પણ તેમના પીતા વસુદેવજીને નથી કરતા. ૧.

નહિ જન્મનિ જેષ્ઠત્વં, જેષ્ઠત્વં ગુણ ઉચ્યતે;
ગુણાદ્ગુરૂત્વ—માયાતિ, દધિ દુગ્ધં ઘૃતં યથા. ૨.

**ભાવાર્થઃ**—જન્મને વિષે મહોટાપણું નથી, પરંતુ ગુણને વિષે છે. ગુણથીજ મહોટાઇ આવે છે. જેમકે, દૂધ, દહી અને ઘી; એ સર્વમાં ઘી મહોટું ગણાય છે. ૨.

કુસુમ પ્રમુખ ગુણથી સદા, ગુંથ્યા નર ધરે શીશ,

લાલરે; ગુણયુતં વંશાદિક પ્રતે, નૃપ કર ધરે સુજગીશ લાલ રે. શેઠ૦ ૨. સુરભિગુણે મૃગમદ ભણી, કીધો અતિહી અમૂલ્ય લાલ રે; બાવનાચંદન કાષ્ટને, સહુ ચાહે બહુ મૂલ્ય લાલરે. શેઠ૦ ૩.

યતઃ–આઉલ ફુલ અતિ ફુલમાં, પગે ન પૂજા હોય; ચંપા ફુલ અમુલ્ય ગુણ, શીર ચઢે સહુ કોય. ૩

ભાવાર્થઃ- જો કે, આવલનાં ફુલ દેખીતાં ઘણા સુંદર જણાય છે, તો પણ તેમાં સુગંધનો ગુણ નહિ હોવાથી, કોઇ પગે પણ અડાડતું નથી; અને ચંપાનાં ફુલ દેખીતાં ફકત ધોળાં છે. પરંતુ તેમાં સુગંધનો ગુણ વધારે હોવાથી સર્વે લોકો તેને ઉત્તમ ફુલોની પંક્તિમાં ગણી માથે ચઢાવે છે. અર્થાત સહુ તેનો ઉપભોગ કરે છે. ૩.

પુણ્યપ્રકૃતિ ગુણ એહમાં, પ્રગટ અછે અહો પુત્ર લાલ રે; એ અંગજ જનમ્યા પછી, અધીક થયો ઘરસુત્ર લાલ રે. શેઠ૦ ૪. વ્યવસાયાદિક પાધરા, આવે છે અહો જાત લાલ રે; સકલ સમીહિત સંપદા, પામી જગત વિખ્યાત લાલ રે. શેઠ૦ ૫. જો તુમને એ બાલના, ગુણ ન ગમે મનમાંહ લાલ રે; તો તુમે ભાગ્ય પોતાતણો, પરખો અતિહિ ઉચ્છાંહ લાલ રે. શેઠ૦ ૬. ત્રીશ ત્રીશ માસા સુવર્ણના, લેઇ કરો વ્યવસાય લાલ રે; લાભ કમાઇ તેહનો, પોખો સ્વજન સમવાય લાલ રે. શેઠ૦ ૭. ઇમ કહી ચારે પુત્રને, દે માસા ત્રીશ ત્રીશ લાલ રે;

એકેક દિન ભોજન તુમે, દેજ્યો ધરી સુજગીશ લાલ રે. શેઠ૦ ૮ તે લઇને આપ આપણે, સ્થાનકે લઇ તતખેવ લાલ રે; ધન અર્જન ચિંતા ધરે. મનમેં અતિ અહમેવ લાલ રે. શેઠ૦ ૯ ભોજન ભકિત ભણી તદા, પ્રથમ દિને ધનદત્ત લાલ રે; વ્યવસાયોદ્યમથી કરે, પણ ભાગ્યથી ઝત્તિ લાલ રે. શેઠ૦ ૧૦

યત: ॥ અનુષ્ટુબૂવૃત્તમ્ ॥

ઉદ્યમં કુર્વતાં પુંસાં, ભાગ્યંસર્વત્ર કારણં;
સમુદ્રમથનાલ્લેભે, હરિર્લક્ષ્મી હરો વિષં. ૪

**ભાવાર્થ** :- ઉદ્યમકર્ત્તા પુરૂષોને બધે ઠેકાણે, ભાગ્ય કારણભૂત છે. કારણ કે, સમુદ્ર મથન કરવાથી, હરિ લક્ષ્મીને પ્રાપ્ત કરતા હવા અને શિવ ઝેરને મેલવતા હવા. ૪

બહુલ પ્રયાસ થકી તીણે, લાભ લહયો અતિ સ્વલ્પ લાલ રે; ચિંતે ભોજન શી વીધે, દેશું અતિહી અનલ્પ લાલ રે. શેઠ૦ ૧૧ વાલ લીયા સવિશેષથી, તેલગ્રહિ તેણિવાર લાલ રે; [1]અપરાન્હે ભોજન દીયો, તેડી નિજ પરિવાર લાલ રે. શેઠ૦ ૧૨ તિમ વ્યવસાય થકી તીહાં, દિન બીજે ધનદેવ લાલ રે; ભોજન ચપલને તેલનો, તે પણ દ્યે સ્વયમેવ લાલ રે. શેઠ૦ ૧૩ ત્રીજે દિન ધનચંદ્રજી, કરી ઉદ્યમ અસમાન લાલ રે; સ્વોપાર્જિત ધનથી દીયે, [2]માષને તેલ નિદાન લાલ રે. શેઠ૦ ૧૪ કુટુંબ

૧ ત્રીજે પહોરે. ૨ અડદ.

થયો અતી આકલો, તુચ્છોદનથી અશેષ લાલ રે; ઉદર [3]વ્યથા થઈ આકરી, વાયુ પ્રકોપ વિશેષ લાલ રે. શેઠ૦ ૧૫ ત્રીણ્યે સુત ઝાંખા થયા, શેઠ કહે તવ તાસ લાલ રે, દેખો હવે ધનકુમરનો, ભાગ્ય પ્રબલ સુપ્રકાસ લાલ રે. શેઠ૦ ૧૬ મૌન કરીને તે રહ્યા, ત્રીણ્યે સુત તીણ તાલ લાલ રે; પાંચમી ઢાલ કહી ભલી, જિન મન ધરી ઉજ-માલ લાલ રે. શેઠ૦ ૧૭

## ।। દોહા ।।

અથ ચોથે દિવસે અવલ, સજ કરી સવિ શૃંગાર ।
પીતૃ દત માસા ગ્રહી, હવે તે ધન્નકુમાર ।।૧।।
શુકન વિચારી ચિત્તમેં, સ્વર સાધી શુભ કામ ।
આવ્યો ચહુટે ચોંપશું, વ્યાપારાર્થે તામ ।।૨।।
દોશી ને નાણાવટી, નેસ્તિ ને મણીહાર ।
ગાંધી સાથરીયા તીમજ, લોહકાર સોનાર ।।૩।।
ફડીયા સુખડીયા વલી, જોતો ઝવેરી ઓલ ।
કાપડ ચોપડ પ્રમુખના, પુછે પાડ સતોલ ।।૪।।
મહેશ્વર ઇભ્યેશને, હાટે બેઠો હેવ ।
નહિ ઉચ્છક ઊતાવલો, સમરે શ્રી ગુરૂ દેવ ।।૫।।

## ।। ઢાલ ૬ ઠી. ।।

(ગૂરાંજી થેં મને ગોડે ન રાખ્યો-એ દેશી)

એહવે દેશાંતરિ એક પ્રેષ્યક આયો, મહેશ્વરદત્ત મન

---

૩ પીડા.

ભાયો હો; સુભગ સ્નેહી સાજન, અચરિજ પેખો; એ આંકણી, લેખ અનોપમ તેણે તતક્ષણ દીધો, મહેશ્વરે કર ધરી લીધો હો. સુભગ૦ ૧ ગુપ્તપણે તેણે વચન જ કીધો, મનહ મનોરથ સીધો હો; સુ૦ લેખમેં લિખ્યો મિત્ર સુમિત્રે વિચારી, સ્થાનપુરથી સુખકારી હો. સુ૦ ૨ ઉત્તર દિશિથી એ સાર્થપ સૂરો, સકલ ક્રયાણકે પુરો હો સુ૦; આવે છે એ પઇઠાણપુર પાસે, વ્યવસાયાર્થે વિલાસે હો. સુ૦ ૩ તેહ ભણી એને તુમે સનમુખ જાજ્યો, ભેટ મુકીને મિત્ર થાજ્યો હો સુ૦; કાય ઉપાય કરી હાથે કરેજ્યો, પછે ક્રિયાણક સવિ લેજ્યો હો. સુ૦૪ લાભ ઘણો છે એહમાં સાંભલો ભાઇ, ખોટ નહીં છે એહમાં કાંઇ હો સુ૦; એક પાંતી અમને તુમે દેજ્યો પણ એહ કાજ કરેજ્યો હો. સુ૦ ૫ એહવો અવસર ફરીને નહી આવે, ઘણું ઘણું લિખે શું થાવે હો સુ૦; પત્ર વાંચીને મહેશ્વર મન હરખ્યો, મિત્રને સાચો કરી પરખ્યો હો. સુ૦ ૬ ચિત્તમેં ચિંતે એહ કાર્ય છે મહોટો, ઉચ્છકપણો ઇહાં ખોટો હો; સુ૦ પ્રથમ તો ઘેર જઇ ભોજન કીજે, નીતિ વચન ચીત લીજે હો. સુ૦ ૭

**યતઃ ॥ અનુષ્ટુબ્વૃત્તમ્ ॥**

શતં વીહાવ્ય ભોકતવ્યં, સહસ્રં સ્નાનમાચરેત્ ;
લક્ષંવીહાય દાતવ્યં, કોટીં ત્યતકવા જિનં ભજેત્. ૧

**ભાવાર્થ :–** સો કામ પડતાં મુકીને જમવું, હજાર કામ પડતાં મુકીને નહાવું, લાખ કામ પડતાં મુકીને દાન દેવું અને ક્રોડ કામ પડતા મુકીને જિનરાજને ભજવા. ૧

એહવો આલોચી ભોજન ભણી પહોત્યો, મહેશ્વર મન ગહગહતો હો; સુ૦ મહેશ્વરદત્તો જે પત્ર પિછાણ્યો, તે ધન્ને સવી [1]જાણ્યો હો. સુ૦ ૮ ધન્નકુમર ચિત્તમાંહી વિચારે. એહ વીણજ કુણ હારે હો; સુ૦ એ વ્યવસાયથી લાભ જ થાશે, સકલ કુટુંબ સંતોષાશે હો. ૯ વીલંબ તણો હવે સમય ન દીસે કાર્ય કરૂં સુજગીસે હો; સુ૦ ઈમ ચિંતી મિત્ર મંદિર આયો, રૂડો તે વેશ બનાયો હો. સુ૦ ૧૦

યતઃ ॥ સભાયાં વ્યવહારે ચ, વૈરીષુ શ્વસુરૌકસી ॥
આડંબરાણિ પૂજયંતે, સ્ત્રીષુરાજકુલેષુ ચ. ૨

ભાવાર્થ :- સભાને વીષે, વ્યવહારને વીષે, વૈરીઓને વિષે, સાસરીને ઘર, સ્ત્રીઓને વિષે, અને રાજકુલને વિષે આડંબર પુજાય છે. ૨

અશ્વ ચઢીને મિત્ર સુત સુખ સંગે, આવ્યો અતિહી ઉમંગે હો; સુ૦ સાર્થપને સાહમો જઈ મીલીયો, વિનય વિવેકે કરી ભલીયો હો. સુ૦ ૧૧ કુશલાગમ પુછી સ્નેહ જગાયો, સાર્થપને મન ભાયો હો; સુ૦ વસ્તુ ક્રયાણક સવિ સાટવી લીધાં, સત્યંકાર તસ દીધાં હો. સુ૦ ૧૨ કાર્ય કરી ચિત્ત આણંદ પાવે, ધન્નો બેઠો વડદાવે હો; સુ૦ એહવે મહેશ્વરદત્ત સાર્થપ પાસે, આવે અધિક ઉલ્લાસે હો. સુ૦ ૧૩ કુશલાલાપ પુછે હિત આણી, સુખ કહે મધુરી વાણી હો; સુ૦ ક્રય વિક્રયતણી વાત જણાવે,

[1] પાછલથી અવળા અક્ષરે વાંચ્યો.

સાર્થપ તવ સમજાવે હો. સુ૦ ૧૪ ધનસારેભ્યને પુત્રે અમારો, અહ્યો એ સર્વે સુવિચારો હો; સુ૦ દેવો લેવો હવે એહનિ સાથે, એહ ધન દાતા અમારે હો. સુ૦ ૧૫ મહેશ્વરદત્ત કહે વાંક અમારો દોષ ન કોઇ તુમારો હો; સુ૦ આલસ કીધો, તસ ફલ લીધો, ચિંતીત કાજ ન સીધો હો. સુ૦ ૧૬

યત: ॥ આલસ્યંહિ મનુષ્યાણાં, શરીરસ્થો મહાન્ રિપુ:;
નાસ્ત્યુદ્યમં સમો બંધુ: કૃત્વાયં નાવસીદતિ. ૧

ભાવાર્થ :- આલસ એ માણસોના શરીરમાં રહેલો મ્હોટો વૈરી છે, ઉદ્યમના જેવો કોઇ ભાઇ નથી, જે કરવાથી માણસોનો નાશ થતો નથી. ૧

આલસ સમ કોઇ વૈરી ન દાખ્યો, નીતિમેં એ હવો ભાંખ્યો હો; સુ૦ પણ હવે લાભ ધન્નાને દીવારો, કાજ અમારો સુધારો હો. સુ૦ ૧૭ સાર્થપ મહેશ્વર બીહુ મીલી ભાંખે, ધન્નાશું હિત રાખે હો, સુ૦ એ સવિ કિરીયાણાં અમને દીજે, લક્ષ લાભ ધન લીજે હો. સુ૦ ૧૮ ધનપતિ ચિંતે મુજ કારજ સીધો, મેં મનમાન્યો કીધો હો; સુ૦ ક્ષણ એક વિચારીને ઇમ બોલે, નહિ કો મિત્રજી તુમ તોલે હો. સુ૦ ૧૯ જો તુમને છે ખપ એ પુણ્ય કરો, તો રાખો સરવે ભલેરો હો; સુ૦ ઇમ કહી ધન લક્ષ લેઈ ભલાવે, અન્યો અન્ય સમજાવે હો. સુ૦ ૨૦ ધન્નકુમર તીહાંથી ભલે ભાવે, મિત્રયુત ધન લેઇ આવો હો; સુ૦ માત પિતા મન બહુ સુખ પાવે,

[1]ભ્રાતૃજાયા તે ગુણ ગાવે હો. સુ૦ ૨૧ સહસ્ર વ્યયથી ભવ્ય ભોજનદેવો, યશ બહુલો ઇહાં લેવો હો; સુ૦ ઢાલ છઠી ઇમ મન થીર રાખી, બુધ જિનવિજયે દાખી હો. સુ૦ ૨૨

## ॥ દોહા ॥

હવે કહે ધન્નો તાતને, એ એક લક્ષ દીનાર ।
નયાયાર્જિત આણ્યા અછે, કરી વાણીજય સફાર ॥૧॥
તેહ ભણી સવિ સયણને, સંતોષો ગુણગેહ ।
સહસ એક સુવર્ણનો, વ્યય કરલો ધરી નેહ ॥૨॥
તાતે તવ આણ્યા તુરત, ભાંતી ભાંતી પકવાન ।
મેવા મીઠાઇ ઘણી, વદન વધારણ વાન ॥૩॥
શાલી દાલી ઘૃત અતિ સરસ, વ્યંજનનો નહી પાર ।
અઢાર જાતથી અતિ ઘણી, કરી રસોઇ ત્યાર ॥૪॥
પોષી સયણ કુટુંબ સવિ, દીધાં ફોફલ પાન ।
યાચક જન સંતોષીઆ, યથા યોગ્ય દેઇ દાન ॥૫॥
શેષ નવાણું સહસનાં, મણીમય ભૂષણ સાર ।
ભોજાઇને ભકિતથી, આપે ધન્નકુમાર ॥૬॥
ભોજાઇ હરખીત થઇ, આપે અતિ આશીષ ।
દેવરજી અમ કુલ તીલક, જીવો કોડી વરીષ ॥૭॥

## ॥ ઢાળ ૭ મી ॥

(કરેલણાં ઘડ દેરે–એ દેશી.)

હવે તે ધન્નકુમારને, તેડી કહે ધનસાર; કુલ મંડણ

1 ભોજાઇયો.

તું માહરે, તું મુજ કુલ શણગાર; ચતુર જન સાંભલોરે, સાંભલો પુણ્યની વાત, ચતુર જન સાંભલો રે. ૧ એ આંકણી, અંગજ તુજ જનમ્યા પછી, અમ કુલ વાધ્યો વાન; રૂદ્ધિ વૃદ્ધિ થઇ અમ ઘરે, જગ જશ થયો સુપ્રમાણ. ચ૦ ૨ માતા શીલવતી તદા, હરખીત વદન વીખ્યાત; સુતનાં લીયે ઓવરણાં, તું મુજ સુભગ સુજાત. ચ૦ ૩ ભોજાઈ ભલી ભાંતીશું, રંગે ગાયે ગીત; લાડ લડાવે અતિ ઘણાં, દેવરને સુપ્રિતત. ચ૦ ૪ સયણ સંબંધી સહુ મીલી, કરે વખાણ વિશેષ; ધન્નકુમર સરીખો નહી, પુણ્ય પ્રબલ સુવિશેષ. ચ૦ ૫ તવ ત્રીણ્યે બાંધવ તીહાં, રોષ ધરે મનમાંહી; અણખ અદેખાઈ કરે. અવગુણ ગ્રાહક પ્રાંહી. ચ૦ ૬ તે દેખી ધનસારજી, તેડાવીને તેહ; અંગજ ત્રીણ્યેને તદા, સમજાવે સસનેહ. ચ૦ ૭ લઘુ બંધવ એ તુમ તણો, ભાગ્ય બલે ભરપુર; વિનય વિવેક વિદ્યા નીલો, અમ કુલ અંબર સુર. ચ૦ ૮ એહની સેવાથી તુમે, સુજ લહેશો શ્રીકાર; કલ્પવૃક્ષ સમ એહ છે, વંછીત પુરણહાર. ચ૦ ૯ દેખો ઇણે એક યામમેં, અર્જ્યા લક્ષ દીનાર; ભોજન વિધિ ભલાં સાચવી, સંતોષ્યો પરિવાર. ચ૦ ૧૦ વલિ ભોજાઇને ભલાં ભૂષણ વિવિધ પ્રકાર; મણિમય મન ગમતાં ઘણાં, કીધાં ધન્નકુમાર. ચ૦ ૧૧ એહમાં ગુણ છે અતિ ઘણા, જોવો હૃદય વિચાર; મચ્છર મુકી મન તણો, સેવો સુપેરે સાર. ચ૦ ૧૨ મચ્છર ધર્યો મનમેં ઘણો, કૌરવે પાંડવ સાથ; તો તે દુઃખીયા અતિ થયા, હાર્યા સઘલી આથ

ચ૦ ૧૩ વ્રતમાંહે મચ્છર ધર્યો, પીઠ અને મહાપીઠ; તો સ્ત્રીવેદ લહ્યો ઇહાં, બ્રાહ્મી સુંદરી દીઠ. ચ૦ ૧૪ એહવા ઉપનય અતિ ઘણા, દાખ્યા શાસ્ત્ર મઝાર; જિન કહે સાતમી ઢાલમાં, સમજાવે ધનસાર. ચ૦ ૧૫

॥ દોહા ॥

ગુણ લીજે ગિરૂઆ તણા, નવિ દાખીજે દોષ ।
જાતિ હીન પણ ગુણ થકી, પામે સુખનો પોષ ॥૧॥
જાતિ રૂપ હીણો હતો, હરિકેશી ચંડાલ ।
તેહને તપના ગુણ થકી, સેવે સુર ભૂપાલ ॥૨॥
ગુણ દ્વેષી તે અપૂજ્ય છે, ગુણવંતો પૂજાય ।
ઉપનય ઇહાં સહુ કો કહે, વાયસ કોયલ ન્યાય ॥૩॥

યત: અનુષ્ટુબ્વૃત્તમ્.

કાકઃ કૃષ્ણઃ પિકા કૃષ્ણા, કો ભેદો પિકકાકયોઃ;
વસંતમાસસંપ્રાપ્તે, કાકઃ કાકઃ પિકા પિકા. ૧

ભાવાર્થ :– કાગડો અને કોયલ, એ બે કાળાં હોય છે, ત્યારે કાગડો અને કોયલ એ બેમાં શો ફેર ? તે વસંતમાસ આવે છતે કાગડો તે કાગડો જ રહે છે, અને કોયલ તે કોયલ જ રહે છે.

॥ ઢાલ ૮ મી ॥

(માનની મોહની રે. અથવા નહાનો નાહલો રે.–એ દેશી)

શેઠ કહે સુત સાંભલો રે, મનોહર માહરી વાત; ધન ધન સાધુજી રે, શાસ્ત્રથકી મેં સંગ્રહ્યો રે, અનોપમ એ અવદાત, ધન ધન સાધુજી રે. ૧ એ આંકણી. મુનિ-

વર એક મહાબલી રે, તપસિમેં શિરદાર; ધ૦ પંચ મહાવ્રત જાલવે રે, સાચવે પંચાચાર. ધ૦ ૨ છકાયની જયણા કરે રે, પાલે પ્રવચન માય; ધ૦ મદ આઠે અલગા ધરે રે, ટાલે ચાર કષાય. ધ૦ ૩ માસખમણને પારણે રે, ત્રિકરણ શુદ્ધ અદિન; ધ૦ ગૌચરિયે પહોત્યો તિહાં રે, સંયમથી લયલીન. ધ૦ ૪ ઇર્યાસમિતિયે ચાલતો રે, કોઇક નગર મઝાર; ધ૦ કરતો શુદ્ધ ગવેષણા રે, તે ગયો ઇભ્ય આગાર. ધ૦ ૫ આવ્યો દેખી સાધુજી રે, શ્રાવિકા થઇ ઉજમાલ; ધ૦ પક્કવાનાદિક જુજુઆ રે, લાવી ભરી ભરી થાલ. ધ૦ ૬ સ્વામીજી, અનુગ્રહ કરો રે, વહોરો એહજ આહાર; ધ૦ દેખી સદોષ તે સાધુજી રે, કરે અન્યત્ર વિહાર. ધ૦ ૭ શ્રાવિકા ચિત્ત વિલખી થઇ રે, બેઠી ઘરને બાર ધ૦ એહ વે ફિરતો ગૌચરી રે, આવ્યો અવર અણગાર. ધ૦ ૮ સરલપણે વિચરે સદા રે, ગુણ ગ્રાહક ગુણ લીન; ધ૦ અવગુણ એક જોવે નહી રે, સુવિહિતશું લયલીન. ધ૦ ૯ ધર્મલાભ દેઇ કરી રે, ઊભો ઘરને બાર; ધ૦ વિકસિત વદને શ્રાવિકા રે, વહોરાવે તે આહાર. ધ૦ ૧૦ વાંદી બે કરજોડિને પુછે રે, મધુરી વાત; તુમને અપ્રીતિ ન ઉપજે રે, તો ભાંખુ અવદાત. ધ૦ ૧૧ તુમ સરીખો એક સાધુજી રે, આવ્યો હતો ઇણે ઠાણ; ધ૦ વિણ વહોરે વિચર્યો સહી રે, નવિ બોલ્યો મુખ વાણ. ધ૦ ૧૨ તેહનો કારણ સાધુજી રે, દાખો કરીય પસાય; ધ૦ તવ બોલ્યો મુનિવર તિહાં રે, સુણ ભદ્રે સુખદાય. ધ૦ ૧૩ તે મુનિવર મહોટો યતિ

રે, સમ દમ ગુણ સંયુકત; ધ૦ વ્રતધારક વારૂં પરે રે, પંચેંદ્રિયથી ગુપ્ત. ૧૪ દોષ બેતાલીશ સાચવે રે, એષણાના મન શુદ્ધ; ધ૦ મંડલીક દોષ તે પાંચને રે, ટાલે તે અવિરૂદ્ધ. ધ૦ ૧૫ તિણે મુનિવરે એ પિંડમાં રે, દોષ દીઠો હશે કોય; ધ૦ તીણે કારણે લીધો નહિ રે, સુવિહીત લક્ષણ જોય. ધ૦ ૧૬

યત: ॥ આર્યાવૃતમ્ ॥

સસરીરેવિ નીરીહા, બાહિરભંતર પરિગ્ગહ વિમુકકા;
ધમ્મોવગરણમિત્તં, વહંતિ ચારીત્તરખટ્ઠા ૧

**ભાવાર્થ :–** પોતાના શરીરને વિષે ઇચ્છા વીનાના, બાહ્ય અને અભ્યંતર પરીગ્રહથી મુકાએલા તથા ચારિત્રને રક્ષણ કરવાના અર્થી એવા મુનિયો, માત્ર ધર્મોપકરણ નેજ રાખે છે. અર્થાત્ બીજુ કાંઇ પણ પાસે રાખતા નથી. ૧

તે મુનિ સુરમણી સારીખા રે, હું છું લોષ્ટુ સમાન; ધ૦ હું વાયસ તે હંસ છે રે, મુનિ ગુણ રયણ નીધાન. ધ૦ ૧૭ હું શૃંગાલ તે ગજ સમો રે, હું મૃગ મૃગપતી તેહ; ધ૦ ઉદરવૃત્તિકારક અમે રે, તે સમતા ગુણગેહ. ધ૦ ૧૮ ઇમ સ્તવના કરી સાધુજી રે, વિચરે મહિયલ માંહ; ધ૦ જિન કહે આઠમી ઢાલમાં રે, શ્રોતા સુણો ઉચ્છાહ. ધ૦ ૧૯.

*

॥ દોહા ॥

સાંભલીને તે શ્રાવિકા, હરખી ચિત્ત મઝાર ।
પ્રમુદિતપણે આખે ઇશું, ધન ધન એ અણગાર ॥૧॥
નિંદા નહી એહમેં નિકટ, ગુણગ્રાહક ગંભીર ।
શાંત દાંત શુચિ આતમા, તારણ તરણ સધીર ॥૨॥
કૃપાવંત કોવિદ પ્રથમ, આત્મ શુદ્ધિ અવિકાર ।
સુવિહિત સાધુ શિરોમણી રત્નત્રયી ભંડાર ॥૩॥
માસખમણને પારણે, પણ નવિ લીયે સદોષ ।
કાયાની મમતા નહી, કરે પુણ્યનો પોષ ॥૪॥
તિમ બીજો પણ સાધુજી, ગુણ ગ્રાહક વિખ્યાત ।
આપ નિંદા પર સ્તુતિ કરે, ધન ધન એહની માત ॥૫॥

॥ ઢાલ ૯ મી ॥

(મન ભમરા રે–એ દેશી.)

એહવે એક વલિ મુનિ તિહાં, મન હરખે રે; ફિરતો આહારને કાજ, લાલ ગુણ પરખેરે; આવ્યો તેહને આંગણે, મ૦ દ્યે ધર્મલાભ સમાજ. લા૦ ૧ એ આંકણી, દેખીને તે શ્રાવિકા, મ૦ વહોરાવે અન્ન પાન; લા૦ પુછે અંજલી જોડીને, મ૦ વિનયાનત શુચિ ધ્યાન. લા૦ ૨ અધુના સાધુ આવ્યા હતા, મ૦ ગૌચરીયે ગુણવંત; લા૦ પ્રથમ દેખી પાછો વલ્યો, મ૦ મુખ નવિ બોલ્યો સંત. લા૦ ૩ બીજો મુનિ આવ્યો તદા, મ૦ વહોર્યો અન્ન આહાર; લા૦ તેહને મેં પુછયો તદા, મ૦ પુર્વાગત વ્યવહાર. લા૦ ૪ ગુણ વર્ણન તિણે મુનિતણા, મ૦ કીધા

નિપટ અત્યંત; લા૦ તે નિસુણી મન માહરો, મ૦ પ્રસન્ન થયો અતિ સંત. લા૦ ૫ એ બે મુનિવરમેં તુમે, મ૦ ભાંખો કરીય પસાય; લા૦ અધિક ગુણ કરી કુણ હશે, મ૦ તે દાખો સુખદાય. લા૦ ૬ તવ તે રૂષિ બોલ્યો તિહાં. મ૦ મનમેં મચ્છર આણુ; લા૦ સ્વ પ્રસંશા પર નિંદતા, મ૦ ટરતો બોલે વાણુ. લા૦ ૭ પ્રથમ તે મુનિ જન રંજવા, મ૦ માયાકારક જોર; લા૦ ધુર્ત પરે ફિરતો ફિરે, મ૦ ન કરેં મુખથી સોર. લા૦ ૮ શુદ્ધ અશુદ્ધ ગવેષણા, મ૦ પર વંચનને હેત; લા૦ બગલાપરે પગલાં ભરે, મ૦ પણ નહી ધર્મ સંકેત. લા૦ ૯ બીજો જે આવ્યો હતો, મળ સાધુને વેશે અત્ર; લા૦ પટુ ચાટુક વચને કરી, મ૦ વશ્ય કરે જન સર્વત્ર લા૦ ૧૦

યતઃ માયાવીયા માણુસાં, કેમ પતીજણુ જાય;
મોરપીંછ મધુરો લવે, સાપ સપુંછા ખાય. ૧

ભાવાર્થ :– જે માયા કપટી માણુસો છે; તેની શી રીતે પરતી જ પડે ? કેમ કે, પીંછાવાલો મોર મીઠું બોલે છે, પરંતુ પુંછડા સહિત સાપને ખાય જાય છે. ૧

દંભરહિત અમે અતિ ભલા; મ૦ શ્રેષ્ટાચારી સાધ; લા૦ સત્ય વાક્ય બોલું સહી, મ૦ વિચરૂં તિમ નિરબાધ લા૦ ૧૧ યથાલબ્ધ વહોરૂં સદા; મ૦ પરિમીત અન્ન ને પાન; લા૦ અમ સરિખા શુધ્ધ સાધુને, મ૦ દેજો સદા બહુમાન. લા૦ ૧૨ અમે પણ પૂર્વે એહવી, મ૦ વિરચી માયા જાલ; લા૦ જનરંજન કીધા ઘણા, મ૦ હવે

તે સવિ વિસરાલ. લા૦ ૧૩ ઇમ કહી તે મુનિ સંચર્યો, મ૦ નગરીમેં તિણુતાલ લા૦ વચન સુણી તે શ્રાવિકા, મ૦ પામી દુઃખ અસરાલ. લા૦ ૧૪ ચિંતે એહ છે નિર્ગુણી, મ૦ પાસચ્છાદિક દુષ્ટ; લા૦ જે શુદ્ધ સાધુ નિંદા કરે, મ૦ તે કહીએ નિધૃષ્ટ. લા૦ ૧૫ પ્રથમ સાધુ અતિ હી ભલો, મ૦ સુવિહિતમાં શિરદાર; લા૦ બીજો પણ ગુણ રાગીયો, મ૦ જગ જન તારણ હાર. લા૦ ૧૬ ત્રીજો એ મચ્છરી, મ૦ પાપી માંહી પ્રધાન; લા૦ એહનો મુખ અવલોકતે, મ૦ દુષ્કૃત હોવે નિદાન. લા૦ ૧૭ એ દષ્ટાંતો સુણી તુમે, મ૦ મચ્છર છોડો પુત્ર; લા૦ મચ્છર મુકયાથી સદા, મ૦ લહેશો યશ સર્વત્ર. લા૦ ૧૮ ઇમ ધનસાર અંગજ પ્રતે, મ૦ સમજાવે અહનીશ; લા૦ નવમી ઢાલે જિન કહે, મ૦ વિનય વહો સુજગીશ લા૦ ૧૯

## ॥ દોહા ॥

અથ ધનસાર તણા તનુજ, ત્રિણુયે મુઢ મહંત ।
પિતૃદત્ત શિક્ષા સુણી, મનમેં દ્વેષ ધરંત ॥૧॥
અવસર પામી એકદા, કહે તાતને જાત ।
મયા કરી મુજ ઊપરે, સુણો તાતજી વાત ॥૨॥
ધન્ને જે કારજ કિયો, તેહવો ન કરે કોય ।
ઇણ વિધિ છલ કરતે થકે, જગમેં હાંસો હોય ॥૩॥
કાગલ વાંચી કપટથી, સાર્થપને સમજાય ।
ગજા વિના ગૌરવ ધર્યો, કર્યો સકલ વ્યવસાય ॥૪॥

દામ કામ જવ ઉપન્યો, તવ તિહાં સત્યંકાર ।
દેઇ કરની મુદ્રિકા, જિમ તિમ રાખ્યો કાર ॥૫॥
એહવે વખતે આવિયો, ઇભ્ય મહેશ્વરદત્ત ।
લક્ષ લાભ દેઇ કરી, ગ્રહ્યાં ક્રયાણક ઝત્ત ॥૬॥
આજ પછી હવે એહવો, નવિ કરવો વ્યવસાય ।
તેહ લાભ શા કામનો, જિણે કરી ઇજત જાય ॥૭॥

## ॥ ઢાલ ૧૦ મી ॥

(કપુર હોય અતિ ઉજલોરે.—એ દેશી)

નિસુણી સુતની વિનતી રે, તવ બોલ્યો ધનસાર; એ શી વાત કહી તુમે રે, અણુજાણી ઇણિવાર; પુત્ર જી, સમજો શીખ સુજાણુ; તુમે મ કરો તાણુા તાણુ, પુત્ર જી, તુમે લહેશો દુઃખની ખાણુ; પુત્ર જી; સમજો શીખ સુજાણુ. ૧ એ આંકણી, દામ વિના પણુ કીજીએ રે, બુદ્ધિ બલે વ્યવસાય; ધનનો ઇહાં કારણુ નહીં રે, સહુકો કહીએ ન્યાય પુ૦ સ૦ ૨

યતઃ બલથી બુદ્ધિ આગલી, જો ઉપજે તતકાલ;
વાનર વાઘ વિગોઇયા, એકલડે શીયાલ. ૧

વ્યાપારે ધન હારવે રે, બુદ્ધિ વિના ધનવંત; બુદ્ધે સુર નર વશ હુવેરે, બુદ્ધે યશ પસરંત. પુ૦ સ૦ ૩ ધન્ન કુમરે નિજ બુદ્ધિથી રે, લીધા લક્ષ દીનાર; તુમને બુદ્ધિ નહીં તિસીરે, જિણે કરી હોય જયકાર. પુ૦ સ૦ ૪ હોંશ હોય જો તુમ તણે રે, તો ફિર કરો વ્યવસાય એકકો દિન આજથી રે, ભોજન ભગતિ કરાય પુ૦ સ૦ ૫

ઇમ કહી માસા સુવર્ણના રે, ચારેને સ્વયમેવ; ચોશઠ ચોશઠ આપીયા રે, વ્યાપારાર્થે હેવ. પુ૦ સ૦ ૬ મુખ્ય તનુજ તિણ્યે તદા રે, પહોત્યા [1]પણ્યાગાર, કિરિયાણાં લીધાં ઘણાં રે, જાણી લાભ અપાર. પુ૦ સ૦ ૭ કર્મવશે તે વસ્તુમાં રે, લાભનો ન રહ્યો લાગ; અધો દામ જુડ્યો તદા રે, અતિ ઉદ્યમથી અભાગ. પુ૦ સ૦ ૮ ભોજન વિધિ ભૂલી ગયા રે, ત્રિણ્યે દિવસે તેહ; શામ વદનથી તે તદા રે, બેઠા આવી ગેહ. પુ૦ સ૦ ૯ અથ ચોથે દિન સાહસી રે, ધન્નકુમાર ઉદાર; શુકનાદિક અવલોકને રે, નિશ્ચય કરે તિણિવાર પુ૦ સ૦ ૧૦ લાભ પશુથી ભલો રે, ધારી ઇમ મન ધીર; નગરમાં કૌતુક જોવતો રે, પહોત્યો ચોહટ સધીર. પુ૦ સ૦ ૧૧ પશુ ક્રય થાય છે જીહાં રે, તિહાં આવ્યો નિરભીક; બેઠો સસ્થાનક ગ્રહી રે, ચાવ તો મુખ પીક. પુ૦ સ૦ ૧૨ તેહવે એક આવ્યો તિહાંરે, [2]હુડ વેચણ નર કોય; લક્ષણ પૂર્ણ દેખી કરી રે, [3]લીધો ધન્ને સોય. પુ૦ સ૦ ૧૩ એહવે નૃપ જિત-શત્રુનો રે, અરિદમનાભિધ જાત; [4]મેષ ભણી ક્રીડાવવા રે આવ્યો તે સુવિખ્યાત. પુ૦ સ૦ ૧૪ દેખી [5]ઉરભ્ર ધન્ના તણો રે, બોલાવે નૃપ જાત; યુદ્ધ કરાવી જે ઇહાં રે, તુમ અમ છાગ સાક્ષાત. પુ૦ સ૦ ૧૫ જીતે જેહનો બોકડો રે, તે પામે ધન લક્ષ; સ્વર સાધીને

૧ કરિયાણા વાલાની દુકાને. ૨ બોકડો. ૩ પાંચ માસા સુવર્ણ આપી ઘેટો લીધો. ૪ બોકડો. ૫ બોકડો.

આદરયો રે, પિણ ધન્ને પરતક્ષ. પુ૦સ૦ ૧૬ અન્યોન્યે મસ્તક થકી રે, ઘેટાં યુદ્ધ કરંત; હારયો અજઅરિહ મનનો રે, ધન્ન ઉરભ્ર જીપંત. પુ૦સ૦ ૧૭ દેખી પરાક્રમ અજ તણો રે, ચિંતે રાજકુમાર; એ હુડ જો આપણે રે, તો લહીયે જશ સાર. પુ૦સ૦ ૧૮ લક્ષ દિનાર દેઇ કહે રે, તે અરિદમન આણંદ; એ આપો હુડ અમ પ્રતે રે, ઇપ્સિત ઘુન્ને અમંદ. પુ૦સ૦ ૧૯ ધન્નકુમર કહે ક્રીડવા રે, હુડ રાખ્યો મહારાજ; લક્ષ મુલ્ય દ્યો અમ પ્રતે રે, જો તુમ ઘેટા કાજ. પુ૦સ૦ ૨૦ તતક્ષય રાયકુમર તિહાંરે, દેઇ લક્ષ દિનાર, અજ લેઇને ચાલીયો રે; પરિવૃત નિજ પરિવાર. પુ૦સ૦ ૨૧ લાખ દોય ધન લેઇને રે, આવ્યો ધન્ન આગાર; માત પિતા હરષીત હુઆ રે, તિમ સઘલો પરિવાર. પુ૦ સ૦ ૨૨ ભવ્ય ભોજન સવિ સયણને રે, ભકિત વિશેષથી દીધ; ઢાલ દશમી શ્રોતા સુણો રે, જિન કહે પુણ્યથી સીદ્ધ. પુ૦ સ૦ ૨૩

॥ દોહા ॥

ભોજન વિધિ કરી ભકિતથી, શેષ દ્રવ્ય સુખકાર ।
ભોજાઇને આપીયો, વહેંચીને તીણી વાર ॥૧॥
ભોજાઇ લીયે ભામણાં, દિનમેં દો દો વાર ।
જીજીકાર સદા જપે, સ્વારથ જગમેં સાર ॥૨॥

યતઃ ॥ આઘા આવો આદર દિયે સ્વર્ણ રૂપ્યાદિ દૃષ્ટ્વા, પાસે કોઇ બેસવા ન દિયે નિર્ધનાનાં જનાનાં ॥

તુમે અમારે જીવિતપ્રાણુ: સ્વાર્થ એકો હિ ભવ્ય,. આપ્યા વિના અમે કોણ તુમે કોણ સ્વાર્થ હીનાન્ વદંતિ ॥૧॥

ભાવાર્થ :- સોનું રૂપું જોઈને આપ પધારો સાહેબ! એવી રીતનો આદર આપે અને વિધન પુરૂષોને કોઇ પાસે બેસવા પણ ન દ્યે. તમે અમારે જીવિતપ્રાણુ છો, એ બધામાં એક સ્વાર્થ જ સારો છે. સ્વાર્થ રહિત પુરૂષોને એમ કહે છે કે, અમે કોણુ? અને તમે કોણુ? એ રીતે સહુ સ્વાર્થની સગાઇ છે. ॥૧॥

સયણુ સયલ મુખ ઉચ્ચરે, ધન ધન ધન્નકુમાર ।
બુદ્ધિ થકી લક્ષ્મી વરે, નહિ સંકલેશ લીગાર ॥૩॥

તે સુણી ધનદત્તાદિ સુત, ત્રિણ્યે કરે વિચાર ।
ધન્ના આગલ આપણો, કિમ ચલશે વ્યવહાર ॥૪॥

ઇમ આલોચી ચિત્તમેં વિનવિયો ધનસાર ।
તાત સુણો એક વિનતી, અમ મનની ઇણિવાર ॥૫॥

યુધ્ધ પ્રતિજ્ઞાયે કરી, લાવ્યો ધન બે લક્ષ ।
પણુ જો ઘેટો હારતો, તો ફલ હોત પ્રત્યક્ષ ॥૬॥

અવિચારયાં એહવાં કરે, દ્યુતાદિકનાં કાજ ।
તિણે કરી જાણું છાં હવે, રહેશે નહી ઘર લાજ ॥૭॥

તુમને લોભ વધ્યો ઘણો, તિણે તે વલ્લભ થાય ।
જો ભુખ્યો હુવે અતિ ઘણો, પણુ કર દ્વય ન જિમાય ॥૮॥

તે માટે વરજો તુમે, હૃદય કરી સુવિચાર ।
આજ પછી હવે એહવો, ન કરે ધન્નકુમાર ॥૯॥

॥ ઢાળ ૧૧ મી. ॥

(માલા કયાં છે રે.–એ દેશી.)

કહે ધનસાર તે ત્રિણ્ય તનુજને, એ તુમ વાત મેં જાણી; ભાગ્ય હીનને કાંઇ ન સુઝે, ભાગ્યબલે સુખ આણી રે; મચ્છર મુકો રે, માહ વથી મુખવાસ તે મત ચુકો રે. ૧ એ આંકણી, તમને એ ધનકુમર સંગાથે, પુરવ વેર કોઇ દીસે; એહનો વચનાદિક પણ તુમને, ન ગમે વિસવાવીસે રે. મ૦ ૨

યતઃ ॥ અનુષ્ટુબ્વૃત્તમ્ ॥

યદ્દષ્ટ્વાવર્દ્ધતે ક્રોધઃ, સ્નેહશ્ચ પરિહીયતે;

સવિજ્ઞેયો મનુષ્યેણ, એષ મે પુર્વવૈરિકઃ ॥૧॥

ભાવાર્થ :– જેને દેખીને ક્રોધ વધે છે અને સ્નેહ ઘટે છે, તે ઉપરથી માણસે એમ જાણવું કે, જરૂર આ પુરૂષ મહારો પૂર્વભવનો વૈરી હશે ॥૧॥

ધન અર્જીને સર્વણુ સંતોષાં, કારજ ઉત્તમ કીધાં; મણિમય આભુષણ મન ગમતાં, ભોજાઇને દીધા રે. મ૦ ૩ એ નિસ્પૃહ નિજ કુલનો પોષક, સહુશું હિત બહુ રાખે; તુમ વિણ સયલ સયણ એ સુતના, અહ નિશિ ગુણ મુખ ભાંખે રે. મ૦ ૪ મચ્છર મનમેં અધિક ધરંતે, પંકપ્રિય દુઃખ પામ્યો; તે દૃષ્ટાંત સુણો એક ચિત્તે, તસ ન થયો કોઇ કામો રે. મ૦ ૫ નયરી અયોધ્યા કોશલ દેશે, નૃપ કાકુસ્થ સોહાવે; ન્યાયવંત દાને અતિ શુરો, રામ સમાન કહાવે રે. મ૦ ૬ તે નગરીમેં એક પ્રજાપતિ, પંકપ્રિય ઇશે નામે; સ્ત્રી પુત્રાદિક પરિકર પરિઘલ, તિણે

કરી સવિ સુખ પામે રે. મ૦ ૭ પણ તિણ મે છે એક અપ-લક્ષણ, ગુણ કોઇનો નવિ સાંસો; ઇર્ષ્યાયે કરીને સહુ જનના, ગુણ તે અવગુણ ભાંસે રે. મ૦ ૮ જો કોઇનો ગુણ આવશ્યપણાથી, સાંભલે તો શિર દુખે; પાંચ મિલે જો ગુણના રાગી, તો તેહશું અતિ રૂસે રે મ૦ ૯

યતઃ- પિશુન કષાય ન પરિહરે, જો કીજે સોલલ્લ;
અંબા ગિરિમજ્ઝે વસે, તો હિ કષાયણિ ગુલ્લ ॥૨॥

ભાવાર્થ :- જો કદિ સો સારાં કામ કરીએ, તો પણ ચાડિયો માણસ કદાપિ કષાય ત્યાગ કરે નહી. જેમ આંબો પર્વત ઉપર વસે. તો પણ તેની ગોટલી તો કષા-યેલી ને કષાયેલી જ રહે છે. ॥૨॥

જો વારે કોઇ સજ્જન થઇને નિજ શિર [1]આસ્ફાલે, વારયો કેહનો ન રહે પાપી, ક્રોધે તનુ પરજાલે રે. મ૦ ૧૦

યતઃ- ॥ આર્યાવૃતમ્ ॥

ક્રોધઃ પરિતાપકરઃ, સર્વસ્યોદ્વેગકારકઃ ક્રોધઃ
વૈરાનુષંગજનકઃ, ક્રોધેન સુગતિહર્ત્તા: ॥૩॥

ભાવાર્થ :- ક્રોધ પરિતાપ ઉપજાવનારો, સર્વને ઉદ્વેગ કરાવનારો, વૈરનું અનુસંધાન કરનારો અને સુગતિને હરનારો છે. ॥૩॥

તવ તસ પુત્ર વિચારે ચિત્તો તાતને વન મુકીજે; તો સહુના મનમેં સુખ થાવે ગૃહકાર્યાદિક કીજે રે. મ૦ ૧૧ ઈમ નિશ્ચય કરી તાતને ભાંખે, તુમે હવે વનમાં પધારો; ઇષ્ટદેવનું નામ જપીને, નિજ અવતાર સુધારો

૧. માથું કૂટે.

રે. ૧૨ જનસંકલેશ થકી પંકપ્રિય, સુત વચન પણ પ્રેરયો; વનમાં કોઇ સરોવર તીરે, તૃણગૃહ રચ્યો સુભલેરો રે. મ૦ ૧૩ અન્નાદિક વસ્ત્રાદિક પ્રતિદિન, પુત્ર પિતાને પુરે; તિહાં રહે પંકપ્રિય મન હરખે, ચિંતા છાંડી દુરે રે. મ૦ ૧૪ મચ્છરથી જુઓ પંકપ્રિય એ, એકાકી રહ્યો વનમેં; ઢાલ ઇગ્યારમી જિન ઇમ ભાંખે, મચ્છર મ ધરો મનમેં રે. મ૦ ૧૫

## ॥ દોહા ॥

એક દિવસ કાકુસ્થ નૃપ, પરીવૃત બહુ પરિવાર ।
આખેટક કાર્યે ગયો, વન ગહને સુવિચાર ॥૧॥
બાણ કબાણે સાચવી, નીલાંબર ધરી દેહ ।
નૃપ મૃગયા કરતો ફીરે, પલ કાજે અતિ તેહ ॥૨॥

યતઃ ॥ આર્યાવૃત્તમ્ ॥

મૃગ મીન સજ્જનાનાં,
તૃણજલસંતોષવિહીતવૃત્તીનાં ॥
લુબ્ધક ધીવર પીશુના, નીષ્કારણવૈરિણો જગતિ ॥૧॥

ભાવાર્થ :– મૃગ તૃણવડે માછલાં જલવડે અને સજ્જન પુરૂષો સંતોષ વડે પોતાનું ગુજરાન ચલાવે છે, તેમ છતાં તેમના અનુક્રમે પારધી, મચ્છી અને ચાડીયાઓ વિના કારણે જગત્માં વૈરી છે. ॥૧॥

ઉષ્ણકાલ આતપ બહુલ, નૃપતિ સુકોમલ કાય; ક્ષુધા તૃષા શ્રમ પ્રમુખથી, આકુલ વ્યાકુલ થાય. ૩ સરોવર દેખી સુભગ, આવે જલને અર્થ; એહવે તે પંક-

પ્રિયે, નૃપ દીઠો સામર્થ્ય. ૪ જલ આણી આગલ ધર્યો, અમૃત સમ અભિરામ.; પાડલ પુષ્પાદિક થકી, વાસિતા શીતલ સ્વામ. ૫ ભોજન પણ ભાવે કરી, દીધો નૃપને તામ; શીતલ છાંયાયે તિહાં, રાય કરે વિશ્રામ. ૬

યતઃ ॥ સજ્જન આવ્યા પ્રાહુણા, માગે ચાર રતન્ન;
વાણી પાણી સાથરો, સંપતિ સારૂ અન્ન ॥૨॥

અલ્પભકિત અવસર તણી, તે પણ બહુલી થાય; વિણ અવસર જે કીજીએ, તે તો નાવે દાય. ૭

## ॥ ઢાળ ૧૨ મી ॥

(રાજી મૃગાનયણીરી નાગરી કુલી—એ દેશી.)

રાજી નૃપ કહે તું એકાકી, રાજી કિમ રહે છે ઇહાં અહિકારી; રાજીકિમ વિસરેજી કહો ઉપગારી, રાજી જેણે કીધી સેવા સારી, રાજી નૃપ કહે તું એકાકી, એ આંકણી. રાજી એણે વનમેં એણે ઠામે, રાજી ઇહાં રહે છે કહેશે કામે. રાજી૦ ૧ રાજી મૃગ મૃગપતિ વલિ મુનિવરને રાજી વલિ વિદ્યાસાધક નરને; રા૦ રાજી પણ ગૃહવેસે વનમે રહેવો, રાજી એતો અચરિજ કારણ કહેવો. રા૦ ૨ રાજી તવ બોલ્યો પંકપ્રિય વાણી, રાજી સુણ ભુપતિ તું ગુણખાણી; રા૦ રાજી હું તો નગરી અયોદ્ધાનો વાસી રાજી કુંભકાર કલા અભ્યાસી. રા૦ ૩ રાજી સ્ત્રી પુત્રાદિક છે બહુલા, રાજી માહરે તિહાં છે કણ સબલા; રા૦ રાજી કોઇના ગુણવર્ણન મેં ન ખમાયે, રાજી મુજથી મૌન ન થાયે. રા૦ ૪ રાજી કોઇ પરગુણ મુજ સંભલાવે, રાજી

તો મુજ શિર દુખણુ આવે; રા૦ રાજી ગુણવર્ણન સુણતાં ટાલું, રાજી નહી તો નિજ શિર આસ્ફાલું. રા૦ ૫ રાજી એહ અવગુણ મુજમેં મ્હોટો, રાજી પરગુણ ન સહુ થઈ છોટો; રા૦ રાજી નિત્ય કલહો હુવે બહુ સાથે, રાજી તિણે લાજ ન રહી મુજ હાથે. રા૦ ૬

યતઃ ॥ અગણિજંતિ અ નાસઇ વિજ્જા, પિલ્લિજ્જંતિ અ નાસઇ પજ્જા; કુટ્ટિજ્જંતિ અ નાસઇ ભજ્જા અઇ બોલંતિ અ નાસઇ લજ્જા ॥૧॥

**ભાવાર્થ :–** ફેરવ્યા વિના વિદ્યા નાશ પામે, પીડવાથકી પ્રજા નાશ પામે, બહુ મારવાથી ભાર્યા નાશ પામે અને ઘણું બોલવાથી લજ્જા નાશ પામે. ॥૧॥

રાજી તવ આલોચી નિજ મનમેં, રાજી તવ વાસ કીયો એ વનમેં; રા૦ રાજી નિજ પિંડ ભણી પ્રતિપાલું, રાજી મનથી ઉદ્વેગને ટાલું. રા૦ ૭ રાજી સુણી વાકય ઇશાં ભૂપાલે, રાજી ચિંતે તવ ચિત્ત વિચાલે; રા૦ રાજી દેખો એહ દુઃખીયો દીસે, રાજી એતો દુઃખ પામે છે રીસે. રા૦ ૮ રાજિ પિણ એહ માહરો ઉપગારી, રાજી મુજ સેવા કીધી સારી; રા૦ રાજી અવસર લહી જેહ ન ચુકે, રાજી સજ્જનતા પણ નવિ મુકે. રા૦ ૯ રાજી તેહની જઇએ બલિહારી, રાજી તસ કીજે સેવા સારી; રાજી કીધા ગુણને જે લોપે, રાજી તેહને પરમેશ્વર કોપે રા૦ ૧૦ રાજી એણે અન્ન ઉદક મુજ દીધો, રાજી એણે જીવિત કારજ કીધો; રા૦ રાજી વલી સુંદર સ્થાનક

આપી, રાજી મુજ સેવે છે ગુણવ્યાપી. રા૦ ૧૧ રાજી હવે એહને સુખીયો કીજે રાજી ઉપકૃતિ ગુણ સંભારીજે; રાજી ઉરણ થઇયે એણે ટાણે, રાજિ તો યશ જગમેં સહુ જાણે. રા૦ ૧૨

યતઃ ॥ આર્યાવૃત્તમ્ ॥

દો પુરિસે ધરણી ધરે, એહવા દોએહિ ધારિયા ધરણી;
ઉવયારે જસ્સ મઈ, ઉવયારં જો ન ઉલ્લવઇ. ॥૨॥

ભાવાર્થ :- જગતને વિષે બે પુરૂષો ધરતીને ધારણ કરનારા છે, અથવા બે પુરૂષો વડે પૃથ્વી ધારણ કરાય છે તેમાં એક તો એ કે, જેની ઉપકાર કરવાની બુદ્ધિ છે તે અને બીજો જે ઉપકાર ઉલવે નહી તે; એટલે કરેલા ઉપકારનો બદલો વાલે તે. ॥૨॥

રાજિ ઇમ ચિત્ત ચિંતી નૃપ બોલે, રાજિ પંકપ્રિયથી નિજ દિલ ખોલે; રા૦ રાજિ તું સાચો બંધવ મહારો, રાજિ તિણ માટે નગર પધારો. રા૦ ૧૩ રાજિ તુને અસન વસન બહુ દેશું, રાજિ વલી ભગતિ વિશેષે કરેશું; રા૦ રાજિ રહેવાને *સદન સાજોડાં, રાજિ દેશું બહુ હાથી ઘોડા. રા૦ ૧૪ રાજિ મુહ માગી લખમી લેજયો, રાજિ મુજ પાસે બેઠા રહેજયો; રાજિ તુમ પુરવ વાત જે કહેશે, રાજિ તે તો તસ્કર દંડ લહેશે. રા૦ ૧૫ રાજિ ઇમ કહી નૃપ થયો અસવારી, રાજિ પાસે

*ઘર

પંકપ્રિય કુંભકારી; રા૦ રાજિ નિજ નગરી ભણી જવ ચાલે, રાજિ તવ સેના મિલી સમકાલે. રા૦ ૧૬ રાજિ મંત્રી સામંત સમેલા, રાજિ આવીને થયા સહુ ભેલા; રા૦ રાજિ ઇમ બારમી ઢાલ એ ભાખી, રાજિ જિન કહે પુણ્ય સઘલે સાખી. રા૦ ૧૭

॥ દોહા ॥

ચાલંતે વનમેં નૃપે, દીઠી કન્યા એક ।
વક્ષે બોરા વીંણતી, કુબ્જ પરે થઇ છેક ॥૧॥
મૃગનયણી ચંદ્રાનની, ચંપક વરણી દેહ ।
દેખી નૃપ ચિત્ત ચિંતવે, શું રતિ રંભા એહ ॥૨॥
કે છલવા મુજને ઇહાં, આવી છે વનદેવ ।
કે ઇંદ્રાણી અપચ્છરા, રમવા કારણ હેવ ॥૩॥
રૂપવંત રલિયામણિ, શામામેં શિરહાર ।
પુછું એહને પ્રેમશું, નામ ઠામ સુપ્રકાર ॥૪॥
ઇમ ચિંતી પુછે નૃપતિ, તે બાલા પ્રતે તામ ।
રે ભદ્રે મુજને કહો, નાતિ નામ તિમ ઠામ. ॥૫॥

॥ ઢાળ ૧૩ મી ॥

(યોગિણી મનમાની-એ દેશી)

તવ બોલી બાલા સુકુમાલા, કરી લાજ ઘુંઘટ સુવિશાલા રે; કામિની મન માની. અહો ભૂનાથ સુણો મુજ વાણી હું રે કહું મુજ કરમ કહાણી રે; કામિની મન માની. ૧ એ આંકણી, અંગદેશ ચંપાનો વાસી, મુજ તાત હુતો સુખવાસી રે; કા૦ નિર્યામિક વિદ્યા અભ્યાસી તસ તનયા હું છું તુમ દાસી રે. કા૦ ૨ નામ ખરકા

મુજ તાતે દીધો, મુજ યતન ઘણો તેણે કીધો રે; કા૦ તાતજી મુજને લેઇ સંગે, ચાલ્યા જલવટ વાટે રંગે રે. કા૦ ૩ દૈવપ્રયોગે પ્રવહણ ભાંગ્યો, એક ફલગ હાથે તવ લાગ્યો રે; કા૦ તિણે તરતી તરતી ઉપકંઠે, આવી હું સમુદ્રને કંઠે રે. કા૦ ૪ ઇણ વનમેં રહી કાલ ગમાવું, વનનાં ફલ ફુલને ખાવું રે; કા૦ ભ્રાત તાત સવિ રહ્યા પરદેશે, હું એકાકી એણે વેશે રે. કા૦ ૫ રાય સુણી મન પ્રમુદિત થાવે, તવ મંત્રીને સમજાવે રે; કા૦ એ કન્યાનાં યતન કરેજ્યો, લેઈ વાહની માંહી ધરજ્યો રે. કા૦ ૬ રાજા કુશલે નગરે આવ્યા, ઘણાં જીત નિશાન બજાવ્યા રે; કા૦ રૂપ અધિક ખરકાનો જાણી, તસ રાયે કરી પટરાણી રે. કા૦ ૭ હિત ધરી નામ લીલાવતી થાપ્યો, વલિ આડંબર બહુ આપ્યો રે; કા૦ કામભોગ તિણ સેંતી વિલસે, રાય અહનિશિ મનશું હરષે રે. કા૦ ૮ પંકપ્રિયને પણ સનમાન્યો, કીધો ગુણ તે સવિ જાણ્યો રે; કા૦ અસન વિસન આવાસ અનેરા, દીધા તસ અતિહી ભલેરા રે. કા૦ ૯ ગામમેં પડહ વજાવ્યો જાણિ, સહુ સાંભલજ્યો સુપ્રમાણી રે; કા૦ પંકપ્રિય ખરકા વાત જે કહેશે, તે તસ્કરનો ફલ લહેશે રે. કા૦ ૧૦ સુખ વિલસંતાં દિવસ ગમાવે, પુનરપિ વલી તે રૂતુ આવે રે; કા૦ રાજા રયવાડીએ જાવે, રાણીસુત અતિ વડહાવે રે. કા. ૧૧ સાથે પંકપ્રિય પણ આવે, તવ રાણીને રાય બોલાવે રે; કા૦ *બદરી વૃક્ષ દેખીને પુછે, એહનો

*બોરડી

નામને ગુણ કહો શ્યો છે રે. ૧૨ રણી કહે તવ વૃક્ષ એ કેહનાં, હું નામ ન જાણું એહનાં રે; કા૦ એહનાં ફલ કહો પ્રિય કુણ ખાવે, મુખ મનમેં અચરિજ થાવે રે. કા૦ ૧૩ નિસુણી ત્રટક ચઢી પંકપ્રિયને, કહે ઇમશું કહે છે એહને રે; મુજથી પણ બોલ્યું ન રહેવાયે, એહ વચન તે કિમ સહેવાયે રે. કા૦ ૧૪ ઈમ કહી નિજ મસ્તક આસ્ફાલે, ગ્રહી +દષદ થકી તતકાલે રે; કા૦ પ્રાકૃત છંદે દોધક ભાંખે, મન શંક કિસી નવિ રાખે રે. કા૦ ૧૫

યતઃ ॥ કાલે બોરાં વીંણતી, આજ ન જાણે ખરક;
પુનરપિ અટવી કરીશ ઘર, પણ ન સહુ એ અણરક. ॥૧॥

નૃપ અવદાત સુણી મન કોપ્યો, ઇણે વચન અમારો લોપ્યો રે; કા૦ મેં લીલાવતી નામ આરોપ્યો, ઇણે ખરકા નામ ન લોપ્યો ર. કા૦ ૧૬ મનથી લાજ વલે નહી જેહને, સું કીજે કહો હવે તેહને રે; કા૦ પુનરપિ =કાંતારે લેઈ મુકયો, તે સઘલા સુખથી ચુકયો રે. કા૦ ૧૭ પૂર્વપરે તૃણ ગૃહ કરી બેઠો, પણ ચિંતા સાગરમાં પેઠો રે; કા૦ વ્યાઘ્ર આવી જવ શબ્દ સુણાવે, તવ પંકપ્રિય દુઃખ પાવે રે. કા. ૧૮ મરણ ભયે તેણે ×ગર્ત્તા કીધી, લઘુ મુખથી સુપરે સીધી રે; કા૦ સંધ્યા સમયે તેહમાં પેસે, અંગ સંકુચિત કરી બેસે રે. કા૦ ૧૦ ખાડ થકી બાહિર જવ આવે, તવ મરણ સમય તસ થાવે રે. કા૦

+પથ્થર. =અટવી. ×ખાડ ખોદી.

ગાથા બે લિખે તે બિહુ પાસે, પુત્ર આવી વાચે ઉદાસે રે. કા૦ ૨૦

ગાથા ॥ યથા આર્યાવૃત્તમ્ ॥

વગ્ઘ ભયેણ પવિઠો, છુહાલુઓ નિગ્ગમંમિ અસમત્થો;
અટ્ટવસટ્ટો વસઓ, પુત્તય પત્તો અહં નિવણં ॥૧॥

ભાવાર્થ :- વાઘના ભયથી ખાડમાં પેઠેલો, ક્ષુધાએ પીડાએલો, ખાડમાંથી બહાર નીકલવાને અસમર્થ અને આહટ દોહટ ચિત્તવાલો એવો હું મરણ પામુ છું. ॥૧॥

ઇહ લોગંમિ દુરંતં પરલોગ વિવાહગે દુહ વિવાગે;
વહ વયણેણં પાવે, વજ્જિજ્જા પુત્ત અણુરકં ॥૨॥

ભાવાર્થ :- વધ રૂપ વચનથી જીવ આ લોક અને પરલોકને વિષે દુઃખના વિપાકને પામે. તે કારણ માટે હે પુત્ર ! તમે અદેખાઇનો ત્યાગ કરજો. ॥૨॥

તે ગાથાનો અરથ વિચારી, થયા ધર્મતણા અધિકારી રે; કા૦ અણુખ અદેખાઇ દુર નિવારી, ઉપદેશ અનોપમ ધારી રે. કા૦ ૨૧ પંકપ્રિય પરે તુમ દુઃખ લહેશો, જો મચ્છર મનમાં વહેશો રે; કા૦ કહે ધનસાર સુણો સુત સાચો, એ વાતમેં કાંઇ ન કાચોરે. કા૦ ૨૨ તેહભણી મન મચ્છર વારી, ધરો પ્રીતી ધન્નાથી સારી રે; તેરમી ઢાલ કહી સુવિચારી, જિનવિજયે અતિ જયકારી રે. કા૦ ૨૩

॥ દોહા ॥

તવ બોલ્યા તીણ્યે તનુજ, સાચ કહી તુમે વાત ।
અણુખ અદેખાઇ તણાં; ફ્લ વિરૂઆં સહિ તાત ॥૧॥

અમે કહું છું હિત વચનથી, દ્યૂત વ્યસન દુઃખદાય ।
ઈહ લોકે ઇજ્જત ઘટે, પરભવ પીણ ન ખટાય ॥૨॥
હોડ ન કીજે હોંશથી, હોડે થકી ધન હાણ ।
નલરાજા હોડે કરી, પામ્યો દુઃખની ખાણ ॥૩॥
પાંડવ પાંચે વન વશ્યા, હોડે હારી રાજ્ય.
સાત વ્યસનમાંહી પ્રથમ, એહિજ કાર્ય અકાર્ય ॥૪॥

યતઃ ઉપજાતિવૃત્તમ્.

દ્યુંત ૧ ચ માંસં ૨ ચ સુરા ૩ ચ વેશ્યા ૪,
પાપર્દ્ધિ ૫ ચોરી ૬ પરદારસેવા ૭;
એતાનિ સપ્તવ્યસનાનિ લોકે,ઘોરાતિઘોરં નરકં નયંતિ ૧

ભાવાર્થ :– જુવટું, માંસ, મદિરા, વેશ્યાગમન, આહેડી કર્મ, ચોરી અને પરસ્ત્રીગમન, આ સાત વ્યસનો અતિ ઘોર નરકને વિષે લઇ જાય છે ૧

જે માટે એ હોડથી, લાવ્યો ધન બે લક્ષ; અમને તે કારણ થકી, દ્વેષ વધે પરતક્ષ. ૫ તાત કહે તમે દ્યૂતની વાત કહી હિત કાજ; પણ બુદ્ધે કરી, લીજીએ, વંછિત સિદ્ધ સમાજ. ૬ ભાગ્યબલે બુદ્ધે કરી, ચિંતિત કાર્ય કરંત; ભાગ્યહીન ઉદ્યમ કરે, તે સવિ નિષ્ફલ જંત. ૭

## ॥ ઢાળ ૧૪ મી. ॥

(તે તરીયા ભાઇ, તે તરીયા ભાઇ,–એ દેશી)

કહે ધનસાર સુણોરે પુતા, તુમે કાં એમ વિગુતા રે; કુમતી રૂપ કાદવમાં ખુત્યા, બોલો છો જેમ કુતા રે. કહે

ધનસાર સુણો રે પુતા. ૧ એ આંકણી. ભાગ્યહીન તુમે પરતખ દીસે, શું કહીએ કરી રીસે રે; મૂલ દ્રવ્ય સંભારો ખીસે, પછે ભાંખો સુજગીસે રે. કહે૦ ૨. હોંશ તુમારે છે હજી દિલમેં, વ્યવસાયે ધન વરવા રે; ઇમ કહી ×શત શત માસો આપે, વ્યાપારાદિક કરવા રે. કહે૦ ૩. તવ તિણ્યે તે માસા લેઇ, દોશીવટમાં આવે રે; વસ્ત્ર અનોપમ ત્રણ્યે શતનાં, લેઈ ગ્રંથી બંધાવે રે કહે૦ ૪. ચૌટે આવી ચિત્ત વિમાસી, એક ગયો જલ પીવા રે; એક તિહાં ક્રીડા વિધિ નિરખે એક અશુચિને કરવા રે. કહે૦ ૫. એહવે તસ્કર અવસર જાણી, ગ્રંથી લેઇ નાઠોરે; છલ થકી તેણે ત્રિણ્યે ધુત્યા, હૃદય કરીને કાઠોરે. કહે૦ ૬. ત્રિણ્યે મિલી તે વસ્તુને જોવે ખુણે ઉભા રોવે રે; અન્યોન્યે અત્યંત વિગોવે, લાજ પોતાની ખોવે રે. કહે૦ ૭. કાજલ સમ નિજ વદન કરીને, ગૃહમેં આવી બેસે રે; તાત વાત જાણી મન ચિંતે, શું હોવે નિષ્ફલ હોંશે રે. ક૦ ૮. ચોથે દિન ધન્નકુમર વિચારે, ચતુર શુકન સ્વર ધારે રે; કાષ્ટપીઠ ચૌટે મલપંતો, વ્યવસાયાર્થે પધારે રે. કા૦ ૯. એહવે તે નગરે વ્યવહારી, ધનપતિ નામે કહાવે રે; છાશઠ કોડી દિનાર તણો પતિ, કૃપણમેં મુખ્ય સોહાવે રે. ક૦ ૧૦. ફાટયાં ત્રુટયાં વસ્ત્ર પૂરાણાં, પરનાં લેઇ ઓઢે રે; તુચ્છ અન્ન [1]માષાદિક ખાવે, [2]ઊખરણે નિત પોઢે રે. ક૦ ૧૧. કહે ઘૃત ઠામે

× સો સો માસા સુવર્ણ. ૧ અડદાદિક. ૨. કાંઈ પાથર્યા વિના સૂઈ રહે

તૈલાદિક જીમે, મુનિ પરે સ્નાનનો ત્યાગી રે; તાંબુલ ઠામે [3]કસેલો લેવે, પરગૃહ ભોજન રાગી રે. ક૦ ૧૨. દેવતણો દર્શન નવિ વાંછે, દેવદ્રવ્યને ચાહે રે; ગુરૂને ગૃહમેં પેસણુ નાપે, ગુરૂનું લેણુ ઉમાહે રે. ક૦ ૧૩. ભિક્ષાચર દેખીને આપે, બાર દેઇ સમકાલે રે; વલી વિશેષે ગલહથ દેઈ, સંતોષે તસ ગાલે રે. ક૦ ૧૪. કોડી વ્યય કરે કોઇક કાજે, તો વિષમજ્વર આવે રે, દાન દેતાં દેખજે તતક્ષણ, મસ્તક પીડા થાવે રે. ક૦ ૧૫. દેવાની તો વાત ન જાણે, લેવા વેલા શુરો રે; નિંદા કરવા તત્પર થાયે, પાપ થકી તે પુરો રે. કહે૦ ૧૬.

યત્ત ॥ માલીની વૃત્તમ્ ॥

કણ કણ જિમ મેલે કીટિકા ધાન્ય કેરો,
મધુકરી મધુ સંચે ભોગવે કો અનેરો,
તિમ ધન કૃપી કેરો નોપકારો દિવાયે,
ઈમ હિ વિલય જાયે અન્યથા અન્ય ખાયે ॥૧॥

**ભાવાર્થ:**- જુઓ ! કીડિયો દાણો દાણો ભેગો કરીને ધાન્યનો સંગ્રહ કરે છે; માખીઓ ટીપે ટીપે કરી મધનો સંચાર કરે છે; પરંતુ તે ધાન્યને અને મધુને જેમ બીજો કોઇ ભોગવે છે તેમ કૃપણનું ધન પણ ઉપકારને વિષે ન અપાતાં, એમને એમ જતું રહે છે. અથવા બીજો કોઇ ખાઇ જાય છે. ॥૧॥

પાણિગૃહણાદિક કોઇ કામે, ઉત્તમ ભોજન ખાવેરે,

3 આંબલીનો કચુકો

લંઘન ન કરે તે બીજે દિવસે અતિસાર તસ થાવેરે. કહે૦ ૧૭ પુત્રને પિણ એક પૈસો નાપે, કણ કણથી ધન મેલે રે; સયણ કુટુંબ મીલી સવિ તેહને, *માતંગ માંહે ભેલરે. કહે૦ ૧૮ મરણતણો ભય મનમાં ન ગણે, ન ગણે સુજસ સવાઇ રે, ચૌદમી ઢાલે જિન ઇમ ભાંખે, કૃપણની કુટીલ કમાઇ રે. કહે૦ ૧૯

॥ દોહા ॥

ચિત્તમેં ચિંતે કૃપણ તે, લોભવશે ધરી ગર્વ ।
છલ કરી માહરા પુત્ર એ, રખેલીએ ધન સર્વ ॥૧॥
ઇમ આલોચીને તુરત, લીધાં રત્ન ઉદાર ।
છાસઠ કોડી દીનારનાં, સ્વલ્પપણાથી સાર ॥૨॥
મંચક જુદી કરાઇને, કોરી ઘાલ્યાં તુરત ।
સયનાસન તે ઊપરે, કૃપણ કરે દિન રાત ॥૩॥
ઇમ કરતે તસ એકદા, આવ્યો અંગે રોગ ।
ધન વ્યયથી બીહતો થકો, ન કરે ઔષધ યોગ ॥૪॥
મરણ સમય નિજ પુત્રને, તેડી કરે અરદાસ ।
મેં ધન કોડિગમે વિપુલ, વિલસ્યા ભોગ વિલાસ ॥૫॥
તે ભણી એ પર્યંકને, સતીય પરે મુજ સાથ
[1]પ્રેતવને સંસ્કારજ્યો, [2]શેષ સકલ તુમ આથ ॥૬॥
ઇમ કહેતો તે મુઢમતી; પર્યંકે તિણીવાર ।
વિલગી મુર્છાગત થયો, પહોત્યો જમ આગાર ॥૭॥
છોડાયો છુટે નહી, મૃતક ખાટથી જામ ।
તવ તેહની સ્ત્રી તનુજને, કહે નીસુણો ગુણ ધામ ॥૮॥

૧. સ્મશાન ભુમીમાં, ૨. બાકી રહે તે તમે લેજ્યો.

ખાટ સહિત એહને તુમે, કરો અગ્નિ સંસ્કાર ।
સુણી કૃપણ સુત તેહને, લેઇ ચાલ્યા તિણીવાર ॥ ૯ ॥
પ્રેતવને જબ તે ગયા, તવ તેહનો રખવાલ ।
કલહ કરી પર્યંકને, લેઇ આવ્યો ચંડાલ ॥૧૦॥

## ॥ ઢાલ ૧૫ મી ॥

( ગોરડી ગુણવંતી. એ–દેશી )

હવે પર્યંક તે લેઇને રે સુરીજન, ચૌટા વિચે ચંડાલ; પુરવ પુણ્ય ફલિયો, વેચણને બેઠો તીહાંરે સુરીજન, જોવે બાલ ગોપાલ; પુરવ પુણ્ય ફલીયો. ૧ એ આંકણી. સાટવે પીણ લેવે નહી રે સુ૦, મૃતકતણો તેહ જાણ પુ૦; દીઠો ધન્ને દુરથી રે સુ૦, સુંદર ખાટ સુવાણ. પુ૦ ૨ સ્વર સાધીને મુલવ્યો રે સુ૦, લીધો દેઇ [1]દામ પુ૦; ઉપડાવી ઘેર આણીયો રે સુ૦, પર્યંક ધન્ને જામ. પુ૦ ૩ અગ્રજ તવ ત્રિણ્યે તીહાં રે સુ૦, હસવા લાગ્યા તાસ પુ૦; મૃતક ખાટથી પામસે રે સુ૦, દામ પ્રમુખ સુવિલાસ. પુ૦ ૪ ખાટ ગ્રહી ગૃહમેં યદારે સુ૦, ઠબકાવે ધનસાર પુ૦; તતક્ષણ ઇસને ઊપલાં રે સુ૦, જુજુઆં થયાં સુપ્રકાર પુ૦ ૫ રતન અમુલિક નીસર્યાં રે સુ૦, ખાટથકી તિણિવાર પુ૦; છાશઠ કોડી દિનારનાં રે સુ૦, હરખ્યો તવ ધનસાર. પુ૦ ૬ સુતને કહે સુણો એહના રે સુ૦, ભાગ્ય તણો બલ ભુર પુ૦; પગ પગ પામે સંપદા રે સુ૦, પુણ્યતણે અંકુર. પુ૦ ૭

[1] સાતમાસા સુવર્ણ આપી.

યતઃ ॥ અનુષ્ટુબ્વૃત્તમ્ ॥

પદેપદે નિધાનાનિ, યોજનેરસકુંપિક;
ભાગ્યહિના ન પશ્યંતિ, બહુરત્નાવસુંધરા. ॥૧॥

**ભાવાર્થ**:—પગલે પગલે નિધાન એટલે ધનના ભંડારોને અને યોજને યોજને રસકુંપિકા પ્રત્યે, ભાગ્યહીન પુરૂષો નથી જોઇ શકતા; પરંતુ પૃથ્વી તો બહુ રત્નાવલી છે. ॥૧॥

એહ થકી અહનીશી તુમે રે સુ૦, શું રાખો છો રોશ; પુ૦ રાજાથી મચ્છર ધરે રે સુ૦, રાંકને પીડતો સોશ. પુ૦ ૮. નાંખી પણ લાગે નહી રે સુ૦, સુરજ સાહમી ખેહ પુ૦; સ્વાન અમર્ષ થકી ભસે રે સુ૦, પણ ગજ સમ કીમ તેહ. પુ૦ ૯. મૃગ મૃગપતિ તુલના કરે રે સુ૦, ગુંજા કનકથી જેમ પુ૦; ઉત્પલ ખંડ મણિ રત્નથી રે સુ૦, દુર્જન સજ્જન તેમ. પુ૦ ૧૦ નવલખ તારાથી નહી રે સુ૦, તેજ પ્રકાશ પંડુર પુ૦; કરે ઉદ્યોત અવની તલે રે સુ૦, અંબર ઉગ્યો સુર. પુ૦ ૧૧ અવગુણને આદર નહી રે સુ૦, ગુણવંતો પૂજાય પુ૦; ગુણવંતા પંકજ પ્રતે રે સુ૦, મસ્તકે રાખે રાય. પુ૦ ૧૨ સાહસીક ગુણે એકલો રે સુ૦, રખલાલે વન સિંહ પુ૦; શેષનાગ પણ સત્ત્વથી રે સુ૦, ધારે ધરા નીરબીહ. પુ૦ ૧૩ મચ્છરથી દુઃખ પામીએ રે સુ૦, મચ્છર કલહ ભંડાર પુ૦; મચ્છર નરકનું બારણું રે. સુ૦, મચ્છરે નહી ભવ પાર. પુ૦ ૧૪ રૂદ્રાચાર્યતણી પરે રે સુ૦,

મચ્છરથી દુઃખ દંદ પુ૦; ઢાલ પંદરમી એ થઈ રે સુ૦; જિન કહે વચન અમંદ. પુ૦ ૧૫.

## ॥ દોહા ॥

પંચાચાર વિચારવર, પરિવૃત બહુ પરીવાર ।
ક્રિયા કુશલ વિદ્યા બહુલ, રૂદ્રાચાર્ય ગુણધાર ॥૧॥
ચાર સાધુ તે ગચ્છમેં, સુવિવેકી સુવિખ્યાત ।
દાનાદિક જિન ધર્મમેં, શોભનીક સાક્ષાત ॥૨॥
બંધુદત્ત મુનિવર પ્રથમ, જ્ઞાનતણો ભંડાર ।
ષટ દર્શનના શાસ્ત્રનો, જાણે સકલ વિચાર ॥૩॥
વાદલબ્ધિથી વિવિધ પરે, જીત્યા તર્કિક જોર ।
જીતકારી જિનશાસને, બીરૂદ વહે કવી મોર ॥૪॥
પ્રભાકરાખ્ય બીજો ભલો, તપસીમેં શીરદાર ।
માસખમણને પારણે, અવિચ્છિન્ન વ્યવહાર ॥૫॥
કનકાવલી રત્નાવલી, વજાવલી વિચિત્ર ।
સિંહવિક્રિડિત તપ પ્રમુખ, આરાધે સુપ્રવિત્ર ॥૬॥
ત્રીજો સોમીલ નામે મુનિ, નિમિત્ત શાસ્ત્રનો જાણ ।
કાલત્રય વેત્તા નીપુણ, શ્રુત જ્ઞાની સુપ્રમાણ ॥૭॥
કાલીક નામે મુનિવરૂ, ક્રિયાપાત્ર શુચી ગાત્ર ।
ચોથો ચિહું ગતિ ટાલવા, પાલે પ્રવચન માત ॥૮॥
ચારે સાધુ શિરોમણિ, રત્નત્રય ભંડાર ।
પંચાશ્રવ દુરે કરે, નિર્મમ નિરહંકાર ॥૯॥
ગુણ દેખીને જન સકલ, કરે સેવા સતકાર ।
માન દાન મુનિવર પ્રતે, સાલે વિવિધ પ્રકાર ॥૧૦॥

## ॥ ઢાલ ૧૬ મી ॥

( શ્રી જિનશાસન જગ જયકારી.–એ દેશી )

રૂદ્રાચાર્ય તો મુનિવર પૂજા, દેખીને દુઃખ પાવે રે; મચ્છરથી મન એમ વિચારે, એહમેં શો ગુણ ભાવે રે; અણિખ તજોરે, અણીખ તજો રે; અણીખ થકી દુઃખ લહીએ રે; પાપસ્થાનક એ દુઃખદાતા, તે સાચો સદ્દહીએરે; અણિખ તજો રે, અણીખ તજો રે. ॥૧॥ એ આંકણી હું આચાર્ય સકલ ગુણ દરીયો, વિદ્યામૃતથી ભરીયો રે; પંચાચારાદિક અનુસરીયો, તપ જપ સંયમ વરીયોરે; અણિખ. ॥૨॥ મુજ મુકીને એહને બહુ જન, બહુ માનાદિક આપે રે; યશ વિસ્તાર કરે સવિ અહ નિશી, ગુણ મંદિર કરી થાપેરે અ. ॥૩॥ એહવો મચ્છર અહ નિશી રાખે જનઆગે પણ ભાંખે રે; ગુણ લેવે નહી વીદ્યાદિકનો, તેહને તૃણ સમ દાખે રે. અ૦ ॥૪॥ એહવે કુસુમપુરે પરવાદી, ષટશાસ્ત્રી મદ ભરીયો રે; ષટદર્શનના વાદને જીતે, છાત્ર થકી પરવરીયોરે. અ૦ ॥૫॥ જીતકાશી થઇ જનજતીને, નીંદે મચ્છર માતો રે; ટીંટોડી પરે મન મદ રાખે, શિવમતથી અતિ રાતો રે. અ૦ ॥૬॥ કુસુમપુરેથી સંઘે મિલીને, સાધુ બે શીઘ્ર પઠાયારે; રૂદ્રાચાર્ય સમીપે તે પણ, વિહાર કરંતા આયા રે. અ૦ ॥૭॥ વાત કરી આચારજ આગે, જો વાદી જીતાયે રે; તો જિનશાસન કેરી ઉન્નત્તિ, અધિકી સહુમેં થાયે રે. અ૦ સાંભલી રૂદ્રાચારજ તિણિ દિશે, તતક્ષણ કીધ પ્રયાણો રે; હીન શુકનથી વિલંબ વિચારે, બહુશ્રુત હોવે શાણો રે.

અ૦ ॥૯॥ બંધુદત્ત નિજ સાધુને [1] પ્રેષે, તે વાદી જીતવા રે; સુરજ આગે તેજ ન સોહે, જો કીજે લખ દીવા રે. અ૦ ॥૧૦॥ તીમ તે સૂર્ય સમોવડ મુનિવર, પાટલી પુત્રપે આવે રે; રાજસભામાં વાદસ્થલથી, પરવાદીને હરાવેરે. અ૦ ॥૧૧॥ સૌગત મતવાસી વાદી, ક્ષણ ક્ષયતા મત થાપેરે, સ્યાદવાદથી સુપરે તેહને, ઉત્તર ઉત્તમ આપે રે. અ૦ ॥૧૨॥ સમજાવે તસ ન્યાય નીપુણથી, કુમતિ કદાગ્રહ છંડો રે; [2] શીવમારગને જો તુમે વંછો તો જિનમતશું રઢ મંડો રે. અ૦ ॥૧૩॥ વાદી નમીને મુનિવર ચરણે, માન તજે તિણી વેલા રે; જૈનતણો જયજય સહુ બોલે, જૈનમતી થઇ ભેલા રે અ૦ ॥૧૪॥ અનુક્રમે રૂદ્રાચારજ ચરણે; બંધુદત્ત મુનિ આવે રે; સંઘ સકલ મીલી તે મુનિવરની, બીરૂદાવલી બોલાવે રે. અ૦ ॥૧૫॥ વાદી [3] કદલી કૃપાણ તું સાચો, વાદી ગજ શીર સીંહ રે; વાદી ગરૂડ ગોવીંદ વિષદ તું, વાદીશ્વર માંહી લીહ રે. અ૦ ॥૧૬॥ વાદી ધુકને ભાસ્કર સરીખો, વાદી કંદ કુદાલો રે; વાદી [4]ગોધુમ [5]ઘરટ બીરાજે વાદી જન ભુપાલો રે. અ૦ ॥૧૭॥ સરસ્વતી તું કંઠાભરણ સોહે, જિનશાસન શીણગારો રે; સોલમી ઢાલે જિન ઇમ ભાંખે, પુણ્યે બીરૂદ ઉદારો રે. અ૦ ॥૧૮॥

## ॥ દોહા. ॥

બંદીજનના મુખ થકી, સુણી બીરૂદાવલી સાર ।
ધમધમીયો રોષે કરી, રૂદ્રાચાર્ય તિણિવાર ॥૧॥

---

૧. મોકલે ૨. મુકિતના માર્ગને ૩. કેલને કાપવા માટે ખડગ જેવો. ૪. ઘઉં. ૫. ઘંટી

શાબાશી તે સાધુને, દેવ તે રહી દુર ।
પણ મચ્છરથી રૂદ્રને, કોપ ચઢયો ભરપુર ॥૨॥
બંધુદત્ત આંખો થયો, દેખી ગુરૂ અપમાન ।
સંઘે પિણ આચાર્યનો, મચ્છર લહ્યો અસમાન ॥૩॥

## ॥ ઢાળ ૧૭ મી ॥

(ઇડર આંબલી રે ઇડર દાડમ દ્રાખ.–એ દેશી)

એહવે સાકેતનપત્તને રે, કૃપાલાલ વિખ્યાત; નૃપ-સિંહ છે અતિ ઘણો રે, અસત્ય વચન અવદાત; નરેસર, પાપી માંહી પ્રધાન. ૧ એ આંકણી. પંચાશ્રવ પૂરા કરે રે. મિથ્યાત્વ શ્રુતિ રાગ, અશ્વમેઘ અજમેઘના રે નરમેઘાદિક યાગ; ન૦ વર દાન દિયે +બાડવ પ્રતે રે, જાણીને ગુરૂ જોગ; તિલ તોલાદિકે ભુકન્યકારે, લવણાદિક શુભ યોગ. ન૦ ૩ જૈનતણો દ્વેષી ઘણો રે, સાધુને દ્યે અતિ દુઃખ; પરદેશી રાજા પરે રે, પાપતણો કરે પોષ. ન૦ ૪ સાકેતનપુર પરઠાવ્યો રે, ઓપસર્ગે કરી સાધુ; નીલાના મુનિ મૃગ કહ્યા રે, વિચરે સદા નિરાબાધ. ન૦ ૫ રૂદ્રાચાર્યે તે અન્યદા રે, સાંભળ્યો તે અધિકાર; તવ સોમિલ મુનિ બોલીયા રે, અનુમતિ દ્યો એહ સાર. ન૦ ૬ ગુરૂ આજ્ઞાથી આવીયા રે, સાકેતનપુર માંહિ; ગુપ્તપણે મંત્રી ઘરે રે, પહોત્યા અતિહિ ઉચ્છાંહી. ન૦ ૭ પુષ્પ નક્ષત્રે નિપાઇયા રે, ભુપે ભુવન ઉદાર; વસવાની વેલા ભણી રે, પુછયા વિપ્ર તિવાર. ન૦ ૮ નૃપને

+બ્રાહ્મણ.

વસવા મંદિરે રે, દિન દાખ્યો વિપ્ર; સોમીલે મંત્રી આગલે રે, ઉથાપ્યો તે ક્ષીપ્ર. ન૦ ૯ યામીનિ મધ્ય સમય સહી રે, થાશે વીદ્યુત્પાત; નૃપ મંદિર પડશે તીણે રે, જોજયો તે સાક્ષાત્. ન૦ ૧૦ મંત્રીયે સવી ભુપને રે, ભાંખ્યો તેહ વૃત્તાંત; રાય કહે મંદિર તજી રે, રહિશું જઇ એકાંત. ન૦ ૧૧ રાત્રિ સમય નૃપ મંદિર રે, વિદ્યુત્પાત તે થાય; દેખી નૃપ વિસ્મય થયો રે, પ્રણમે મુનિના પાય. ન૦ ૧૨ ધર્મોપદેશ દેઇ કરી રે, કીધો સમકિતવંત; વાડવ માન મર્દન કીયો રે, નૈમિત્ત શાસ્ત્રથી તંત. ન૦ ૧૩ બંધુદત્ત પરે આવીયો રે, આડંબરથી પુર; શોભા તેહની સાંભલી રે, કોપ્યો તે રૂદ્રસૂર. ન૦ ૧૪ પ્રભાકર તપસી ભલો રે, કાલીક તીમ ક્રિયાવંત; દેખીને ગુણ તેહના રે, સ્તવના કરે સહૂ સંત. ન૦ ૧૫ તે શ્લાઘા રૂદ્રાચાર્યને રે સાંભલતાં ન સુહાય; તીણે કરીને ચારે મુનિ રે, શીથીલાચારી તે થાય. ન૦ ૧૬ ગચ્છ શીથીલ ગુણથી થયો રે, વ્યવહારે પીણ હીણ; સરોવર પીણ હાટે સદારે, પાલ હોવે જો ખીણ. ન૦ ૧૭

યતઃ અનુષ્ટુબ્વૃત્તમ્ ॥

રાજ્ઞિ ધર્મિણી ધર્મિષ્ટાઃ, પાપે પાપાઃ સમે સમાઃ;
રાજાનમનુવર્ત્તંતે, યથા રાજાસ્તથા પ્રજાઃ ॥૧॥

ભાવાર્થઃ ધમિષ્ટ રાજા છતે પ્રજા પણ ધર્મિષ્ટ થાય પાપી રાજા છતે પાપીઃ શમ છતે સમઃ; એ રીતે પ્રજા રાજાને અનુસરીને ચાલે છે, માટે જેવો રાજા તેવી પ્રજા. ॥૧॥

ગુણ ન ગમે તસ કોઇનો રે, આપ મુરારી થાય; તિણે કરી રૂદ્રાચાર્યનો રે, પાપે પિંડ ભરાય. ન૦ ૧૮ કિલ્વિષ ધ્યાનથકી મરી રે, થયો કિલ્વિષ સુર તેહ; પાપે કરી સુરલોકમેં રે, પેસી ન શકે જેહ. ન૦ ૧૯ તિહાંથી ચવિ બ્રાહ્મણજી કુલે રે, હોશે મુક દરિદ્ર; રોગાક્રાંત દુઃખી ઘણો રે, વ્યશનાદિક શત છિદ્ર. ન૦ ૨૦ ભવ પુરણ કરીરે પછે રે, ભમશે ભવજલ માંય; કર્મ ક્ષાય કરશે યદા રે, તવ લહેશે સુખ ઠાય. ન૦ ૨૧ ચારિત્રિયો સુધો હતો રે, જ્ઞાન ક્રિયા પણ સાર; તે મુનિવર મચ્છર થકી રે, પામ્યો દુઃખ સંસાર. ન૦ ૨૨ તે માટે તુમે ચિત્તથીરે મચ્છર ટાલો હેવ; એ લઘુ બંધવ તુમ તણો રે, એહની કરજ્યો સેવ. ન૦ ૨૩ લઘુ તો પણ ગુરૂ ગુણ થકી રે, ગુરૂ કરી જાણે સંત; ઇમ સમજાવે પુત્રને રે, સુપરે તાત અત્યંત. ન૦ ૨૪.

યતઃ ॥ શાર્દુલવિક્રીડિતવૃત્તમ્ ॥

હસ્તિઃ સ્થુલતરઃ, સ ચાંકુશવશઃ કિં હસ્તિમાત્રાંકુશઃ,
દીપે પ્રજ્વલિતે પ્રણશ્યતિ તમઃ કિં દીપમાત્રં તમઃ;
વજ્રેણ નિહતાઃ પતંતિ ગિરયઃ કિ વજ્રમાત્રોગિરિઃ;
તેજો યસ્ય વિરાજતે સબલવાન્ સ્થુલેષુ કઃ પ્રત્યયઃ ॥૨॥

ભાવાર્થઃ- હાથી ઘણો જાડો છે, તેમ છતાં પણ તે અંકુશને વશ હોય છે, માટે શું હાથી જેટલું અંકુશ છે? દીવો અજવાલે છતે અંધારૂ નાશ પામે છે, ત્યારે શું દીવા જેટલું અંધારૂ છે? વજ્ર વડે કરીને હણાએલા

એવા પર્વતો પડે છે, ત્યારે શું વજ્ર જેટલો ગિરિ છે? ના નહી. જેનામાં વિશેષ સામર્થ્ય હોય, તેજ બલવાન ગણાય છે; માટે મહોટાપણાનો શો વિશ્વાસ રાખવો ॥૨॥

દાન કલ્પદ્રુમ રાસનો રે, પ્રથમ થયો ઊલ્હાસ; ધન્નકુમર પુણ્યે કરી રે, લહેશે લીલ વીલાસ. ન૦ ૨૫
પંડિતમાંહી નભોમણી રે, હિતવિજય બુધરાય; સત્તર ઢાલેથી રચ્યો રે, જિનવિજયે સુખદાય. નરેસર૦ ૨૬.

**ઇતિ શ્રી ધન્ના શાલિભદ્ર ચરિત્રે પ્રાકૃત પ્રબંધે દાન કલ્પદ્રુમાખ્યે પ્રથમ શાખારૂપ ધન્નાશાહ પુણ્યવર્ણનો યં પ્રથમોલ્હાસઃ સમાપ્તઃ ॥૧॥ અસ્મિનોલ્હાસે ઢાલ. ૧૭**

# ॥ ઉલ્લાસ બીજો ॥

## ॥ દોહા ॥

સકલ સમીહિત પુરવા, સમરથ જિન ચોવીશ ।
તિમ શારદ સદ્ગુરૂ પ્રતે, પ્રણમું વિશ્વાવીશ ॥૧॥
દાન કલ્પદ્રુમ રાસનો, અથ બીજો ઉલ્હાસ ।
વર્ણવશું શ્રુતશાસ્ત્રથી, સુણો સકલ સુવિલાસ ॥૨॥
અગ્રજ ધન્નકુમર તણા, ત્રિણે તે નિતમેવ ।
તાત તણા અપરોધથી, કરે ધન્નાની સેવ ॥૩॥
ભોજાઇ ભગતે કરી, ધરે સદા શિર આણ ।
સયણ સકલ જી જી કરે, ભાગ્યબલે સુપ્રમાણ ॥૪॥
સ્વજનાદિક પોખે સદા, હિયે બંધવને માન ।
માત તાત સેવા કરે, ધન્નો બુધ્ધિ નિધાન ॥૫॥

## ॥ ઢાળ ૧ લી ॥

(દિલ લાગ્યો રે વરણી–એ દેશી.)

પઇઠાણપુર પાસે એક દિવસે, જલનિધિ જલને પુરે; તુમે દેખો રે પુણ્ય કમાણી, જે જગમાંહે ગવાણી; તુમે૦ પ્રવહણ આવ્યા પવને પ્રેરયાં, દેખે સહુ કોઇ દુરે. તુ૦ ૧ એ આંકણી. તે પ્રવહણનો પતિ પરલોકે, પહોત્યો જલનિધિ માંહે; તુ૦ તવ નિર્યામીકે તે પ્રવહણને, આણયાં તેથી ઉચ્છાંહે. તુ૦ ૨ તામ સયાંત્રીક મીલી સવી નૃપને, ભેટ ધરીને મલીયા; તુ૦ નૃપ સત્કાર લહીને તે પીણ,

અતિ ઉત્કર્ષે ભલીયા. તુ૦ ૩ નાકાપતિ જલનિધિમેં સાંપ્રતિ, યમપુરે પહોત્યો સ્વામી; તુ૦ તે માટે એ પોત સંભાલી, લીજે કહું શીર નામી. તુ૦ ૪ વાત સુણીને નરપતિ તતક્ષણ, પ્રમુદિત મનમેં થાવે; તુ૦ સયાંત્રીક સન્માન લહીને, નિજ નિજ થાનક જાવે. તુ૦ ૫ યાનપાત્ર ગોદાવરી માંહે, વાહક આણે વારૂ; તુ૦ નાગર નાંખીને જલકંઠે, ઠેલે કેઇક તારૂ. તુ૦ ૬ ભાડાદિક સઘલાં ઉતારયાં, પ્રવહણથી તેણી વેલા; તુ૦ લવણ ભરયા તીહાં કલશ અનોપમ, દીઠા તેહ સમેલા. તુ૦ ૭ લવણ કુંભ દેખી નૃપ ચીંતે, પરદેશે હશે મોંઘો; તુ૦ તે માટે એ પ્રવહણ માંહી, પુરયો છે લેઇ સોંઘો. તુ૦ ૮ રાજા તવ વ્યવહારી સઘલા, તેડીને ઇમ ભાખે; તુ૦ લેઇ ક્રીયાણકને ધન આપો, અમચે એ કુણ રાખે. તુ૦ ૯ તે વ્યવહારી સમગ્ર મીલ્યા જીહાં, ધન્નો પણ તિહાં આવે; તુ૦ લવણાદીક કીરીયાણાં નીરખે, તે પણ સરલ સ્વભાવે. તુ૦ ૧૦ મૃગપદ પ્રમુખ સમસ્ત ક્રીયાણક, વહેંચીને તે લેવે; તુ૦ બાલક જાણી લવણ કલશ તે, ધન્નાને સવિ દેવે. તુ૦ ૧૧ ધન્ને બુદ્ધિ થકી સવિ તેહને, ઉપમાને કરી લીધા તુ૦ તેજમતુરીના જાણીને, તાતપ્રતે જઇ દીધા. તુ૦ ૧૨ તામ્ર ધમીને પ્રતિદિન ધન્નો, તેજમતુરીના મહેલો; તુ૦ કંચનની નિષ્પત્તિ અનોપમ થાયે અમીય તે શેહલે. તુ૦ ૧૩ હરખ્યો તાત સ્વજન સવિ હરખ્યાં, બુદ્ધિ નિધાન તે જાણી તુ૦ ઢાલ પ્રથમ એ બીજે ઉલ્હાસે, બુધ જિનવિજયે વખાણી. તુમે૦ ૧૪

## ।। દોહા ।।

ભૂપે ભાગ્યાધિક લહિ, ધન્નાને તીણ તાલ ।
નગરશેઠ પદવી દીયે, જાણી બુદ્ધિ વિશાલ ।।૧।।
સામંતાદિક સચીવ સવિ, આપે અતિ સન્માન ।
નગર લોક જીજી કરે, ભૂપ દીયે બહુમાન ।।૨।।
એક દીવસ દરબારથી, હય ઊપર અસવાર ।
પરીવૃતબહુ પરિવારશું, આવે નિજ આગાર ।।૩।।
નાટક વિવિધ પ્રકારનાં આગલ હય ગય થાટ ।
બંદીજન બોલે વીરૂદ, યાચક ભોજક ભાટ ।।૪।।
અતુલ રૂદ્ધી દેખી અવલ, હરખ્યા માત ને તાત ।
પણ ત્રીણ્યે ઝાંખા થાય, ધન્નાના અગ્રજાત ।।૫।।

## ।। ઢાલ ૨ જી. ।।

(સનેહી વહાલા, લાગ્યો નેહ નીવાહો—એ દેશી)

હવે ધનદત્તાદિ વિચારે, ધન્નકુમરથી રોશ વધારે રે; સનેહી પ્યારે, એ દુઃખ કેમ ખમીજે. કહો કેહને ઓલંભો દીજે રે, સ૦।। એ અનુજ થયો અધિકારી, એણે અધમની સંગતિ ધારી રે. સ૦ ૧. એતો કુડ કપટ બહુ રાખે, તિણે સહુ ભાખે રે, સ૦।। એણે કુડ કરી ધન મેલ્યો, જીહાં તીહાંથી કીધો ભેલો રે. સ૦ ૨ જોયો સાર્થકને છલ કીધો, તિહાંથી એણે ધન બહુ લીધો રે; સ૦ વલી હોડે ઘેટો લડાવ્યો, તિહાંથી પણ સબલો ફાવ્યો રે. સ૦ ૩ દેખો કૃપણની ખાટ તે લીધી, મનમેં તસ સુગ ન કીધી રે; સ૦ તિમ લવણ કલશમે ખાટયો,

એણે લોભે લક્ષણું દાટયો રે. સ૦ ૪ માત તાત ભોજાઇ સાથે, ધન દેઇ કરયાં સહુ હાથે રે; સ૦ એહ આપણને ન બોલાવે, અમ દરશન પણ ન સુહાવેરે. સ૦ ૫ એહ આપણુથી રહે અલગો, તો કિમ જાઇજે વિલગ્યો રે; સ૦ સહી એહમેં તો સ્નેહ ન કાંઇ; એહ તો નામથી કહીએ ભાઇ રે. સ૦ ૬ હવે એહને તો સહી હણીએ, ઇહાં પાપને દોષ ન ગણીએ રે; સ૦ વિષ શસ્ત્રાદિક કોઇ કીજે, એહને પંચત્વ પદ દીજે રે. સ૦ ૭ છલ જોતા રહે ત્રિણ્યે ભાઇ, તે જાણે સકલ ભોજાઇ રે; સ૦ લવલેશ દેવરને દાખે, તેહ ગુહ્ય ધન્નો ચિત્ત રાખે રે. સ૦ ૮

**યતઃ ।। વંશસ્થવૃત્તમ્ ।। ઉદ્દીરિતોર્થઃ પશુ-નાપિ ગૃહ્યતે, હયાશ્ચ નાગશ્ચ વહંતિ નોદિતાઃ ।।૦ અનુક્તમપ્યુહતિ પંડિતો જનઃ, પરેંગિત જ્ઞાનફલા હિ બુદ્ધયઃ ।।૧।।**

**ભાવાર્થ**:—કહેલો અર્થ તો, પશુ પણ જાણી શકે છે, ઘોડા અને હાથીઓ તેઓને હાંકીએ તો, તે પણ ચાલે છે, પરંતુ પંડિત પુરૂષ તો વગર કહેલું પણ તર્કથી જાણી જાય છે. માટે પરનાં મનમાં રહેલી વાતને જાણનારી જ્ઞાનરૂપ બુદ્ધિઓ છે. અર્થાત્ બુદ્ધિથી પરના મનમાં રહેલી વાત જાણી શકાય છે. ।।૧।।

ચિત્તમેં હવે ધન્નો વિચારે, કહે કલહ તે કોણ વધારે રે; સ૦ જિહાં બંધવ ચિત્ત દુઃખ પાવે, તેહ શું કીજે વડદાવે રે. સ૦ ૯ ચિત્ત ભગ્યાં સાજાં નવિ થાયે, સહુ

શાસ્ત્રે પિણ કહેવાયે રે; સ૦ ઉત્તમ નર તેહજ જાણે, તવ વિચરે સમય પ્રમાણે રે. સ૦ ૧૦

યતઃ ।। ઉપજાતિ વૃત્તમ્ ।। ભગ્ના હિ શાખા ન વિલંબનીયા, ભગ્નેષુ ચિત્તેષુ કુતઃ પ્રપંચઃ ।। ગંતવ્યમન્યત્ર વિચક્ષણેન, પૂર્ણા મહી સુંદરી સુંદરેતિ ।।૨।।

ભાવાર્થ :–જે વૃક્ષની શાખા ભાંગી ગઇ હોય અને જેની ડાલિયો ભાંગેલી હોય, ત્યાં આશ્રય શો કરવો ! મન જુદાં થયાં, ત્યાં પ્રપંચ શો કરવો ? અર્થાત્ કાંઇ પણ ન કરવું. એવે સમયે તો ડાહ્યા પુરુષે બીજે ઠેકાણે જવું. કારણકે પુથ્વી વિશાલ પડી છે અને મનોહર સ્ત્રી જેવી છે ।।૨।।

દેશાટન પંડિત મિત્રતા ચ, વારાંગના રાજસભા પ્રવેશઃ ।। અનેકશાસ્ત્રાનિ વિલોકયતાનિ, ચાતૂર્ય મૂલાનિ ભવંતિ પંચ ।।૩।।

ભાવાર્થ :–દેશાટન કરવું. પંડિતની મિત્રાઇ કરવી, ગણિકાની ધન હરણ કરવાની ચતુરાઇ જાણવી, રાજ્યસભામાં પ્રવેશ કરવો અને અનેક શાસ્ત્રોનું અવલોકન કરવું, એ પાંચ કારણ ચતુરાઇનાં મૂલ છે. ।।૩।।

તેહભણી પરદેશ જઇએ, નિજ ભાગ્ય પરીક્ષા કરીયે રે; સ૦ ભુજબલ પરતક્ષ કરીજે, તિમ નવ નવ દેશ દેખીજે રે. સ૦ ૧૧ રખે દુઃખ એહને કોઇ થાયે, મુજથી અપ્રીતિ જણાયે રે; સ૦ ઇમ ચિંતી થયો સાવધાન,

મધ્ય રાત્રે કીધ પ્રયાણ રે. સ૦ ૧૨ શુકન સબલ તવ થાવે, માલવ ભણી સિદ્ધિ સોહાવે રે; સ૦ કૌતુક ક્રીડા બહુ કરતો, મનમાંહે ઉમેદ ધરતો રે. સ૦ ૧૩ મધ્યાન સમય જવ થાયે, તવ પંથનો ખેદ જણાયે રે; સ૦ તિહાં ખેત્ર ખેડંતો હાલી, એક દીઠો નયણ નિહાલી રે. સ૦ ૧૫ તરૂ શીતલ છાયા દેખી. તિહાં બેઠો પંથ ઉવેખી રે; સ૦ ઢાલ બીજે ઉલ્હાસે એ બીજી, કહી જિનવિજયે મન રીઝી રે. સ૦ ૧૫

## ॥ દોહા ॥

હાલિક ધન્નાને નિરખી, વિકસિત વદન સુબોલ ।
ભોજન આણે ભકિતથી, શાલ દાલ ઘૃત ગોલ ॥૧॥
ધન્નો કહે ઉપક્રમ વિના, ન કરૂં ભોજન લિગાર ।
મૃગપતિ પરે નિજ ઉપક્રમે, સવિ રાખું વિવહાર ॥૨॥
તે માટે તુમ હલતણાં, એક બે વાલું ચાસ ।
પછી તુમ આગ્રહથી સહી, કરશું ભોજન ખાસ ॥૩॥
ઇમ કહી હલ ખેડયો તુરત, ધન્ન કુમર ગ્રહી રાશ ।
પ્રગટયો તતક્ષણ દેખતે, ભૂમિથી નિધિ સુપ્રકાશ ॥૪॥
હાલી કહે તુમ ભાગ્યથી, પ્રગટયો એહ નિધાન ।
ધન્નો કહે હાલિક પ્રતે, એ તુમ પુણ્ય પ્રમાણ ॥૫॥
ઉપકૃતિ કરી ભોજન કર્યા, શ્રમ ટાલી તિણઠાંહિ ।
કાર્ષિકશું મૈત્રી કરી, ગમન કરે ઉચ્છાંહિ ॥૬॥
કૃષિ જાઇ નિજ નૃપ પ્રતે, સકલ કહ્યો અવદાત ।
ક્ષમાપતિ પણ પ્રમુદિત ભણે, ધન્નકુમર શુભ જાત ॥૭॥

જો ધન ધન્ને તુમ પ્રતે, દીધો એ અસમાન ।
તો મેં પણ બખશો તુને, ભોગવો ભોગ પ્રધાન ॥૮॥
તવ હાલિક હર્ષિત થઇ, નિધિ પ્રગટ્યો જીણ ઠામ ।
વાશું તિણ થાનકે ભલું, ધનપુર નામે ગામ ॥૯॥
ઉત્તમ નર આવ્યા થકી, પામી રિદ્ધિ વિશાલ ।
હાલી તે તતક્ષણ થયો, ગ્રામ તણો ભૂપાલ ॥૧૦॥

**યતઃ આર્યવૃત્તમ્ ॥ ઉત્તમ જણ સંસગ્ગી, સીલદરિદ્દંપિ કુણઇ સીલઢ્ઢં, જહ મેરૂગિરીવિ લગ્ગં તિણમવિ કણગત્તણમુવેઇ. ૧.**

**ભાવાર્થ**:-જેમ મેરૂગિરિને લાગેલાં તૃણાં પણ સુવર્ણપણાને પામે છે, તેમ ઉત્તમ જનનો સંસર્ગ પણ શીલ રહિત પુરૂષને શીલયુકત કરે છે. ૧.

## ॥ ઢાલ ૩ જી ॥

( પ્રવહણ તિહાંથી પુરિયાં રે લાલ-એ દેશી )

હવે ધન્નકુમર તિહાં થકી રે લાલ, પંથે ચાલ્યો જાયરે સુગુણ નર; જોવે દેશ વિદેશનાં રે લાલ, કૌતુક અતિ સુખદાય રે; સુગુણ નર, પુણ્યે મનવંછિત મિલેરે લાલ. ૧. એ આંકણિ. પુણ્યે સયલ સયોગ રે સુ૦; પુણ્યે સુર સાન્નિધ્ય કરેરે લાલ, પુણ્યે વંછિત ભોગ રે સુ૦ પુ૦ ૨. તિહાં કણે વન દેખે ભલાં રે લાલ, વૃક્ષતણાં તિહાં લાખ રે સુ૦; આંબાં જાબુ કરમડાંરે લાલ, દાડિમ સુફને દ્રાખરે સુ૦ પુ૦ ૩. તાલ તમાલ રાજાદનીરે લાલ, વડ પીંગલને નિંબ રે સુ૦; ધવખરાદિ હરીતકી રે

લાલ, ચંદન અગર કદંબ રે સુ૦ પુ૦ ૪. સોપારી શ્રીફલ ઘણાં રે લાલ, તાડ અશોક અખોડ રે સુ૦; ભાર અઢાર તણા તિહાં રે લાલ, સોહે વૃક્ષ સજોડ રે સુ૦ પુ૦ ૫. જાઇ જુઇ કેવડા રે લાલ, મહેકે કેતકી ફુલ રે સુ૦; બોલસિરી વાલોવલી રે લાલ, સેવંત્રી જાસુલ રે સુ૦ પુ૦ ૬. ડમરો મરૂઓ મોગરો રે લાલ, કણુયર કરેણા ખાસ રે સુ૦; પુન્નાગ નાગ અંકોલનાં રે લાલ, માલતી પ્રમુખ સુવાસ રે સુ૦ પુ૦ ૭. ગિરિ મહોટા તિહાં અતિ ઘણા રે લાલ, ભૂકામિની કુચ જેમ રે સુ૦; શિખર સોહે તસ ઉપરે રે લાલ, કંચુપરે અતિ તેમ રે સુ૦ પુ૦ ૮. રતનધારા પરે નીસરી રે લાલ, તટણી તોય ઉદાર રે સુ૦; જાણે મુગતાફલ તણા રે લાલ, ભુભામિની ઉર હાર રે સુ૦ પુ૦ ૯. પંખી જલક્રીડા કરે રે લાલ, મોર ચકોર મરાલ રે સુ૦, ચકવા ચકવી કપોતનાં રે લાલ, બકની પંકિત વિશાલ રે. સુ૦ પુ૦ ૧૦ ઉપકંઠે મુનિ આશ્રયા રે લાલ, એકઠવલે એકત્ર રે સુ૦; તપસી તપ વિધિ સાચવે રે લાલ, અસન કરે ફલ પત્ર રે સુ૦ પુ૦ ૧૧ સાબર તણાં સ્થાનક ઘણાં રે લાલ, પુલિંદ પ્રમુખ કેઇ પક્ષ રે; સુ૦ નર રૂપે પશુ સારીખા રે લાલ, શીખા મૃગ પ્રત્યક્ષ રે. સુ૦ પુ૦ ૧૨ ગજ ટોલાં વનમેં ભલાં રે લાલ, ઉન્મુલે કેઇ વૃક્ષા રે; સુ૦ વાનર યુથ વિશેષથી રે લાલ, મહિષ તણા તિહાં લક્ષ રે. સુ૦ પુ૦ ૧૩ મૃગ ચિત્રક શાવર સશા રે લાલ, વ્યાઘ્ર વિશેષનો વાસ

રે; સુ૦ મૃગપતિ પણ તિહાં સંચરે રે લાલ, કરતાં કુલ અભ્યાસ રે. સુ૦ પુ૦ ૧૪ ઇત્યાદિક જોતો થકો રે લાલ, કૌતુક વિવિધ પ્રકાર રે; સુ૦ અનુક્રમે માલવ દેશમાં રે લાલ, આવ્યો પુણ્ય પ્રાગ્ભારે. સુ૦ પુ૦ ૧૫ તટની તીરે અન્યદા રે લાલ, કરી વેલુક સંથાર રે; સુ૦ શયન કરે ધન્નો તિહાં રે લાલ, ધ્યાન ધરી નવકાર રે. સુ૦ પુ૦ ૧૬ નિર્ભયથી નિદ્રા કરે રે લાલ, સાહસિકમેં શિરદાર રે; સુ૦ બીજે ઉલ્હાસે જિન કહે રે લાલ, ઢાલ ત્રીજી મનોહાર રે. સુ૦ પુ૦ ૧૭.

## ॥ દોહા ॥

એહવે યામિનીએ તિહાં, યામ રહી જવ શેષ ।
શિવા શબ્દ તિહાં સાંભલ્યો, ચમક્યો ચિત્ત વિશેષ ॥૧॥
શુકન શાસ્ત્ર અનુસારથી, કરે નિશ્ચય ચિત્ત માંહી ।
રાત્રિ શિવા દુરગા દિવસ, શબ્દ તે નિષ્ફલ નાંહિ ॥૨॥
વસંતરાજય ગ્રંથાદિકે, શુકન તણો અધિકાર ।
તે આલોચે ચિત્તમેં, શુભપરે ધન્નકુમાર ॥૩॥
શિવા કહે શબ પાસથી, ધન ગ્રહીને દૃઢ ચિત્ત ।
અમને ભક્ષણ જે દીયે, તે નર અતિ સુપવિત્ર ॥૪॥
નિશ્ચય કરી નિમિત્તનો, શિવા શબ્દ અનુસાર ।
તટની તીરે તતક્ષણે, ચાલ્યો ધન્નકુમાર ॥૫॥
શબ દીઠો એક આવતો, નીર પુરેથી જામ ।
ધન્ને ગ્રહી શબ નિરખતે, રત્નરાશિ લહી તામ ॥૬॥
રત્ન ગ્રહ્યાં શબ કાઢીને, દીધો જંબુક ભક્ષ ।

દેખો નૈમિત શાસ્ત્રનાં, પામ્યો ફલ પરતક્ષ ॥૭॥
અનુક્રમે ઉલ્લંઘ્યો તિહાં, વંધ્યાચલ નગરાજ ।
ઉજ્જયની આવ્યો તુરત, સાહસિકમાં શિરતાજ ॥૮॥

## ॥ ઢાલ ૪ થી ॥

( ચિત્રોડા રાજા રે—એ દેશી )

ઉજ્જયની નિરખે રે, મનમાંહી પરખે રે; શું દીસે છે રે, સરિખી સ્વર્ગપુરી સમી રે. ૧ લંકા પણ લાજી રે, ઇણુ આગલ ભાંજી રે; મનમેં નહી રાજી રે, તવ જલમેં પડી રે. ૨ રૂદ્રે કરી પુરી રે, સુભટે કરી શુરીરે; કોઇ વાતે ન અધૂરી રે, સુંદર શોભતી રે. ૩ ચંડપ્રદ્યોત રાજા રે જશ અધિક દિવાજા રે વસુધામે તાજા રે, યશ છે જેહના રે. ૪ ગજ રથને ઘોડા રે, પાયલ દલ જોડારે; નહિ તેહને થોડા રે, નૃપને પાયકેરે. ૫ શિવાદેવી રાણી રે, સીતા સમ જાણી રે; પટરાની થપાણિ રે, ઉત્તમ ગુણુ થકી રે. ૬ એક દિન નૃપ ચિંતે રે, મન કેરી ખંતે રે; બુદ્ધિવંત સંકેતે રે, મંત્રી ન માહરે રે. ૭ તેહ ભણી નિરધારી રે, કરી પરિક્ષા સારીરે; મતિવંત વિચારી રે, કીજે મંત્રવી રે. ૮ પડહો વજડાવે રે, નૃપ નિજ મન ભાવે રે; કરે અતિ વડદાવે રે, એ ઉદઘોષણા રે. ૯ સરોવર લાખેટે રે, જે છે અતિ છેટે રે; તે થંભને વાટે રે, બેઠો પાલથી રે. ૧૦ નૃપ તસ ધન આપે રે, મંત્રી પદ થાપે રે; યશ તેહનો વ્યાપે રે, બુદ્ધિબલે ભલો રે. ૧૧ સુણ્યો ધન્નકુમારે રે,

મનમેં તવ ધારે રે; એહ વાત વિચારે રે, વિલંબ ન કીજીએ રે. ૧૨ પડહો છવિ આવે રે, સર કંઠે સોહાવે રે; અતિ હર્ષ ન માવે રે, નૃપને નિરખતાં રે. ૧૩ એક દોરી તે લીધીરે, તરૂ મુલમેં સીધી રે; યતને કરી બાંધીરે, સર પાછલ ફિરયો રે. ૧૪ રજ્જુથી વીંટાણો રે, દેખી તવ રાણો રે; બુદ્ધિવંત વખાણ્યો રે, થાપ્યો મંત્રવી રે. ૧૫ પુરજન સહુ હરખ્યાં રે, સુણી બુદ્ધિ પરિક્ષારે; તસ પુણ્ય આકર્ષ્યાં રે, સહી આવી નમે રે. ૧૬ પુરજન પ્રતે પોખે રે, નૃપને સંતોખેરે; કોઇ બુદ્ધિ વિશેષે રે, સુપરે ભાગ્યથી રે. ૧૭.

**યત: માલિનીવૃત્તમ્, નરપતિહિતકર્તા દ્વેષતાં-યાતિ લોકે, જનપદહિતકર્ત્તા ત્યજ્યતે પાર્થિવેન દ્યતિ મહતિ વિરોધે વર્ત્તમાને સમાને, નૃપતિ જનપદાનાં દુર્લભઃ કાર્યકર્ત્તા ।।૧।।**

**ભાવાર્થ**:– રાજાનું સારૂં કરનાર માણસના ઉપર લોકો દ્વેષ રાખે છે, દેશનું સારૂં કરનાર પુરૂષ, રાજાવડે ત્યાગ કરાય છે; એવો મહોટો અને સરખો વિરોધ વર્ત્તતે છતે, રાજાનું અને દેશનું ભલું કરનાર તો દુર્લભજ મલી આવે છે. ।। ૧ ।।

નૃપ દત્ત આવાસે રે રહેતાં સુખવાસે રે, જુએ મનને ઉલ્લાસે રે, પુર શોભા ભલી રે. ૧૮ કલ્પદ્રુમ રાસે રે, જિન કહે સુવિલાસે રે; એહ બીજે ઉલ્હાસે રે ઢાલ ચોથી સહી રે. ૧૯.

## ॥ દોહા ॥

દીઠા દુરથી આવતાં, પાંશ વિલિપ્ત શરીર ।
મલિન વસન શત ખંડ તસ, માત પિતા તિમ વીર ॥૧॥
કાંતિ હિણુ કુત્સિતપણે, ભગ્ન ભાંડ ગ્રહી હાથ ।
દીન ખીણુ દીઠી તિહાં, ભોજાઇ પણુ સાથ ॥૨॥
દેખી ચિંતે ધન્નકુમર, વિસ્મયથી ચિત્તમાંહિ ।
માત પિતાદિક માહરા, કિમ આવે ઇણુ ઠાહિં ॥૩॥
રૂદ્ધિ ઘણી છે તસ ઘરે, પુણ્યથકી સુવિલીન ।
તે કિમ સંભવિયે ઇહાં, એહતો દીસે દીન ॥૪॥
દીસે છે તેહ સારિખા, તે પણુ કેમ કહાય ।
માહરી મા ને વાંઝણી આવ્યો ઇહાં એ ન્યાય ॥૫॥

## ॥ ઢાળ ૫ મી ॥

(ચરણાવી ચામુડા રણ ચઢે–એ વંશી)

ધન્નકુમર મન ચિંતવે, એ પરિજન ઇહાં કેમ આવે રે; ધન સંપદ ઘરમેં ઘણી, એ વિસ્મય બહુલો થાવે રે. જુઓ જુઓ પુણ્ય પટંતરો. ૧ એ આંકણિ. પુણ્યે વંછિત સીઝે રે; પુણ્યબલે લક્ષ્મી મિલે, પુણ્યે રાજા રીઝેરે. જુ૦ ૨ જઇ જોઓ હવે એહને, ઇમ ચિંતી તિહાં આવે રે; માત પિતાને ઓલખી, વિનયે શીશ નમાવે રે. જુ૦ ૩ આ શું થયું માત તાતને, બોલે એહવી વાણી રે; દરિદ્ર તણી એહ સામગ્રી, કીધી કેમ કમાણી રે. જુ૦ ૪ તવ કહે તાત તનુજ સુણો, તુમે ચાલ્યા અમ મુકે રે; લક્ષ્મી તુમ સાથે ચલી, સતીય પરે નવિ ચુકી રે. જુ૦ ૫ મત્યુષે અમે તુમ તણી, ખબર કરાવી ચાવિ રે; પિણ

કિહાંથી પરગડી તુમચી શુદ્ધિ ન પાવી રે. જુ૦ ૬ તુમ વિરહે અમે આકૂલાં, થઈને રોદન કીજે રે; જોર ન ચાલે કોયથી, દોષ તે કેહને દીજે રે. જુ૦ ૭ ભોજાઈ તુમ ભકિતથી, ગુણલીણી દુઃખ પાવે રે; પરિજન પિણ મિલી સામટા, તુમ શુધ્ધિ પુછણુ આવે રે. જુ૦ ૮ એહવે નૃપ રાણી તણો, હાર દાસીયે લીધો રે; પરછન્નપણે ધનદેવને વેચવા કાજે દીધો રે. જુ૦ ૯ વાત છાની તે નવિ રહી, રાજાયે જબ જાણી રે; અનુચર થકી આપણા, ધન લીધો સવિ તાણી રે. જુ૦ ૧૦ કાંઇક બાકી રહ્યો હતો, તેહ ગયા ચોર લેઇ રે; સેવક સંબંધી હતા, તે પણ લેઇ ગયા કેઇ રે. જુ૦ ૧૧ જલવટને જલવટે ગયો, ભૂમિથી લેઇ ગયા યક્ષ રે; ભાગ્યહીનનો તતક્ષણે, ફલ દીઠો પરતક્ષ રે. જુ૦ ૧૨ ગૃહપાતન અનલે કર્યા, તવ રહેવાનો નહી લાગો રે કુક્ષીસંબલ થઇ નીસર્યાં, જિમ ઋષિ ઉપને વૈરાગો રે. જુ૦ ૧૩

યતઃ– દિવસ પલટયો હી બુરો,
જાગિ શકે તો જાગ;
પાણી ઉપર પથ્થર તરે, સોને સલગી આગ ॥૧॥

ફિરતા દેશ વિદેશમેં, ઉદરનો ભરણ વહંતા રે; શીત તાપાદિક અતિ ઘણા, તે પણ સકલ સહંતા રે. જુ૦ ૧૪ ઇહાં આવ્યા તુમને મિલ્યા, હવે અમ સહુ દુઃખ ભાગ્યાં રે; કુલ દિપક તુમ પેખતાં; સુકૃત તણા દિન જાગ્યા રે જુ૦ ૧૫ ભાઇ પણ આવી મિલ્યા, કપટથી

હેત ઉપાઇ રે; અધિક આનંદ થકી તીહાં આવી મિલી ભોજાઇ રે. જુ૦ ૧૬ સયલ સયણ હુઆ સામટા, ધન્નો મન સુખ પાવે રે; બીજે ઉલ્હાસે પાંચમી, જિન મન રંગે લાવે રે. જુ૦ ૧૭

## ॥ દોહા ॥

*ધન્નાશાહે* નેહજ ધરી, તાત પ્રમુખ તિણિવાર ।
ગુપ્તપણેથી લેઇને, આણ્યા નિજ આગાર ॥૧॥
સ્નાન કરાવી શુચિ કર્યા, પહિરાવ્યા શુભ વેશ ।
વસ્ત્રાભરણાદિક થકી, સંતોષ્યા સુવિશેષ ॥૨॥
વસવાને આવાસ અતિ, સુંદર દીધા તાસ ।
પિતૃ ભ્રાતૃ પરિવાર સવિ, સુખી થયા સુવિલાસ ॥૩॥
અતિ તેજસ્વી ધન્નકુમર, બુદ્ધિવંત પ્રધાન ।
પ્રજા સકલ જી જી કરે, નૃપ દ્યે અતિ સનમાન ॥૪॥
અણસહતા તે તેજદ્યુતિ, ધનદત્તાદિક ભ્રાત ।
જીમ રવિ તેજ ન સાંસહે, કૌશિક ખેચર વ્રાત્ત ॥૫॥
પિતા પ્રતે પ્રણમી કહે, અમને ધનનો ભાગ ।
દેવરાવો દિલમેં ધરી, જીમ રહે વધતો રાગ ॥૬॥
તાત કહે રે નીગુણ, હજીય ન આવે લાજ ।
ઇપ્સીત ભોઅને ભોગવો, કાં વીણસાડો કાજ ॥૭॥
તુમ ગૃહથી એ ધન્નકુમર, લાવ્યો નહિ લીગાર ।
લક્ષ્મી એહના ભાગ્યની, કીમ કરો હોંશ ગમાર ॥૮॥
તવ તીણયે ત્રટકી કહે, અમ ગૃહનો જે સાર ।
રત્નાદિક તેએ સકલ, લાવ્યો છે નીરધાર ॥૯॥

અન્યો અન્યે પીતુ પુત્રના, વચન વિરોધ વિશેષ ।
શીખ ન માને સાળયા, લોભે ગ્રસ્ત અશેષ ॥૧૦॥
પિતૃ ભ્રાતૃ વિરતંત સવિ, જાણ્યો ધન્ને જામ ।
એકાંતે આવી કરી, આલોચે અભિરામ ॥૧૧॥

## ॥ ઢાલ ૬ ઠી ॥

(કર્મ પરિક્ષા કરણ કુમર ચાલ્યો રે.—એ દેશી.)

ધન્નકુમર મન ધીર ધરી તિહાં રે ચિંતવે ચિત્ત મઝાર, ઇહાં રહેતાં ભાઈને દુઃખ હુવે રે, મુજ હુંતી નિરધાર; ધન્નકુમર મન ધીર ધરી તિહાંરે. ૧ એ આંકણી. અર્દ્ધ નિશાયે ઊઠી નીસર્યો રે, સાહસિક થઇ સુવિવેક; સ્વરબલ સાધીને તે સંચરે રે શુકન થયા શુભ છેક. ધ૦ ૨ અનુક્રમે કૌતુક વિધિ નિહાલતો રે, પહોત્યો કાશી દેશ; વાણારશી પુર પાસે આવીયો રે, જોવે નગર નીવેશ. ધ૦ ૩ પાર્શ્વ સુપાર્શ્વ જિણંદના જન્મનો રે, એ ઉત્તમ અહિઠાણ; દેખીને મનમાં સુખ ઉપન્યો રે, જન્મ થયો સુપ્રમાણ. ધ૦ ૪ ગંગા તીરે નિરમલ નિરમાં રે, કરે જલક્રીડા કામ; એહવે આવી અંબરથી તીહાં રે, ગંગા-દેવી તામ. ધ૦ ૫ દેખી ધન્નકુમરના રૂપને રે, મોહી મનમેં અત્યંત; પંચવિષય સુખ વિલસણુ તેહથી રે, ખરી રાખે મન ખંત. ધ૦ ૬ વૈક્રિય રૂપ વીકુર્વી ને નવો રે, અપચ્છર સમ અદભૂત; હાવ ભાવ વિભ્રમ કરીને તિહાં રે, વચન વદે સદભૂત. ધ૦ ૭ સ્વામી હું તુમ સેવક છું સદારે, નેહથકી લયલીન; પ્રિત બંધાણી પ્રેમ

રસે કરી રે, જેહવી જલને મીન. ધ૦ ૮ પંચ વિષય-સુખ મુજ સાથે મુદા રે, ભોગવે ભાગ્ય નિધાન; હું છું ગંગાદેવી ગુણ ભરી રે, જાણી દ્યો મુજ માન. ધ૦ ૯

યતઃ ॥ આયા આશ કરેય, તાસ નિરાશ ન મુકીએ;
નિપટજના કારેણ, નિરસું દીસે નાગરા. ॥૧॥

તુમ ગુણ રૂપ લાવણ્ય લીલાથકી રે, હું મોહી સુપ્રકાશ; વિનતિ માની વાલેશર માહરા રે, આવો મુજ આવાસ ધ૦ ૧૦ ઇપ્સીત સકલ પદારથ સંપદા રે, પરશું મનને કોડ; ભોજન ભગતી ભલી પર સાખવી રે, રહેશું બે કર જોડ. ધ૦ ૧૧ તવ ધન્નો સુણીને વાણી તદારે, ધૈર્ય ધરી નિજ ચિત્ત; શીલ સન્નાહ સજી સુપરે તિહાં રે, બોલે વચન પવિત્ર. ધ૦ ૧૨ વાત કહી જે ચિત્ત ચાલણ ભણી રે, તે જાણી મેં માંય; અમે શ્રાવક વ્રતધારી વાણિયા રે, પાલું વ્રત હિત લાય. ધ૦ ૧૩ પરસ્ત્રી સંગ સદા વરજૂ સહી રે, પરસ્ત્રી સંગમ પાપ; પરસ્ત્રી સંગમથી દુઃખ પામીયેરે, નરક ગમનની છાપ. ધ૦ ૧૪ રાવણ લંકાધિપ સીતાથકી રે, છેદાવ્યાં દશ શીશ; પાંડવ નારીથી પદમોત્તરે રે, ખોઇ જગ સુજગીશ. ધ૦ ૧૫ મણિરથે જુગબાહુ ભ્રાતા હણ્યો રે, મયણરેહાને કાજ; મુંજ સંગે રોલવ્યો રે, ઇંદ્ર લહ્યો દુઃખ સાજ. ધ૦ ૧૬ ઇત્યાદિક બહુ પરસ્ત્રી સંગથી રે, દુઃખ પામ્યા ઇહ લોક; પર લોકે દુઃખીયા પરવશ પડયા રે, તે જાણે સહુ લોક. ધ૦ ૧૭ ઉત્તમ નર તે પરસ્ત્રીને ગણે રે,

માતા ભગિની સમાન; શેઠ સુદર્શનની પરે સુખ લહે રે, સુજસ વધે અસમાન. ધ૦ ૧૮

યતઃ ॥ અનુષ્ટુબ્વૃત્તમ્ ॥

**આત્મવત્સર્વભુતેષુ, પરદ્રવ્યેષુ લોષ્ટુવત્;**
**માતૃવત્પરદારેષુ, યઃ પશ્યતિ સ પંડિતઃ ॥૧॥**

ભાવાર્થ :- સર્વ પ્રાણી માત્રોને પોતાના જેવા, પારકા દ્રવ્ય ને માટી સમાન; પરસ્ત્રીને માતા સમાન; એવી રીતે જે પુરૂષ જાણે છે, તેંજ પુરૂષ જગત્‌ને વિષે પંડિત છે. ॥૨॥

પરણી વિલસે તે અતિ સુંદર કહ્યા રે, પર જોવે તે હીન; બીજે ઉલ્લાસે ઢાલ છઠી જિને કહી રે, શીલ થકી સુખ ચીન. ધ૦ ૧૯

## ॥ દોહા ॥

રે ભદ્રે જિનધર્મના. દાન શિયલ તપ ભાવ ।
તેહમાં શીલ વિશેષ છે, ભવજલ તારણ નાવ ॥૧॥
સિંહ સર્પ ગજ અનલના, ભય સવિ શીલે જાય ।
શીલે વંછિત સવિ ફલે, શીલ વડો સુખદાય ॥૨॥

**યતઃ શાર્દુલવિક્રીતવૃત્તમ્. તોયત્યગ્નિરપિ સ્રજત્યહિરપિ વ્યાઘ્રોપિ સારંગતિ, વ્યાલોપ્યશ્વતિ પર્વતોપ્યુપલતિ ક્ષ્વેડોપિપીયુષતિ; વિઘ્નોપ્યુત્સવતિ પ્રિયત્યરિરપિ ક્રીડાતડાગત્યપાં, નાથોપિ સ્વગૃહત્યટવ્યપિ નૃણાં શીલપ્રભાવાદ્ ધ્રુવં ॥૧॥**

ભાવાર્થ :– શીલના પ્રભાવથી મનુષ્યને અગ્નિ જલ રૂપ થાય છે; સર્પ ફુલની માલા રૂપ થાય છે, વાઘ હરણ રૂપ થાય છે; દુષ્ટ ગજ અશ્વ રૂપ થાય છે, પર્વત પાષાણ જેવો થાય છે; વિષ અમૃત સમાન થાય છે; વિઘ્ન ઉત્સવ રૂપ થાય છે; શત્રુ મિત્ર રૂપ થાય છે; સમુદ્ર ક્રીડા કરવાના સરોવર રૂપ થાય છે; અને અટવી પોતાના ઘર રૂપ થાય છે, ॥૧॥

**શીલં પ્રાણભૃતાં કુલોદયકરં શીલં વપુ-ર્ભૂષણં, શીલં શૌચકરં વિપદ્ભયહરં દૌર્ગત્ય-દુઃખાપહં; શીલં દુર્ભગતાદિકંદદહનં ચિંતા-મણિઃ પ્રાર્થિતો, વ્યાઘ્રવ્યાલજલાનલાદિશમનં સ્વર્ગાપવર્ગપ્રદં ॥૨॥**

ભાવાર્થ :– પ્રાણિયોને શીલ, કુલનો ઉદય કરનારૂં શરીરને ભુષણ રૂપ પવિત્રતા કરનારૂં; વિપત્તિ અને ભયને હરનારૂં; દુર્ગતિ અને દુઃખનો નાશ કરનારૂં દુર્ભાગ્યાદિ કંદને દહન કરનારૂં; પ્રાર્થના કરેલ ચિંતા-મણિરત્ન સરખું; વાઘ, સર્પ, જલ અને અગ્નિના ઉપ-સર્ગને શમન કરનારૂં તેમજ સ્વર્ગ અને મોક્ષ આપ-નારૂં છે. ॥૨॥

શરીર અનિત્ય સંસારમેં, રોગ શોગ ભંડાર;
મલ મુત્રાદિકથી ભરી, અશુચિ વહે નિત દ્વાર. ॥૩॥
આયુ વાયુ સમ અથિર છે, ભોગ રોગ સમ જોય;
ધન મદ સંધ્યા રંગ સમ, સયણ સુપન સમ હોય ॥૪॥

**યતઃ અનુષ્ટુબ્વૃત્તમ, અનિત્યાનિ શરીરાણિ,**

વૈભવો નૈવ શાશ્વતઃ; નિત્યં સન્નિહિતો મૃત્યુઃ, કર્ત્તવ્યો ધર્મસંગ્રહઃ ॥૩॥

ભાવાર્થઃ- શરીર અનિત્ય છે; વૈભવ અશાશ્વતા છે અને મૃત્યુ નિત પાસે આવતું જાય છે; માટે ધર્મનો સંગ્રહ કરવો. ॥૪॥

તિણ કારણ માતા તુમે, મહિમાવંત મહંત;
પુત્ર વિનતિ સાંભલી, ધરો ધર્મ ગુણવંત ॥૫॥

## ॥ ઢાલ ૭ મી ॥

( શિરોહીનો સાલુ હો કે, ઊપર યોધ પુરી-એ દેશી )

તવ વચન સુણીને હો કે, ધનકુમર તણાં; શીલ રતન યતનનાં હો કે, અતિહિ સોહામણાં; તે સાંભલી દેવી હો કે. ગંગા મન હરખી; નિજ મમ ઉલ્હાસે હો કે, કુમરનું મુખ નિરખી. ॥૧॥ કરજોડી બોલે હો કે કુમર પ્રતે વાણી; તુમ હૃદયતણી મેં હો કે. વાત સયલ જાણી; તું ધર્મધુરંધર હો કે, મનુષ્યમાંહે મોટો; બીજો તુજ આગલ હો કે, નર સઘલો છોટો, ॥૨॥ તુમે પર ઉપગારી હો કે, ગુણમણિના દરિયા; તુમે સહજ સુરંગા હો કે, સંતોષે ભરિયા. સુવિવેક વિચારી હો કે, સારી તુમ કરણી; જિનમત અનુખંગી હો કે, પુણ્યતણી ભરણી ॥૩॥ તુમે મુજને તારી હો કે, વારી હું જાઉં તુંમચી; સમકિત સુરમણિશું હો કે, મતિ જાગી અમચી; સંસાર જલધિમેં હો કે, પડતીને રાખી; સમજાવી વિગતે હો કે, મધુર વચન ભાખી. ॥૪॥ ઉપકૃતિ હવે તુમચી

હો કે, ઊરણુ કિમ થાઊં; તુમે ધર્મના ધોરી હો કે, ભામણુડે જાઊં; ઈમ કહીને કુમરને હો કે, ગંગાદેવી તિહાં; શુભ રયણુ ચિંતામણી હો કે, આપે આણિ તિહાં. ॥૫॥ દેઇ રત્ન અમુલિક હો કે, કુમર પ્રતે બોલે; જિન-ધર્મને આગલ હો કે, એહ છે કુણુ તોલે, કરીને વિવિ વંદન હો કે, દેવી ઠામ ગઇ; ધન્નકુમરના મનની હોકે, ચિંતિત વાત થઇ ॥૬॥ લેઇ રત્નને સંગે હો કે, રંગે પ્રયાણુ કરે; અનુક્રમે ભૂ ક્રમતો હો કે, મગધે પાઉ ધરે; અતિ દેશ રંગીલા હો કે, નીલો ઉપવનથી; સવિ દેશમેં મહોટો હો કે, ગ્રામ નગર પુરથી. ॥૭॥ તિણુ દેશ દીપંતી હો કે, નગરી માંહી વડી; ઉપમાને એહને હો કે, અવર ન કોયજડી; તોલે કરી તુલતાં હો કે, સુરપુરી હીણુ થઇ; તે કારણુથી હો કે, ઊચી સ્વર્ગે ગઇ, ॥૮॥ લંકા પણુ લાજી હોકે જલધિમેં ઝંપ ભઈ; અલકા તિમ સલકી હો કે, અલગી નાસ ગઈ; સુરલોક સમાણી હોકે, જે જગમેં જાણી; પરસિદ્ધ ગવાણી હો કે, ઉત્તમ નર ખાણી. ॥૯॥ ગઢ કોટ દુરંગા હોકે ચંગા કોશીશા; કોઠા નવરંગા હોકે, ઝલકે આરીસા; તિહાં નાલ વિરાજે હો કે, મેઘપરે ગાજે; જસ નાદ અવાજે હો કે, વૈરી દલ ભાજે. ॥૧૦॥ પોલ પણુ અતિ પોઢી હો કે દોઢી અતિ દીપે; દ્વારાર્ગલ સારી હોકે, ભારી અરિજીપો; ચહુટાં ચોરાશી હોકે, વિવિધ વાણિજય તણાં; તિહાં હાટ વખારે હો કે, કીરીયાણાં રે ઘણાં ॥૧૧॥ વસે વરણુ અઢારે હો કે, તે સઘલા સુખીયા; નિજ પુણ્ય પ્રબલથી હો કે, દીસે નહી દુઃખીયા; અતિ ઉન્નત મંદિર હો કે,

સુંદર સુવિશાલ; ગોખે મન હરખે હો કે, રમણ કરે બાલા. ॥૧૨॥ પ્રાસાદ સોહાવે હોકે, જૈનને શૈવતણાં; તિહાં પૂજા નાટક હો કે, બત્રિશબદ્ધ ઘણાં; વડહથ વ્યવહારી હોકે, ધનથી ધનદ સમા; દાને કરી શુરા હો કે, સુરતરૂ સમ ઉપમા; ॥૧૩॥ ગૌભદ્ર સુદર્શન હો કે, શ્રી જિનદાસ જીશા; કોટી ધ્વજ કહીએ હો કે, જિનમત ચિત્ત વશા; જીગ્રુ નગરે સુપરે હો કે, ચૌદ ચોમાસ કિયા; શ્રી વીર જિણુંદ હો કે, ધર્મોપદેશ દિયા. ॥૧૪॥ વૈભાર વિપુલને હો કે, કંચન દેવ ગિરી; ઉદયાચલ નામે હો કે, એપંચે શિખરી; તિણે કરી પુર સોહે હો કે, કહે જિન એમ વલી; બીજે ઉલ્હાસે હો કે, સાતમી ઢાલ ભલી. ॥૧૫॥

## ॥ દોહા ॥

તે રાજગૃહીનો ભલો, ભંભસાર રાજન ।
અરિયણને અહિ ગરલ સમ, સજ્જને દ્યે માન ॥૧॥
કર કરવાલે કંપીયા વૈરી વ્રાત વિકરાલ ।
તે સેવે નૃપ પદકમલ, માનસરે જ્યું મરાલ ॥૨॥
દાની માની અનડભડ, સાહસિકમાં શિર તાજ ।
જ્ઞાની ધ્યાની જિન ગુણે, સદા રહે સુખસાજ ॥૩॥
ક્ષાયિક સમકિત આચરે, અક્ષય પદને હેત ।
અષ્ટોત્તર શત જવ થકી, સ્વસ્તિક જિન સંકેત ॥૪॥
નંદા ધારણી ચેલણા, પ્રમુખ એક શત નાર ।
અભય મેઘ કોણિક પ્રમુખ, શત કુમાર સુખકાર ॥૫॥

ચારે બુદ્ધિતણો ઉદધિ, અભયકુમાર પ્રધાન ।
રાજ કાજ સવિ સાચવે, ભુધવનો બહુમાન ॥૬॥
અરિ કટક અલગાં કરી, ન્યાય માર્ગ કરે શુદ્ધ ।
અનય દ્વાંત ટાલે તુરત, સુનય તેજ અવિરૂદ્ધ ॥૭॥

## ॥ ઢાલ ૮ મી ॥

(હાં રે મહારે શીતલ જિનશું લાગી પુરણ પ્રીત જો –એ દેશી)

હવે તે રાજગૃહી નગરીએ નગરનો શેઠ જો, કુસુમ પાલ નામે તે જગમેં જાણિયો રે લો; નૃપ શ્રેણિકનો છે અધિકો તસુપરી માન જો, દાનાદિક ગુણ નિપુણ વિશેષે વખાણિયો રે લો. ૧ તસ કાંતા શાંતા કુસુમમાલા મનોહાર જો. પુત્રી છે ગુણવંતી કુસુમશ્રી ભલી રે; કલા ચોશઠનું ગૃહ રૂપે રતિ અવતાર જો, બુધ્ધે ભારતિ દાનગુણે લક્ષ્મી વલી રે લો. ૨ તસ શેઠને વન હુતો નંદનવન સમ એક જો કોઇ કારણ વશથી સુકાઇ તે ગયો રે લો; એહવે તે ધનકુમર તિહાં આવે રંગ જો, પુણ્ય પ્રભાવે વન સવિ નવપલ્લવ થયો રે લો. ૩ તે દેખી પુરજન હરખિત હૃદય મઝાર જો, આવીને પ્રત્યુષે આપી વધામણી રે લો; સુણી પ્રમુદિત મનથી શેઠ સકલ પરિવાર જો, આવીને નિરખે તવ વન શોભા ઘણી રે લો. ૪ મન ચિંતે વિસ્મિત થઇને એહવી વાત જો, કેહને પુણ્યે વન સર્વે ફુલ્યો ફલ્યો રે લો; તવ વન ઢુંઢતાં ચંપક તરૂવર હેઠ જો, બેઠો રે દીઠો તે ભાગ્યથી અટકલ્યો રે લો. ૫ તસ ઇંગિતને આકારે તે શુભ રૂપ જો, દેખી રે

મન હરખી પરખે તતક્ષણે રે લો; જિમ રત્નપારીક્ષક પરખે રત્નને કાચ જો, બુદ્ધિબલીને પરીક્ષા તિમ કવિ-યણ ગણે રે લો. ૬ હવે આવી ધન્ના પાસે શેઠ તિવાર જો, કુશલાલાપ પુછીને પ્રમુદિત મન કિયો રે લો; કહે સ્વામી પધારો અમ મંદિર મહારાજ જો, તુમ મિલવાથી લાભ ઘણો પ્રભુ અમ થયો રે લો. ૭ ઇમ ભાંખી શેઠ તે ધન્નાને તતખેવ જો, અશ્વારૂઢ કરીને ઘર તેડી ગયા રે લો; તૈલાદિક મર્દન ઊગટણાદિક ચંગ જો, સ્નાન સુગંધી જલથી કરી પાવન થયા રે લો. ૮ મન ગમતાં ભોજન કીધાં એકણ થાલ જો, બેઠા રે કરે ક્રીડા તીહાં વાતાયને રેલો; કહે શેઠ ધન્નાને સુપરે અમચી બાલજો પરણોને પ્રેમે ખેમે શુભ મને રેલો. ૯ તવ બોલે ધન્નો શેઠ ભણી સુવિચાર જો, વિણ ઓલખિયાં અમને કિમ પરણાવશો રે લો; કુલ જાતિ પૂછયા વિણ એવડાં મ્હોટાં કાજ જો, કીજે જે કહો કિણ વિધિ મન ઉચ્છાહસે રે લો. ૧૦ તવ બોલ્યા શેઠ ધન્નાને કરી મનુહાર જો. રૂપ કલા ગુણ લાવણ્યથી તુમ કુલ લહ્યો રે લો; વલી આચા-રેથી જાણી ઉત્તમ જાતિ જો, અમ વન ફલેથી અમે મનમેં નિશ્ચય ગ્રહ્યો રે લો. ૧૧ તવ મૌન કરી રહ્યા ધન્નોશાહ તિવાર જો; શેઠે તવ વિવાહનાં પરઠણ તિહાં કિયાં રે લો; તવ ગોરી ગાવે કોકિલ સ્વરથી ગીત જો, શ્રીફલને સોપારી પાન પ્રમુખ દિયાં રે લો. ૧૨ હવે ધન્નાશાહે ચિંત્યો મનમેં તામ જો, સુસરાને ઘેર રહેતા લાજ વધે નહી રે લો; વલિ પાણીગૃહણનો કિમ હોવે

ઉછરંગ જો, નાત પ્રમુખને પોખવી પિણ માહરે સહી રે લો. ૧૩

**યતઃ ।। ઉત્તમ આપ ગુણે ભર્યા, મધ્યમ તાત ગુણેણ; અધમ સુણ્યા માતુલ ગુણે, અધમાધમ સુસરેણ ।।૧।।**

**ભાવાર્થ :–** પોતાના ગુણથી ઓળખાય તે ઉત્તમ, પિતાના ગુણથી ઓળખાય તે મધ્યમ, માતાના ગુણથી ઓળખાય તે અધમ અને સસરાના ગુણથી અર્થાત્ સસરાના નામથી ઓળખાય તે અધમમાં પણ અધમ જાણવો. ।।૧।।

ઈમ ચિંતી લીધાં તતક્ષણ મહોટાં ધામ જો, કામ ચલાયો સઘલો મણિ મહિમા થકી રે લો; જસ ચિંતામણી ઘર તેહને શી છે ખોડ જો, મનચિંતિત સવિ થાવે ઇમ સઘલે વકી રે લો. ૧૪ હવે સુરમણિ પુજી જે જે ચિંતે કાજ જો, તે તે રે તતકાલે થઇ આવે ભલો રે લો; બહુ સેવક સેના હય ગય રથ પરિવાર જો, સેવે રે કરજોડી યશ પણ ઊજલો રે લો. ૧૫ જે ભાગ્યબલી છે તેહને પગ પગ રૂધ્ધિ જો, વિણ ઉદ્યમથી આવે જાવે આપદા રે લો; જીમ ઊત્કર તુરતમેં વિણ આયાસે વૃદ્ધ જો, થાય રે તિમ આવે મિલી સવિ સંપદા રે લો. ૧૬ જેણે પુરવે સુકૃત કરતાં રાખી ખોડ જો, તેહને રે મનવંછિત કહો કિહાંથી મિલે રે લો; એહ બીજે ઉલ્હાસે આઠમી ઢાલ રસાલ જો, કહે જિન રંગે પુણ્યે વંછિત વ ફલે રે લો. ૧૭

## ॥ દોહા ॥

કુસુમપાલ શેઠે તુરત, તેડાવ્યા ભુદેવ ।
આદર દેઇ અતિ ઘણો, પુછે લગન સુદેવ ॥૧॥
જોસી જોઇ ટીપણું, શુભ મુહુર્ત્ત શુભ વાર
કુસુમશ્રી પુત્રી તણો, લગન કર્યો નિરધાર ॥૨॥
હવે વિવાહ તણાં તિહાં, મહોટાં કરે મંડાણ ।
અગલથી પાપડ વડી, પ્રમુખ શાક પરિયાણ ॥૩॥
કંદોઇ બેઠા કરે, વિવિધ ભાત પકવાન ।
દીઠાથી દાઢચો ગલે, સુખ લહે સુણતાં કાન ॥૪॥
મંડપ બાંધ્યા મોટકા, પંચરંગી પરગટ્ટ ।
રચના જોવાને રસિક, આવે નરના થટ્ટ ॥૫॥

## ॥ ઢાળ ૯ મી ॥

(કરડો તિહાં કોટવાલ—એ દેશી)

હવે તે ધન્નોશાહ, લગન દિવસ જબ આયો રંગશુ જી; પકવાને કરી પાંતિ, પોખે પરિઘલ અતિ ઉછરંગશું જી. ૧ ઉપર શાલી ને દાલી, તીમ ઘૃત તાજાં પીરસે પ્રેમશુજી, વ્યંજન નવી નવી ભાત, આણે ને વલી ટાણે સહુ જીમે ખેમથી જી. ૨ ગોરસ સરસ આહાર, કરીને સહુ કો મન પ્રમુદિત થયા જી; ઉપર ફોફલ પાન, તે લેઇને સહુ નિજ મંદિર ગયા જી. ૩ લગન વેલા થઇ જામ, તવ વરઘોડે વધુ વરવા ભણી જી; ચઢીયા મન ધરી ચોંપ, આભુષણની તે શોભા અતિ હે બની જી. ૪ હય ગય રથ પરિવાર, શેઠ સામંત સચીવથી પરીવર્યો

જી; દેતાં દાન ઉદાર, સુંદર ખુંપ તે શીર ઉપર ધર્યો
જી. ૫ વાજે તુર છત્રીશ, નાદે અંબર સવી ગાજી રહ્યો
જી; દેવ ધ્વનિનાં ગીત, તેહનો વર્ણન કીમ જાએ કહ્યો
જી. ૬ જુગતે લેઈ જાન, ધનપતી આવ્યા સુસરા આંગણે
જી; સુસરો થયો રલીયાંત, સાસુ પણ મનમે ધન્ય દિન
તે ગણે જી. ૭ પુંખણે પોંખી તામ, લીધા જમાઈને
હરષે માંયરે જી; તેડી કન્યા તીવાર, વર કન્યાને કરમેલો
કરે જી. ૮ ચોરી મણિમય ચંગ, રંગે બાંધી તે ભલી
ભાંતિશું જી; ફેરા ફરે તિહાં સાર, મંગલ વરત્યાં ચારે
ખાંતિશું જી. ૯ વેદ ભણે દ્વિજ તામ, સ્વર ઉદ્ધામે
હોમ હવન કરે જી; કરમોચનનાં દાન, સુસરો સાસુ
દેવે બહુ પરે જી. ૧૦ આરોગ્યા કંસાર, દંપતિનાં દિલ
હેજે હરખીયાં જી; માંહો માંહે થયો રાગ, ગુણ લક્ષણ
સુપરે સવિ પરખીયા જી;. પરિજન પોખ્યો તામ, શેઠે
સુપરેં સઘલો આપણો જી; દીધાં યાચક દાન, લાહો લીધો
લખમીનો અણગણ્યો જી. ૧૨ ઇણ વિધ કીધ વિવાહ,
જય જય બોલે સહુ બિહુંં તણો જી; બિહું મન આણંદ
પુર, હેજ વધ્યો તિમ બિહુંને અતિ ઘણો જી. ૧૩
કુસુમશ્રી લેઈ સંગ, રંગે ધન્નો આવ્યો ગૃહ આપણે
જી; ભોગવે ભોગ વિલાસ, સુર સુખને પણ તૃણ સરિખાં
ગણે જી. ૧૪ પુણ્યતણે સંયોગ, સરિખા સરિખો જોડો
આવી મિલે જી; નવમી બીજે ઉલ્હાસ, જિન કહે ઢાલ
એ સોહલામેં ભલે જી. ૧૫.

❋

## ॥ દોહા ॥

એહવે માલવદેશ પતિ, ચંડપ્રદ્યોતન ભુપ ।
કોઇક વચણ વિરોધથી, યુદ્ધ કરણ થઇ ચુપ ॥૧॥
વજડાવી રણભેર તવ, દીયા નિશાણે ધાવ ।
સામંત સવિ ભેલા થયા, તેડાવ્યા ઉમરાવ ॥૨॥
ચૌદ મુગટબદ્ધ રાજવી, મહા વીર અતિ ધીર ।
સહસ યુદ્ધ શૂરા ઘણા, વડવાગીયા વજીર ॥૩॥
હય ગય રથ પાયકતણો, કોય ન દીસે પાર ।
ચાલંતે ભુંઇ ધણહણે, શેષ કરે સલકાર ॥૪॥
શશિ રવિ છાયા ખેહથી, ખોભ્યાં જલધી અગાધ ।
વ્યંતર પણ ચિત ચમકિયા, આ શી વડી વિરાધ ॥૫॥
અતિ અવિચ્છિન્ન પ્રયાણથી, આવ્યો મગધ મઝાર ।
શ્રેણિકને પણ થઇ ખબર, સૈન્યતણી તિણિવાર ॥૬॥
ગઢરોહો કરી રાય તવ, બેઠો ઝુઝણ કાજ ।
રાજગૃહી આવ્યો તુરત, પ્રદ્યોતન નર રાજ ॥૭॥

## ॥ ઢાલ ૧૦ મી ॥

(આધા આમ પધારો પુજ્ય, અમ ઘર વહોરણ વેલા.-એ દેશી.)

અભયકુમરને તેડી શ્રેણિક, પર દલ વાત પ્રકાસે; ચંડપ્રદ્યોતનને જીતેવા, બુદ્ધિ કરો સુવિલાસે; દેખો કુમર રાય, બુદ્ધિબલે અરિ જીપે. ॥૧॥ એ આંકણી. તવ બોલે કુમર સુણો સ્વામી, તુમે ચિંતા મત કરજ્યો; દાય ઉપાયે જીતશું એહને, તે નિશ્ચય ચિત ધરજ્યો; દેખો૦ ॥૨॥

એહને સૈન્ય ઘણો છે સાથે, પણ એ ભાગ્યે હીણો; એહને જય કરતાં નહીં દુર્લભ, એ બલ બુદ્ધે ખીણો દે૦ ૩॥ એણે સંગ્રામે લાજ ગમાવી જય નૃપ સાથે યુદ્ધ કરીને; મુગટ ભણી લેવા મન કીધો, માન અધિક મન ધરીને દે૦ ॥૪॥ કોશંબી પણ કાજ ન સીદ્યો, મૃગાવતીથી એહનો; ઉજ્જયિની ગઢ પાડી એણે [1]દુર્ગ કરાવ્યો તેહનો દે૦ ॥૫॥ દાસી કાજે ઉદયન આગલ, યુદ્ધ કરંતાં જાણે; મમ દાસી પતિ નામ એહવો, નિલવટ માંહી લખાણે દે૦ ॥૬॥ ધુંધુમારશું ધર્ધમચાયો, અંગારવતીને હેતે; તિહાં પણ શરમ ગમાવી પાપી, પરણ્યો ભાગ્ય સંકેતે દે૦ ॥૭॥ યુદ્ધ કરંતા જન ક્ષય થાએ, સકલ પ્રજા સીદાયે; યુદ્ધ કર્યા વિણ જય થાએ તો, યુદ્ધ ન કીજે પ્રાયે દે૦ ॥૮॥

યતઃ અનુષ્ટુબ્વૃત્તમ્.

પુષ્પૈરપિ ન યોદ્ધવ્યં, કિં પુનર્નિશિતૈઃ શરૈઃ;
યુદ્ધે વિજયસંદેહ પ્રધાન પુરૂષક્ષયઃ ॥૧॥

---

૧ સતાનિક રાજાની રાણી અને ચેડારાજાની પુત્રી એવી મૃગાવતી રાણી સાથે, વિષય સુખ ભોગવવાની લાલચથી એ ચંડપ્રદ્યોતને પોતાની ઉજ્જયિની નગરીનો કોટ પાડી નાંખી; તે ઇંટયોથી કોશંબી નગરીનો કોટ કરાવી આપ્યો, તથાપિ તેનું કામ બન્યું નહીં. બીજા ગ્રંથોમાં એમ છે કે, ઉજ્જયિની નગરીથી હાર બંધ માણસો ઉભા રાખી ઉજ્જયિનીની ઇંટયોથી કોટ કરાવી આપ્યો.

ભાવાર્થઃ- ફુલવડે પણ યુદ્ધ ન કરવું જોઇએ, તો ધારવાલા બાણવડે યુદ્ધ કરવાની તો વાતજ શી ? કારણ કે, યુદ્ધવડે જીતનો સંદેહ છે અને તેમાં પ્રધાન એટલે ઉત્તમ પુરૂષોનો ક્ષય થાય છે. ॥૧॥

અભયકુમારે બુદ્ધિ ઉપાઇ, ધન ધરતીમેં ધરાવ્યાં; ગુપ્તપણેથી શૈન્યસ્થલમેં, અતિ પ્રચ્છન્ન કરાવ્યાં. દે૦ ૯ પત્ર લિખ્યો પ્રેમે કરી યુગતે, વિનયાનત થઇ અભયે; સ્વામી તુમ પૂજ્યોપમ અમચે, સુણો વાત ઇક નિભયે. દે૦ ૧૦ શિવાદેવી તુમચી પટરાણી, ચેલણા સમ મેં જાણી; તેહ ભણી સ્નેહ અમને અધિકો, તુમથી છે ગુણખાણી. દે૦ ૧૧ અમ તાતે ધન આપી બહુલો, સામંત સવિ પતલાવ્યા; તે ગ્રહી તુમને દેશે સુપરે, જે સાથે ઇહાં આવ્યા. દે૦ ૧૨ જો અમ વચનનો પ્રત્યય નાવે, તો જોજ્યો નિરધારી; સામંતાદિક પટકુટી પાશે, ભુકિત લેજ્યો સારી. દે૦ ૧૩ ધન દેખો તો વચનનો પ્રત્યય, નિશ્ચેથી ચિત્ત ધરજ્યો તુમ્હે છો સમયતણા ઉપલક્ષક, જીમ જાણો તિમ કરજ્યો. દે૦ ૧૪ ઇમ લિખી પત્ર પ્રચ્છન્નપણેથી, પ્રદ્યોતરાયને પ્રેક્ષો; તિણે પણ એકાંતે અવસરથી, વાંચીને સવિ દેખ્યો. દે૦ ૧૫ પ્રત્યય માટે નૃપ પટ કુટીને, પાસે તવ જોવરાવે; ભુપતિ નિધિ દેખીને તતક્ષણ, ભ્રાંતિ અધિક મન થાવે. દે૦ ૧૬ યામિનીયે નિજ પ્રાણ ગ્રહીને, ચંડપ્રદ્યોતન નાઠો; મરણ તણા ભયથી મતિ હીણો, કીધો તિહાં મન કાઠો દે૦ ૧૭

યત : ઉપજાતિવૃત્તમ્; વિપક્ષવર્ગેણ બલાધિકેન, સ્વયં વિવાદો વિદુષા ન કાર્યઃ; નષ્ટ્વાપિ રક્ષ કિલ જીવિતવ્યં; જીવન્નરો ભદ્ર શતાનિ પશ્યતિ ૨

ભાવાર્થઃ-અધિક બલવાલા શત્રુની સાથે વિદ્વાન પુરૂષ વાદ વિવાદ અર્થાત કજીયો ન કરવો; નાસીને પણ જીવિતવ્યને રાખવું જોઇએ; કારણ કે, જીવતો માણસ સેંકડો સુખને જૂએ છે. ૨.

સૈન્ય સકલ પણ ચિહું દિશિ જાવે નૃપની શુદ્ધિ કરંતો; અનુક્રમે ઉજ્જયની તે પહોત્યો નૃપ મન શોક ધરંતો. દે૦ ૧૮ સામંત રાય સભામેં બોલ્યા શું ઇમ સ્વામી ભાગ્યા; ઈજત સહુની એલે ગમાવી, કેહને કેહણે લાગ્યા. દે૦ ૧૯ ચંડપ્રદ્યોત કહે તુમ ધનથી; લપટાણા મેં જાણ્યા; તવ તે કહે એમ કિમ પલટાઉં, ફોગટ તુમે ભરમાણા. દે૦ ૨૦ અભયકુમારની ચંડપ્રદ્યોતે, કપટ વાત તે જાણી; ચિંતે મનમેં એ શું કીધું; ખોઇ લાજ પુરાણી. દે૦ ૨૧ હવે કોઇ દાય ઉપાય કરીને, અભયકુમારને આણું; ચરણ નમાવીને વશ રાખું, કોઇક જોઇ ટાણું. દે૦ ૨૨ દેખો હવે પ્રદ્યોત નરેસર, કપટ ઉપાય તે કરશે; ઢાલ દશમી બીજે ઉલ્હાસે, જિન વચને સુખ વરશે. દેખો૦ ૨૩.

॥ દોહા ॥

સભા સમક્ષ એકણ દિને, કહે પ્રદ્યોતન રાય ।
અભયકુમારને જે ગ્રહે, તેહને કરૂં પસાય ।

કોઇ શૂરો કોઇ સાહસી, કોઇ છલ બલનો જાણ ।
જે ગ્રહી અભયકુમારને લાવે તે સુપ્રમાણ ॥૨॥
સુણી કહે સામંત સવિ, સ્વામી એ નવિ થાય ।
ઇન્દ્ર ચંદ્ર નાગેંદ્રથી, અભય છલ્યો નવી જાય ॥૩॥
સમુદ્ર તરતાં સોહલો મૃગમતી ગ્રહણ સુકાજ ।
વ્યાઘ્રને વશ કરવો સુલભ પીણ એ દુર્લભ કાજ ॥૪॥
પટહોદઘોષણ નગરમેં, તામ કરાવે રાય ।
અભયકુમર આણે જીકે, તે લહે લાખ પસાય ॥૫॥
પડહ છબ્યો ગણીકા તુરત, રાય લહ્યો આદેશ ।
પરીકર યુત આવી પ્રબલ, મગધદેશ સુવીશેષ ॥૬॥

## ॥ ઢાળ ૧૧ મી ॥

(વાહ વાહ બનાયો વીઝણો...એ દેશી)

હવે તે ગણીકા કપટી મલી, કરે કપટ શ્રાવિકા વેશો રે; મુખ વસ્ત્રાદીક ઉપગરણને, મુખે રાખી દીયે ઉપદેશો રે; તુમે દેખો કપટ ગણીકાતણા રે. એ આંકણી. એતો પરિપાટી શ્રાવિકા તણી, સવી શીખી સુપરે રાખી રે; તેણે વેશ વસ્યા શ્રાવિકા તણા, વચનાદિકથી મૃદુભાષી રે. તુ૦ ૨ કેઇ ધવયુત કેઇ વિધવા થઇ, કેઇ વૃદ્ધ અને કેઇ બાલા રે; જીવાજીવાદી પણ ભણે, કરે ત્રસ થાવર રખવાલા રે. તુ૦ ૩ ઇમ વેશ બનાવી વિગતશું રાજગૃહી નગરીમેં આવે રે; ઉપવનમેં ડેરા થાપીયા, અતી ઉન્નતી અધિકી ફાવે રે. તુ૦ ૪ પ્રત્યુષે પુષ્પાદિક ગ્રહી, થઇ ભેલી નગરીમાં જાવે રે; ફીરતી ફીરે તે દેરા-

સરે, સહુ શ્રાવકને મન ભાવે રે. તુ૦ ૫ એક દિન નૃપ ચૈત્યાલયે, આવે અતી હર્ષ ધરંતી રે; અભયે દીઠી જિન મંદિરે, વિધિ સહિત જીનાર્ચના કરંતી રે. તુ૦ ૬ દેખી કહે અભયકુમાર ઇશું તમે કોણ છો કીહાં રહો બાઇ રે; કીણ કારણ આવ્યાં છો ઇહાં કીહાં જાશો કહો ચીત્ત લાઇ રે. તુ૦ ૭ તવ બોલી વીમાસીને તીહાં, એક વૃદ્ધા વિધવા વેશે રે; સુણો અભયજી અર્થ એ વયણનો, જિશો ધાર્યો ગુરૂ ઉપદેશે રે. તુમે૦ ૮ અમે ચેતના લક્ષણથી સહી, છઇએ સંસારી શુભ પ્રાણી રે; રહિયે છે એહ સંસારમાં, યોની ચોરાશી લખ ખાણી રે. તુ૦ ૯ કોઈ નિમિત્ત વિશેષે સાધવા, શુભ ફલ લહ્યો નર અવતારો રે; તિહાં સાધન શિવપુર કારણે, આવ્યાં જિનમાર્ગમેં સારો રે. તુ૦ ૧૦ સાર્થપ શ્રી વીર જિણંદ મિલ્યા. નિર્ભય શિવપુર પહોંચાડે રે; તિહાં જાવાનો સહી મન રહે, પિણ તનુઆલસ દેખાડે રે. તુ૦ ૧૧ સાધુ મારગ અતિ દોહિલો; સહેવા પરિસહના કાંટા રે; પંચ મહાવ્રત ભાર ઉપાડવો, તે વહેતાં રહે પગ આંટા રે. તુ૦ ૧૨ આઠ લંઠથી છલ કરી ચાલવો તેવીશ વિષય વશ કરવા રે; પચવીશને પાસે ન રાખવા, પાંચ વૈરી વિશ્વાસ ન ધરવા રે. તુ૦ ૧૩ એક ભીલ્લાધિપ વીચે દુષ્ટ છે, તસ સેવક છે દોઇ માઠા રે; તેહને પીણ યતને વર્જવા; જેહ દુર્જય છે અતી કાઠા રે તુ૦ ૧૪ ઈમ ઉદ્યમથી પંથે ચાલતાં, ચૌદમે વાસે પહોંચે રે; એ માર્ગ વિષમ સુસાર્થપે, દેખાડયો મનની હોંશે રે. તુ૦ ૧૫ પીણ તે પંથનો

પુરો નવી પડે, તવ સાર્થપ વલી ઇમ ભાખે રે; એક એક વાટ સુગમ બીજી અછે, શિવપુર જાવા જે મન રાખે રે. તુ૦ ૧૬ અણુવ્રતનો ભાર અલપ ગ્રહી, દાનાદિક રક્ષક સંગે રે. તપ વિનયાદિ અશ્વે ચઢી મઢી પહોંચે શિવપુર મન રંગે રે. તુ૦ ૧૭ તવ તે મારગ મનમેં વશો, તે પંથે અમે હવે ચાલું રે; પંથવાહક સાધુને પુછતાં, શિવ નગરને નજરે ભાલું રે. તુ૦ ૧૮ તીહાં જઇ વસવાનું મન અછે સુખઠામ ભણી થીર જાણી રે; ઇગ્યારમી બીજા ઊલ્હાસની, ઢાલ જિનવિજયે વખાણી રે. તુમે૦ ૧૯

॥ દોહા ॥

અભય કહે સાહમિણી સુણો, તુમે કહી જે વાત ।
ભાવ થકી સવિ અનુભવી, એ તુમચી અખિયાત ॥૧॥
દ્રવ્ય થકી હવે દાખવો, નામ ઠામ ને કામ ।
તવ બોલે તે યત્નથી, અભયને કરી પ્રણામ ॥૨॥
ચંપાયે પ્રાહિં રહું, વહું સદા જિન આણ ।
સત્ય વચન મુખથી કહું, વહું અધ્યાત્મ પ્રમાણ ॥૩॥
સંસારિકના કાર્યથી, ધર્મકાર્ય શું રંગ ।
રાખું છું નિશ્ચય થકી, અવિહડ રંગ અભંગ ॥૪॥
દેવાર્ચન ગુરૂ સેવના, પાત્રદાન સુપવિત્ર ।
તપજપ કાયા શકિત સમ કરૂં અમે સુચરિત્ર ॥૫॥
સિદ્ધાચલ યાત્રા નિમિત્ત, મન રાખું છું પ્રાહિ ।
ચૈત્યાલય નમવા ભણી આવ્યાં છું અમે આંહિ ॥૬॥

**યતઃ ॥ આર્યાવૃત્તમ ॥**

**અનલ જલ ચોર યાચક, નૃપ ખલ દાયાદ**

સંહૃતંયાતિ; ધન્યો સો યસ્ય ધનં, જિનયાત્રાદૌ શુભે લગ્નં ॥૧॥

**ભાવાર્થ :-** ધનને અગ્નિ, પાણી, ચોર, યાચક, રાજા, ખલલોકો અને ગોત્રીયો હરણ કરી જાય છે; માટે તેજ પુરૂષને ધન્ય છે કે, જેનું ધન જિન યાત્રાદિક શુભ કાર્યને વિષે વપરાય છે. ॥૧॥

## ॥ ઢાળ ૧૨મી ॥

(આછે લાલ–એ–દેશી)

વચન સુણી તેણીવાર હરખ્યો અભયકુમાર, સોભાગી લાલ; ધન્ય ધન્ય એ શુદ્ધ શ્રાવિકા જી, જીવા જીવાદિક જાણ, શિર વહે શ્રી જિન આણ; સો૦ જિનમતની એ શોભાવિકા જી. ૧ એહ તો ઉત્તમ પાત્ર, એહનો નિર્મલ ગાત્ર; સો૦ યાત્રા થઈ મુજને ભલી જી; એહની ભકિત ઉદાર, કીજે વિવિધ પ્રકાર; સો૦ સારપણાથી વલી વલી જી. ૨ ઇમ આલોચી ચિત્ત, બોલ્યો અભય પવિત્ર; સો૦ અમ ઘર તુમે પાવન કરો જી, તવ બોલી તતખેત, ધર્મ બાંધવ તુમ હો; સો૦ વચન અમારૂં ચિત્ત ધરો જી. ૩ આજ છે તીર્થોપતારા, સવિ સાહમિણીને ખારા; સો૦ ભોજન હઠ કિમ કીજીએ જી, સુણી ચમકયો ચિત્તમાંહિ; વચન અનોપમ ત્યાંહિ, સો૦ લાભ પ્રત્યૂષે લીજીયે જી. ૪ બીજે દિન સુપ્રકાર, ભકિત કરે મનુહાર; સો૦ અભયકુમાર ભોજન તણી જી, તવ તે કપટી વેશ; અભય થકી સુવિશેષ; સો૦ પ્રીતિ કરે વચને ઘણી જી. ૫

**યતઃ અનુષ્ટુબ્વૃત્તમ્. સુપ્રયુક્તસ્ય દંભસ્ય, બ્રહ્માપ્યંતં ન ગચ્છતિ; કોલિકો વિશ્નુરૂપેણ, રાજકન્યાં નિષેવતે. ॥૧॥**

ભાવાર્થ:- સારી રીતે કરેલા કપટના પારને બ્રહ્મા પણ જાણી શકતા નથી; જેમ કોલીએ વિષ્ણુનું રૂપ કરી રાજકન્યા ભોગવી તેમ. ॥૧॥

આમંત્રે ઉચ્છાંહિ, અભયને ડેરે ત્યાંહિ ॥સો૦॥ અન્ય દિવસ અવસર લહીજી; પીરંશાં ભોજન સાર, વ્યંજન વિવિધ પ્રકાર ॥સો૦॥ શાલિ દાલિ ધૃતથી સહી જી ॥૬॥ તદુપરિ ગોરસ ઠામ, ચંદ્રહાસ્ય ઇશે નામ; ॥સો૦॥ મદિરાને મન મોદશું જી, જિમતાં વેંત તિવાર; ઘુર્ણિત નયન વિકાર ॥સો૦॥ નિદ્રા લહે આણંદ શું જી. ॥૭॥ ઘાલી રથમેં તામ, ચાલીને કરીને કામ ॥સો૦॥ ગણિકા રાજગૃહિ થકિ જી; પોહતિ ઉજ્જયિની તેહ, નૃપને કહે સસનેહ ॥સો૦॥ અભય આણ્યો અમે છલ થકી જી. ॥૮॥ સુણિ પ્રદ્યોતન રાય, કીધો લાખ પસાય ॥સો૦॥ ગણિકાને અતિ સાદરે જી॥ અભયકુમરને તાસ, તેડાવિ તીણ ઠામ ॥સો૦॥ ગણિકા ગૃહથી આદરે જી. ॥૯॥ તવ પ્રદ્યોત નરેશ, અભય થકી સુવિશેષ ॥સો૦॥ હાસ્યાદિક વિધિ બહુ કરે જી. બુદ્ધિતણો ભંડાર, દેખી અભયકુમાર ॥સો૦॥ ચંડપ્રદ્યોત પણ હિતધરે જી. ॥૧૦॥ અભય કહે સુણ રાય, છંડી અવર ઉપાય ॥સો૦॥ ધરમ તણો છલ મુજ કર્યો જી; એહ અઘટતો કાજ, તુજને

ન લાગી લાજ ।।શો૦।। નીતિ વચન પણ નવિ ધર્યો જી.
।।૧૧।। ધિગ ધિગ તુજ અવતાર કુડ કપટ કોઠાર ।।સો૦।।
જિનમતતે મેલો કર્યો જી; મુજ માસીને ગેહ, રહેશું
ધરી બહુ નેહ; ન નમું તુજને વીફર્યો જી ।।૧૨।।
ઇમ કહીને સુવિચાર, માસીને આગાર ।।સો૦।। અભય
રહે આણંદમેં જી; ઢાલ એ બારમી ખાસ, કહી બીજે
ઉલ્હાસ ।।સો૦।। બુધ જિનવિજયે મન ગમે જી. ।।૧૩।।

## ।। દોહા ।।

એહવે રાજગૃહ નગર નૃપ શ્રેણિક દરબાર ।
સેચન ગજ મદથી થયો, વિકલ વિરૂધ તિવાર ।।૧।।
આલાનથંભ ઉપાડીને, પાડે ગોપુર પોલ ।
મંદિર ઢાહે મોજથી, ચુરે હાટની ઓલ ।।૨।।
નાણાવટી ફડિયા પ્રમુખ, દેખી દિશો દિશી જાય ।
વિંખેરી તસ વસ્તુને, વલિ આગલ ઊજાય ।।૩।।
ભાર સહસ અયમય નીલીડ, ત્રોડી સાંકલ તામ ।
પુરજનને સુંઢાગ્રથી, ગ્રહે ક્રીડાને કામ ।।૪।।
સયલ નયરને તતક્ષણે, કીધો હાલ કહોલ ।
નગર લોક આકુલ થયો, ગજથી અતિહિ અતોલ ।।૫।।

## ।। ઢાલ ૧૩ મી ।।

( કોઇ શુર સુભટને ભાંખો રે—એ દેશી )

ગજ છુટો દેખીને ભુપતિ, મનમાં એમ વિમાસે રે;
બુદ્ધિવંત બલથી પણ શૂરો અભય નહી મુજ પાસે રે;
તુમે લાવોરે, કોઇ ગયવર પકડી લાવો રે; કોઇ દાય

ઉપાય બતાવોરે. ૧ એ આંકણી; તેહ અવંતિ માંહે વિરાજે પ્રદ્યોતન ગૃહે ગાજેરે; અવર ન ઇણ નગરે કોઇ એહવો જે એ કોઇ સંકટ ભાજે રે. તુ૦ ૨ સુભટ સકલ સેના થઇ ચિહું દિશિ, પણ ગજ હાથ ન આવે રે; વિલખા થઇને વીર હુતા તે, નાસીને ઘર જાવે રે. તુમે૦ ૩ પડહ વજાવ્યો પ્રગટપણે તવ, જે ગજ વશ્ય કરી લાવે રે; સોમશ્રી પુત્રી તે પરણે, ગ્રામ સહસ વલી પાવે રે. તુ૦ ૪ પડહ સુણીને ધન્નકુમર તવ, સુરમણિને પરભાવે રે; ગજમદની વિદ્યાના બલથી, ગજ તતક્ષણ વશ આવે રે. તુ૦ ૫ ફેરવી ગજ આકુલ કરી તદુપરી, છલથી બેઠો કુંભે રે; મસ્તકમેં અંકુશ દેઇ ગજને, આણ્યો આલાન થંભે રે. તુ૦ ૬ બાંધ્યો ગજને સ્વલ્પ પ્રયાસે, સહુ કો અચરીજ નિરખે રે; નવ રૂપે એ દેવ છે કોઇક, ઇમ મનમેં સહુ પરખે રે. તુ૦ ૭ નૃપ નિરખી પરખી તસ ગુણથી, નિજ વચ પ્રત્યય થાપે રે; સોમશ્રી પુત્રીનું શ્રીફલ, ધન્નાશાહને આપે રે. તુ૦ ૮ લગન થાપીને તિલક વધાવી, ધવલ મંગલ દેવરાવે રે; ઓચ્છવ અધિક કરી ધન્નાને, સોમશ્રી પરણાવે રે. તુ૦ ૯ ગામ સહસ દીધાં મનગમતાં, દીધા ગજરથ વાજી રે; શ્રેણિક રાજાયે મનમાહે, કીધા જમાઇ રાજી રે. તુ૦ ૧૦ ધન્ને પણ પાણિગૃહને હેતે, ધનવ્યય બહુલો કીધો રે; સ્વજનાદિક જન સવિ સંતોષ્યા, દાન યાચકને દીધો રે. તુ૦ ૧૧ જશ લીધો જુગતે જય વરત્યો, પુરવ પુણ્ય સંયોગે રે;

બે સ્રીથી આશકત રહે જીમ, ચેતન બે ઉપયોગે રે. તુ૦ ૧૨ દેવ દોગુંદકની પરે વિલસે, ભોગ સંચોગ સવાઇ રે; તેરમી ઢાલે બીજે ઉલ્હાસે, બુધ જિનવિજયે ગાઇ રે. તુ૦ ૧૩.

॥ દોહા ॥

ધન્નાશાહ પ્રસંગથી, શાલિભદ્ર સંબંધ ।
વર્ણવશું સંક્ષેપથી, સુણજો તેહ પ્રબંધ ॥ ૧ ॥
રાજગૃહ પાસે અછે, શાલિગ્રામ સુવિખ્યાત ।
પશુપાલિક તિહાં કણે રહે, સંગમ કેરો તાત ॥ ૨ ॥
ધન્ના તેહની શુભમતી, ઘરણી પુણ્ય પવિત્ર ।
સંગમ સુત છે તેહને, લઘુ વયથી સુચરિત્ર ॥ ૩ ॥
રોગ યોગથી અન્યદા, ધન્ના ધવ વ્યુત્પન્ન ।
લક્ષ્મી પણ સાથે ગઇ, કર્મ યોગ નિષ્પન્ન ॥ ૪ ॥

॥ ઢાલ ૧૪ મી ॥

( દેશી નણદલની )

તવ ધન્ના સુતને ગ્રહી, રાજગૃહીમેં વાસ હો. સુંદર૦ વસીને ઇત્યાદિક ઘરે; તિહાં કાર્ય અભ્યાસ હો; સુંદર૦ પુણ્યતણાં ફલ સાંભલો. ૧ એ આંકણી. પુણ્ય વિના નવિ સિદ્ધિ હો. સું૦ પુણ્ય અધિક જગમેં કહ્યો, પુણ્યથકી નવ નિધિ હો. સું૦ પુ૦ ૨ સંગમ ચારે ગ્રામટાં, વાછરૂઆં વન માહિ હો. સું૦ એક દિવસ પાયસ તણો, ભોજન દેખે ત્યાંહિ હો. સું૦ પુ૦ ૩ માતા શું હઠ માંડને, માગે પાયસ તામ હો. સું૦

આખો આંસુ નાખતી, માતા ખોલે આમ હો. સું૦ પુ૦ ૪ ન મિલે પુરા કુશકા, ભોજન વેલાભાત હો. સુ૦ તોલાદીક પણ દોહિલો, તો પાયસની શી વાત હો. સુ૦ પુ૦ ૫ રૂદન કરે બાલક હઠે, માતા તવ દુ:ખ દીન હો; સુ૦ દેખી પાડોશણો મીલી, પુછે તે સુપ્રવીન હો. સુ૦ પુ૦ ૬ વાત કહી સવિ બાલની, માગે એ [3]પર-માન્ન હો; સુ૦ તે બોલિયો હસી તતક્ષણે, એહમાં શું છે અજ્ઞાન હો. સુ૦ પુ૦ ૭ દુધ ખાંડ ઘૃત શાલિને, આણી દે એકેક હો. સુ૦ સર્વ સંજોગે નીપની, ખીર તે અતિ હી સુછેક હો. સુ૦ પુ૦. ૮ બાલક તેડી હર્ષશું, પીરસે તે પરમાન્ન હો. સુ૦ પવન થકી શીતલ કરે; રાખી નિશ્ચય ધ્યાન હો. સુ૦ પુ૦. ૯ એહવે મુનિવર ગૌચરી, ફિરતા આહારને કાજ હો. સું૦ માસ-ખમણને પારણે, તિહાં પહોત્યા સુખસાજ હો સું૦ પુ૦ ૧૦ દેખી મુનિવરને તિહાં, જાગી દાનની બુદ્ધિ હો. સુ૦ સમકિત ક્ષયોપમ થકી; આત્મ થયો સવિસુદ્ધ હો. સુ૦ પુ૦ ૧૧ દાન દિયો ઉલટ ધરી, ન કરી વિમાસણ કોય હો સુ૦ કોઇક ભાવ વિશેષથી, અલ્પ સંસારી હોય હો સુ૦ પુ૦ ૧૨ મુનિવર વહોરી સંચરયા, સંગમ ચાટે થાલ હો. સુ૦ દેખી માતા ચિંતવે, ભુખ્યો છે હજી બાલ હો. સુ૦ પુ૦ ૧૬ પિરશી શેષ હતી તિકે, ખાધીખીર સવાદ હો. સુ૦ ભુખ્યો બાલક મુજ રહે, ઇમ ધરે મન વિષવાદ હો. સુ૦ પુ૦ ૧૪ માતા આગલ-મુનિતણી વાત ન કીધી કાંય હો. સુ૦ રાત્રી સમય ઉદરે વ્યથા, અન્ન

અજીર્ણ તે થાય હો. સુ૦ પુ૦ ૧૫

**યતઃ અનુષ્ટુબ્વૃત્તમ્.** અજીર્ણં તપસઃ ક્રોધો, જ્ઞાનાજીર્ણમહંકૃતિઃ પરતાપો ક્રિયાજીર્ણમન્નાજીર્ણં વિષુચિકા. ૧

**ભાવાર્થ :** તપનું અજીર્ણ ક્રોધ, જ્ઞાનનું અજીર્ણ અહંકાર, ક્રિયાનું અજીર્ણ પરને પરિતાપ ઉપજાવવો તેમજ અન્નનું અજીર્ણ ઉલટી અને ઝાડો જાણવું. ૧

તે પીડાથી મૃત્યુને પામે સંગમ બાલ હો સુ૦ બીજે ઉલ્હાસે જિન કહે, ચૌદમી ઢાલ રસાલ હો સુ૦ પુ૦ ૧૬

## ॥ દોહા ॥

તે રાજગૃહમેં વસે, ગૌભદ્ર શેઠ ગુણવંત ।
ધનથી ધનદ સમાન છે, ન્યાયનીતિ પુણ્યવંત ॥૧॥
ભદ્રા ભામિની તેહની, રૂપ કલા આગાર ।
રાધા કૃષ્ણતણી પરે, વિલસે વિવિધ પ્રકાર ॥૨॥
હવે તે સંગમ જીવ ચવી, ભદ્રા ઉર ઉત્પન્ન ।
સુપન માંહિ તવ શાલિનો, દીઠો ક્ષેત્ર નિષ્પન્ન ॥૩॥
ફલ પુછયો ભરતારને, સુણી શેઠ સુવિલાસ ।
પુત્ર રત્ન હોશે ભલો, કુલમંડન સુપ્રકાશ ॥૪॥
દંપતિ દિન દિન અતિ મુદિત, રહે સદા સુપ્રસન્ન ।
પુર્ણ માસ પહોતે થકે, જન્મ્યો પુત્ર રતન્ન ॥૫॥

## ॥ ઢાલ ૧૫ મી ॥

(રામચંદ્રકે બાગમેં, ચાંપો મોરી રહ્યોરી.—એ દેશી)

પ્રસવ્યો પુત્ર સુરંગ, ભદ્રા હર્ષ ધરેરી; શેઠ સુણી તવ

વાત, ઓચ્છવ અધિક કરેરી. ૧ પંચ શબ્દ વાજિંત્ર ઘર આંગણે વાજેરી; ભેરી ભુંગલ ઘન ઘોર, અંબર લગી ગાજેરી. ૨ સોહવ ગાવે ગીત, દે આશીષ ઘણેરી; તું કુલમંડન પુત્ર, મુખથી એમ ભણેરી. ૩ યાચકને દિયે દાન, વંછિત તેહ તણેરી; સયણ સંબંધીને માન, વિવિધ પ્રકારે ઘણેરી. ૪ પૂજા પરિઘલ ચિત્ત, જિનમંદિર વિરચેરી; કુલદેવ્યાને તામ, ચંદનથી ચરચેરી. ૫ દશ ઉઠામણ એમ, કુલ મર્યાદ કિયોરી; પોખી નાત પવિત્ર, નામ વિચારી દિયોરી. ૬ સુપનમેં શાલિનો ક્ષેત્ર, દીઠો અતિ સુખકારી; તિણે કરી શાલિભદ્ર કુમાર નામદિયો નિરધારી ૭ રૂપે અમર કુમાર, કે રતિપતિ સમ કહીએ; ઇન્દ્રતણે અનુહાર, અવર ન ઇણ યુગ લહિએ, ૮ સુંદરવાણી સાર, ગજ ગતિની પરે ચાલે; ઠમક ઠમક ઠવે પાય, માત પિતા મન મહાલે. ૯ અલ્પ પ્રયાસે તામ, વિદ્યાભ્યાસ કરાવે; પઠિત સંભારે જેમ, તિમ તસ સઘલી આવે. ૧૦ યોવન આવ્યો જામ, તામ બત્રીશ કુમારી; શુભ વેલા શુભ લગ્ન, પરણાવે સુવિચારી. ૧૧ તેહશું વિવિધ પ્રકાર, પંચ વિષય સુખ વિલસે; જાણે ન રાતને દીહ, ચરણ ધરણિ નહી ફરસે. ૧૨ અહમિંદ્રનો અવતાર; તે શાલિભદ્ર સોભાગી; બીજે ઉલ્લાસે ઢાલ, પંદરમી ગુણરાગી. ૧૩

## ॥ દોહા ॥

એહવે રાજગૃહ નગર, અભય મંત્રી વિણ તામ ।
ન્યાયાદિક વ્યવહાર વિણ, થયું અછે નિષ્કામ ॥૧॥

નિશા ચંદ્ર વિણ જેહવી, દંત રહિત ગજરાજ ।
કુમુદ વિના જીમ સર સહી, (કુસુમ ગંધ સર જલ વિના,)
અરણ હીણ રૂવિરાજ ॥૨॥
તિમ મંત્રી વિણ નૃપ સભા, દીસે દિન દિન દીન ।
અભયકુમરને અનુદીને, સંભારે સહુ લીન ॥૩॥
ધુર્ત્ત એક એહવે તિહાં, એકાકી અવિવેક ।
લોભવશે ધનવંતને, ધુતે એ તસ ટેક ॥૪॥
વેશ ધરી સુપરે સુભગ, સાર્થવાહનો તામ ।
ગોભદ્ર શેઠ તણે ઘરે, આવ્યો પુછી નામ ॥૫॥

॥ ઢાલ ૧૬મી ॥

(મેતારજ મુનિવર, ધન ધન તુમ અવતાર.—એ દેશી)

ધુતારો તસ ધુતવાજી, આવ્યો ગોભદ્ર આગાર; આસન બેસણ આપિયો જી, કીધી ઘણી મનુહાર; સોભાગી સાજન, દેખો ધુર્ત્ત વિચાર. ૧ એ આંકણી. કુશલાલાપ પુછે તિહાંજી, ગોભદ્ર ભદ્રક શેઠ; એકાક્ષી જી જી કરે જી, રાખી નીચી દ્રઠ. સો૦ ૨ વલતો ધુર્ત્ત કહે સુણો જી, શેઠજી સેવક વાત; ચંપાયે આવ્યા હતા જી, તુમે વ્યવસાયે વિખ્યાત. સો૦ ૩ લક્ષ દિનાર લીયા તીહાં જી, મેં તુમ પાસે સુપાત્ર; નયન એક દિધું અછે જી, દેખો તે મુજ ગાત્ર. સો૦ ૪ તે ધન લક્ષ લેઇ ઘણો જી, કીધો મેં વ્યવસાય; વૃધ્ધિ થઇ તેહની ઘણી જી, પુરવ પુણ્ય પસાય. સો૦ ૪ વ્યાજ સુકત ધન લેયની જી, દ્યો મુજ લોચન તેહ; ઢીલ હવે કરવી નહી જી, રાખો પુરવ નેહ.

સો૦ ૬ કહે ગૌભદ્ર સુણો શેઠજી જી, એ શી ખોટી રે તાત; ચંપા પણ દીઠી નથી જી, લોચનની શી વાત. સો૦ આજ લગેં નવિ સાંભલ્યો જી, લોચનનો વ્યવહાર; ખોટી વાત પ્રકાશતાજી, કિમ રહેશે ઈતબાર. સો૦ ૮ તવ કાંણો આક્રોશથી જી, બોલે બડ બડ વેણ; કોડિથકી બહુ મુલ્ય છે જી, નિર્મલ માહરૂં નેણ. સો૦ ૯ રૂડું દેખી રાખશો જી, શું મુજ નેત્ર સુજાણ; આખર હું છોડું નહીં જી, જો મુજ પિંડમેં પ્રાણ. સો૦ ૧૦ ગૌભદ્રશેઠને ગ્રહી તદા જી, લેઇ ગયા દરબાર; શ્રેણિક નૃપ સંશય પડયો જી, નિસુણી વાત વિચાર. સો૦ ૧૧ અભયકુમરને અતિ ઘણું જી, સંભારે સહુ તામ; જો એક સુર્ય ઉદય હુવે જી તો કિશું દિપક્ષ કામ. સો૦ ૧૨ ન્યાય ન થાયે કોઇથી જી, તવ શ્રેણિક ભુપાલ; પુરમેં પડહ વજાવિયોજી, સાંભલજો ચઉસાલ. સો૦ ૧૩ કાંણે જે ઝગડો રચ્યો જી, તેહનો જે કરે ન્યાય; ગૌભદ્રશેઠ પુત્રી તણોજી, પાણિગ્રહણ તસ થાય. સો૦ ૧૪ પડહ સુણી ધન્ને છબ્યો જી, આવ્યો નૃપ દરબાર; તેડાવી કાંણા પ્રતે જી, કહે ઇમ વાત વિચાર. સો૦ ૧૫ ગૌભદ્રશેઠના ઘર તણા જી, છું અમે લેખક ધીર; વાત સકલ અમ દફતરે જી, લિખી રાખી છે વીર. સા૦ ૧૬ શેઠને ખબર ન કો પડે જી, દેણ લેણ ધન વાત; નામુ ઠામુ એહનું જી, જાણું છું અમ ભ્રાત. સો૦ ૧૭ પુછયો શેઠે અમ ભણી જી, નયન તણો વ્યવસાય; સાંભલી અમે જોઇયું જીવત,

પામ્યા સવિ ઠાય. સો૦ ૧૮ લાખ હોય ધન અમ પ્રતેજી, આપો પ્રથમ એક વાર; તવ ધુતારે તતક્ષણે જી, કિધો દ્રવ્ય તૈયાર. સો૦ ૧૯ કહે ધન્નો અમ શેઠને જી, ઘરમેં નેત્ર અનેક; મુકયાં છે તે બહુ જણે જી, ધન કારણ સુવિવેક. સો૦ ૨૦ તે કારણ તુમે તુમ તણો જી, દ્યો લોચન સુપ્રકાર; જોઇને તે સારિખો જી, દીજે નેત્ર ઇવાર. સો૦ ૨૧ સુણિ કાંણો, વિલખો થયો જી, નેત્ર તે કેમ કઢાય; લેહણાથી દેહણો થયો જી, મુકી ધન તે જાય. સો૦ ૨૨ ભુપતિ મન હરખિત થયોજી, બુદ્ધિ થકી તતખેવ; પકડી ધુતારો તદા જી, કાઢયો દેશથી હેવ. સો૦ ૨૩ જયલક્ષ્મી ધન્ને વરી જી, પુરવ પુણ્ય પસાય; બીજે ઉલ્હાસે સોલમી જી, ઢાલ એ જિન સુખદાય. સો૦ ૨૪

## ।। દોહા ।।

ગોભદ્ર શેઠનો ભેપ ગયો હૃદય થવો ઉચ્છાહ ।
ધન્નો મતિવીહણુ તર્યો, ચિંતા સમુદ્ર અથાહ ।।૧।।
પુત્રી સુભદ્રાનો તિહાં, ધન્નાશાહને સાથ ।
વિવાહનો નિશ્ચય કરે, આપી બહુલી આથ ।।૨।।
લગન લીયાં પુછી દુરસ, વહેચ્યાં ફોફલ પાન ।
નાત જાતને પોખવા, પરિઘલ કિયાં પકવાન ।।૩।।
મંડપ મહોટા માંડિયા, બિહું ઠામે બહુ ભત્તિ ।
સરિખે સરિખા યોગથી, યુગતે મલી યુગતિ ।।૪।।
પરણ્યા તે પ્રમુદિત પણે, જિમ સીતા રઘુનંદ ।
દાન મનિ દીધાં દુરસ, પોખ્યો પરિજન વૃંદ ।।૫।।

નારી ત્રિણ્યથકી તિહાં, વિલસે પુરણ ભોગ ।
જિમ મુનિવર લીણો રહે, ગુપ્તિ ત્રય સંયોગ ॥૬॥
રાજા પણ માને ઘણું, દેખી બુદ્ધિ અથાહ ।
શેઠ સેનાપતિ સર્વને, વલ્લભ ધન્નોશાહ ॥૭॥

## ॥ ઢાલ ૧૭મી ॥

(ધણમઢોલાની દેશી.)

એહવે વીર સમોસર્યા રે, પરિવૃત બહુ પરિવાર ગુણના પુરા; ગૌતમ પ્રમુખ ગુણે ભર્યા રે ચૌદ સહસ અણગાર, ગુણના પુરા, આવો આવો રે, એ જિનપતિ પાસે; ભાવો ભાવો રે, ભક્તિ સુવિલાસે; એહની સેવાથી સુખ થાય, પુણ્યના પુરા. ૧ એ આંકણી. ચંદનબાલાદિ તિહાં રે, સાધવી સહસ છત્રીશ. ગુ૦ અતિશયથી અતિ ઓપતા રે, જગ ગુરૂ શ્રી જગદીશ ગુ૦ આ૦ ૨ શ્રેણિક વંદન ચાલિયા રે, ચતુરંગી સેના સાથ; ગુ૦ પંચાભિગમ તે સાચવી રે, ભેટયા ત્રિભુવન નાથ. ગુ૦ આ૦ ૩ ગોભદ્રશેઠ સુણી તદારે, જિન આગમન અનુપ; ગુ૦ ભાવ ધરી વંદન તદા રે, પહોત્યો તે જિમ ભુપ. ગુ૦ આ૦ ૪ બારે પર્ષદ તિહાં મલી રે, ઇંદ્રાદિક સુર કોડિ; ગુ૦ દેશના દે તવ વીરજી રે, વચનામૃત રસ જોડી. ગુ૦ આ૦ ૫ અનિત્ય પણે સંસારમેં રે, મન યૌવનનો જાણ; ગુ૦ સડણ પડણ વિધ્વંસણા રે, તનુ લક્ષણ નિરવાણ. ગુ૦ આ૦ ૬ જાણી ધર્મ કરે જીકે રે, તે લહે શિવસુખ ઠામ; ગુ૦ ધર્મ વિના એ જીવને રે, કોય ·

આવે કામ. ગુ૦ આ૦ ૭ જીવતણી હિંસા તજો રે અલિક વચન પરિહાર; ગુ૦ ચોરી ન કીજે સુપનમેં રે. મૈથુન દુર નિવાર. ગુ૦ આ૦ ૮ પરિગ્રહની મમતા તજો રે, નિશિ ભોજન કરો દુર; ગુ૦ પંચ મહાવ્રત પાલતે રે, લહિયે સુજસ સનુર. ગુ૦ આ૦ ૯ ગૌભદ્ર શેઠ તે દેશના રે. સુણી બૂઝયો તતકાલ; ગુ૦ ભદ્રાને પુછી તદા રે, લે ચારિત્ર વિશાલ. ગુ૦ આ૦ ૧૦ સિંહ પરે વ્રત આદરે રે, પાલે મૃગપતી જેમ; ગુ૦ અણસણ આરાધન કરી રે, સુર પદ પામ્યો ખેમ. ગુ૦ આ. ૧૧ પ્રથમ સુરાલયે ઉપન્યો રે, રૂદ્ધે ઇન્દ્ર સમાન; ગુ૦ સાગર દોયને આઉખે રે, ભોગવે ભોગ પ્રધાન. ગુ૦ આ૦ ૧૨ પુત્ર સ્નેહ પ્રેર્યો થકો રે, ગૌભદ્રશેઠનો જીવ; ગુ૦ પેટી નવાણું પ્રતિદિન રે, પ્રગટ કરે તે અતિવ. ગુ૦ આ.૦ ૧૩ ભુષણ વસ્ત્ર ભોજન તણી રે, વર વધુને પરિભોગ; ગુ૦ પુરે વંછિત નિત નવા રે, પુરવ સ્નેહ સંયોગ. ગુ૦ આ૦ ૧૪ શાલિકુમર સુખ ભોગવે રે, મન ચિંતિત મનુહાર; ગુ૦ પાત્ર દાન ફલ દેખજો રે, હૃદય થકી નર નાર. ગુ૦ આ૦ ૧૫

યતઃ ॥ અનુષ્ટુબ્વૃત્તમ્ ॥ વ્યાજે સ્યાદ્દ્વિગુણં વિત્તં, વ્યવસાયે ચતુર્ગુણં; કૃષૌ શતગુણંપ્રોક્તં, પાત્રેણંતગુણંર્ભવેત્ ॥૧॥

ભાવાર્થ :- ધન જે તે, વ્યાજે આપવાથી બમણું, વ્યાપાર કરવાથી ચોગણું ખેતી કરવાથી સોગણું અને સુપાત્રને વિષે દેવાથી અનંતગણું થાય છે ॥૧॥

બીજો ઉલ્હાસ પુરો થયો રે, સત્તર ઢાલે સુરંગ; ગુ૦ દાન કલ્પદ્રુમ રાસનો રે, સુણતાં અતિ ઉછરંગ. ગુ૦ અ૦ ૧૬ સવિ પંડિતમાં પરગડો રે, કોવિદ તિલક સમાન; ગુ૦ ગજ વિજય ગુરૂ નામથી રે, લહિયે સુખ બહુમાન. ગુ૦ આ૦ ૧૭ તસુ વિનયી વિદ્યા નીલો રે, હિતવિજય બુધરાય; ગુ૦ જેહના ચરણ પ્રસાદથી રે, દિન દિન સુજસ સવાય. ગુ૦ આ૦ ૧૮ તસ સેવા કરતાં લહ્યો રે, અનુપમ એ અધિકાર; ગુ૦ જિનવિજય કહે પુણ્યથી રે, નિત્ય નિત્ય જય જયકાર. ગુ૦ આ૦ ૧૯

ઇતી શ્રી ધન્નશાલીચરીત્રેપ્રાકૃતપ્રબંધેદાનકલ્પ-દ્રુમાખ્યે દ્વિતીય શાખા રૂપ ધન્નશાહ બુદ્ધિપારે ક્રમવર્ણનો નામ દ્વિતીયોલ્હાસઃ સમાપ્તમ્ ॥

અસ્મિન્નોલ્હાસે ઢાલ ૧૭ ॥

卐

# ॥ ઉલ્લાસ ૩ જો ॥

## ॥ દોહા ॥

શ્રી જિનગુરૂ પ્રણમું મુદા, ધર્મધ્યાન ધરી ખાસ ।
દાન કલ્પદ્રુમ રાસનો, અથ ત્રીજો ઊલ્હાસ ॥૧॥
વર્ણવશું મન મોદથી, શ્રુતદેવિ સુપસાય ।
શ્રોતાજન સવિ સાંભલો, અતિ ઉત્તમ સુખદાય ॥૨॥
શાહ ધન્નો સુખમેં રહે, સપ્તભુમિ આવાસ ।
નાટક વિવિધ પ્રકારથી, નિરખે ચિત્ત ઉલ્હાસ ॥૩॥
એહવે એક દિન આવતા, દીઠા પિતૃસ્વરૂપ ।
અગ્રજ ત્રિણ્યે પણ તિહાં, કાંતાયુત વિદ્રુપ ॥૪॥
વસ્ત્ર જીર્ણ વસુથી રહિત, પશુ વિલિપ્ત શરીર ।
દંડ ખંડ કરમેં ધરી, આતુરવંત અધીર ॥૫॥
ચાલે પગ પગ પુછતા, રાજગૃહની પોલ ।
દેખીને ચિત ચિંતવે, એ શી દિસે ઓલ ॥૬॥
ઉજ્જયનીમાં એહને, મુકયા છે શુભ કામ ।
એહવી અવસ્થા કિમ થઇ, એહતો વડો વિરામ ॥૭॥
ઇમ ચિંતી ઉઠયો તુરત, મહોલ થકી મનરંગ ।
અવ્યો અતિ ઉતાવલો, માત તાતને સંગ ॥૮॥
તાત ચરણ સુપરેં નમી, મિલ્યો મન હરખે માત ।
બાંધવ ભોજાઇ પ્રતે, પ્રણમી પુછે વાત ॥૯॥

## ॥ ઢાળ ૧ લી. ॥

(દેશી ચોપાઇની)

પુછે ધન્નો વિનયે વાત, કહો તાત એ શો અવદાત; મેં મુકયા હતા સુખ આવાસ, એહ અવસ્થા કિમ હુએ તાસ. ૧ તવ કહે તાત સુણો રે પુત્ર, તુમ જાતાં વિણુટયો ઘર સૂત્ર; લક્ષ્મી સવિ તુમ સાથે થઇ, મંદિર શોભા પણ તિમ ગઇ. ૨ રાજાનો ઉપન્યો અપમાન, ધન લીધો તિણે સકલ નિદાન; ધરતીનો ધન ધરતી ગલ્યો, શેષ રહ્યા તે અનલે બલ્યો. ૩ શેષાશેષ ગ્રહી ગૃહ સાર, ઉજ્જયનીથી કરિય જુહાર; ચાલ્યા પંથે થઇ આકલા, મારગ માંહી તસ્કર મલ્યા. ૪ લુટી લીધા અમને તિહાં, ફિરતા ફિરતા આવ્યા ઇહાં; કરિયે પેટ પુરણ અતિ દુ:ખે, તુજ વિરહે નવિ બેઠા સુખે. ૫ તુજ મિલવે હવે થયો સંતોષ; પામ્યા હવે અમે પુણ્ય પોષ; તું અમ કુલ મંડલ કુલ દીવ, કુલ આધાર ઘણો તું જીવ. ૬ તવ ધન્નો મન ચિંતે ઇશો, ભાગ્યોદય એહનો નહિ તિશો; પ્રચ્છન્ન પણ રાખી તિણે ઠામ, વસ્ત્રાભરણ થકી સુખદાય. ૭ કરી શોભા સહુની તિણિવાર, પછી પહોત્યો તે નિજ આગાર; તેડાવ્યા તિહાં વ્યવહારિયા, માન દેઇને પાસે લીયા. ૮ કુસુમપાલ ગૌભદ્ર સુભદ્ર, દેવપાલ મહિપાલ દેવેંદ્ર; અમિતેજ મહિતેજ દયાલ, પુણ્યપાલ જિનપાલ કૃપાલ. ૯ ધનપાલ ધર્મપાલ મયાલ, ભુદર શ્રીધર ને શ્રીપાલ; આસપાલ ગુણપાલ પવિત્ર, ખેમકરણ જયકરણ

સુચિત્ત. ૧૦ દેવકરણ કુંભકરણ સુવાસ, વિજયકરણ ગજકરણ ગોદાસ; જિનરક્ષિત જિનદત્ત જયંત, દેવદત્ત રૂષિદત્ત મહંત. ૧૧ સાગરચંદ શિવચંદ મુકુંદ, ગોવિંદ માધવ ધવલ આણુંદ; શંખ સુનંદ સુજશ જયશેન, વીરસેન મહસેન દેવસેન. ૧૨ ઇત્યાદિ આવ્યા શુભ રીત, ધન્નાશાહ મિલ્યા એક ચિત્ત; કર હય રથ શિણગારી કિયા, વ્યવહારી સવિ સાથે લિયા. ૧૩ વાજંતે વાજિંત્ર સુચંગ, ચાલ્યા તાત તેડણ મનરંગ; આવી તાતને લાગ્યા પાય, સહુ વ્યવહારી મિલ્યા તિણ ઠાય. ૧૪ કુશલાલાપ પુછે અન્યોન્ય, માત પિતા હરખ્યા બહુ મન્ન; માત તાત સુખાસને સાર, બાંધવને દિયા તરલ તુખાર. ૧૫ ભોજાઇ રથે બેસારિયાં, આદર માન વિશેષ દિયાં; તેડી આવ્યા નિજ આવાસ, સહુ સાજનની પુગી આશ. ૧૬ યાચક જનને સંતોષીયા, પરીઘલ પકવાને પોષીયા; ત્રીજે ઉલ્હાસે પહેલી ઢાલ, જિન કહે પુણ્યે મંગલ માલ. ૧૭

॥ દોહા ॥

ધન્ને પીણ ધીરજ ધરી, નિજ બાંધવને તામ ।
આપ્યાં મન ઉત્કર્ષથી, એક એક શત ગામ ॥૧॥
વસ્ત્રાભરણ ગૃહાદિકે, પોખ્યા ઘણું અતીવ ।
તો પણ ગુણ લેવે નહી, અવગુણ વદે સદૈવ ॥૨॥

યતઃ ॥ અનુષ્ટુબ્વૃત્તમ્ ॥ ખલઃ સત્કીયમાણોપિ, દદાતિ કલહં સતાં; દુગ્ધધૌતોપિ કિં યાતિ, વાયસઃ કલહંસતાં ॥૧॥

**ભાવાર્થ** :– સત્કાર કરાતો એવો પણ ખલ પુરૂષ જે તે, કલહસતાને આપે છે એટલે ઉદ્વેગ કરાવે છે; અર્થાત તે કદી પણ પોતાનું ખલપણું છોડતો નથી. જેમ કાગડાને દુધ વડે ધોયો હોય, તો પણ શું તે રાજહંસની પેઠે ધોલો થાય ? ન જ થાય. ॥૧॥

અણીખ અદેખાઈ ધરે; તે ત્રીણ્યે શઠ સિંહ; શામ વદન અહનિંશી રહે, ભાગ્યહીનમાં લીહ. ૩ તે દેખી ધનશાહજી, ચિંતે ચિત વિશેષ; એહને હિતકારણ ભણિ, હું જાઈશ પરદેશ ॥૪॥

**યતઃ ॥ ચાર્યાવૃત્તમ્ ॥ દીસઇ વિવિહચરીયં, જાણીજ્જઇ સજ્જણદુજ્જણવિસેસો; અપ્પાણં ચ કીલજ્જઇ હિંડજ્જઈ તેણે પુહવીએ ॥૨॥**

**ભાવાર્થ** :– પરદેશ જવાથી વિવિધ પ્રકારનાં ચરિત્ર દેખવામાં આવે છે. સજ્જન અને દુર્જનમાં શું ફેર છે ? તે જાણવામાં આવે છે અને આત્માની કલના થાય છે; તે માટે પૃથ્વીમાં ચાલવું જોઈએ. ॥૨॥

એ લક્ષ્મી એ ગૃહ પ્રમુખ, વિલસો એહ નિશ્ચીંત; સુખ સંયોગ લહીશું અમે, જો દેશે ભગવંત. ૫ ઇમ નિશ્ચય કરી ચિત્તથી, ગૃહી ચિંતામણી પાસ; એકાકી દઢ મન કરી, ચાલણ કિયો પ્રયાસ ૬ રાજાને પુછયો નહીં, ત્રીણ્યે સ્રીને તેમ; શ્વસુર પ્રમુખ સવિ સયણને, નાગ કંચુકી જેમ. ૭ છાંડીને ચાલ્યો ચતુર,- યામિનીયે તીણ તાલ; દેશવિદેશ વિલોકતો, નવનવ કૌતુક ખ્યાલ. ૮

॥ ઢાળ ૨ જી. ॥

(મગધદેશકો રાજ રાજેસર—એ દેશી)

ધન્નોશાહ તે પુણ્ય પ્રયોગે, ચિંતામણી સંયોગે; ચિંતત કાર્ય સકલ સાધંતો, ભાગ્યબલે સુખ ભોગે રે; ભવિયાં પુણ્યતણાં ફલ પેખો, પુણ્યે સયલ પદારથ સીઝે; પુણ્ય પ્રબલ જગ દેખો રે. ભ૦ પુ૦ ૧ એ આંકણી. વચ્છદેશે કોશંબી નગરી, અનુક્રમે તિહાં કણે આવે; સ્થાનક સુંદર લેઇ ધનથી, સુખમય કાલ ગમાવે રે. ભ૦ પુ૦ ૨ રાય સતાનિક તિહાંનો રાજા, સહસ્રાનિકનો બેટો; છત્રીશ રાજ્યગુણે કરી પુરો, ત્યાગી માંસ આખોટો રે. ભ૦ પુ૦ ૩

**યતઃ ॥ આર્યાવૃત્તમ્. ॥ શઠદમનાશઠપાલણ-માશ્રિતભરણં ચ રાજ્યચિન્હાનિ; અભિષેકપટ્ટબંધો, વાલવ્યજનં વ્રણસ્યાપિ. ॥૧॥**

**ભાવાર્થ** :– શઠને દમવું, અશઠનું પાલણ કરવું અને આશ્રિત જનો એટલે શરણે આવેલાનું ભરણ પોષણ કરવું, એજ ત્રણ રાજ્યચિન્હ છે; પરંતુ શઠદમનાદિક વિના રાજ્યાભિષેક મસ્તકે પટ્ટબંધ અને બન્ને બાજુ ચામરોનું વિંજાવવું તે ગુમડા તુલ્ય છે. અર્થાત્ ગુમડાને જેમ પાણીનો અભિષેક, પાટો અને માંખીઓનું ઉડાડવું થાય છે, તેમ પૂર્વોક્ત રાજ્યચિન્હ વિના અભિષેકાદિક પણ ગુમડા તુલ્ય જાણવા. ॥૧॥

જેહની ભગિની જયંતી જાણી, સતિયો માંહે ગવાણી;

બાલકુમારી પ્રથમ શય્યાતરી વીરે, જેહ વખાણી રે. ભ૦ પુ૦ ૪ રાય સતાનિકની પટરાણી, મૃગાવતી સપરાણી; ચેડા મહારાજાની પુત્રી, ચાવી જગમાં જાણી રે. ભ૦ પુ૦ ૫ પુત્ર ઉડાયન નામે શુરો, સકલ કલાએ પુરો; વીણા નાદ વિશેષે વજાવે, ગાંધર્વિક ગુણે પુરો રે. ભ૦ પુ૦ ૬ સૌભાગ્યમંજરી નૃપની બેટી, રૂપે રતિની જોડી; લક્ષ્મીની પરે લક્ષણવંતી, કોય ન દીસે ખોડી રે. ભ૦ પુ૦ ૭ રાય સતાનિકને ભંડારે, સહસ્રકિરણ મણિ સોહે; પેઢી પરંપર સહુકો પુજે, દર્શન કરી દિલ મોહે રે. ભ૦ પુ૦ ૮ પણ તેહનો ગુણ કોય ન જાણે, તવ નૃપે પરીક્ષક તેડયા; માન દેઇને મણિ ગુણ પુછે, પણ કોઇ ન કહે છેડયા રે. ભ૦ પુ૦ ૯ તવ નૃપે નગરમાં પડહ વજાયો, સુણજો સકલ લોકાઈ; જે એ મણિનો ગુણ દેખાડે, પ્રત્યય પ્રગટ બનાઈ રે. ભ૦ પુ૦ ૧૦ તેહને નૃપ ત્રુઠયો દિયે હરખે, પાંચશે ગામ ઉદાર; પાંચશે હાથી પાંચશે ઘોડા, વલિ દે અવર પ્રકાર રે. ભ૦ પુ૦ ૧૧ બેટી ગુણની જે છે પેટી, સૌભાગ્યમંજરી સારી; પરણાવે નૃપ તેહને રંગ, મણિ પરીક્ષક જે વિચારી રે. ભ૦ પુ૦ ૧૨ સાંભલી પડહ છબ્યો તે જાણી, ધન્નાશાહે તામ; રાજસભામાં આવ્યો વેગે, નૃપને કરી પ્રણામ રે. ભ૦ પુ૦ ૧૩ દેખી નૃપ લઘુ વયથી બોલે, રે વચ્છ ! તું હજી નહાનો; રત્ન પરીક્ષા કરવા સમરથ, કોઈ ન પરગટ છાનો રે. ભ૦ પુ૦ ૧૪ બુદ્ધિ વિશેષ જો હોયે તુમચી, તો એ મણી

ગુણ દાખો; ઢાલ એ બીજી ત્રીજે ઉલ્હાસે, જિન કહે મન દૃઢ રાખો રે. ભ૦ પુ૦ ૧૫

## ॥ દોહા ॥

કહે ધન્નશાહ નૃપતિ સુણો, રત્ન પરીક્ષા વાત ।
શાસ્ત્ર સકલ જોયાં અછે, ગુરૂ સમીપ સુવિખ્યાત ॥૧॥
હીરો મોતી નિલમણી, માણિકય મરકત સંચ ।
મૂલ રત્નના ભેદએ, શાસ્ત્રે બોલ્યા પંચ ॥૨॥
પુષ્કરાજ વૈદુર્ય તિમ, વિદ્રુમ ને ગોમેદ ।
એ ચારે ઉપરત્નના, દાખ્યા છે શુભ ભેદ ॥૩॥
એ નવ રત્નને આશ્રયા, નવ ગ્રહ છે નિરધાર ।
ફલ પણ દેખાડે તુરત, શ્રેષ્ટ નેષ્ટ તિણિવાર ॥૪॥
પદ્મરાગ રવિ મૌક્તિક શશી, વિદ્રુમ ભોમ વિખ્યાત ।
બુધ મરકત ભૃગ વજ્ર તિમ, પુષ્કરાજ ગુરૂ જાત ॥૫॥
ઇંદ્ર નીલ શનિનો કહ્યો, રાહુ ગોમેદ ગણિજજ ।
કેતુ વૈડુર્ય તે લસણિયો, નવ વિધ એહ ભણિજજ ॥૬॥
સ્ફટિક રત્ન ચિહું ભેદથી, સૂર્યકાંત શશિકાંત ।
હંસગર્ભ જલકાંત તિમ, ગુણ નિષ્પન્ન એકાંત ॥૭॥
સાઠ ભેદ છે રત્નના, રત્નપરીક્ષા માંહ ।
ગુણ અવગુણ પણ તેહના, દાખ્યા છે સોચ્છાહ ॥૮॥

## ॥ ઢાળ ૩ જી ॥

(કાજ સીધ્યાં સકલ હવે સાર.—એ દેશી.)

પીરોજા અવર પ્રકાર, નીલ છાંયાવંત ઉદાર; પીત રકત પ્રભા પણ હોવે, શામ રંગ તે સવિ વિષ ખોવે ૧

એ ચારે પીરોજા જાતે, ગુણ એહના નવ નવ ભાંતે; પારાપત ગ્રીવા રંગે, મણિ સિંદુર વર્ણ અભંગે. ૨ રેખા-ચુત અવર પ્રકાર, મણિ ભેદ અનેક વિચાર; હવે ચિંતા-મણિનો ભેદ, નિસુણો કહું ટાલી ખેદ. ૩ હીરાની કાંતિ સમાન, ભાસુર અતિ દેદિપ્યમાન; રેખા ત્રિણ્યે કરી ચુક્ત, મણિ દોષ થકી વિપ્રમુક્ત, ૪ ષટકોણ જલો પર તરતો, સવાટાંક પ્રમાણે ધરતો; તે ચિંતામણિ ઇમ કહીએ, સેવ્યાથી સવિ સુખ લહિયે. ૫ રતિ ઉપરલો જેહ રત્ન, તેહનાં કિજે બહુ યત્ન; રત્નાકરનો નિષ્પન્ન, સ્વાભાવિક ઘાટ સંપન્ન. ૬ તેહ રત્ન સકલ આપે, ખંડિત દુઃખ સ્થાનકે થાપે; હવે મૌક્તિક આઠ પ્રકારે, ઉત્પત્તિ કહી અનુસારે. ૭ છીપોદર ગજ ને શીશ મચ્છ શંખ વરાહ જગીશ; વશમુલ મંડુકને નાગ, એ આઠ સ્થાનક શુભ લાગ. ૮ મણિરત્ન તણા બહુ ભેદ, દાખ્યા શાસ્ત્ર તજીને ખેદ; તુમ મણિ એ છે બહુ મુલ્ય, ચિંતામણી રત્નને તુલ્ય. ૯ એહ મણિને રાખી સંગ, કરે યુદ્ધ તે હોય અભંગ; એહ જેહને ગૃહે પૂજાયે, ઇતિ સાત તિહાંથી જાયે. ૧૦ ભુત પ્રેતાદિક સાક્ષાત, જે કોપ્યા કરે ઉત્પાત; તે પણ એહ રત્ન પ્રભાવે, શુભ શાંતિ હોવે વડદાવે. ૧૧ જ્વર વમન શુભાદિક રોગ, તે એ મણિને સંયોગ; સવિ કષ્ટ તે દુરે થાવે, જીમ રવિ તેજે તમ જાવે. ૧૨ એહનો પ્રત્યય તમે દેખો, સુવિશેષ થકી તુમે પેખો; મહોટો એક થાલ મંગાવો, શુભ શાલિ કણેથી ભરાવો. ૧૩ મધ્યસ્થાને એ મણિ મુકો, પછે નિરખંતાં મત ચુકો;

કોઇ પંખી જાતં ન ખાશે; તો એ મણિ પરીક્ષા થાશે ૧૪ રાજાયે તતક્ષણ કીધો, કોઇ પંખીયે કણ નવિ લીધો. મણિ લીધો થાલથી જામ. કણ ખાધા પંખીએ તામ ૧૫ સુણો સ્વામી રત્નનો એહ; પ્રત્યક્ષ પ્રતાપ અછેહ, થાલ પાસે ભમણ ખગે કીધો. કણ માત્ર કિણે નવિ લીધો ૧૬ તિમ એ મણિ જેહની પાસે, વૈરી અહ ઇતિ તે નાસે; ભુતાદિક તેહને નવિ કોપે, એહ મણિને કોય ન લોપે ૧૮ સુણી રાજા પ્રત્યય પામ્યો, મન હરખ્યો જે હુવો કામો; ધન્નાને દ્યે સનમાન, પરખ્યો એ બુદ્ધિ નિધાન ૧૭ જોતાં મિલ્યો જુગતે જમાઇ, પુત્રીની પુરણ પુન્યાઇ; ત્રીજે ઉલ્હાસે સવાઇ, ઢાલ ત્રીજી જિન ઇમ ગાઇ ૧૯

## ॥ દોહા ॥

રાજાયે તવ ધન પ્રતે, કરી ઓચ્છવ શ્રીકાર ।
પુત્રી પરણાવી તુરત, સૌભાગ્યમંજરી સાર ॥૧॥
ગ્રામ પંચ શત સોપિયાં, તિમ હય ગય શત પંચ ।
બીજો પણ દીધો બહુલ, વસ્ત્રાદિક સવિ સંચ ॥૨॥
સુખ વિલસે દંપતિ સુખે, ચક્રવર્તી સમ ભુર ।
બુદ્ધિ તેજ બલવંત તસ, જીમ ગયણાંગણ સુર ॥૩॥
કોસંબીથી બાહિરે, વાશો ધનપુર ગામ ।
ગઢ મઢ પોલ પ્રસાદથી, સુંદર અતિ શુભ ઠામ ॥૪॥
જિનમંદિર મહોટાં રચ્યાં, થાપ્યા શ્રી જિનરાજ ।
પુજા સત્તર પ્રકારથી, દિન દિન અધિકે સાજ ॥૫॥

ચોરાશી ચહુટાં સુભગ, બિસરી તિહાં બજાર ।
વરણ અઢાર વિશેષથી, કરે વિવિધ રોજગાર ॥૬॥
સુખ સઘલો તિહાં લોકને, પણ નહિ નહિ ય નિવાણ ।
તિણે આતુર ધન્નો રહે, જલ વિણ શો અતિ ઠાણ ॥૭॥
ઇમ ચિંતીને તતક્ષણે, સર કરવા સુવિલાસ ।
સ્થાનક નિરખીને દુરસ, આરંભ્યો આયાસ ॥૮॥
શુભ વેલા અવલોકને, માંડયો કાર્ય મહંત ।
મહેનતીયા મહેનત કરે, ઉચ્છક પણે અત્યંત ॥૯॥
એક કર્ષ અબલા પ્રતે, પુરૂષને દોય દિનાર ।
ભોજન ચોલા તૈલથી, ટંક દોય વ્યવહાર ॥૧૦॥
ધન્નો રાજગૃહી થકી, નિસરીયો તિણિવાર ।
જે જે કારણ નિપન્યો, તે નિસુણો અધિકાર ॥૧૧॥

## ॥ ઢાળ ૪ થી ॥

( ક્ષણ લાખીણીરે જાય—એ દેશી. )

ધન્નોશાહ જવ નિસર્યોજી; છંડી નારી પ્રસંગ, નારી ત્રિણ્યે તતક્ષણે જી; નવિ દેખે પિયુ સંગરે, પ્રીતમ કિહાં ગયા અમને રે છોડી, હાંસીની વેલા નહીંજી. આવો વાલમ દોડીરે પ્રી૦ ૧ આંકણી. અમે તુમ પાલવ બાંધિયાજી; તુમે અમચા ભરતાર. તુમ આધાર વાલેશરૂજી જીવ જીવન નિરધારરે પ્રી૦ ૨ માત પિતાયે તુમ પ્રતે જી, સોંપ્યાં પંચની સાખ; કેડ ન છોડું જીવતાં જી; તે નિશ્ચય મન રાખ રે પ્રી૦ ૩ એ મંદિર એ માલિયાંજી; એ સુખસેજ સુવાસ, સરવે વલ્લભ તિહાં લગે જી. જિહાં

લગે તું પિયુ પાસરે પ્રી૦ ૪ ઇમ કહેતી ત્રિણ્યે સતી જી, જોયા સયલ આવાસ; નવિ દીઠો વલ્લભ તદા જી; આવી સાસુ પાસ રે પ્રી૦ ૫ અમ પ્રાણેશ દીસે નહી જી, અમ મંદિર ઇણિવાર; બાઇજી તુમ જાયા પખે જી; અવર કવણ આધાર રે પ્રી૦ ૬ ઇમ કહેતી રડતી થકી જી, તે ત્રિણ્યે તિણિવાર; વિરહ વિલાપ કરે ઘણા જી. કહેતાં નાવે પાર રે પ્રી૦ ૭ શીલવતી પણ સાંભલી જી; ધરણી ઢલી તતખેવ; વારંવાર એ પુત્રનો જી. વિરહ દિયે કાં દેવ રે પ્રી૦ ૮ તું મુજ આંધા લાકડી જી; કુલમંડણ કુલ ભાણ; પર ઉપગારી પરગડો જી; પૈતૃક દુઃખનો જાણ રે પ્રી૦ ૯ વય પાકી હવે અમ તણી જી; તું કિમ મુકીરે જાય; ઘડપણ મેં સેવા તણો જી. ફલ અધિકો કહિવાય રે પ્રી૦ ૧૦

**યતઃ અનુષ્ટુબ્વૃત્તમ્ પતિતાઃ પિતરસ્ત્યાજ્યાઃ, માતા નૈવ કદાચન; ગર્ભધારણપોષાભ્યાં. ભવેન્માતા ગરીયસી. ૧.**

**ભાવાર્થ**:– પતિત થએલા પિતા ત્યાગ કરવા યોગ્ય છે; પરંતુ માતા તો કદિ પણ ત્યાગ કરવા યોગ્ય નથી, કારણ કે. ગર્ભધારણ અને પોષણ કરવાથી માત વધારે માન્ય છે. ૧

ઇમ નિષ્ઠુર મન તુમ તણો જી, કિમ થાયે છે રે પુત, તુજ વિણ ક્ષણમાં અમ તણો જી. વિલસે છે ઘરસુત્ર રે પ્રી૦ ૧૧ ધનસારે પણ સાંભલી જી, પુત્ર ગમ-

નની રે વાત; શોકાતુર વિલવે ઘણું જી, કરે અશેષ અશ્રુપાત રે પ્રી૦ ૧૨ ભોજાઇ ત્રિણ્યે તિહાં જી આવી તે સમકાલ; ધન્ના ગુણથી ગોરડીજી ઝુરે હ્રદય વિચાલ રે. દેવર૦ ૧૩ અમને તુમે સુખીયા કીયાં જી, વારંવાર પવિત્ર; ભાગ્યહીન છું અતિ અમે જી. તુમે દેવર સુચરિત્ર રે દે૦ ૧૪

**યતઃ આર્યાવૃત્તમ્. સાયર તુઝ ન દોસો, દોસો અમ્હાણ પુવ્વકમ્માણં; રયણાયરંમિ પત્તો, સાલૂરો હત્થ મે લગ્ગો ૨**

**ભાવાર્થ** :- હે સમુદ્ર ! આમાં તારો કાંઇપણ દોષ નથી, દોષ તો અમારા પૂર્વ કર્મનોજ છે, કેમ કે, રત્નની ખાણ એવો તું મલ્યા છતાં, મારાં હાથમાં તો પત્થરજ આવ્યો ! ૨

દોષ નથી ઇહાં તુમ તણો જી, છે અમ દોષ સુજાણ; પણ શું કીજે તેહશું જી, કોઇ ન ચાલે પ્રાણ રે દે૦ ૧૫ અમ અવગુણ જો દેખશોજી; તો અમ કોય ન ઠાય, સજ્જન કલ્પદ્રુમ કહ્યા જી. દુહવ્યા ફલ દેઇ જાય રે દે૦ ૧૬

**યતઃ સોઉ સજ્જન અંબ સમ, અવગુણ તજી ગુણ લેય; દોઉ તથે પત્થર હણે, દોઉ તથે ફલ દેય ૩**

**ભાવાર્થ**-તેજ સજ્જન કે; જે આંબાના વૃક્ષ જેવા હોય છે, કેમકે કોઇ માણસ જો તેને પથરો મારે છે. તો તે આંબાનો વૃક્ષ ઉલટો તેને ફલ આપે છે. ! ૩

રાત્રિ સકલ સવિ સયણને જી, રૂદન કરંતાં વિહાય; પ્રત્યુષે નૃપ પ્રમુખને જી, સવિ વિરતાંત જણાય રે પુતા૦ ૧૭ ઠામ ઠામ તુરિ દોડવ્યા જી, મુકયા પ્રેષ્ય અનેક; પણ ધન્નાશાહની તિહાં જી, ખબર ન લાવ્યો એક રે પુતા૦ ૧૮ વિસ્મય સવિ પામી રહ્યા જી, દેખી ધન્ન ચરિત્ર; ત્રીજે ઉલ્હાસે જિને કહી જી, ચોથી ઢાલ પવિત્ર રે પુતા૦ ૧૯

॥ દોહા ॥

રાય કોપી ધનસારને, કહે રે સાંભળ શેઠ ।
અમ જમાઇ ઉપર અધિક, રાખી વિરૂઇ દ્રેઠ ॥૧॥
અમ જમાઇ જાત થકે, અમે મુઝાંણા આજ ।
બુદ્ધિવંત નહિ અવર કો જેહ ચલાવે કાજ ॥૨॥
અભય કુમરના વિરહથી, દાઝયા હુતા પુર ।
ઊપર લુણ થયો ઇહાં, વિરહ ધન્નાનો ભુર ॥૩॥
અમ પુત્રી દુઃખણી થઇ, પતિ વિયોગથી પ્રાય ।
એહ સયલ અસ્વાસ્થિનો, કારણ તું હિ કહાય ॥૪॥
તવ બોલ્યો ધનસાર ઇમ, નૃપને કરી પ્રણામ ।
ધનપતિ મુજ વલ્લભ ઘણો, આશાનો વિશ્રામ ॥૫॥
મુજથી દુઃખ પામ્યો નથી, પણ એ અગ્રજ વેણ ।
નિસુણી રાત્રે નીકળ્યો, છડી સઘલો સેણ ॥૬॥

યતઃ ॥ અનુષ્ટુબ્વૃત્તમ્ ॥ રે જિહ્વે કુરૂ મર્યાદાં, ભોજને વચને તથા; વચને પ્રાણ સંદેહો ભોજને ચ અજીર્ણ. ॥૧॥

**ભાવાર્થ :–** હે ભીમ ! તું ભોજન કરવાને વિષે અને વચન બોલવાને વિષે મર્યાદા રાખ કારણ કે, જો વચનને વિષે મર્યાદા નહિ રાખે તો, કોઇ વખત જીવ જશે અને ભોજનને વિષે મર્યાદા નહી રાખે તો અજીર્ણ થશે. ॥૧॥

સુણી ભુપતિ તે ત્રિણ્યને, દંડી લીધો દામ; ગ્રામ પ્રમુખ ખોંચી લિયાં પાડી સઘલી મામ. ૭ ધન હીણો ધનસારજી, થયો તે થોડે કાલ; ન મિલે અસન વ્યસન પ્રમુખ, દુઃખ પામે અસરાસ. ૮ ધન હીણો શોભે નહીં, જયુ આવલનો ફુલ; ધનવંતો આદર લહે, ચંપા ફુલ અમુલ. ૯

**યતઃ ધનમર્જય કાકુસ્થ, ધનમૂલમિદં જગત્;**
**અંતરં નૈવ પશ્યામિ, નિર્દ્ધનસ્ય શબસ્ય ચ ॥૨॥**

**ભાવાર્થ :–** હે રામ ! તું ધન પેદા કર, કારણ કે આખું જગત્ ધનના ઉપર આધાર રાખનારૂં છે; કેમકે નિર્ધન અને નિર્જીવ એવું મડદું, તેને વિષે હું કાંઇ ફેર દેખતો નથી. અર્થાત જો પાસે ધન હોય, તોજ સહુ માન આપે છે; પરંતુ કોઇ મડદાની પેઠે નિર્ધનના સામું જોતું નથી. ॥૨॥

## ॥ ઢાળ ૫ મી ॥

(ત્રિપદીની દેશી.)

ધન ઉજ્જિત ધનસાર રે, ચિત્તમેં ચિંતવે;
ઇહાં રહેવો જુગતો નહીં એ, મહોટાશું સંબંધ રે,

સગપણનો સદા; તિણે કરી લાજીજે સહી એ. ૧ ધન્ના વિણ ઘરસૂત્ર રે, ધુલ મિલી ગયો; લાજ ગઇ સવિ માહરી એ, તિણે કરી હવે પરદેશ રે; પિંડને પાલશું, મુલ મજુરીને કરી એ. ૨ ધન્નાશાહની નાર રે, ત્રિણ્યે તેડીને; સુપરે સુસરોજી કહે એ, પીયર જાઓ પુત્ર રે; સુખમેં તિહા રહો, તુમપતિ દુઃખ અમને દહે એ. ૩ અમે જાશું પરદેશ રે, ધન્નાશાહભણી; ગોતિ કરીને લાવશું એ, જો મિલશે એ પુત્ર રે; તો તેહને ઇહાં, તેડી વહેલા આવશું એ. ૪ સોમશ્રી કુસુમશ્રીરે, સુસરાજ્ઞા થકી; પ્રણમીને પીયર ગઇ એ, કહે સુભદ્રા તામ રે; સાશ્રુ લોચન કરી, વિનય થકી અવનત થઇ એ. ૫ હું આવીશ તુમ સાથ રે, નિશ્ચયથી કરી; તુમ સેવા કરતી થકી એ, સ્ત્રીને રહેવો સાસ રે; પ્રતિપક્ષે સદા, શાસ્ત્રે પણ છે એ વકી એ. ૬ સ્ત્રીને પીયર જેમ રે, તિમ નર સાસરે; થિરવાસે મુનિને સહી એ, તેજ રહિત નૃપ તેમ રે; મંત્રી મતિ વિના, એટલા સુયસ લહે નહીં એ. ૭

**યતઃ ॥ સ્ત્રી પીયર નર સાસરે સંયમિયા સહવાસ ॥ એતા હોય અલખામણા, જો મંડે થિરવાસ ॥૧॥**

**ભાવાર્થ :–** સ્ત્રી પિયર, પુરૂષ સાસરે અને મુનિ એક ઉપાશ્રયમાં, એ ત્રણે પૂર્વોકત સ્થાનકમાં ઘણા દિવસ રહે, તો જરૂર અલખામણા થાય. ॥૧॥

જિણ દિન ધન હોય પાસ રે, પતિ સંગે હોવે; તે

દિન પિયર રૂયડો એ, પણ લહી આપદ યોગ રે, છંડી સાસરો, પિયર જાવો કુયડો એ. ૮ સુખ દુઃખ સવિ તુમ સાથ રે, સોગવિશું સદા; ધીર ધરો તુમે તાતજી એ, જો મિલશે પિયુ યોગ રે; પીયર હવે, આવશું સયલ સંપદ ભજી એ ૯ સુણી હરખ્યો ધનસાર રે, ધન ધન એ વહુ; સહુમેં એ આધાર છે એ, માત તાત ને ભ્રાત રે; સાસરિયાં થકી, લેખવીયા સઘલા પછે એ. ૧૦ ચાલ્યો હવે ધનસાર રે, રાજગૃહી થકી; અંગજ સ્ત્રી બધુ પરિવર્યો એ, વસ્ત્ર વિભુષણ હીન રે, દિનપણા થકી; ભંડોપગરણ શિરે ધર્યાં એ. ૧૧ અષ્ટ કરમથી જીવ રે, જીમ સંસારમાં; પરિભ્રમણાં કરે પરગડો એ, તિમ ધન-સાર તિવાર રે; આઠે જન થકી; દેશ વિદેશ ફિરે વડો એ. ૧૨ જોતાં વન આરામ રે, ગ્રામ ઘણાં ભમે; પણ થિરતા ન લહે કિહાં એ, કોશંબીપુરી પાસ રે, આવે અન્યદા, વાર્ત્તા વૃત્તિની લહે એ. ૧૩ ધનપુરમેં ધનશેઠ રે, શર ખાનન ભણી; આપે પ્રબલ આજીવિકા એ, સ્ત્રીને એક દિનાર રે, યુગ્મ પુરૂષ પ્રતે; તેલ ચોલાદિ હિતથકી એ. ૧૪ સુણી હરખ્યો ધનસાર રે, સાર ઉપાય એ; ઉદર ભરણ કરવા ભણીએ, ઢાલ પાંચમી એહ રે, ત્રીજા ઉલ્હાસની; કહી જિનવિજયે સોહામણી એ. ૧૫

॥ દોહા ॥

આવ્યો ધનપુરમેં તુરત, પતિવૃત તે ધનસાર ।
દેખે વ્યાપારી તિહાં, ભાંતિ ભાંતિ તિણિવાર ॥૧॥

નાણાવટી દોશી તિમજ, પારેખ ને મણિહાર ।
મૌકિતક મુકતાફલ ક્રયિક, ઘૃત તૈલાદિ વિચાર ॥૨॥
સોની ગાંધી સામટા, ફડીયા ને તાંબૂલ ।
સાથરિયા સુખભક્ષિકા, કારક તિહાં કરે મૂલ ॥૩॥
દેખી વ્યાપારી સકલ, પુછે તવ ધનસાર ।
વ્યાપારીને વણિજના, ધનનો કવણ દાતાર ॥૪॥
તવ તે કહે અમ નગરનો સ્વામી છે ધનસેઠ ।
તે ધન આપે વ્યાજ વિણ, ભાગ્યવંત લહી દેઠ ॥૫॥
નિર્ધનને પણ શર ખનન, કીધો છે આધાર ।
સાંભળીને હરખિત થયો, પુકિર યુત ધનસાર ॥૬॥

## ॥ ઢાળ ૬ ઠ્ઠી. ॥

( નદી યમુનાકે તીર ઉડે દોય પંખીયાં.—એ દેશી, )

પુત્ર સહિત ધનસાર સરોવરમેં તદા, કરે તિહાં ખનનનું કાર્ય ધરી મનમેં મુદા, બાંધી કછોટા તંત્ર સુરંગ પણે કરી કોશ કોદાલી તેમ ખણે તે કરે ધરી ૧ શિલવતીની સાથ વહુચારે તિહાં, માટી વહે ભરી પાત્ર તે ખાત્ર ખણે જીહાં, કિલીષ્ટ કાર્ય કરી એમ દિવસ સવિ નિર્ગમે. ભોજન ચોલા તૈલ પ્રભાત સંધ્યાસમે ૨ એહવે ધનપતિશાહ સરોવર દેખવા, આવે ધરીય ઉમાહ કારીગર પેખવા, સાથે સવિ સામંત મંત્રીશ્વર નૃપ તણા. શેઠ સેનાપતિ વૃંદ સેવક પણ અતિ ઘણા ૩ શિરપર સોવન છત્ર રજ પરે ઝગમગે; યાચક ભોજક ભાટ અનેકતે ઓલગે, જય જય તું ચિરંજીવ તું દુસ્થિત

દુઃખ હરૂ; આશ્રિત જન આધાર સયણુને સુખકરૂ ૪ આવી સરોવર પાલ જોવે ચિહું દિશિ ફિરી; સરોવર કેરો કામ તે ઉદ્યમ મન ધરી, દેખો તાતને માત બાંધવ ભાભી વહુ. ચિંતે ચિત્ત મઝાર એ કિમ આવ્યાં સહુ ૫ જોઇને નિરધાર કરી મન ચિંતવે; માત પિતાને ભાત પ્રમુખ સવિ સંભવે, પણ મુજ કામિની એહ સુભદ્રા ભામિની. માટી વહે સહે કષ્ટ દેખો ગતિકર્મની ૬

યતઃ- અનુષ્ટુબવૃત્તમ્‌।। કૃતકર્મક્ષયો નાસ્તિ, કલ્પકોટીશતૈરપિ, અવશ્યમેવ ભોકતવ્યં, કૃતં કર્મ શુભાશુભં ૧

ભાવાર્થઃ- અબજોના અબજો કલ્પ (યુગ) જાય; તો પણ કરેલા કર્મનો ક્ષય થતો નથી, કેમકે; સારૂ અથવા નરતું. જે કર્મ કરયું હોય. તે અવશ્ય ભોગવવું જ પડે છે. ૧

કર્મવશે દમયંતી નલ પ્રિયા દુઃખ લહે; રામ ઘરણી તિમ સીત લંકાગઢ દુઃખ સહે, કલાવતીને કર્મ ઉદય આવ્યા યદા. શંખ નૃપે ધરી રોષે છે દાવ્યા કર તદા ૭ સુરસુંદરીને કંત વને મેલી ગયો; દ્રૌપદીને વનવાસમેં દુઃખ બહુલો થયો, પ્રભાવતીને કંત વિયોગ થયો વલી. મૃગાવતીનો કષ્ટ તે જાણે કેવલી ૮ નૃપ પવનજય નારી લહે દુઃખ અંજના, નર્મદાસુંદરી તેમ કરી પતિ રંજના, મયણરેહા સતી કષ્ટ લહી તે સહુ કહે.- અચ્ચંકારી તેમ અતુલ પીડા સહે ૯ ચંદનબાલ વિશાલ ગુણેથી વખા-

ણીએ; કર્મોદયથી તેહ વેચાણી જાણીએ, હરિશ્ચંદ્રરાયને પુત્ર સ્ત્રી તારાલોચના. વેચાણાં પરતક્ષ શી કરવી સોચના ૧૦ દેખો કર્મની વાત આવી બની એહને, ભોગીભમર શાલિભદ્ર બાંધવ છે જેહને, ગૌભદ્ર સમ તાત માત ભદ્રા સતી, મુજ સરિખો ભરતાર ને સુખ ન લહે રતી ૧૧ જુઓ જુઓ માત ને તાત અનેક વિપદ સંહે, ઉદર-ભરણને કાજ ઉપલ મસ્તકે વહે. જગમેં દુર્ભર પેટ કહ્યો છે શાસ્ત્રમેં, કુણ કુણ ન કરે અકાજ જુઓ તે અનુક્રમે ૧૨

**યતઃ સવૈયો તેત્રીશો; ભુખ કુલીન કરે અકુ-લીનકે ભૂખ ઘરો ઘર ભીખ મગાવે, નીચકી ચાકરી ભૂખ કરાવે નિર્મલ બંશકુ મેલ લગાવે, ભૂખ ભમાવે વિદેશ વિપત્તિમેં દિન દુઃખી મસ-કીત કહાવે, ભૂખ સમો નહી દુઃખ જસા કોઇ પાપિણી ભૂખ અભક્ષ ભખાવે ૨**

દેખો ધનાવહ શેઠ અભક્ષ ભક્ષણ કરયો, સુસમા પુત્રી માંસ ભખી તનુ નિજ ધરયો, ઉદરાથેં નલરાય સુઆરપણો કીયો. ઘર ઘર મુંજ નરેશ માગ ટૂકડો લીયો ૧૩ આષાઢભૂતિ આહાર નિમિત્તે વિદ્યા કરી નવ નવ રૂપ બનાય મોદક લિયા ફિરી ફિરી, રાય યશોધર માંસ ભખ્યો નયનાવલી; દુભર ઉદરને કાજ અકાજ કરે વલી ૧૪ કર્મતણે વશ ભાત એ દુઃખ બહુલાં સહે, લક્ષ્મી ગૃહ સુખવાસ તિહાં એ દુઃખ લહે, ન લહે વિનય વિવેક વિચાર આચાર એ. માન મગન રહે મસ્તન ધર્મ વિચાર એ ૧૫ એહના સંગથી માત અશાત ઘણી સહે,

તિમ વલી તાત વિખ્યાત વિટંબનતા લહે, ભોજાઇ પણ ભ્રાતૃથી આપદમેં પડી, મુજ રામા ઇણ સાથ લહે દુઃખ બાપડી ૧૬

યતઃ અનુષ્ટુબવૃત્તમ્. કુસંગા સંગ દોષેણ, સાધવો યાંતિ વિક્રિયાં; એક રાત્રી પ્રસંગેન. કાષ્ટઘંટા વિટંબના ૩

**ભાવાર્થ** :– ખરાબ માણસની સોબતથી સારા માણસો પણ વિક્રિયા પામે છે; કારણ કે, હરાઇ ગાયની સાથે (સારી ગાયને) એક રાત સોબત રહેવાથી બે પગ વચ્ચે લાકડું અને ગલામાં ઘંટડીની વિટંબના થઇ. ૩

હવે હું માતાને તાત પ્રિયા પ્રતિપાલશું એ બાંધવને દુર કરી રખવાલશું, આલોચી વાત ધન્ને ધીરજ ધરી. ત્રીજે ઉલ્હાસે ઢાલ છઠી જિન જયવરી ૧૭

## ॥ દોહા ॥

તાત પ્રતે પુછે તુરત, ધનપતીશાહ સુજાણ ।
કવણ તુમે કોણ ગ્રામથી, આવ્યા છો ઇણ ઠાય ॥૧॥
તવ લજ્જાથી ગોપવી, અવર કહ્યો અધિકાર ।
પણ ધન્ને નિશ્ચય કિયો, એહ સહી નિરધાર ॥૨॥
ધન્નોશાહ ચિત ચિંતવે, ધન વિણ લાજે એહ ।
તિણે કરી નિજ કુલ ગોપવે, તીણુયેં નહી સંદેહ ॥૩॥
ઊપરવાઇને કહે, ડોસો ડોસી વૃદ્ધ ।
એહને ઘૃત ગુડ અન્ન શુભ, દેજો તુમે અવિરૂદ્ધ ॥૪॥
સર્વ ભૃત્ય વૃદ્ધ એ; થાપે કરી આદેશ ।
તવ ધનસાર ખુશી થયો, તુઠયો મુજ ઇંહ્યેશ ॥૫॥

## ॥ ઢાલ ૭ મી. ॥

(સીતા તો રૂપે રૂડી.–એ દેશી.)

હવે બીજે દિન ધન્નો આવે તિહાં અતિ સુપ્રસન્નો હો; સુકૃત ફલ એહવાં, એ આંકણી બોલાવે હિત આણી, ધનસાર ભણી શુભ વાણી હો. સુ૦ ૧ તાંબુલાદિક તસ આપે, તવ હર્ષ ઘણો તસ વ્યાપે હો; સુ૦ ત્રીજે દિન તિમ હેવ, ધનપતિ આવે ધરી ટેવ હો. સુ૦ ૨ વસ્ત્ર અનેક અણાવે, સવિ ભૃત્ય પ્રત્યે તેડાવે હો; સુ૦ વસ્ત્ર દિયે તસ તામ, અતિ હરખ્યા ભૃત્ય સુકામ હો. ૩ પછે વૃદ્ધ પ્રતે તેડાવે, અંબર ઉત્તમ પહિરાવે હો; સુ૦ માતા પ્રતે પટકુલ, દિયે હર્ષ ધરી બહુ મુલ્ય હો. સુ૦ ૪ ભ્રાતૃને સમ પરીણામે, દિયે સુંદર વસ્ત્ર સુકામે હો. સુ૦ ભ્રાતૃજાયા પણ આવે, સાડી તસ શુભ પહિરાવે હો. સુ૦ ૫ એક ચીર અમુલિક સાર, આપે કાંતાને તિણિવાર હો; સુ૦ સાવ પરિકરને સંતોષી, ધનસાર પ્રતે કહે પોષી હો. સુ૦ ૬ સુણો તુમે છો વૃદ્ધ સુજાત, તુમ ગુણ અમ ચિત્ત સુહાત હો; સુ૦ કિશી વાતે દુઃખી મત થાજો, જે જોઈએ તે મંગાવજો હો. સુ૦ ૭ એ અમ ઘર છે સવિ તુમચા, તુમે તાત સ્થાનક છો અમચા હો; સુ૦ તુમ તનુયે ગરમી દિસે, અમે જાણીએ વિસવાવીસે હો. સુ૦ ૮ તિણે ચક્ર પ્રમુખ અમ ઘરથી, લીયો છાંડી ત્રપાનવિ પરથી હો; સુ૦ એ તુમ વધુને તુમ કહેજો, સુખે કાલ ઇહાં નિર વહેજો હો. સુ૦ ૯ દેઇ આસાસના તિણે ઠામે,

મંદિર દ્યે રહેવા કામે હો; સુ૦ ઇમ પ્રતિ દિન ખબર તે લેવે, જે જોઇએ તે તસુ દેવે હો. સુ૦ ૧૦ ઘેર આવી કહે ધન્નશાહ, પ્રિયે સાંભલ મન ઉચ્છાહ હો; સુ૦ પરદેશી ઉત્તમ પ્રાણી, ઇહાં આવ્યા છે અમ જાણી, ઇહાં હો. સુ૦ ૧૧ તેહ છે વધુ ચારને, ગુણવંતી અતિ મનુહાર હો; સુ૦ લેવા તે તક્ર જો આવે, તમે દેજો તવ ભલે ભાવ હો. સુ૦ ૧૨ પણ તેહમાં લઘુ છે જેહ, ધરજો તુમે તેહશું નેહ હો; સુ૦ તસ દેજો આદરમાન, વલી દેજો ફોફલ પાન હો. સુ૦ ૧૩ તિમ શાક પ્રમુખ સુવિચિત્ર દેજો તુમે પુણ્ય પવિત્ર હો; સુ૦ અતિ ગોરસ સરસ સવાદ, દેજો દિલ ધરી આલ્હાદ હો. સુ૦ ૧૪ ઇંમ શીખ દેઇં મન રંગે, ધનપતિ પણ રહે સુખસંગે હો; સુ૦ દ્વારપાલ પ્રમુખને ભાખ્યો, સહુ સેવકને પિણ દાખ્યો હો. સુ૦ ૧૫ હો શેઠ તિહાં ધનસાર, કહે વહુ પ્રતે સકલ વિચાર હો; સુ૦ તુમે જાઓ ધનપતિ ગેહ, તક્રાદિક લાવો દ્યો જેહ હો. સુ૦ ૧૬ તવ તે વહુ નિસુણી વાણી, વારૂ કહે મનમાં જાણી હો; સુ૦ ત્રીજે ઉલ્હાસે ગવાણી, ઢાલ સાતમી જિન ગુણખાણી હો; સુ૦ ૧૭

॥ દોહા ॥

હવે તે ત્રિણ્યે વધુ તિહાં, લેવા આવે તક્ર ।
સ્વચ્છ હિયે જલ સારિખી, નયન વદન કરી વક્ર ॥૧॥
ચોથે દિન તે લાજથી, આવે સુભદ્રા જામ ।

સૌભાગ્યમંજરી એ તિહાં, બેસાડી શુભ ઠામ ॥૨॥
આદર દેઇ અતિ ઘણો, આપે ગોરસ સાર ।
કહે ભાઇ તૂં આવજે, નિત પ્રતે મુજ આગાર ॥૩॥
તક્રાદિક પણુ અતિ અવલ, લેઇને તતખેવ ।
આવી તે નિજ સ્થાનકે, સાસુને દ્યે હવે ॥૪॥
તવ સુસરો સાસુ કહે, દેખો પુણ્ય પ્રકાર ।
ધનપતિ વધુ પ્રણિપતિ કરે, ભાગ્ય પ્રબલ મનોહાર ॥૫॥
નિસુણિ બીજી તે ત્રિણે, કહે સુણો સાસુ વાત ।
નિત પ્રતે પુત્ર વખાણતે, હાથથી ગયો વિખ્યાત ॥૬॥
વલી તેહની વધુને તુમે પરસંસો મરગટ્ટ ।
તે પણુ ધન્નાની પરે, જાશે કોઇક વટ્ટ ॥૭॥
દિવસે માટી શિર વહે, રાત્રે પડે ભુપીઠ ।
દેખો દેરાણી ભાગ્યબલ, કંત વિરહ અતી ધીઠ ॥૮॥
સુણી સુભદ્રા તે વચન, દાઝી દિલમે દીન ।
નયણેંથી આંસુ ઝરે, વિરહ વ્યથા લયલીન ॥૯॥

## ॥ ઢાલ ૮ મી ॥

(રતનશી ગુણુ મીઠડા રે.—એ દેશી)

એક દિવસ સુભદ્રા સતી રે, આવે તે લેવા છાશ; સૌભાગ્ય મંજરીએ તિહાં રે, બેસાડી લેઇ પાસ; બહિન કહો દુઃખ મુજ પ્રતે રે. ૧ એ આંકણી. તુમે છો ચતુર સુજાણુ; પ્રીતિ બંધાણી છે માહરે રે, તુમથી જીવન પ્રાણુ. બ૦ ૨ આંખ અરૂણ દિસે તાહરી રે, મુખ છબી અતિ દિલગીર; નિસાસા પણુ એવડા રે, નયણે ઝરે બહુ નીર.

બ૦ ૩ સુસરો સાસુ છે તાહરે રે, જેઠાણીને જેઠ; વર વારૂ હશે તાહરે રે, પિયર પણ હુશે નેઠ. બસ ૪ કે પિયર દુઃખ સાંભર્યો રે, કે દુહવી તુજ કંત; શી ચિંતા તુજ એવડી રે, કહે મુજને મતિવંત. બ૦ ૫ મુજથી અંતર એવડો રે, તુ કિમ રાખે મુદ્ધ; કહે અવદાત તુ તાહરો રે, જીમ હું જાણું શુદ્ધ. બ૦ ૬ આનન વસ્ત્રે આધોદતી રે, અધોમુખથી કહે તામ; બહિન કહું શી કર્મની રે, ગતી વિપરીત વિરામ; બહિન સુણો દુઃખ માહરૂં રે. ૭ એ આંકણી.

**યતઃ ॥ શાર્દુલવિક્રિડીતવૃત્તમ્ ॥ બ્રહ્મા યેન કુલાલવન્નિયમિતો બ્રહ્માંડો ભાંડોદરે, વિષ્નુર્યેન દશાવતારગહને ક્ષિપ્તો મહાસંકટે; રૂદ્રો યેન કપાલ પાણિપુટકે ભિક્ષાટનં કારિતઃ, સૂર્યો ભ્રામ્યતિ નીત્યમેવ ગગને તસ્મૈ નમઃ કર્મણે ॥૧॥**

**ભાવાર્થ:**— જે કર્મ વડે બ્રહ્મા કુંભારના ચાકની પેઠે બ્રહ્માંડ રૂપ ઘડાના પેટમાં કબજે રખાયો, વિષ્નુ દશ અવતારથી ભયંકર એવો મહોટા સંકટમાં નંખાયો, શિવ હાથમાં કાંચલી લેઇને ભિક્ષા માંગે છે અને સૂર્ય હંમેશાં ગગનને વિષે જેના વડે ભમે છે; તે કર્મને નમસ્કાર થાઓ. ॥૧॥

ગૌભદ્ર શેઠની અંગજ રે ભદ્રા ઉર અવતાર; બાંધવ શાલિકુમાર છે રે, ઇંદ્રતણે અનુહાર. બ૦ ૮ તાતજી પુત્રના સ્નેહથી રે, પુરે વંછત ભોગ; બત્રીશ વધુ અને

પુત્રને રે, આપે વંછિત યોગ. બ૦ ૯ તુજ પતિ નામે માહરે રે, છે ભર્ત્તાર સુરંગ; દાની માની ગ્યાની ભલો રે, ધરતો પ્રીતિ અભંગ. બ૦ ૧૦ શ્રી શ્રેણિક નૃપ પુત્રિકા રે, સોમશ્રી વિખ્યાત; કુસુમપાલ તનયા તીસી રે, કુસુમશ્રી શુચી ગાત. બ૦ ૧૧ તે પરણ્યો તિહાં પ્રેમથી રે, ઉત્તમ ગુણનો પાત્ર; કાંતા ત્રીણ્યેથી ક્રીડતો રે, સુગુણ સુરૂપ સુગાત્ર. બ૦ ૧૨ બંધવ વચણ વિશેષથી રે, છંડી સવિ પરિવાર; એકાકી કોઇ દેશડે રે, પહોત્યો છે નિરધાર. બ૦ ૧૩ તે જાતે લક્ષ્મી ગઇ રે, સતીય પરે તે સાથ; સુસરાદિક સવિ નિસર્યા રે, પરદેશે વિણ આથ. બ૦ નીર વિના જીમ કમલિની રે, સરોવર મેં સુકાય; તીમ ધન હિન મનુષ્યને રે, માન નહિ કીણ ઠાય. બ૦ ૧૫ કરવા ઉદર આજીવિકા રે, ઇહાં આવ્યાં ઇણીવાર; સર ખણીએ છીએ તુમ તણું રે, તુમચો છે આધાર. બ૦ ૧૬

યતઃ કિં કિં ન કિયં કિં કિં ન કાયવ્વં, કહ કહ ન નામિયં સીસં; દુપ્ભર ઉઅરસ્સ ભરણે, કિં ન કિય કિં ન કાયવ્વં. ॥૨॥

ભાવાર્થ :– શું શું ન કર્યું, શું શું નહિ કરવા યોગ્ય છે અને કોને કોને શીશ નથી નમાવ્યું ? અપિતુ આ દુઃખે ભરવા યોગ્ય એવા પેટને માટે શું ન કર્યું અને શું ન કરવાં યોગ્ય છે; અર્થાત્ સર્વે કર્યું અને સર્વે કરવા યોગ્ય છે ! ॥૨॥

ધનપતિશાહ પટંતરે રે, ભોજન કરતે વાત; સાંભળીને ચિત્ત ચિંતવે રે, ધન્ય ધન્ય એહ સુજાત. બ૦ ૧૭ સુચિ થઇ તામ સિંહાસને રે, બેઠો થઇ ઉજમાલ; ત્રીજે ઉલ્હાસે આઠમી રે, કહી જિન વિજયે ઢાલ. બ૦ ૧૮

॥ દોહા ॥

કહે ધન્નોરે ભામિની, તું પતિહીણી દિન ।
પ્રાણ ધરે પ્રાણેશ વિણ, કિણ રીતે દુઃખ લીન ॥૧॥
ફાટે કાલી ભુમિકા, જલ વિરહે તતકાલ ।
પ્રાણ ધરે પતિ વિરહથી, એ અચરિજ ઇણ કાલ ॥૨॥
સ્ત્રી કહે તવ લજ્જા કરી, આશાથી અહો શેઠ ।
આશા પાસે બાંધીયા, જીવ કરે છે વેઠ ॥૩॥

**યતઃ અનુષ્ટુબ્વૃત્તમ્. ॥ ઇયિમાશા મહારાજન, વિપરીતા હિ શૃંખલાઃ યેનબદ્ધાઃ પ્રધાવંતિ, મુકતાસ્તિષ્ટંતિ પંગુવત્ ॥૧॥**

**ભાવાર્થ**:—હે મહારાજા ! આ આશારૂપી સાંકલ બહુ તહેવાર છે; કેમકે, તે સાંકલવડે બંધાએલા પુરૂષો દોડે છે અને તેનાથી છુટા થએલા પાંગલાની પેઠે બેસી રહે છે, અર્થાત્ સામાન્ય સાંકલથી બંધાએલા માણસો હાલી ચાલી શકતા નથી પણ તેથી છુટા હરી ફરી શકે છે; પરંતુ આ આશારૂપી સાંકલ તો એવી તરેહવાર છે કે, એના પાસમાં પડેલા માણસો દોડ દોડ કરે છે અને તેથી મુકત થએલા પાંગલની પેઠે નિરાંતે બેસી રહે છે. ॥૨॥

તવ ધન્નો કહે સુંદરી, તે તું કિહાં લહેશ; ભોગવ ભોગ ભલા ઇહાં, વયણ પ્રમાણે કરેશ. ૪ એ યૌવન એ વસન સુખ, એ ભોજન એ વાસ; પામીને જે હારવે, પસતાવો પડે તાસ. ૫

## ॥ ઢાલ ૯ મી ॥

(હો કોઇ આણી મિલાવે સાજના.—એ દેશી)

હો વયણ સુણી વિષ સારીખાં, ધન્નાનાં તિણિવાર હો; દૃઢ મન કરી ધીરજ ધરી, બોલે સુભદ્રા બાલ હો; વયણ વિમાસી બોલીએ. ૨ એ આંકણી. જીમ રહે જગમાં મામ હો; અપકીરતિ અળગી હુવે, પરભવ પણ સુખ ઠામ હો. વ૦ ૩ પશ્ચિમ સૂરજ ઊગમે. ધરણી રસાતલ જાય હો; મેરૂ મહિધર જો ચલે, અગનિ તે શિતલ થાય હો. વ૦ ૩ ઉગ્ર તપે સશી સુર જ્યું, ધ્રુવ ચંચલ હોય હો; તો પણ સતી ચુકે નહી, હૃદય વિમાસી જોય હો. વ૦ ૪ સતિનો સત્વ મુકાવવા, કીધા જેણે ઉપાય હો; તે દુખીયા થયા દેખતાં, પામ્યા મરણ સહાય હો. વ૦ ૫ રાવણ સિતા મોહિયો, તે ખોયાં દશ શીશહો; લંકા લુટાવી તિહાં, રામ તણી તે રીસ હો. વ૦ ૬ પરમોત્તમ પરનારથી, રાચ્યો દ્રૌપદી રૂપ હો; કેશવ કોપ કરી તિહાં, ટાળ્યો તિહાંથી ભુપ હો. વ૦ ૭ પરનારીની સંગતે, જુઓ લલિતાંગ કુમાર હો; વિષ્ટા મંદિરમાં વશો, શબ શમ થયો તિણિવાર હો. વ૦ ૮ જુઓ મણિરથે અનરથ કીયો, મયણ રેહાને કાજ હો; તો તે નરકે

ગયો તદા, ડંક દિયો અહિરાજ હો. વ૦ ૦ ઇત્યાદિક અવદાત તે, શું નથી જાણુતા સ્વામ હો; શ્રાવક કુલ પામી કરી, રાખો નિજ મન ઠામ હો. વ૦ ૧૦ અગની પ્રવેશ કરૂં અમે, વલિ કરૂં ઝંપાપાત હો; વિષ ભક્ષણ જલ આગમેં, રસના છેદન ઘાત હો. વ૦ ૧૧ પણ અણઘટતા કામનો વયણ ન સાંભલુ કાન હો; ઇંદ્ર ચંદ્ર નાગેંદ્રથી, ન ચલું શિયલનું ધ્યાન હો. વ૦ ૧૨

**યતઃ કેસરી કેશ ભુયંગ મણિ, શરણાગય સુહડાય; સતીય પયોધર કૃપણ ધન, ચઢસિ હથ્થ મુઆહ. ॥૧॥**

**ભાવાર્થ** :– કેસરી સિંહના કેશ, સાપને માથે રહેલો મણી, વીર પુરૂષોને શરણે ગયેલો માણસ, સતિ સ્ત્રીનાં સ્તન, એક કૃપણનું ધન, એ સર્વે તેમના જીવતાં તો હાથ ન જ લાગે, પરંતુ મૃત્યુ થએજ મલે. ॥૧॥

વયણ સુણિ વનિતા તણાં હરખ્યો ધનપતિ તામ હો; એ સુકુલીન મહાસતિ, શિયલ રયણ ગુણધામ હો. વ૦ ૧૩ કહે ધન્નો મેં તાહરો, મનજોયો અભિરામ હો. શિયલ સુરંગો હું ધરૂં, ન ગમે પરસ્ત્રી નામ હો. વ૦ ૧૪ વિણ પુછું તુંજને હવે, કીણ જાણીશ નિજ નાહ હો; દિઠાથી શું જાણશો, કે પ્રત્યય નિરવાહ હો. વ૦ ૧૫ તવ બોલી સા સુંદરી, જે કહેશે પ્રાચીન હો; વારતા જે જે ભોગવી, સુખ દુઃખની લયલીન હો. વ૦ ૧૬ તે ભરતાર હુશે સહી, તદનંનર આકાર હો; ઢાલ એ ત્રીજા ઉલ્હાસની, નવમી જિન કહે સાર હો વ૦ ૧૭

## ॥ દોહા. ॥

ધનપતી કહે સુણુ રે સતી, પ્રતિષ્ટાનપુર વાસ ।
ધનસારેભ્ય વખાણીએ, શિલવતી સતી તાસ ॥૧॥
ચાર પુત્રમાં લઘુ તનુજ, ધન્નો બુદ્ધિ નિધાન ।
બંધવ કલેશથી નિસરયો, પીણુ તસ પુણ્ય નિદાન ॥૨॥
ઉજ્જયનિ આવ્યો વહી. પામ્યો નૃપનો માન ।
માતા પિતા બાંધવ સવિ, તે આવ્યા તીણુ ઠાણુ ॥૩॥
સન્માની રાખ્યા નીકટ, પણુ મચ્છર તસ દેખ ।
ધન્નોશાહ વલી નિસરયો, સઘલી રૂદ્ધિ ઉવેખ ॥૪॥
રાજગૃહીએ રંગશું, આવ્યો ધરી ઉલ્હાસ ।
કુસુમપાલનો વન ફલ્યો, પુત્રી દીધી ખાસ ॥૫॥
સેચનાક ગજ રાયનો, આણ્યો આલાનથંભ ।
પુત્રી આપી શ્રેણીકે, દેખી અતુલ અચંભ ॥૬॥
કાણુનો ઝગડો પડયો, ગૌભદ્ર શેઠને જામ ।
તેહને ફેડયો તતક્ષણે, તુજને પરણી તામ ॥૭॥
માત પિતા ભ્રાતા વલી, આવ્યા વિપદ ઉપાય ।
દેખી આડંબર થકી, આણ્ય આપણે ઠાય ॥૮॥
પુનરપિ કલહ તે કેલવે, બંધવ રાખી દ્વેષ ।
તવ ધનપતિ તુજને તજી, ઇહાં આવ્યો શુભ દેખ ॥૯॥
પ્રત્યય એ તુજને કહ્યો, વલી મુજ વદન નિહાલ ।
ભ્રાંતિ મ રાખીશ ભામિની, ચિંતી ચિત્ત વિચાલ ॥૧૦॥

## ॥ ઢાળ ૧૦ મી ॥

( મજરો હયોને જાલીમ જાટડી.—એ દેશી. )

વયણુ સુણી નિજ નાહનાં; પ્રત્યય પામી તિવાર,

નામ થકી રે નિશ્ચય થયો; પેખ્યો પ્રગટ આકાર, તોરી બલિહારી પ્રિતમ માહારા રે ૧ એ આંકણી, ઘુંઘટમે રે આનન ધરી; લાજી કરી કહે વેણુ, પ્રાણુપ્રિય પિયુ માહરા. તુમે વલ્લભ મુજ સેણુ તો૦ ૨ તુજ વિરહે મેં પરિહરયાં; વસ્ત્રાભરણુ વિશેષ, ભોજન સરસ સવે તજ્યાં તાંબૂલાદિ અશેષ તો૦ ૩ સ્નાન શ્રુશુષા શરીરની, મેં છાંડી પિયુ એહ; તુમે તો અમને રે અવગુણ્યાં, જાણ્યો પિયુ તુમ સ્નેહ તો૦ ૪ એટલા દિન લગે અમતણી, કંત ન કીધી જી સાર; ભૃત્યપણે અમને ગણ્યાં, નાણી શરમ લિગાર તે૦ ૫ પુરૂષ સદા કપટી હુવે, પુર્વાપ્રયાથી વિરક્ત; અવર પ્રિયા રસમેં રહે. તે હસદીવ આસક્ત તો૦ ૬ સાંભવી સૌભાગ્ય મંજરી, પ્રિયપતિનતણાં વેણુ; હર્ષ ધરીને હેજે કહે, તું તો દીસે છે રેણુ તો૦ ૭ સ્નાન કરાવે રે સ્નેહથી, પહિરાવે શુચિ વેષ; આભુષણુથી ભુષિત કરે, માન દિયે સુવિશેષ તો૦ ૮ ધન્નો કહે ઘણુ સાંભલો; તુમે બે નયન સમાન, તન મનથી મુજ પ્રિય ઘણી. વિલસોસુખ સુપ્રમાણુ તો૦ ૯ હવે ધનસાર ચિત્ત ચિંતવે, એ સુકુલિન સુરીત, ક્ષણુ એક માત્ર રહે નહિ, શું થયું એ વિપરીત; તે હજુ નાવી વહુઅર માહરી રે ૧૦ એ આંકણી; ધનપતિશાહ તીણે ઘરે, ગઈ હતી લેવા છાશ; આવી નહી લજી આંગણે, શું કારણુ હુશે તાસ તે૦ ૧૧ કલ્પદ્રુમ સમ એ અછે; ધનપતિ શાહ પવિત્ર, તેહથી તો ભય નવિ હુવે, દીસે વાત વિચિત્ર. તે૦ ૧૨ વૃદ્ધ વધુને બોલાવીને; મુકી તેડણ

કાજ, તે આવી ધનપતિ ગૃહે, દેખી પામી રે લાજ તે૦ ૧૩ ભાજન તક્રનો લઇને, આવી સ્થાનક તામ; વાત કહી સુસરા પ્રતે જે ગઇ આપણી મામ તે૦ ૧૪ સુણી ધનસાર અપાર તે, રૂદન કરે તતકાલ; હા હા કુલને કલંકિયો, ખોયો શીલ વિશાલ તે૦ ૧૫ દેશાટન ધન ક્ષય પણો, એ બે દુઃખ હતાં મુલ; એ અપવાદ તે ઊપરે. એ મહોટો મુજ શુલ તે૦ ૧૬ કીહાં જાઊં કેહને કહું, શો કરૂં વલિ પ્રતિકાર; ધન વિણુ કોય ન ઓલખે કોય ન માને જીકાર. તે૦ ૧૭

**યતઃ સવૈયો ત્રેવીશો ચાહ કરે જીનકી જગમેં સબ આયકે પાય નમે ભલભૈયા, માતકું તાતકું લાગત વલ્લભ ભામિની બ્હેન રૂલેત બલૈયા; વાત જૂઠી સબ સાચહિ માનત લોક ગુની યશવાસ કહૈયા, કેશવદાસ કહે સુણુ સજ્જન સોહી બડો જાગી ગાંઠ રૂપૈયા ૧**

તો પણુ નાતિને આગલે, કહુ સવિ વાત વિચાર; નાતિ થકી સવિ નીપજે, કાર્ય અનોપમ સાર તે૦ ૧૮ આવી નાતિને આગલે; પોકારયો ધનસાર, ત્રીજા ઉલ્હાસની ઢાલ એ, જિન કહે દશમી ઊદાર. તે૦ ૧૯

## ॥ દોહા ॥

ઇભ્ય પ્રમુખ સવિ ઇમ કહે, સાંભલ રે ધનસાર ।
ધનપતિ શેઠ તણો સહુ, યસ જાણે સંસાર ॥૧॥

પરનારીને નવિ ભજે, ન લિયે વલી પર દ્રવ્ય ।
જીવઘાત નવિ આચરે, અભક્ષ તજે એ સર્વ ॥૨॥
તું પણ જુઠો નવિ કહે, તે નવિ કરે અન્યાય ।
ઇણિ દિશિ વ્યાઘ્ર ઇહાં નહી, આવી બન્યો એ ન્યાય ॥૩॥
તો પિણ તાહરે કારણે, કરશું ઉદ્યમ આજ ।
વહુ તુમારી તુરતમેં, લાવેશું મહારાજ ॥૪॥
ઇમ કહી સવિ ભેલા થઇ લેઇ નજરાણો સાર ।
ધનપતિશાહને આગલે, આવી કર જુહાર ॥૫॥
સન્માને સવિ શેઠને, દેઇ ફોફલ પાન ।
પુછે શે કારણ તુમે, આવ્યા પુરૂષ પ્રધાન ॥૬॥

## ॥ ઢાલ ૧૧ મી ॥

( કરજોડી વેશ્યા કહે હો લાલ, ભલે રે
પધારયા આજ—એ દેશી )

કરજોડી સવિ ઇમ કહે હો લાલ, સુણો રે સોભાગી; વિનતડી મહારાજ હો ધન્ના શાહ, સુણોરે સોભાગી. એ આંકણી. ધનપુર નગર એ ધને ભરયો હો લાલ, સુ૦, અમર પુરી સમ આજ હો. ધ૦ સુ૦ ૧ ઇંદ્ર સદશ તુમે ઓપતા હો લાલ. સુ૦; નિરૂપમ રૂપ નિધાન હો ધ૦ સુ૦, સામાનિક સામંત છે હો લાલ, સુ૦ દિન દિન ચઢતે વાન હો. ધ૦ સુ૦ ૨ દેવ સરીખા દિપતા હો લાલ, સુ૦ દભ્ય અછે ધનવંત હો; ધ૦ સુ૦ સકલ પ્રજા પરષદ ભલી હો લાલ, સુ૦ તુમચી એ મતિવંત હો. ધ૦ સુ૦ ૩ ઇંદ્રાણી સમ શોભતી હો

લાલ, સુ૦ સોભાગ્યમંજરી નાર હો; ધ૦ સુ૦ હય ગય રથ પાયક ઘણા હો લાલ, સુ૦ વલી કોઠાર ભંડાર હો. ધ૦ સુ૦ ૪ તુમ યશ જગમેં વિસ્તરયો હો લાલ, સુ; પરસ્ત્રી બંધવ નામ હો ધ૦ સુ૦; પરદુઃખ ભંજન પરગડા હો લાલ. સુ૦ દુસ્થિત જન વિશ્રામ હો. ધ૦ સુ૦ ૫ પણ નિસુણો એક અમતણી હો લાલ, સુ૦ વાત જે થઇ વિપરીત હો ધ૦ સુ૦; પરદેશી ધનસારની હો લાલ, સુ૦ વહુ હુતી સવિનીત હો. ધ૦ સુ૦ ૬ તક્ર લેવા તુમ મંદિરે હો લાલ, સુ૦ આવી હુતી સુવિવેક હો; ધ૦ સુ૦ કોઇક કાર્ય ઉદ્દેશીને હો લાલ; સુ૦ બેઠી હુશે ધરી ટેક હો. ધ૦ સુ૦ ૭ ખબર કરાવી તેહની હો લાલ, સુ૦ સોંપાવે તે સહીશ હો, સુ૦ ઝુરે સસરો એહનો હો લાલ, સુ૦ આસ્ફાલે નિજ શીશહો. ધ૦ સુ૦ ૮ ઇત્યાદિકનાં એહવાં હો લાલ, સુ૦ વચન ન ધાર્યાં કાન હો; ધ૦ સુ૦ તવ ચમકયા તે વાણિયા હો લાલ, સુ૦ અન્યોન્યે કરે સાન હો૦ ધ૦ સુ૦ ૯ કરી પ્રણામ ઉઠી ગયા હો લાલ, સુ૦ સહુ કો નિજ અંગાર હો; ધ૦ સુ૦ ધનપતિ મંદિર આગલે હો લાલ, સુ૦ પોકારે ધનસાર હો. ધ૦ સુ૦ ૧૦ રે ધનશેઠ તું માહરી હો લાલ; સુ૦ આપો વધુ ઇણી વાર હો; ધ૦ સુ૦ એ અન્યાય તુમ નવિ ઘટે હો લાલ, સુ૦ જુઓ હૃદય વિચાર હો; ધ૦ સુ૦ ૧૧ અમે પરદેશી પ્રાહુલા હો લાલ, સુ૦ દુસ્થિત જનમાં લીહ હો; ધ૦

સુ૦ તું પરદુઃખ ભંજક અછે હો લાલ, સુ૦ સો પુરીસામાં સિંહ હો. ધ૦ સુ૦ ૧૨.

**યતઃ આર્યાવૃત્તમ્. વિરલા જાણંતિ ગુણા, વિરલા પાલંતિ નીદ્ધણા નેહા; વિરલા પરકજ્જ પરા, પરદુરકે દુક્ખિયા વિરલા. ૧.**

**ભાવાર્થ**:–ગુણના જાણનાર, નિર્ધનનો સ્નેહ પાલનાર અને પરનાં કાર્ય કરવામાં તત્પર, એવા પુરૂષો વિરલા હોય છે; પરંતુ તે કરતાં પણ પારકા દુઃખે દુઃખીઆ તો, તેથી પણ વીરલા હોય છે. ૧.

તત ધનસાર તેડાવીને હો લાલ, સુ૦; ધન્ના પ્રણમે પાય હો; ધ૦ સુ૦ અવિનય ખમજ્યો તાતજી હો લાલ, સુ૦ મુજથી કરી સુપસાય હો. ધ૦ સુ૦ ૧૩ દેખી પુત્રને ઓલખ્યો હો લાલ, સુ૦ હરખ્યો તન મન તામ હો; ધ૦ સુ૦ પુનમ ચં થી ઉદધિનો હો લાલ, સુ૦ જિમ કિલ્લોલ ઉદ્દામ હો. ધ૦ સુ૦ ૧૪ સ્નાન પ્રમુખ સવિ સાચવી હો લાલ, સુ૦ ભુષણ વસ્ત્ર ઉદાર હો; ધ૦ સુ૦ ભોજન ભગતિ કરી ભલી હો લાલ, સુ૦ થાપ્યા ગુપ્તાગાર હો. ધ૦ સુ૦ ૧૫ એહવે શીલવતી સતી હો લાલ, સુ૦ પતિ પ્રેમે તિણીવાર હો; ધ૦ સુ૦ આવી ધનપતિ મંદિરે હો લાલ, સુ૦ કરે આક્રંદ પોકાર હો. ધ૦ સુ૦ ૧૬ રે પાપી મુજ વધુ ભણી હો લાલ, સુ૦ રાખી કીધ અન્યાય હો; ધ૦ સુ૦ વલી ભટ્ટ પાસે માહરો હે લાલ, સુ૦ કંત ગ્રહાવ્યો શે ન્યાય

હો; ધ૦ સુ૦ ર૭ ન્યાય નદિસે ગામમાં હો લાલ, સુ૦ એક ધરે એહ રાજ્ય હો ધ૦ સુ૦ વસતે ગામે વાણિયો હો લાલ, સુ૦ એવડો કરે અકાજ હો. ધ૦ સુ૦ ૧૮ વર વધુ એ બે મુજ પ્રતે હો લાલ, સુ૦ ઘો કહું ગોઠ બિછાય હો; ધ૦ સુ૦ નહિતર પણ મુજ કંતને હો લાલ, સુ૦ મુકંતા શું જાય હો. ધ૦ સુ૦ ૧૯ જીર્ણ જરાયે જાજરો હો લાલ, સુ૦ ચિંતાથી કૃષ ગાત્ર હો; ધ૦ સુ૦ એહવો પણ પતિ માહરો હો લાલ, સુ૦ મુકને તું ગુણપાત્ર હો. ધ૦ સુ૦ ૨૦ તવધન્નો માત ભણી હો લાલ, સુ૦ તેડાવે તતકાલ હો; ધ૦ સુ૦ અવિનય ખમજ્યો માતજી હો લાલ, સુ૦ હું તુમચો લઘુ બાલ હો. ધ૦ સુ૦ ૨૧ માતા મનમેં ઉલ્લાસી હો લાલ, સુ૦ દેખી પુત્ર દિદાર હો; ધ૦ સુ૦ હરખે હૈડે ભીડિયો હો લાલ, સુ૦ નિરખે વારંવાર હો. ધ૦ સુ૦ ૨૨ વસ્ત્રાભરણે તતક્ષણે હો લાલ, સુ૦ સંતોષ્યા સુવિલાસ હો; ધ૦ સુ૦ ત્રીજે ઇલ્લાસે અગ્યારમી હો લાલ, સુ૦ જિન કહે ઢાલ પ્રકાશ હો. ધ૦ સુ૦ ૨૩.

॥ દોહા ॥

હવે તે ધનદત્તાદિ ત્રય, ભ્રાતા કરે વિચાર ।
જઇને ધનપતિને ગૃહે, કીજે પ્રબલ પોકાર ॥૧॥
માત પિતા ને લઘુ વહુ, એણે રાખ્યાં એકાંત ।
છલ બલથી જો લીજીએ, તો આપણ મતિવંત ॥૨॥
ઇમ ચિંતી ત્રિણ્યે તુરત, આવ્યા ધનપતિ ગેહ ।

ઉચ્ચ સ્વરથી ઈમ કહે, દેય દેય રે દેહ ॥૩॥
અમ માતા ને તાતને, ગ્રહી રાખ્યા શે કાજ ।
ભ્રાતવધુ પણ ભોલવી, એ વાતે તુજ લાજ ॥૪॥
સાંભલી ધન્ને તુરતમેં, તેડાવ્યા આવાસ ।
વસ્ત્રાભરણ વિશેષથી, આપે ધરી ઉલ્હાસ ॥૫॥
માત પિતા બાંધવ વધુ, મલિયાં મંદિર માંહ ।
ધનપતિની ગુણ વર્ણના, કરે તે અતિ ઉચ્છાહ ॥૬॥
હવે તે પાછલ ત્રિણ્ય વધુ, ચિંતે ચિત્ત મઝાર ।
છલ કરી ધનપતિયે સવિ, લીધો અમ પરિવાર ॥૭॥
એક વધુને કારણે, દ્યે છે સહુને દુઃખ ।
દેખો એ ગ્રામે ઇહાં, અન્યાયેથી સુખ ॥૮॥
જઇએ ધનપતિ મંદિરે, કહિયે ગોદ બિછાય ।
પતિ અમ પકડયા શા ભણી, મુક તું કરી સુપસાય ॥૯॥

## ॥ ઢાલ ૧૨ મી ॥

( વીણુ મા વાઇસ રે, વિઠલ વારૂં તુજને–એ દેશી. )

કરિય વિચારને ત્રિણ્યે અબલા, આવી ધન આવાસે. દ્વારરક્ષકે હાંકી કાઢી, વિલખી થઈય વિમાસે. દેખો દૈવે રે, એ દિન અમને દીધા. ૧ એ આંકણી, સાંજ પડીને પતિ પણ ન મિલ્યા ન મિલ્યા સુસરો સાસૂ દેરાણી પણ દૂરે નાઠી ફેરો પડીયો ફાંસુ. દે૦ ૨ હા ! હા ! ધન્ને અધમ એ કીધો, વસતે ગામે વણીકે; વ્હાર ન પહોચે કોઇની એહને, ચંદ્રગુપ્ત જીમ ચણિકે. દે૦ ૩ ઇમ વિલવંતી તે નિજ સ્થાનક, રાત્રિ સમય તિહાં આવે;

વિરહ વિલુધી વ્યાકુળ થાવે, પાણી અન્ન ન ભાવે. દે૦ ૪ સુસરા સાસુ કંત વિના તે, સુનો સ્થાનક લાગે; રાત્રિ ગલે તેમ રોવે અબલા, વિરહ વિશેષે જાગે. દે૦ ૫ શું અમે વનમાં રૂષિ સંતાપ્યા, માર્યા મૃગને મરડી; કે ઇડાં પંખીનાં ફોડયાં, કે ઇડાંલને ભરડી. દે૦ ૬ કંતને વશ કરવાને કારણ, કામણુડાં મેં કીધાં; કે શોક લડી ગર્ભ ગલાવ્યા, સાતન પાતન કીધાં. દે૦ ૭ કે જલચારી જીવને માર્યા, નાંખી જાલ તે જલમાં; વૃષભ પ્રમુખને સકટે જોડી, ભાર વહાવ્યા થલમાં. દે૦ ૮ કે સંગ્રામ કર્યાં શુરાતન, માર્યાં માણુસ હોડે; કે છલ કરીને વાટ પડાવી, ધન લીધાં મન કોડે.. દે૦ ૯ અણગલ પાણી પીધાં અહ-નીશી, પુરા પ્રમુખ ન રાખ્યા; [૧]પાલર વાકલના ભગ-વંતે, દોષ અનંતા દાખ્યા. દે૦ ૧૦

**યતઃ ।। અનુષ્ટુબ્વૃત્તમ્ ।। સંવચ્છરેણ યત્પાપં કૈવર્ત્તસ્યેહ જાયતે; એકાહનિ તદાપ્નોતિ, અપુ-તજલસંગ્રહી. ।।૧।।**

**ભાવાર્થ** :– આ લોકને વિષે ભિલ્લ માણસને

૧ પાલર એટલે આકાશથી પડેલું પાણી અને વાકલ એટલે ભુમિથી નિકળેલુ પાણી; આ બન્ને જાતના પાણીના પુરાને એક બીજામાં ભેળસેળ કરે, અર્થાત્ પાલરના પાણીના પુરાને વાકલના પાણીમાં નાંખે અને વાકલના પાણીના પુરાને પાલરના પાણીમાં નાંખે; આ રીતે કર-વાથી ઘણું જ પાપ લાગે છે.

જેટલું પાપ એક વર્ષમાં લાગે છે, તેટલું પાપ અપવિત્ર (અણગલ) પાણીના સંગ્રહ કરનારને માત્ર એક દિવસમાં લાગે છે. ॥૧॥

પંચ થાવરની પગ પગ હિંસા, કરતાં મહેર ન ન આણી; ત્રસને પણ હણતાં કોઇ વેલા, અનુકંપા ચિત નાણી. દે૦ ૧૧ ક્રોધ લોભ ભય હાંસીને વશ, કુડાં આલ જે દીધાં; ફલ તેહનાં ભોગવવાં નિશ્ચે ધનવતીની પરે સીધાં. દે૦ ૧૨ ચોરી કીધિ પરધન લેવા, ચોરને સંબલ દીધો; ભેલ સંભેલ કરીને આપ્યાં, વિસવાસી ધન લીધો. દે૦ ૧૩ રૂપવંત પરનારી દેખી, લીધી મદથી ઉલાલી; કામિની કંત વિછોહો કીધો. હૃદય ન જોયો ભાલી. દે૦ ૧૪ નંદરાય પરે પરીગ્રહ સબલી, લેઇ કીધા ભેલા; મમતાને વશ કાંઇ ન જાણ્યો, જે છાંડવા મરણની વેલા. દે૦ ૧૫ નિશિભોજન જીભાને સ્વાદે, ભાંતિ ભાંતિ નિપજાવ્યાં; તેહના દોષ પ્રગટ શિવ શાસ્ત્રે, જિનમત મેં પણ આવ્યા. દે૦ ૧૬

**યત: ॥ ચત્વારિ નરકદ્વારા, પ્રથમં રાત્રિ ભોજનં; પરસ્ત્રીગમનં ચૈવ, સંધાનાનંત-કાયકે ॥૨॥**

**ભાવાર્થ** :- રાત્રી ભોજન, પરસ્ત્રીગમન, બોળ-અથાણું અને અનંતકાયનું ભક્ષણ; એ ચાર નરકના બારણાં છે. ॥૨॥

ઇત્યાદિક જે પાપ કરમને, કીધાં હશે કોઇ વેલા;

તેહનાં ફલ ઉદયે ઈહાં આવ્યાં, ભોગવિયે સહુ ભેલાં. દે૦ ૧૭ કહો કીહાં જઈને કિણિ વિધિ કરીએ, કેહને શરણે રહિએ; કોઇ ન નાથ અમારે ઇહાં કણે, જેહને સુખ દુઃખ કહીએ. દે૦ ૧૮ ઇમ વિલવતે રાત્રી વિહાણી, તે ત્રિણ્યેની તિવારે; ત્રીજે ઉલ્હાસે ઢાલ એ બારમી, કહિ જિન શ્રુત અનુસારે. દે૦ ૧૯

॥ દોહા ॥

અથ પ્રાંતે તે કામિની, ત્રિણ્યે મિલી તેવાર ।
કોશંબીયે તતક્ષણે, પહોતી નૃપ દરબાર ॥૧॥
પોકારી પરગટ પણે, ભાંખે નૃપને ભામ ।
દૈવયોગ દુઃખીયાં અમે, કરીયે પરનાં કામ ॥૨॥
સર ખણતાં ધન્ના તણો, કરતાં દુષ્ભરી પુર ।
ચુકયો ધન્નો ચિત્ત થકી, દેખી દેરાણી નૂર ॥૩॥
લાલચ દીધી લંપટે, સુસરાને ધરી સ્નેહ ।
મુકજો તક્રાદિક ભણી, લઘુ વધુને ધરી નેહ ॥૪॥
ઇમ લલચાવી પ્રતિ દિને, લલના લીધી આજ ।
વારસ પણ પકડયા વહી, અમ વિણસાડયો કાજ ॥૫॥
સુસરા સાસુને વહુ, ત્રિણ્યે નણંદના વીર ।
ધન્ને સરવે સંગ્રહ્યાં, ધરિયે કિણ વિધિ ધીર ॥૬॥
તુમે ન્યાયી નરપાલ છો, પૃથ્વીના પતિ શાહ ।
વહાર કરો વેગે હવે, કરી કૃપા સોચ્છાહ ॥૭॥
એક દેરાણી કારણે, પંચને ઘે પંચત્વ ।
એહ અધમ તુમ રાજ્ય મેં, તે કિમ કરે નિસત્વ ॥૮॥

તે મદાંધ શામજ થયો, કરે અત્યુગ્ર ઉત્પાત ।
તુમે છો કેસરી તસ શિરે, અહો નૃપતિ અમ તાત ॥૯॥

**યતઃ ઉપજાતિવૃત્તમ્. ॥ દુષ્ટસ્ય દંડઃ સ્વજનસ્ય પૂજા, ન્યાયેન કોશસ્ય ચ સંપવૃદ્ધિઃ; અપક્ષપાતો નિજરાષ્ટ્રચિંતા, પંચાપિ ધર્માઃ નૃપપુંગવાના. ।૧।**

**ભાવાર્થ :-** દુષ્ટ માણસનો દંડ કરવો, સ્વજનનો સત્કાર કરવો, ન્યાયવડે ધન (તિજોરી)ની વૃદ્ધિ કરવી, અપક્ષપાતતણું રાખવું અને પોતાના દેશની ચિંતા રાખવી, એ પાંચે ધર્મ ઉત્તમ રાજાઓના છે. ॥૧॥

## ॥ ઢાળ ૧૩ મી ॥

(રાગ બંગાલો. રાજા નહિ નમે—એ દેશી.)

નિસુણી અબલા વયણ વિચાર, રાય ચિંતે ચિત્તમેં તિણિવાર રાજા કોપથી, અમ જામાત એ નિપુણ સુજાણ; કિમ એહવો કરે કાર્ય અજાણ, રાજા કોપથી. ૧ એ આંકણી. વિકસિત વદને એ બુદ્ધિ નિધાન, એહ તે નિર્મલ ગંગ સમાન; રા૦ ન્યાય માર્ગે એ વર્તે ધીર, સહુ એહની ભરે રૂડી ભીર. રા૦ ૨ પરનારીથી એહને ત્યાગ, એતા દિન હુતો સબલ સોભાગ; રા૦ કિમ કીધું હશે એહ અકાજ, શું ખોશે એ મુલંગી લાજ. રા૦ ૩ ચિંતીને સામંત તિવાર, મુકે નૃપ ધન્ના આગાર; રા૦ તે આવ્યા ધરી મનમેં ધિર, પણમી બેઠા ધન્નાને તીર. રા૦ ૪ કહે સુણો શેઠ સુગુણ ગુણવંત, તુમે છો ચતુર વિચક્ષણ સંત; રા૦ આશ્રિત જન આધાર અનુપ, તુમે

યુદ્ધે રંજ્યા સવિ ભુપ. રા૦ ૫ કાર્યવશે તુમે નિજ આવાસ, સજ્યા હુશે પરદેશી દાસ; રા૦ મુકો એહને સ્વામી સધીર, તુમે છો પરનારીના વીર. રા૦ ૬ એ અબલા અકુલાયે આમ, પતિ વિણુ એણુને ન સૂઝે કામ; ઉત્તમ નર અબલાની સાર, કરતાં કાંઈ ન લાવે વાર. રા૦ ૭ તવ બોલે ધન્નો થઇ ધીર, સાંભલોને તુમે સાહસ ધિર; રા૦ અમે અન્યાય ન રાખું ચિત્ત, ચાલું ન્યાય થકી અમે નિત; રા૦ ૮ અમ માણુસ છે અમ આગાર, નૃપને એહનો શો છે વિચાર; રા૦ સખે જો બલ મનમે રાય, નામે સંતાનિક નામ કહાય. રા૦ ૯ લક્ષાનિક જે તાહુ સમર્થ, એ શો ધરે અભિમાન નિરર્થ; રા૦ જો સંગ્રામ કરણુ ધરે હોશ, જો નાવે તો જે તુજ સોંસ. રા૦ ૧૦ સાંભલી ધન્ના કેરાં વેણ; નૃપ પાસે પહોત્યા તે સેંણ; રા૦ વાત વિચાર સુણી તતકાલ, નૃપ કોપે થયો કાલ કરાલ. રા૦ ૧૧ વજડાવી રણુભેર તિવાર, નિસુણી સજ થયા સુભટ ઝુઝાર; રા૦ હય ગય રથ પાયક નહી પાર, સૈન્ય થયો સંગ્રામ મેં ત્યાર. રા૦ ૧૨ ધન્ને પણુ નિજ સૈન્ય ઉદ્દામ, સજ્જ કીધો તિહાં યુદ્ધને કાજ; બિરૂદ ભણે તિહાં ચારણુ ભાટ, ચિહું દિશિ સૈન્ય તણો બન્યો થાટ. રા૦ ૧૩ ભય પામે સવિ પૌરક લોક, સૈન્યોપદ્રવ થકી ધરે શોક; રા૦ આ અણુજાણ્યો કિમ થયો કાજ, જામાતાશું યુદ્ધ અકાજ. રા૦ ૧૪ પરદેશી માટે કુણ આપ, પેટ ચોલીને ઉપાવે સંતાપ રા૦ પરીજન કહે ઇમ જિન સુવિલાસ, ઢાલ એ તેરમી ત્રીજે ઉલ્હાસ. રા૦ ૧૫.

॥ દોહા ॥

યુદ્ધ મંડાણો જોરથી, અન્યોન્યે અસમાન ।
તે દેખી કાયર ડરે, રાખે પ્રલયન ધ્યાન ॥૧॥
રાય સંતાનિક સૈન્યમેં, સામંત સવિ સૌંડીર ।
ધન્નાશાહના કટકમેં, એક એહ વડવીર ॥૨॥
ધનપુર કોસંબી વીચે, રણનો કરે મંડાણ ।
સયલ લોક જોવા મિલ્યા, મુકી નિજ નિજ ઠાણ ॥૩॥

## ॥ ઢાલ ૧૪ મી ॥

( દેશી કડખાની. )

શબલ દલ પ્રબલ રણ રંગ વેગે ચલ્યો, નૃપ સતાનિક તણો માન ધરતો; ગુહિર નિશાણ સુપ્રમાણ રણતુર તિમ, ધન ઘટા સઘન આવાજ કરતો સ૦ ૧ એ આંકણી ગજ ઘણા મત્ત ઉન્મત્ત છુટા ચલે, શિશ સિંદુરથી કરી શોભા; ભ્રમર ગુંજારવે પુર્ણ રોશે ભર્યા, દંત મુસલ કરીય દુર્ગ ખોભ્યા સ૦ ૨ કચ્છ કંબોજ કેકાણ કાશ્મીરના, પાણિપંથા ખુરાસાણિ કહીએ; નૃપ સતાનિક તણા સૈન્યમેં હીંસતા, તે સર્વ જાતિના તુરીયા લહીએ સ૦ ૩ ઘણઘ ઘંટાવલી વૃષભ કંઠે વલી, અતિ ઘણા તુર રથમાંહે ગાજે; રથ ઘણા એહવા સજ કર્યા સમરમે, શાસ્ત્ર છત્રીશથી અધિક રાજે સ૦ ૪ શિર ધરી ટોપ કોપે કરી ચાલતા, માલતા સમરમેં અતિ ઉછાંહો; વીર રસથી ચઢયા શીશ છોગા ધર્યા, સુભટ એહવા સદા સૈન્યમાંહે સ૦ ૫ નૃપ સતાનિક તણો લહિય આદેશ વર, ગ્રહીય

શિરપાવ સામંત શુર; યુદ્ધ કરવા ભણી આવીયા ઉમહી, જાણીએ જલધિ કલ્લોલ પુરા સ૦ ૬ તામ ધનશેઠનો સૈન્ય પણ સનમુખે, ચાલીયો દેઈ નિશાણ ડંકા; અશ્વ-રથ વીર ગજ ઘનઘટા ઘણઘણે, જાણિએ રામ ચઢયો લેણ લંકા સ૦ ૭ નાલ ગોલા ઘણા શબ્દ બહુ તેહ તણા, સાંભલી શેષ પણ ક્ષોભ પાવે; તીર તરવાર ભાલા-તણા તેજથી, અંબરે [1]તરણિ તે સભય થાવે સ૦ ૮ ચિંતવે શેઠ એ યુદ્ધ કરતે થકે, રખે ઈહાં માહરો માન ગાલે; સૈન્ય દલ પ્રબલ છે એ સતાનિક તણો, તામ સુર-મણિ પ્રતે તે નિહાલે સ૦ ૯ નિરખતાં વેંત સૈન્યા વધી શેઠની, જાણીએ જલધિનો પુર આયો; સૈન્ય રાજા તણો સયલ નાસી ગયો, યશ થયો શેઠનો અતિ સવાયો સ૦ ૧૦ નૃપતણા સુભટને નાસતા દેખીને, કામિની તવ કહે કાં લજાવો; શૂર તજી દુર હથિયારને નાંખિ ને, વણિક આગે તુમે કેમ આવો સ૦ ૧૧ મરણના ભય થકી ભાગિયા કાં મુધા, માતને તાત જાયા લજાવી; પંચમે બેસિ કિમ મુછ વલ ઘાલશો, એહવી કુબુદ્ધિ તુજ કેમ આવી સ૦ ૧૨ નિસુણી નૃપ કોપિયો સૈન્ય મુજ લોપિયો, ઓપિયો દાવ એ આપ કેરો; યુદ્ધ કીધા વિના મામ ખોઈ મુધા, એ સેન્યાની મુજ અતી અંધેરો સ૦ ૧૩ ઇમ કહી નૃપ ચડયો કવચ તનુથી જડયો; શીર ધર્યો મુગટ અતી તેજ કરતો; ગ્રહી તરવાલ વિકરાલ નિજ

૧ સુર્ય.

ભુજબલે, પુનરપિ સૈન્યથી દૈર્ય ધરતો. ૫૦ ૧૪ આવીયો
જામ નિજ ધામપર નરપતિ, તામ ધનશેઠ પણ શુર
થાવે; આગમિ મરણ એક શરણ અરિહંતનો, ઝુઝવા
કાજ તિહાં શેઠ જાવે સ૦ ૧૫ ચિંતવે તામ નૃપ સચિવ
સવિ સામટા, એકઠા એહ સુસરો જમાઇ; કરિય સંગ્રામ
આરામ કો નવિ લહે, એક ઘરમેં કિસી એ કમાઇ સ૦
૧૬ વારિયે તો ભલું થાય મુખ ઊજલું, લાજ રહે
નૃપતણી અતિ વિલાસે; ઢાલ એ ચૌદમી જાતિ કડખે
કહી, વિબુધ જિનવિજય ત્રીજે ઉલ્હાસે સ૦ ૧૭

॥ દોહા ॥

ઇમ ચિંતીને સચિવ સવિ, આવ્યા નૃપને પાસ ।
કર જોડી આગલ રહી, એમ કરે અરદાસ ॥૧॥

સ્વામીજી શો કોપ એ, જામાતાથી જોર ।
કરવો ઘટશે કિણિપરે, નિજ મન આણો ઠોર ॥૨॥

હાર્યોથી અપજશ હુવે, જીત્યા પણ જંજાલ ।
સ્વચ્છ થઇ જુઓ ચિત્તમેં, એ સવિ તુમચા બાલ ॥૩॥

એ બાલક થઇ છુટશે, પણ તુમે વડા નરિંદ ।
વાવી હાથે વૃક્ષને, કુણ છેદે મતિમંદ ॥૪॥

એ ધન્ને નિજ બુદ્ધિથી, રાખ્યા હુશે નિસ્સંક ।
તે અમે જઇને પુછિયે, તે માણસનો વંક ॥૫॥

ઇમ કહી નૃપ સમજાવીને, તેડાવી તે નાર ।
કહો બાઇ તુમ કુલ પ્રમુખ, મુલ થકી અધિકાર ॥૬॥

તવ તે લજ્જાથી કરી, સાશ્રુપાત વચ તામ ।
સ્વામીજી અમચો હું તો, પ્રતિષ્ટાનપુર ગામ ॥૭॥
વ્યવહારી ધનસાર વર, શીલવતી ઘર નાર ।
પુત્ર ચાર તસ શોભતા, ધનદત્તાદિ ઉદાર ॥૮॥
ઇત્યાદિક સઘલી કથા, નિરવિશેષ કહી જામ ।
નિસુણી મંત્રા ચમકીયા, એ ધન્નો અભિરામ ॥૯॥
માત તાતને ઓલખી, યતન કરાવ્યાં ખાસ ।
વસ્ત્રાભરણ ગોરસ પ્રમુખ, દીધાં મન ઉલ્હાસ ॥૧૦॥
આકર્ષી આવાસમેં, રાખી સ્ત્રી સુકુલીન ।
માત તાત ભ્રાતા પ્રતે, કીધા નિજ આધીન ॥૧૧॥
કહો ભાઇ તે ધન પ્રતે, કિમ ઓલખશો ઠીક ।
શે કારણથી એહનો, નિશ્ચય હુશે નજીક ॥૧૨॥

## ॥ ઢાલ ૧૫ મી ॥

(ગઢડામેં ઝુલે સહિયાં હાથણી—એ દેશી.)

સચિવ કહ્યા તે સાંભલી બોલડા, કાંઇક ધૈર્ય ધરી મન માંહે; અમચે દેવરિયે સહી તો કૌતુક બોલવ્યું. એ આંકણી. કહે ઇમ મંત્રીને મનરંગશું, નિસુણોને અમચી વાત ઉચ્છાંહ. અ૦ કરતલ લક્ષણ બત્રીશે ભલાં, વલી પગે પદમ અછે સુવિચિત્ર; અ૦ તે સહિનાણ થકી અમે ઓલખું, દેવર અમચો પુણ્ય પવિત્ર. અ૦ ૨ તામ તે મંત્રિ ત્રિણ્યે નારિને, તેડીને પહોત્યા ધનપતિ પાસ, અ૦ કરીય જુહારને બેઠા યત્નથી, અન્યોન્યે વિરચે વાત વિલાસ. અ૦ ૩ એ ત્રિણ્યે ભામિની ધનપતિ દેખીને,

ઓલખ્યો નિશ્ચયથી આકાર; અ૦ કહે ધન દેવર કાં બોલો નહી, અમચા તુમે જીવન પ્રાણાધાર. અ૦ ૪ તવ ધન્નો બોલે કહો તુમે કોણ છો, જાઇને સાધો સરોવર કામ; અ૦ ધન્નાને નામે છે જગમેં ઘણા, સઘલાને ગણુશો દેવર ઠામ. અ૦ ૫ તવ હસી ભોજાઇ કહે હેજશું, તુમે અમ દેવર છો નિરધાર; અ૦ પણ વલી તુમચાં ચરણ પખાલશું, પ્રત્યય ધરશું પદમ દિદાર. અ૦ ૬ ધન્નો કહે પરસ્ત્રીને ફરસું નહી, તો કિમ ધોવરાવીજે પાય; અ૦ અમે તો શ્રાવક વ્રતધારી સદા, શિયલ પાલું મન વચ કાય. અ૦ ૭ તવ તેહ સચીવે હઠ કીધો ઘણો, શું તુમ ગુપ્ત કરો નિજ જાતિ; અ૦ જાણ્યો મેં કુલ વંશાદિક તુમ તણો, એ તુમ ભોજાઇ સાક્ષાત. અ૦ ૮ તવ હસી કહે ધન્નો ભાભી તુમે, ખમજ્યો સવિ અમચો અપરાધ; અ૦ હું તુમે દેવર તુમ પરસાદથી, સુખ એ પામું છું નિરાબાધ. અ૦ ૯ સ્નાન શ્રુશુષા કરવા કારણે, મુકર્યાં માતાજી પાસે તામ; અ૦ હલી મલી કુટુંબ સવિ ભલો થયો, સહુકોને ઉપન્યો તવ આરામ. અ૦ ૧૦ વાત જણાવી સચીવે નૃપભણી એ સવિ ધન્નાનો પરિવાર અ૦ એહથી અણઘટતી વાત ન કો હુવે, એહનો તો ઉત્તમ છે આચાર. અ૦ ૧૧ રાજા મન રાજી થયો તે સાંભલી, ધન્નો પણ આવે તેણીવાર; અ૦ અર્ધ સિંહાસન બેસણ આપિયો, ઉઠીને કીધો રાય જુહાર. અ૦ ૧૨ પુછી સુખપ્રશ્ન કરે ઇક વિનતી, કહો તુમ માત

પિતાદિક સર્વ; અ૦ હલવે હલવે કરીને મંદિર મેલીયા, ભોજાઇશું એવડો શો તુમ ગર્વ. અ૦ ૧૩ તવ બોલે ધનપતિ નૃપ તુમે સાંભલો, એહને હુતો કાંઇક મન અહંકાર; અ૦ સ્ત્રીથી અકાર્ય સદા બહુ નિપજે, કલહનો મંદિર એ નિરધાર. અ૦ ૧૪.

**યત: અનુષ્ટુબ્વૃત્તમ્. સુવંશે યોપ્યકૃત્યાનિ, કુરૂતે પ્રેરિતસ્ત્રિયા, સ્નેહલં દધિ મથ્નાતિ, પશ્ય મંથાનકો ન કિં ૧.**

**ભાવાર્થ:**-જુઓ કે, સારા વાંસમાં રહેલો એવો જે મંથાનક (રવૈયો) તે પણ સ્ત્રીની પેરણાએ કરીને સ્નેહ વાલા દધિને શું નથી વલોવી નાંખતો? અપિતુ વલોવી નાંખે છે! તેમ સારા વંશમાં ઉત્પન્ન થએલો એવો જે પુરૂષ, તે પણ સ્ત્રીની પ્રેરણાથી શું અકૃત્યો ન કરે? અપિતુ કરેજ! ૧.

તેહ ભણી એટલો ભેદ દેખાડિયો, જે ભણી ન ધરે મનમેં માન; અ૦ લાખે વેચાણી તો પણ મોજડી, સ્ત્રીને છે તેહ તણો ઉપમાન. અ૦ ૧૫.

**યત: માનનિ તો માનજ કરે, જીત્યો કંત મુહાય. જઇ લાખીણી વાહિની, તો પહિરીજે પાય ૨.**

બંધવ સ્નેહ તિહાં લગેં જાણીએ, જીહાં લગેં કામિની વાત ન કાનં; અ૦ કોણિક રાયે હલ્લ વિહ-

ઉલશું, કીધો સંગ્રામ તે સ્ત્રી વચ્ચ માન. અ૦ ૧૬
સુણી રાજા ધન્ના વયણ સુહામણાં, મનમાંહી હરખે અતિહી વિશાલ; અ૦ ત્રીજે ઉલ્હાસે પ્રેમ પ્રકાશની, ભાંખી જિનવિજયે પન્નરમી ઢાલ. અ૦ ૧૭.

॥ દોહા ॥

નૃપ પહોત્યો નિજ મંદિરે, કરી બહુલો સત્કાર ।
ધન્નો પણ આવ્યો ઘરે, પરિવૃત બહુ પરિવાર ॥૧॥
સહુ કો જન જયરવ વદે, ઠામ ઠામ મલી થટ્ટ ।
ધન ધન ધન્નાશાહને, રાખ્યો વયણ નિપટ્ટ ॥૨॥
માત તાતને મોદથી, સોંપે સવિ ગૃહ સાર ।
કાંતા ને કોમલ પણે, સંતોષે સુપ્રકાર ॥૩॥
સન્માન્યા બાંધવ પ્રતે, દીધાં સદન વિશાલ ।
અસન વસન આભુષણે, સુપરે કરે સંભાલ ॥૪॥
પણ તે ત્રિણ્યે નિર્ગુણી, જીભ ન રાખે ઠામ ।
એક દિવસ તસ વચનિકા, નિસુણી ચિંતે આમ ॥૫॥
મુજ રહેતાં એહને અસુખ, કારણ થાએ અત્ર ।
તેહ ભણી દયિતા સહિત, હું જાઉં અન્યત્ર ॥૬॥
ઇમ ચિંતી તે ગ્રામને, વહેંચી દીધાં ભ્રાત ।
હય ગય પણ વહેંચી દીયા, એહ કરી અખિયાત ॥૭॥
મંદિર માલ ભંડાર સવિ, દિયે તાતને તામ ।
રાજગૃહિ ભણી રંગશું, મન રાખે ગુણધામ ॥૮॥

॥ ઢાલ ૧૬ મી ॥

(મહારે આંગણે હો રાજ, સેલા મારૂ વાવડી–એ દેશી)

હવે ધન્નો હો રાજ નૃપતિ પ્રતે ઇમ - વિનવે જી,

કરી વિનય વિવેકથી સાર, સુણો રાજાજી; અમ આશા હો રાજ વિસરામ તુમે અછો, ઘણી શી કરીએ મનુહાર. સુ૦ અમ દીજે હો રાજ, કૃપા કરી શીખડી જી. ૧ એ આંકણી. મુજ તાતજ હો રાજ ભ્રાતા સહુ ઇહાં અછે જી, તુમ ચરણે સુગુણ નિધાન. સુ૦ એહની સ્વામી હો રાજ ખબર ઘણી રાખજો, ઘણું શું કહીએ તુમ નિદાન સુ૦ અ૦ ૨ નૃપ શ્રેણિક હો રાજ જોવે છે વાટડી જી, વલી પ્રતિદિન પ્રેષે છે પગ. સુ૦ તેહની પણ હો રાજ માયા છે અતિ ઘણી જી, તિણે જાવું પડે છે તગ. સુ૦ અ૦ ૩ શેઠ શાલિભદ્ર હો રાજ ગોભદ્રનો સુત અછે જી, વલિ કુસુમપાલાદિ અનેક. સુ૦ તે પણ પ્રેમે હો રાજ લિખે છે પ્રતિદિને, તેડાવે છે ધરીયે વિવેક. સુ૦ અ૦ ૪ તવ ભૂપતિ હો રાજ આખે ધન્નાશાહ પ્રતે જી, શી વાત કહી તુમે એહવા ગુણવંતા જી; અમે તુમ શું હો રાજ કરી ખરી પ્રિતડી જી, પણ તુમ મનમેં નહી તેહ; ગુ૦ કીમ દીજે હો રાજ કૃપા કરી શીખડી જી. એ આંકણી. ૫ ઇહાં બેઠા હો રાજ લીલા સુખ ભોગવો જી, અમને છે તુમચો આધાર; ગુ૦ તુમ સરિખા હો રાજ મિલે કિહાંથી સગા જી, સવિ સુવિહિત જન શિણગાર ગુ૦ કિ૦ ૬ તવ ધન્નો હો રાજ ભુધવ પ્રતે ઇમ ભણે જી, તુમ સાહિબ શું કહો એમ; સુ૦ અમને જાણજો હો રાજ સેવક કરી ઢુકડા જી, તુમચો કેમ વિસરે પ્રેમ સુ૦ અ૦ ૭ ધરણીધવ હો રાજ ધન્નાને તવ દિયે જી,

અતિ સુંદર તરલ તુખાર; ગુ૦ ગજ ઘોડા હો રાજ સુખાસન રથ ભલા જી, વલિ મણિમાણિકમય હાર. ગુ૦ કિ૦ ૮ શીખ લઇને હો રાજ ચાલ્યા રાજગૃહી ભણિ જી, દયિતા દોય લેઇ સંગ; ગુ૦ શુભ શુકને હો રાજ બહુલ પરિવારથી જી મન ધરતા અતિ ઉછરંગ. સુ૦ અ૦ ૯ દીન કેતે હો રાજ લક્ષ્મીપુર આવીઆ જી, તિહાં રાય જીતારી સુવિશેષ; ગુ૦ ખાગ ત્યાગે હો રાજ સબલ સવિ નૃપથકી જી, અરિ નાસી ગયા પરદેશ; ગુ૦ ભવિ સુણજો હો રાજ પ્રબલ ફલ પુણ્યનો જી. એ આંકણી ૧૦ તસ કાંતા હો રાજ ગુણાવલી ગુણનીલી જી સતિ સકલ માંહે શિરદાર; ગુ૦ પુત્રિ રૂયડી હો રાજ કલા ગુણ વેલડી જી, નામ ગીતકલા તસ સાર. ગુ૦ ભ૦ ૧૧ કલા ચોસઠ હો રાજ અંગે આવી વસી જી, વલી નામ તિસો પરિણામ; ગુ૦ એક દિવસે હો રાજ સખીથી પરી-વરી જી, કાંઇ પહોતી ઉદ્યાન સુઠામ. ગુ૦ ભ૦ ૧૨ સ્નાન કીધો હો રાજ પુષ્કરણીથી તિહાં જી, દેખે પુષ્પાદિક મનોહાર; ગુ૦ લેઇ વીણા હો રાજ ગાવે શુભ સ્વરથકી જી, ગ્રામ રાગમેં વિવિધ પ્રકાર. ગુ૦ ભ૦ ૧૩ સ્વર લીના હો રાજ કુરંગ આવ્યા વહી જી, વલિ નાગ પ્રમુખ બહુ જીવ; ગુ૦ સ્વર રુડો હો રાજ અખુટ એ નિધિ કહ્યો જી, વલી આણંદ કરણ સદૈવ. ગુ૦ ભ૦ ૧૪.

**યતઃ માલિનીવૃત્તમ્. સુખિનિ સુખનિધાનો દુઃખિતાનાં વિનોદઃ શ્રવણહૃદયહારી મન્મથસ્યાગ્ર-**

**દુતઃ, અતિ ચતુર સુગમ્યો વલ્લભઃ કામિનીનાં, જયતિ જગતિ નાદઃ પંચમશ્ચોપવેદઃ ૧.**

ભાવાર્થઃ-સુખી પુરૂષને સુખનો નિધાન, દુઃખી પુરૂષોને વિનોદ કારક, કાન તથા મનને હરણ કરનાર, કામદેવનો અગ્રદુત, ચતુર પુરૂષને સહેલાઇથી સમજાય તેવો, સ્ત્રીઓને વલ્લભ અને ચાર વેદ ઉપર જાણે પાંચમો ઉપવેદજ હોય નહિ ! એવો જે સુસ્વર, તે જગત્‌ને વિષે જયવંતો વર્તો. ૧.

એક આવી હો રાજ મૃગી સ્વરથી તિહાં જી, લયલીન થઈ રહી તામ; ગુ૦ તસ કંઠે હો રાજ ઠવે નિજ કંઠથી નૃપ પુત્રી હાર ઉદામ. ગુ૦ ભ૦ ૧૫ કરી ક્રીડા હો રાજ આવી નિજ મંદિરે, તેહ ગીતકલા ગુણધામ; ગુ૦ નિજ તાતને હો રાજ નમીને વિનવે જી, સુણો તાતજી નિજ હિત કામ. ગુ૦ ભ૦ ૧૬ સ્વર નાદે હો રાજ કુરંગી વશ કરી જી, કંઠથકી લાવે હાર; ગુ૦ આ ભવમેં હો રાજ જે મિલશે એહવો, તે વરવો મેં ભરતાર. ગુ૦ ભ૦ ૧૭ તેહ વાર્ત્તા હો રાજ થઇ સવિ થાનકે જી, જીમ જલમેં તૈલ પ્રચાર; ગુ૦ ઢાલ સોલમી હો રાજ ત્રીજા ઉલ્હાસની જી, કહી જિનવિજયે સુવિચાર ગુ૦ ભ૦ ૧૮.

॥ દોહા ॥

તે વાર્ત્તા ધન્ને તુરત, સાંભલી સેવક પાસ ।
સુભગ વેશ પહેરી ચલ્યો, રાજસભાયે ખાસ ॥૧॥

કહે ધન્નો ભૂનાથ સુણ, વનમેં મૃગનો મેલ ।
સુલસ અછે સ્વરવંતને, પણ એક સાંભલ ખેલ ॥૨॥
વનમેંથી સ્વરથી ખરી, લાવું નગર મઝાર ।
તે મૃગને કહે તો વલી, આણું સભામેં સાર ॥૩॥
તાલ કંસાલ મૃદંગ ધ્વનિ, તેહથી ન લહે બીક ।
ભય નવિ પામે કોયથી, રહે મુજ પાસ નજીક ॥૪॥
સુણિ નૃપતિ હરખીત થઇ, દિધો તસ આદેશ ।
તવ ધન્નો વીણા ગ્રહી, આવ્યો તે વન દેશ ॥૫॥
વાઇ વીણા વેગથી, સ્વરથી ગીત સુગ્યાન ।
સપ્ત સ્વર ત્રિણ ગ્રામથી, ઓગણપચાસ તે તાન ॥૬॥
રાગ આલાપે ષટ વલી, રાગિણી વલિ છત્રીશ ।
મિશ્રિત ષટ ષટ તેહની, ઉપરાગિણી સુજગીશ ॥૭॥
તે નાદે લીના તુરત, આવે મૃગના વૃંદ ।
વ્યાઘ્ર વ્યાલ સવિ વશ થયા, નિસુણી ગીત અમંદ ॥૮॥
હારાલંકૃત તે મૃગી, આવી અતિ અભિરામ ।
ઘોષવતીના સ્વર થકી, લય પામી તિણે ઠામ ॥૯॥
ધન્નો વીણ વજાવતો, તે મૃગી લેઇ સંગ ।
ચાલ્યો લક્ષ્મીપુર ભણી, કરતો ક્રીડા રંગ ॥૧૦॥
નગર માંહી તે સંચર્યો, મૃગીયુત નૃપ દરબાર ।
પહોત્યો તે દેખી નૃપતિ, કૌતુક લહે અપાર ॥૧૧॥
નગર લોક વિસ્મય લહે, દેખી મૃગિનો થટ્ટ ।
એ શુ દીસે દેવતા, નર રૂપે પરગટ્ટ ॥૧૨॥

## ॥ ઢાલ ૧૭. મી ॥

( રાજુલ બેઠી માલીએ–એ દેશી )

ગીતકલા ગુણ સાંભલી, મન હરખી હે અતિહી આણંદ કે; પૂર્ણ પ્રતિજ્ઞા માહરી, એણે કીધી હે એ પુરણ ચંદ કે, પુણ્ય સંયોગે સાજન મીલે. ૧ એ આંકણી અલગાં ટલે હે વલી કષ્ટ વિયોગ કે; મનવંછિત સફલાં ફલે, વલી રૂડા હે દિન પુરણ ભોગ કે. પુ૦ ૨ રાજાऽમાત્ય સેનાપતિ, શેઠાદિક હો સવિ કરે પરસંસ કે; ધન ધન ગીતકલા સતી, પતિ પાયો હે ઉત્તમ અવતંસ કે. પુ૦ ૩ હાર લિયો મૃગી કંઠથી, તવ કન્યા હે વરમાલ ઉદાર કે; ધન્નાને કંઠે ઠવે, સહુ ભાંખે હે મુખ જય જયકાર કે. પુ૦ ૪ લગ્ન વેલા સાધી કરી, પરણાવી હે નૃપ કન્યા તેહ કે; દીધો બહુલો દાનજો, વલી દીધાં હે અતિ સુંદર ગેહ કે. પુ૦ ૫ નૃપ આગ્રહે ધન્નાશાહ જી, રહે રંગે હે સ્ત્રી ત્રિણ્યે સાથ કે; વિલસે ભોગ ભલી પરેં, નૃપ પુરે હે તસ બહુલી આથ કે. પુ૦ ૬ અથ નૃપ મંત્રી સુગુપ્તની, પુત્રી રૂડી હે સરસ્વતી અભિધાન કે; વિદ્યાગુણથી સરસ્વતી, કલા કોવિદ હે વલી રૂપ નિધાન કે. પુ૦ ૭ બુદ્ધિ પરીક્ષણ કારણે ગુઢાર્થા હે પ્રહેલિકા કહે એક કે; એહનો અર્થ કહે જિકે, તે વરવો વર મનની ટેક કે પુ૦ ૮.

પ્રહેલિકા યથા. અનુષ્ટુબ્વૃત્તમ્,

**ગંગાયં દીયતે દાનં, એક ચિત્તેન ભાવિના,**
**દાતારો નરકં યાંતિ, પ્રતિગ્રાહી ન જીવતિ. ૧.**

**ભાવાર્થ**:-એક ચિત્તે થઇને ગંગા નદી ઉપર દાન અપાય છે, પરંતુ તે દાન આપનારો મરીને નરકમાં જાય છે અને દાન લેનારો મરણ પામે છે ! એવું શું હશે ? ॥૧॥

જિણ જણ અર્થ કરે જુઆ નવિ બેસે હે કોઇ અર્થ વિશુદ્ધ કે; ધન્ને પણ સુણી અન્યદા, તસ અર્થનો હે લિખે શ્લોક સુશુદ્ધકે પુ૦ ૯.

શ્લોક યથા; **મીનોગ્રાહી પલં દેયં, કન્યે દાતાત્ર ધીવરઃ; ફલંયજ્જાયતે તત્ર, સ્તયો તદ્વિદિતિર્જિનૈઃ ૨.**

**ભાવાર્થ**:-ધન્ન કુમરે પાછલા શ્લોકના ઉત્તરમાં કહ્યું, કે, હે કન્યા ! ઇહાં દાન લેનાર માછલાં, આપવા યોગ્ય દાન તે ગલ (પલ) અને દાન આપનારો પારધી જાણવો. તેમાં દાન લેનારને અને આપનારને જે ફલ થાય છે, તે ફલ જિનેશ્વરે જાણ્યું છે. અર્થાત દાન આપનારો પારધી નરકે જાય છે એને દાન લેનારાં માછલાં મરણ પામે છે ! ૨.

શ્લોક લિખી એક પત્રમેં, પાછલ લિખે હે ગુપ્તાર્થિક પદ્ય કે અર્થ વિચારી એહનો, ત્રુમે લિખજો હે ભામિની સુજ સદ્ય કે. પુ૦ ૧૦

**ન લગેન્નાગ નારિંગે, નિંબે તુંબે પુનર્લગેત્, કાકેત્યુકતે લગેન્નૈવં, મામેત્યુકતે પુનર્લગેત્ ॥૩॥**

**ભાવાર્થ**:-નાગ અને નારંગીમાં ભેગા ન થાય, પણ નિંબ અને તંબુમાં ભેગા થાય ! તેમજ વલી કાક ભોલે

છતે ભેગા ન થાય, પરંતુ મામા એમ બોલે છતે ભેગા થાય ! હે કન્યા ! એવું શું કશે ! ૩.

**ન તસ્યાદૌ ન તસ્યાંતે; મધ્યે યશ્ચ વ્યવસ્થિતઃ, તવાપ્યસ્તિ, મયાપ્યસ્તિ, યદિ જાનાસિ તદ્વદઃ ૪**

**ભાવાર્થ**:-જે ચીજ આદિમાં નથી રહેતી. તેમ અંતમાં પણ નથી રહેતી, પરંતુ વચમાંજ રહે છે. વળી તે ચીજ તારે પણ છે અને મારે પણ છે ! તો, હે કન્યા તે શી ચીજ ? તે તું જાણતી હોય તો કહે ! ॥૪॥

કન્યા વાંચી પત્રમેં, નિજ મનનો હે તે પામી અર્થ કે; પણ ધન્નોક્ત સુશ્લોકના, ભાવ ન લહે હે ઉદ્યમ થયો વ્યર્થ કે. પુ૦ ૧૧ તવ બેસીને સુખાસને, સખી સાથે હે ગઇ ધન્ના ગેહ કે; લાજ થકી કહે શ્લોકના, નવિ પામી હે હું અર્થ છે જેહ કે. પુ૦ ૧૨. તબ ધન્નો કહે ઉષ્ઠ એ, શબ્દ શાસ્ત્રે હે અછે એહ વિચાર કે; અષ્ટ સ્થાનક છે વર્ણના, સોધી લેજો હે હવે અર્થ ઉદાર કે. પુ૦ ૧૩.

**યતઃ ।। અષ્ટૌ સ્થાનાનિ વર્ણાનાં-૧ ઉરઃ ૨ કંઠઃ ૩ શિરનસ્તથા; ૪ જીવ્હામૂલં ચ ૫ દંતાશ્ચ, ૬ નાસિ ૭ કોષ્ઠૌ ચ ૮ તાલુ ચ ૧.**

**ભાવાર્થ**:-છાતી, કંઠ, માથુ, જીભામુલ, દાંત નાસિકા, હોઠ અને તાલવું. એ આઠ વર્ણ એટલે અક્ષરોનાં સ્થાનક છે. અર્થાત એ આઠ સ્થાનકો વડે અક્ષરોના ઉચ્ચાર થાય છે. ॥૧॥

બીજે પદ્યે નેત્ર છે, તવ સરસ્વતી હે સુણી અર્થ સુજાણ કે; એહના પદ્યના અર્થને, નવિ પામી તિણે નિયતિ પ્રમાણ કે. પુ૦ ૧૪. તવ મંત્રી હે પુત્રી પ્રતે, કહે તાહરી હે થઇ પુણ પ્રતિજ્ઞ કે; વર વરો એ મન હોંસથી, બુદ્ધિવંતો હે સુંદર અતિ સુજ્ઞ કે. પુ૦ ૧૫. ચિત્ત હરખે તે સરસ્વતી, નિજ તાતનું હે કરે વચન પ્રમાણ કે, શુભ દિવસે મંત્રી તદા, પરણાવે હે તે અવર જાણ કે. પુ૦ ૧૬. વિભવ દિયે બહુ ભાંતથી, સુખ વિલસે હે ચારે સ્રી સંગ કે ત્રીજે ઉલ્હાસે શોભતી, ઢાલ સત્તરમી હે કહી જિન મન રંગ કે. પુ૦ ૧૭.

॥ દોહા ॥

રાજા માને અતિઘણું, દેખી બુદ્ધિ પ્રકાર ।
મંત્રી પણ કાર્યાદિકે, પુછે વાત વિચાર ॥૧॥
બુદ્ધિવંત દેખી બહુલ, પુછે નવ નવ ભેદ ।
ધન્નોશાહ ઉત્તર તુરત, આપે ધરી ઉમેદ ॥૨॥
ચારે બુદ્ધિથી ચતુર, ચેતન લહે સુખ સાર ।
તિમ ચારે નારી થકી, સુખ વિલસે શ્રીકાર ॥૩॥

॥ ઢાલ ૧૮ મી ॥

( વીરે વખાણી રાણી ચેલણા જી–એ દેશી )

એહવે તે લક્ષ્મીપુરે જી, પત્રામલ નામે ઉદાર; કોડી બત્રીશ સોવન તણો જી, અધિપતિ છે શાહુકાર; દેખો દેખો બુદ્ધિબલ મોટકો જી ૧. એ આંકણી ॥ છોટકો નહી લવલેશ; સુખ દિયે જેહ આપદ પડે જી, યશ કરે દેશ

પરદેશ. દેખો૦ ૨. સુંદરી નામે તસ ગેહિની જી, પુત્ર શુભ લક્ષણા ચાર; રામ ને કામ ગુણધામ છે જી, શ્યામ ચોથો સુખકાર. દેખો૦ ૩. અદ્ભુત રૂપથી ઓપતી જી, શોભતી લક્ષ્મી પ્રતિરૂપ; લક્ષ્મી નામા તસ ઊપરે જી, પુત્રી ઉપનિષદ સ્વરૂપ. દેખો૦ ૪. દાન યાત્રાદિ શુભ સ્થાનકેજી, ધન વ્યય કરે પાત્રામલ્લ; તપ જપ દેવપુજા સદા જી, આચરે તેહ અવલ્લ. દેખો૦ ૫. અંત વય આવી તવ ઉપન્યો જી, રોગ તે વિવિધ પ્રકાર; મરણ જાણી તવ આપણો જી, તેડયા તિહાં પુત્ર તે ચાર. દેખો૦ ૬. સાંભલો પુત્ર સપુત્ર છો જી, માહરા જીવન પ્રાણ; માનજો શીખ એક અમ તણી જી, તુમે છો અતિ ચતુર સુજાણ દેખો૦ ૭. બાંધવ કોઈ કારણ થકી જી દ્વેષ મત ધારજો ધીર; બાંધવ સમ કોઈ છે નહી જી, પ્રેમનો પાત્ર સધીર. દેખો૦ ૮. કંચન કામિની સુલભ છે જી, સુલભ છે મંદિર માત; સુલભ પુત્રાદિ સવિ પામવા જી, દુલભ છે માતનો જાત. દેખો૦ ૯.

**યતઃ ।। કડુઓ હોએ લીંબડો, પણ તસ તાઢી છાંહ; બંધવ હોએ એ બોલણા, તોહિ પોતાની બાંહ ૧.**

ધન તણો ધ્યાન નવિ ધારિયે જી, ધન સદા અનરથ મુલ; અંગનો મેલ એ જાણવો જી, ધનથકી સયણ પ્રતિ- કુલ. દેખો૦ ૧૦. સાતખેત્રે ધન વાવસ્યો જી, તે થયો આપણો સારે; શેષ ધન પાપ કારણ સહી જી, જાણજો

ચિત્ત મઝાર. દેખો૦ ૧૧. પણ એહ સમય ધનવંતને જી, માન આપે સહુ લોક; ધનથકી લાજ જગમેં રહિજી, ધન વીણ માણસ ફોક. દેખો૦ ૧૨ ધન થકી ધર્મ સાધન હુવેજી, ધન થકી દાન દેવાય; ધનથકી જીવરક્ષા હુવે જી ધનથકી સુજસ સવાય. દેખો૦ ૧૩ નિર્ધન આદર નવિ લહે જી, નિર્ધન શબ સમ હોય; ધન વિણ કોય ધિર નહિ, પ્રત્યય ન ધરે તસ કોય. દેખો૦ ૧૪. તેહ ભણી ધન તુમે રાખજો જી, પણ મત કરજો કલેશ; કલેશથી દુઃખ લહેશો ઘણો જી, ઈહ પરભવ અવિશેષ. દેખો૦ ૧૫.

**યત : ।। અનુષ્ટુબ્વૃત્તમ્ ।। પ્રતાપો ગૌરવં પૂજા, શ્રીયશઃ સુખસંપદા ।। કુલે તાવત્પ્રવર્દ્ધંતે, યાવન્નોપદ્યતે કલિઃ ।।૨।।**

**ભાવાર્થ** :- પ્રતાપ, મહોટાઇ, પુજા, લક્ષ્મી, જશ અને સુખસંપદા; એ સર્વે જ્યાં સુધી કુલને વિષે કલેશ ન ઉત્પન્ન થાય, ત્યાં સુધી વધે.

કુટુંબમેં કલેશ કરતે થકે જી, લાજ મર્યાદ સવિ જાય; લઘુતા લહિયે નિજ નાતિમાં જી, ચિંતિત કાર્ય નવિ થાય. દેખો૦ ૧૬. બાંધવ કલેશ બહુ દુઃખ દીયે જી, ભરત બાહુબલી જેમ; કોણિકે હલ્લ વિહલશું જી, ન ગણ્યો એણે બાંધવ પ્રેમ. દેખો૦ ૧૭. પાંડવ કૌરવ ઝુઝતાં જી, કુલ ક્ષય થયો સવિ તામ; તે ભણી બાંધવશું તુમે જી, રાખજો સ્નેહ સુપ્રકાશ. દેખો૦ ૧૮. બાંધવ સ્નેહથી તુમ પ્રતે જી, કો ન ગંજે ઇણે ઠામ;

કંટક વાડના બલથકી જી, જુઉ અગંજી હુએ ગામ. દેખો૦ ૧૯. નિર્ધન બાંધવે પરિવરયો જી, હુએ બલવંત સદૈવ; તંતુયોગે પટ નિપન્યો જી, બલ ખમે અધિક તથૈવ. દેખો૦ ૨૦. શીખ અમચી અછે એ ઘણી જી, કલહ મત કરજો તુમે પુત્ર; ઢાલ અઢારમી જિને કહી જી, રાખજો અમ ઘરસૂત્ર દેખો૦ ૨૧.

॥ દોહા ॥

ભેલા રહેજો ભાવશું, ચારે તુમે સુપાત્ર ।
પ્રીતિ ભલી પરે પાલજો, અન્યોન્યે શુચિ ગાત્ર ॥૧॥
અનુક્રમે પૌત્રાદિક વધે, ન રહેવાયે એકત્ર ।
તો તુમે થાજો જુજુઆ, દ્વેષ ન ધરશો તત્ર ॥૨॥
તુમ ચારે નામે કરી, કલશ ચાર ધન પૂર્ણ ।
ચારે દિશિ થાપ્યા અછે, મેં સમકાલે તુર્ણ ॥૩॥
તે લેજો તુમે ઓલખી, ધનથી સરિખા ચાર ।
ખાજો પીજો ખરચજો, વલિ કરજો વ્યાપાર ॥૪॥
શીખ દેઇ ઇમ પુત્રને, પચખે ચારે આહાર ।
ચાર શરણ શુભ ભાવથી; ધારે ચિત્ત મઝાર ॥૫॥
ચોરાસી લાખ જોનિને, ખમે ખમાવે આપ ।
અણસણ આરાધન કરી, છાંડે પાંપનો વ્યાપ ॥૬॥
નવપદ ધ્યાન સંભારતે, પહોત્યો તે પરલોક ।
પ્રેમકાર્ય કરી અનુક્રમે, પુત્રે છાંડયો શોક ॥૭॥

॥ ઢાલ ૧૯ મી ॥

( કેસર વરણો હો, કાઢ કસુંબો મહારા લાલ.–એ દેશી.)

તેહવે ભ્રાતા હો સુગુણ વિખ્યાતા મારા લાલ,

ઉત્તમ દાતા હો કુલના ત્રાતા મારા લાલ; અનુક્રમે તેહને હો સંતતિ થાવે મા૦, બહુલપણાથી હો કલહ જગાવે મા૦ ॥૧॥ તવ તે ચિંતે હો તાતની વાણી મા, કલહથી દુઃખીયા હો થાવે પ્રાણી મા૦; તે ભણી ભોજન હો જુજુઆં કીજે મા૦, નિજ નામાંકિત હો કલશ ગ્રહીજે મા૦ ॥૨॥ ચિત્તમેં ચિંતે હો તે સમકાલે મા૦, ભૂમિથી કાઢી હો કુંભ નિહાલે મા૦, પ્રથમ કલશમેં હો લેખણ ખડીયો મા૦, વલિ વલિ મોટો હો કાગલ દડિયો મા૦ ॥૩॥ બીજે કલશે હો ધ્રુષદને માટી મા૦, તે પણ દેખી હો રહ્યા ભેરાટી મા૦; ત્રીજે કલશે હો હો હાડ તે દિસે મા૦, આશ્વાદિકનાં હો દેખી ખીસે મા૦ ॥૪॥ લઘુ બંધવને હો કલશ સોહાવ મા૦, આઠ સોનાની હો કોડી કમાવે મા૦; તે તો રાજી હો થયો નિજ મનમેં મા૦, તાતે દિઠો હો ગુણ મુજ તનમેં મા૦ ॥૫॥ તામ તે તિણે હો ધનને દેખી મા૦, બોલે બડબડ હો લાજ ઉવેખી મા૦; કલશ ધરંતા હો તાત વરાંસો મા૦, કુટિલપણાથી હો કીધો હાસો મા૦ ॥૬॥ એ ધન સઘલો હો ફિરી વહેંચીજે મા૦, એહની વાતો હો વિલંબ ન કીજે મા૦; તાતનો પૈસો હો સહુને સરિખો મા૦, પુત્રમેં અધિકો હો કોય ન પરખ્યો મા૦ ॥૭॥ તવ લઘુ બોલે હો તાતે મુજને મા૦, એ નિધિ આપી હો શું છે તુજને મા૦; તુમચે ભાગે હો લેખણ પાટી મા૦, વલિ અસ્થ્યાદિક હો ઉપલને માટી મા૦ ॥૮॥ કલહ તે

જાગ્યો હો ધનથી ઘરમેં મા૦, વાત તે ચાલી હો વધતી પુરંગે મા૦; નાતિ જાતિથી હો સમજણ નાવે મા૦, તવ તે વઢતા હો ભુપપેં જાવે મા૦ ॥૯॥ નૃપતિ સુણીને હો ચિત્ત વિચારે મા૦, તાત તનુજને હો કિમ ઇમ ધારે મા૦; મંત્રિને તેડી હો મસલત કીધી મા૦, પણ તે વાર્ત્તા હો કાંઇ ન સીધી મા૦ ॥૧૦॥ તેહવે ધનપતિ હો મુજરે આવે મા૦, આદર દેઇને હો નૃપતી બોલાવે મા૦; દાખે સઘલી હો વાત તે વીતી મા૦, ન્યાય કરંતાં હો અમ મતિ છીતી મા૦ ॥૧૧॥ તવ કહે ધન્નો હો ચિત્ત વિચારી મા૦, તાત તે એહનો હો હુશે અધિકારી ।૦ સ્વામી એહનો હો ઇહાં કણે તેડે મા૦, તુમ દેખંતા હો કરીશ નિવડો મા૦ ॥૧૨॥ સુણી નૃપ હરખ્યો હો તેહ બોલાયા મા૦, બંધવ ચારે હો તતક્ષણ આયા મા૦; કહે તવ ધન્નો હો તુમને જાણી મા૦, તાતે દીધી હો સદૃશ કમાણી મા૦ ॥૧૩॥ જેહને દીઠો હો નામે પોઢો મા૦, દેવે લેવે હો સહુથી દોઢો મા૦; તેહને દીધો હો લેહણો લેખો મા૦, વાંચી વહિમેં હો હૃદયમેં દેખો મા૦ ૧૪. વ્યાપારીને હો મનમેં જાણી મા૦, ગૃહ ક્ષેત્રાદિક હો ભૂમિ કમાણી મા૦; ધાન્ય પ્રમુખ પણ હો તેહને દીધો મા, મૃત્પાષાણે હો નિશ્ચય કીધો મા૦ ૧૫ પશુ વ્યાપારી હો જાણ્યો જેહને મા૦, ગજ અશ્વાદિક હો દીધા તેહને મા૦; વલી ગો ગોકુલ હો તે પણ કહિયે મા૦, અસ્થી દેખી હો તે સદ્દહિયે મા૦ ૧૬.

લઘુ સુત જાણી હો તાત પ્રમાણી મા૦, મન હિત આણી હો સકલ કમાણી મા૦; મંદ અભ્યાસી હો એ ન કમાસી મા૦, તે ભણી દીધો હો ધન સુવિલાસી મા૦ ૧૭. એકેકાને હો ધન સુવિશેષે મા૦, અડઅડ માને હો કોઢી તે લેખે મા૦; જોશો લેખો હો કરીને જેહમેં મા૦, ઓછો અધિકો હો કાંઈ ન એહમેં મા૦ ૧૮. તવ તે બેઠા હો કરવા લેખો મા૦, દફતર કાઢી હો સઘલો પેખ્યો મા૦; વ્યાજને મેલે હો ધન સરેવાલો મા૦, આઠ કોડીનો હો થયો હવાલો મા૦ ૧૯. ઘર આપણને હો ક્ષેત્રને વાડી મા૦, ધાન્યના કોઠા હો વહેલને ગાડી મા૦, લેખો તેહનો હો કીધો જાણી મા૦, અઠ કોડી ધનનં હો વહિયે લિખાણી. મા૦ ૨૦. એક શત હાથી હે અચુત છે ઘોડા મા૦, એક શત ગોકુલ હો સબલ સજોડા મા૦; ઉષ્ટ્રાદિક તિમજ હોમેલ તે કીધો મા૦, અડ કોટી ધન હો તે થયો સીધો મા૦ ૨૧. હરખ્યા તવ ચારે હો બંધવ મનમેં મા૦, ભુખ્યો ભોજન હો જીમ લહે વનમેં મા૦; નૃપને પ્રણમી હો મંદિર જાવે મા૦, ધન્નાના ગુણ હો મનમેં ધ્યાવે મા૦ ૨૨. ગુણના રાગી હો સહુ કો જગમેં મા૦, રૂડા ગુણીને હોગ્રહિયે વગમેં મા૦; ત્રીજે ઉલ્હાસે હો ઢાલ રસીલી મા૦, એ ઓગણીશમી હો જિનને રંગીલી મા૦ ૨૩.

॥ દોહા ॥

ચારે બાંધવ ચિંતવે, એહનો ગુણ અસમાન ।
ઊરણ થઇએ કિણિ વિધે, એહ છે ભાગ્ય નિધાન ॥૧॥

લક્ષ્મી સમ લક્ષ્મી અછે, બહિન આપણે એક ।
દીજે એહને દિલ ધરી, એ આપણો વિવેક ॥૨॥
ચિંતીને ધનશાહને, શુભ વેલા શુભ યોગ ।
પરણાવે ભગિની પ્રતે, જાણી સદશ સંયોગ ॥૩॥
તેહશું વિવિધ સંસાર સુખ, ભોગવે ધરી બહુ પ્રેમ ।
પાચેથી લીનો રહે, પંચ સમિતિ મુનિ જેમ ॥૪॥

## ॥ ઢાળ ૨૦ મી ॥

(પ્રણમું ગિરજાનંદના.—એ દેશી)

એહવે તે લક્ષ્મીપુરે, કૃષિક તણો છે શેઠ; ધનપાલાભિધ નામથી, ધનની કરે નિત વેઠ ૧. ખાવે ન પીવે નવિ દેવે, લેવણુની કરે વાત; સુંબમાંહી શિરદાર તે અહનિશી કરે પર તાત ૨. એહવે એક કોઈ યાચક, યાચવા આવ્યો તાસ; મીઠે વચને બોલાવી ને, બેસાર્યો લેઇ પાસ ૩. કહે યાચક સુણો શેઠજી, કીજે ન દાન વિલંબ; આયુતણી ગતિ અથિર છે, તેહ ભણી અવિલંબ ૪. તવ બોલ્યો યાચક પ્રતે, દેશું પ્રભાતે દાન; ભોજન વ્યંજન ભાવતાં, તાંબુલાદિ પ્રધાન ૫. ઉઠી ગયો તવ યાચક, આવ્યા પ્રભાતે ગેહ; કવિત ગુઢાર્થ ગાહા તસ, ગુણ વર્ણન કરે તેહ. ૬ કહે તવ સુંબ શિરોમણી. તું આપે પરભાત; દેશું ભોજન ભાવતાં, તાંબુલ યુત વિખ્યાત ૭. તિમ ત્રીજે દિન આવીને, બોલે યાચક એમાશું રે; કૃપણ નથી આવતો, ભોજન વ્યંજન તેમ ૮. જગમેં યશ રહેશે પણ, નહિ રહે તન ધન માન; રાવણ સરિખા રાજવી, તે

પણ ચાલ્યા નિદાન ૯. નંદરાય ધન મેલીને, ભલ્યો સમુદ્ર મઝાર; મમ્મણ શેઠને સાગર, પહોંચ્યા નરકાગાર ૧૦. દિધુ રહે અવિચલ થઇ, ખાધું ખુટી જાય; સાપુરિસાનું જીવિત, દાનથી સફલ ગણાય ૧૧. દેતાં દેતાં પાત્રને, ધનની થાયે વૃદ્ધિ; મુલદેવ પરે તતક્ષણે, પામે સકલ સમૃદ્ધિ ૧૨.

યતઃ શાર્દૂલવિક્રીડિતવૃત્તમ્ ॥ **શ્રી નાભેયજિનેશ્વરો ધનભવે શ્રેયઃ શ્રયામાશ્રયઃ, શ્રેયાંસશ્ચ સ મૂલદેવનૃપતિઃ સા ચંદનાનંદના, ધન્યોસૌ કૃતપુણ્યકો ગતભવઃ શ્રી શાલિભદ્રાભિધઃ, સર્વેપ્યુત્તમદાનમાનવિધિના જાતા જગદ્વિશ્રુતાઃ ॥૧॥**

**ભાવાર્થ :**– પ્રથમ તીર્થંકર શ્રી રૂષભદેવસ્વામી, તે ધનસાર્થવાહના ભવમાં (ધૃતનું દાન દેવાથી) કલ્યાણ રૂપ લક્ષ્મીના ઘર હતા તે, શ્રેયાંસકુમર, મૂલદેવ રાજા, ચંદનબાલા, તથા પૂર્વભવને વિષે કર્યું છે પુણ્ય જેમણે એવા આ ધન્નકુમર અને શાલિભદ્રકુમરઃ તે સર્વે પણ ઉત્તમ દાન અને સન્માને કરી જગતને વિષે વિખ્યાત થયા છે. ॥૧॥

તવ બોલ્યો અદાતૃકો, ધીરો થા તું ધીર; આજ રસોઇ ન નીપની, કાર્ય વિસેષથી વીર ૧૩. ઇમ કરંતે કરંતે તસુ; માસ થયો ઈક જામ, તામ તે યાચક ચિંતવે, સુંબની પાડું મામ ॥૧૪॥ ઇમ ચિંતીને ભૈરવી, દેહરે બેઠો તેહ, ધુર્ત્ત વિદ્યાનો સાધન, સાધે શુચિ કરી દેહ

૧૫. કુંડ કરી ષટ કોણનો, હવન કરે તિહાં ખાસ, જપ જપતાં ઇકવીશ તે, તાસ થયા ઉપવાસ ૧૬, ચંડિકા તામ પ્રગટ થઇ, કહે તું વચ્છ વર માગ હું તુઠી તુજ ધ્યાનથી; તાહરો મ્હોટો ભાગ્ય ૧૭. તવ બોલ્યો તે યાચક, પય પ્રણમી સુવિચાર; રૂપ પરાવર્ત્તક મુજ, દ્યો વિદ્યા સુખકાર ૧૮. દેવીયે દિધી તતક્ષણે, વિદ્યા તેહ પ્રધાન; તે લેઈને યાચક, ઉઠયો થઈ સાવધાન ૧૯. એહવે તે ધનકામિક, ગ્રામાંતર ગયો ઠીક; જાણીને ધનપાલનો, રૂપ કર્યો નિરભીક ૨૦. આવ્યો કૃપણતણે ઘરે, તે યાચક ધરી રૂપ, પુછે પાછા કિમ વલ્યા, તુરત તુમે ધરી ચુંપ ૨૧. તવ કહે શુકન થયા અતિ, મુજ મધ્યમ જિણિ વાર; તિણે તિહાંથી પાછો વલ્યો, વિચમેં મિલ્યા અણગાર ૨૨. દેશના દેતા દેખીને, હું બેઠો મુનિ પાસ; અમૃત વાણી અતિ ભલી, સાંભલી થયો ઉલ્હાસ ૨૩. આયુ અથિર અંજલી જલ, ઉપમ એહને થાય; ધન પણ નદીય પ્રવાહ છે, કોયથી રાખ્યો ન જાય ૨૪. યોવન સંધ્યા રંગ છે, સુપન સદૃશ સંયોગ; રમણી રંગ પતંગ તે, વિષ સમ વિષય સંભોગ ૨૫. રોગે કરીને પુરિત, કાયા અશુચિ ભંડાર; તેહમેં દાનાદિક કરે, તેહનો ધન્ય અવતાર ૨૬,

**યતઃ શાર્દુલવિક્રીડિતવૃત્તમ્ ॥ આયુર્વારિતરંગભંગુરતરં શ્રીસ્તુલતુલ્યસ્થિતિ સ્તારૂણ્યં, કરિકર્ણચંચલતરં સ્વપ્નોપમાઃ સંગમાઃ યચ્યાન્યદ્રમણીમણી**

**પ્રભૃતિકં વસ્તુંચ તચ્ચાસ્થિરં વિજ્ઞાયેતિ વિધીયતા-મસુમતા ધર્મસ્સદા શાશ્વતઃ ॥૨॥**

**ભાવાર્થ**:-આઉખું પાણીના તરંગની પેઠે અતિશે નાશવંત; લક્ષ્મી વણુકરના કાંઠલાની પેઠે ચપલ સ્થિતિ-વાલી; તરૂણપણું હાથીના કાનની પેઠે અતિશે ચંચલ, કુટુંબીઓનો મિલાપ સ્વપ્ન તુલ્ય; તેમજ સ્ત્રી, મણિ અને માણેક વિગેરે જે કાંઇ પદાર્થ, તે સર્વ પણ અસ્થિર છે, એમ જાણીને પ્રાણીએ શાશ્વત એવો ધર્મ કરવો જોઇએ ૨.

સાંભળીને મુજ ચિંત્તમેં, ઉપન્યો સબલ સંવેગ; કૃપણપણો હવે છાંડવો માંડવો દાનશું નેગ ૨૭ તે ભણી આજથી કોયને, મત કહેજો નાકાર; જે માગે તે તેહને, દેજો દાન ઉદાર ૨૮. તુમે છો સુપુત્ર સોહામણા, તાત વચન પ્રતિપાલ; દેતાં ધન ખુટે નહી, જાણજો ચિત્ત વિચાલ ૨૯. આઠ કોડિ ધન આપણે, છે ભૂમિગત જેહ; તે પણ કાઢી દીજીએ લીજીએ લાભ અછેહ ૩૦.

**યતઃ ॥ અનુષ્ટુબ્વૃત્તમ્ ॥ મા મંસ્થા ક્ષીયતે વિત્તં, દીયમાનં કદાચનઃ ॥ કુપારામ ગવાદીનાં, દદતામેવ સંપદઃ ॥૩॥**

**ભાવાર્થ** :—હે પુત્ર ! અપાતું ધન કદિ પણ ક્ષીણ થાય છે એમ તું ન માન કારણ કે કુવામાંથી જેમ જેમ પાણી કાઢી છીએ એ. તેમ તેમ પાણી વૃદ્ધિ પામે છે, બગીચામાંથી જેમ જેમ ફુલો લઇએ છીએ, તેમ તેમ

નવાં ફુલો આવે છે અને ગાયને જેમ જેમ દોહિયે છીએ, તેમ તેમ નવું દૂધ ઉત્પન્ન થાય છે; તે કારણ માટે જેમ જેમ દાન આપીએ; તેમ તેમ ધનની વૃદ્ધિ થાય છે. એ તાત્પર્ય: ૩.

તવ તે કપટ અજાણતા, વચન કરે સુપ્રમાણ; દાન દિયે અહનિશ મુદા, રાખતા ચિત્ત શુભ ધ્યાન ૩૧. અસનવસન આભૂષણ, આપે વિવિધ પ્રકાર; નાકારો ભુલી ગયા, માંડયો દ્યે દ્યે કાર ૩૧. કેલવે કપટ જે જાણિને, તે છલે સુર નર ધીર, પણ કોઇ તેહને નવિ લહે, જીમ ભેલ્યો જલ ખીર ૩૩. કપટ ન કીજે કોઇથી, ઇમ કહે જીમ સુવિલાસ; ઢાલ થઇ એ વિશમી, શુભ ત્રીજે ઉલ્હાસ ૩૪.

॥ દોહા ॥

ઇમ દિન આઠ લગે તિણે, દીધો અહ નિશિ દાન ।
નાતિ જાતિ પોખી ભલી, લીયો યશ અસમાન ॥૧॥
તે વાર્તા વધતી થઇ, નગર દેશ પુર ગામ ।
સુંબ તે પિણ સાંભલી, થયો વિભ્રમ તિણે ઠામ ॥૨॥
આવ્યો અતિ ઊતાવલો, નિજ ગૃહાંગણ જામ ।
દીઠો પ્રતિરૂપી તિહાં, બેઠો દ્યે બહુ દામ ॥૩॥
બોલ્યો સુંબ રોશે કરી, તું કુણ છે ચંડાલ ।
મુજ મંદિરનો પતિ થઇ, બેઠો ઇહાં ચોસાલ ॥૪॥
ધન સઘલો તેં માહરો, વિનસાડયોશે માટ ।
ઊઠ ઊઠ જા ઇહાં થકી, પકડી કોઇક વાટ ॥૫॥

## ॥ ઢાલ ૨૧ મી ॥

(ધન ધન જનની એ લાલ—એ દેશી)

તવ તે બોલે એ લાલ, ધુર્ત્ત કલા કરી; માહરે ભુવને એ લાલ, હું રહું દિલ ધરી ॥૧॥ તુટક૦ દિલ ધરી હું રહું દાન દેતો, નથી લેતો કેહનું ; ધન માલ મિલકત માહરી જે, ભોગવું સુખ તેહનું; તું કવણ કપટી ઇહાં આયો, ધાયો સ્વાનપરે થઇ; કુલ જાતિ હીણો અછે દીણો અકલ બુદ્ધિ દીસે ગઇ ૨. ચાલ—સુંબને કપટી એ લાલ, બિહુંભેલા લડે; પુત્રાદિકને એ લાલ, શુદ્ધિ ન કો પડે ૩.

તુ૦ ન પડે શુદ્ધિ તે સયણ સહુને, તવ તે બિહુને કાઢિયા; તે કલહ કરતા માન ધરતા, વચન બોલે ગાંઢિયા; તિહાં પાંચ ભેલા મિલ્યા સમેલા, પણ ઠરાવ ન કો પડે; બહુ ગ્રામ લોકો પરિવર્યા તે, રાજ દરબારે ચડે ૪. ચાલ રાજા દેખી એ લાલ, મુંઝાઈયો; સચિવને એહનો એ લાલ, ન્યાય કરવો કહ્યો ૫. તુ૦ કહ્યો એહનો ન્યાય કરિયે, તો તુમ બુદ્ધિ સોહામણી; તવ સચિવ કહે પ્રભુ કપટની મુજ, ખબર ન પડે અતિ ઘણી, મહાદેવને બલિરાય સરિખા, રામ પણ છલમેં પડયા જુઓ કપટ કરીને ઇંદ્ર તે પણ, અહિલ્યાશું આથડયા ૬. ચાલ—એહવે ધન્નો એ લાલ, પરીજને પરિવર્યો; નૃપને દેખી એ લાલ આદર અતિ કર્યો ૭. તુ૦ અતિ કર્યો આદર લહી બેઠો, સભામેં સુર સારિખો; ઝઘડંતા દેખી તે બિહુંને, કિયો તતક્ષણ પારિખો; તવરાય બોલે અતિ

અમુલિક કન્યા છે ધનપાલની; બે ન્યાય કરીને સત્ય દાખે. તે વરે ગુણમાલિની ૮ ચાલ–તવ કહે ધન્નો બે લાલ, એહમાં શું અછે; એહને નિવેડી બે લાલ, જીમશું જઈ પછે. ૯. તુ૦ પછે જીમશું એ નિવેડી, કહી કમલ અણાવીયો; તે સુરભિગંધે અતિહી સુંદર, દેખી સહુ મન ભાવિયો; એ કમલ મુખથી પેસિને જે, નીસરે નાલે થઈ; ધનપાલ તે સહી જાણજો ઇમ, વાત ધન્ને મુખ કહી ૧૦. ચાલ, તવ તે કપટી બે લાલ, વિદ્યા બલ થકી; પેસી મુખથી બે લાલ, નીસર્યો છલ થકી ૧૧. તુ૦ છલથકી નિસરતો ગ્રહ્યો તસ, બાંધીયો બંધન કરી; કહે કપટ એ તો કેમ કીધો, વિદ્યા તાહરી છે ખરી; તવ કહે યાચક સુંબ મુજને, કહે ભોજન નાપતો; પરભાતે ભોજન આપશું મુજ ઉત્તર એહવો આપતો ૧૨.

યતઃ અનુષ્ટુબ્વૃત્તમ્; **પ્રગે દાસ્યે પ્રગે દાસ્યે, ભોજનં ભોસ્તવેત્યહં;માસંપ્રતારિતોઽનેન, કૃપણેન મહીપતે ॥૧॥**

**ભાવાર્થઃ**–હે રાજન્ ! કાલ સવારે ભોજન આપીશ, કાલ સવારે ભોજન આપીશ, એમ કહી કહી એક મહિના સુધી ધક્કા ખવરાવી એ કૃપણે મને ઠગ્યો, તેથી મારે આવું કરવુ પડયું. ॥૧॥

ચાલ–તવ મેં કોપે બે લાલ, સાધી ગૌરવી; તિણે મુજ દિધી બે લાલ, વિદ્યા અભિનવી ૧૩. તુ૦ અભિનવી વિદ્યા તામ સાધી; રૂપ કીધો એહનો; મેં દાન દિધો લાભ લિધો, કાજ સીધો દેહનો; સુણી લોક સઘલો

કહે સારો, કામ કીધો ઇહ ભવે; સાબાશ તુજને એ બાંધવ, સુખ લહીશ વલી પરભવે. ૧૪. ચાલ–નિસુણી ધન્ને એ લાલ, બંધન છોડિયો, કહે નૃપ તેહને એ લાલ, કામ લો કીયો. ૧૫. તુ૦ કિયો ભલો તેં કામ ભાઇ, ઇમ કહી સનમાનીયો; નમિ ભૂપને ધન્ના પ્રતે તવ, પ્રયાણો તેણે કીયો; ધનપાલ તવ સંતોષ પામ્યો, વામ્યો દુઃખ દિલથી સવે; ઘર રૂદ્ધિ સારી સબલી વધારીશ, જીવતો છું જો હવે. ૧૬. ચાલ–પરિજન સાથે એ લાલ પરિવૃત આવિયો; સ્ત્રી સુત સહુને એ લાલ, મનમેં ભાવિયો. ૧૭. તુ૦ ભાવિ યો તે કહે સુણો સજનો, ધન્ને ઉપકૃતિ મુજિ કરી; માહરી એ સ્યલ લીલા, એહથી મેં અનુસરી; તે ભણી એહને દિઉં પુત્રી, રાયે પણ ભાંખ્યો અછે; નવિ દિજીયે તો બલ કરીને, રાય દેવરાવે પછે. ૧૮. ચાલ–ઇમ ચિંતિ એ લાલ, ધન્નાને તદા; દિધી કન્યા એ લાલ, ધરી મનમેં મુદા. ૧૯. તુ૦ ધરી મનમાં હર્ષ અધિકે, પરણાવી ગુણમાલિકા; લક્ષણે રૂડી નહી કુડી, સાસતી કુલબાલિકા; ઉચ્છાહ રૂડા તે સજોડા, હુઆ અધિકા હેજથી; શામા સુરંગી દગકુરંગી શોભતી પિયુ તેજથી. ૨૦. ચાલ–પુરવ પુણ્યે એ લાલ, ધન્નો સુખ વરે; રાજા મંત્રી એ લાલ, હિત અધિકો ધરે. ૨૧. તુ૦ હિત ધરે અધીકો સ્નેહ સાચો, કાચો નહી કોઈ વાતથી; એક કનકને વલી સુરભીવાસે, તે લહે યશ જાતિથી; તિમ બુદ્ધી પાઇ વલી જમાઇ,

ગુણે ગૌરવતા લહે, ત્રીજે ઉલ્હાસે વીશને ઇક, ઢાલ, તે જિન ઇમ કહે. ૨૨.

॥ દોહા ॥

હવે ધન્નો સુખ ભોગવે, ષટ કામીનિથી ખાંતી ।
ધરણેંદ્રાદિકને જીસી, ષટ ઇંદ્રાણી પાંતિ ॥૧॥
ચિંતે ચિતમેં તવ ચતુરા જઇએ મગધ મઝાર ।
મીલીયે શ્રેણીક રાયને, રહીયે નિજ આગાર ॥૨॥
ગ્રામ સકલ સંભાલીયે, ગજ અશ્વાદિક તેમ ।
સરવે સીદાતા હુશે, કંત વિના સ્ત્રી જેમ ॥૩॥
કુસુમપાલાદિ સયણ સવી, જોતા હુશે બહુ વાટ ।
દયીતા બે દિલગીર તે, કરતી હુશે ઉચાટ ॥૪॥
ઇમ ચિંતીને નૃપતણી, માગે ધન્નો શીખ ।
નૃપ સચિવાદિક તામ તે, બોલે સવી સરીખ ॥૫॥

॥ ઢાલ ૨૨ મી ॥

( ભરત નૃપ ભાવશું એ.–એ દેશી. )

કરજોડી ધનપતિ પ્રતે એ, રાજાદીક કહે એમ સુણો તુમે શુભ મતીયે; અમને અવહેલી કરીએ, પ્રીત ઉતારો છો કેમ. સુ૦ ૧. એ આંકણી, પ્રીતિબંધાણી તુમ થકીએ, જેહવી જલને મીન. સુ૦; તુમ ગુણ અમ મન વડે વધ્યાએ, પંકજ જીમ જલલીન. સુ૦ ૨. અમ ભાગ્યે આવી મિલ્યા એ, તુમે બુધ્ધિપાત્ર સુજાણ સુ૦; શીખ અમે કિમ આપીએ એ, તુમ અમ જીવન પ્રાણ સુ૦ ૩. ધન્નો કહે સ્વામી સુણો એ; અમે વ્યાપારી લોક સુ૦. કામ ઘણો અમ મંદિરે એ, લેહણાં દેહણાં રોક સુ૦ ૪. તે કીધા

વિણુ કિમ ચલે એ, જોવો હૃદય વિચાર સુ૦; વલિ મિલ-
વાને આવશું એ, જો છે તુમ ચો પ્યાર સુ૦ ૫. તવ
નૃપ પ્રમુખ ધન્નાપ્રતે એ, આપે બહુલી આથ સુ૦;
વહેલ સુખાસન પાલખી એ, ગજ રથ ઘોડા સાથ સુ૦
૬. ચાલ્યા ધન્નોશાહજીએ, સહુશુ કરીને શીખ સુ૦;
વોલાવી સાજન વલ્યાએ સાશ્રુત લોચન સરીખ સુ૦ ૭.
સબલ સેનાશું પરવર્યો એ, કામિની ષટ સંયુત્ત સુ૦;
અનુક્રમે રાજગૃહી પ્રતે એ, સુખ વિલસંતાં પહુત્ત સુ૦ ૮
રાજા શ્રેણિક હરખિયા એ, કરે ઓચ્છવ અતિ ચંગ સુ૦;
સેના શીણગારી કરી એ, નેજા નવ નવ રંગ સુ૦ ૯.
આડંબરથી આણીઆ એ, ધન્નાને આવાસ; સુ૦; સુસરા
સાસુ સવિ મીલ્યા એ, સહુની પુગી આશ સુ૦ ૧૦.
સોમશ્રી નૃપ પુત્રીકા એ, કુસુમશ્રી તેણીવાર સુ૦; પ્રાણે-
શ્વર પ્રિતમ પ્રતે એ, આવી કરે મનોહાર સુ૦ ૧૧.
સુકુલિણી સોહામણી એ, સતીયોમેં શીરદાર સુ૦; આપદ
આવે સાસરો એ, છાંડયો નહીય લીગાર સુ૦ ૧૨. પારખે
પહોતી પદ્મમણીએ, તે ગુણ ચિત્તમેં ધારી સુ૦; આઠેમાં
અધિકારીણી એ, થાપી સુભદ્રા નારી સુ૦ ૧૩. આઠે
કામિની ઓપતી એ, કમલા સમ ગુણખાણ સુ૦; કોમલ
મુખ કોમલ વદે એ, પામી પુણ્ય પ્રમાણ સુ૦ ૧૪. જીત
કાસી ધન્નો થયો એ, બુદ્ધિતણો ભંડાર સુ૦; દેવ તણાં
સુખ ભોગવે એ, માનવને અવતાર સુ૦ ૧૫. દાન દિયે
દોલત કરી એ, પરીઘલ પરમાનંદ સુ૦; શિલ યથાશકતે
કરી એ પાલે તે સુખકંદ સુ૦ ૧૬. દેવાર્ચન કરે દીલ-

ધરી એ, રાખે રૂયડો ભાવ સુ૦; દ્વેષ ન રાખે કોયથી એ, સહુથી સરલ સ્વભાવ સુ૦ ૧૭.

યતઃ ॥ આર્યાવૃત્તમ્ ॥ **જિનપૂજનં વિવેકઃ, સત્યં શૌચં સુપાત્રદાનં ચ ॥ મહીમાક્રીડાગારં, શૃંગારઃ શ્રાવકત્વસ્ય ૧.**

ભાવાર્થ:-જિનપૂજન, વિવેક, સત્ય, પવિત્રાઈપણું, સુપાત્રને દાન આપવું અને મહીમા એટલે પ્રતિષ્ટા એજ જેને ક્રીડાનું ઘર છે, તેજ શ્રાવકપણાનો શણગાર છે. ॥૧॥

દાન કલ્પદ્રુમ રાસનો એ, એ ત્રીજો ઉલ્હાસ સુ૦; બાવીશે ઢાલે કરીએ, વિરચ્યો એ સુપ્રકાશ સુ૦ ૧૮. શ્રી વિજય સિંહસૂરીશના એ, સકલ વિબુધ શિરદાર સુ૦; ગજવિજયાભિધ ગુણ નિલો એ, આગમ અર્થ ભંડાર સુ૦ ૧૯. તસ સેવક પંડિત ભલા એ તાર્કિક શાસ્ત્ર પ્રવીણ સુ૦; હિતવિજય ગુરૂ ગુણ વરયા એ, સમતા રસ લયલીન સુ૦ ૨૦; તાસ ચરણ પ્રસાદથી એ, એ કીધો અભ્યાસ સુ૦; જિનવિજય કહે યુગતીશું એ, પુણ્યે લીલ વિલાસ ૨૧.

**ઇતિ શ્રી ધન્નાશાલિચરિત્રેપ્રાકૃતપ્રબંધેદાન-
કલ્પદ્રુમાખ્તૃયેતી યશાખારૂપ ધન્નશાહ
સકલાર્થસિદ્ધિસાધનવર્ણનોનામ
તૃતીયોલ્હાસઃ સમાપ્તમ્ ॥
અસ્મી,નોલ્હાસે
ઢાલ ૨૨ ॥**

# ઉલ્લાસ ૪ થો

## ॥ દોહા ॥

શ્રી શંખેશ્વર સમરતે, લહિયે લખમી ભોગ ।
કામિત સવિ આવી મિલે, સયલ સિદ્ધિ સંયોગ ॥૧॥
શારદ શ્રી ગુરૂ સંઘને, પ્રેમે કરૂં પ્રણામ ।
વચનામૃતની વાંછના, પુરો મુજ હિત કામ ॥૨॥
ચોથો ચતુરપણે કરી, રચું ઉલ્હાસ રસાલ ।
એક ચિત્ત થઇ સાંભલો, શ્રોતા સવિ ઉજમાલ ॥૩॥
ધન્નોશાહ રાજગૃહે, રહે તે આણંદ પુર ।
હવે તે અભયકુમારનો, કહુ સંબંધ સનુર ॥૪॥
વેશ્યા કપટ પ્રયોગથી, ચંડપ્રદ્યોતન પાસ ।
રહે અભય નિર્ભય થકી, માસીને આવાસ ॥૫॥

## ॥ ઢાળ ૧ લી. ॥

(દેશી રસિયાની.)

ચંડ પ્રદ્યોતન માલવ મહિપતી, રૂદ્ધિ સમૃદ્ધ રે પૂર્ણ; વિરાજે, ખાગે ત્યાગે ભોગે આગલો દિસે દુજો રે કર્ણ; દિવાજે, સુણજો સાજન, કૌતુકની કથા. ૧ એ આંકણી. સાંભલતાં સુખ થાય, સવાઇ સમકિત પણ નિર્મલ વધતો હુવે; દુરિત તિમિર મિટ જાય. ભલાઇ સુ૦ ૨ ચાર રતન તેહને સ્વાધીન છે, પુણ્યબલે પરધાન, સદાઇ રાણી શિવા દેવી ચેટક પુત્રિકા, શિયલની પરમ નિધાન સખાઇ; સુ૦ ૩

લોહજંઘા નામે તસ ઇક પ્રેષ્ય છે, ગમન કરે શત કોષ; મહી તે૦ અગ્નિભિરૂ રથ અગ્નિયે નવિ બલે, ચાલે તે નિર્દોષ. સહી તે૦ સુ૦ ૪ અનલગિરી નામા ગજ ઓપતો, એ ચારે તસ રત્ન; સનુરાં૦ રાજ્યમંડાણ એ ચારે જાણીને, કરે તસ સુપરે રે યત્ન. તે પુરાં૦ સુ૦ ૫ એક દિન લોહજંઘો દુતાગ્રણી, પહોત્યો ભરૂઅચ ઠામ; સવાઇ તવ તિહાંના ભૂપાદિક ચિંતવે, એહ બિગાડે છે કામ. સાદાઇ સુ૦ ૬ એહને વિષ દેઇને મારીએ, તો હુવે શાંતિ સંયોગ તે; અમને ઇમ ચિંતી વિષમિશ્રિત લાડુઆ, ચાર દિયા કરી યોગ તે. તેહનો સુ૦ ૭ લેખ લેઇ લોહ જંઘો ચાલીયો, પ્રહરમેં કોષ પચાસ; પ્રયાણે ખાવા બેઠો લાડુ જેહવે, શુકન કરે તસરીસ. તે જાણે સુ૦ ૮ વિણ ખાધે વલિ કોષ પચાસ તે, ચાલીને કોઇ ઠામ; તિવારે ખાવે લાડુ તવ શુકને વલી, વર્જ્યો ચાલ્યો તે તામ. વિચારે સુ૦ ૯ ઇમ ચારે લાડુ ખાતે થકે, શુકન થયા નહી તાસ; કિવારે સંધ્યા સમયે ઉજ્જયિની પ્રતે, પહોત્યો તેહ આવાસ. તિવારે સુ૦ ૧૦ પ્રત્યુષે ભૂપતિને ભેટીને, ભાંખ્યાં કાર્ય અશેષ; તે પુરાં મોદક દેખાડયા મન મોડશું, અતિ સુંદર સુવિશેષ. સનુરાં સુ૦ ૧૧ સ્વામી મુજને મોદક ભક્ષતે, શુકન થયા અતિ હીન; તિવારે તેહનો કારણ શો હુશે તે કહો, બુદ્ધિ બલે સુપ્રવીન. ત્યારે સુ૦ ૧૨ ચંડપ્રદ્યોત તે મોદક લેઇને, પુછયો અભયકુમાર સોરછાહે, નિરખી અભય કહે એહમેં થયો, દગવિષ સર્પ પ્રચાર. એ માહે સુ૦ ૧૩

તેહ પરીક્ષા કરવા કારણે, મુકો વનમેં રે એહ; તે લેઇ આતપ યોગે રે નાગ પ્રગટ હુશે, દષ્ટે દહશે રે તેહ. સચેઇ સુ૦ ૧૪ જીમ કહ્યો તિમ કરતે સહિ તીમ થયો, હરખ્યો ચંડપ્રદ્યોત; તિવારે કહે તું મોચન વિણ વર જે રૂચે, માગ તૂં મનમેં ઉદ્યોત. ઇવારે સુ૦ ૧૫ અભય કહે વર એ ભંડાર મેં, રાખો સંપ્રતિ કાલ; રાજેસર ઢાલ એ પહિલી ચોથા ઉલ્હાસની, કહી જિનવિજયે રસાલ. વાલેસર સુ૦ ૧૬.

॥ દોહા ॥

હવે તે ચંડપ્રદ્યોતની, કુમરી રૂપ નિધાન ।
વાસવદત્તાં નામથી, નૃપતિ તણો બહુ માન ॥૧॥
કલાભ્યાસ કીધો ઘણો, અધ્યાપકને પાસ ।
ગીત નૃત્ય શીખાવવા, અવરની કરે તલાસ ॥૨॥
પુછયાં મંત્રીને તદા, કોપ ન ભાંખે જામ ।
અભયકુમર કહે રાયને, જો તુમ વિદ્યા કામ ॥૩॥
ઉદયન કુમર કલા નિલો, રાય સતાનિક નંદ ।
ગીત નૃત્ય વાજીત્રમેં, કોવિદ જીમ નભ ચંદ ॥૪॥
ઘોષવતીના ઘોષથી, વશ કીધા વન નાગ ॥
તે આવે જો ઇહાં કણે, તો મહી પાઠક લાગ ॥૫॥
સાંભલી ચંડપ્રદ્યોત તવ, લોહજંઘને હેવ ।
લેખ લીખીને પાઠવે, કોશંબી તતખેવ ॥૬॥
ઉદયનને કાગલ દિયો, વાંચી ગ્રહ્યો ઉદંત ।
પુત્રીને પાઠણ ભણી, તેડાવે મુજ તંત ॥૭॥

સચીવ કહે સ્વામી સુણો, તુમ ને જાવો તત્ર ।
ન ઘટે તે ભણી કન્યકા, તેડાવો તુમે અત્ર ॥૮॥
ભુધવને પર મંદિરે, રહેતાં લઘુતા હોય ।
તેજ હીન જીમ જશિ હુવે, રવિ મંડલમેં જોય ॥૯॥

**યતઃ ॥ માલિનીવૃત્તમ્. ॥ ઉડુગણપરિવારો નાયકોપ્યોષધીનાં, અમૃતમયશરીરઃ કાંતીનાઢયોપિ ચંદ્ર ॥ ભવતિ વિકલમૂર્ત્તિર્મંડલં પ્રાપ્યમાનોઃ, પરસદનનીવિષ્ટઃ કો ન ધત્તો લઘુત્વં ॥૧॥**

**ભાવાર્થ** :– તારાઓનો સમુહ છે પરિવાર જેનો; ઔષધિયોનો નાયક; અમૃતમય છે શરીર જેનું અને કાંતિવડે ભરેલો એવો ય ચંદ્ર પણ. સુર્ય મંડલને પામીને વિકલમર્ત્તિ એટલે તેજ હીન થાય છે, તે કારણ માટે, હે કુમર! પર ઘરને વિષે રહેલા કોણ કોણ લઘુતાને નથી પામતા? અર્થાત્ સર્વે પામે છે. ॥૧॥

**॥ ઢાલ ૨ જી ॥**

(દેશી મોતીડાની.)

ઉદયન કહે તે દુતને વાણી, ચંડપ્રદ્યોતની વાતમેં જાણી; સાંભલો ગુણ રાગી હમારા સોહના સુખસંગી. એ આંકણી. વાસવદત્તા પુત્રી તમારી, ભણવા મુકજો અમ ઘર સારી. સાં૦ ૧ નિશાલે ભણવા સહુ આવે, પણ પાઠક પર ઘર નવિ જાવે; સાં૦ ચાલ્યો તે દુત તતકાલ, પહોત્યો તુરત ઉજ્જયિની વિચાલ. સાં૦ ૨ ચંડપ્રદ્યોતન આગલ ભાસે, ઉદયન કુમરની વાત પ્રકાસે; સાં૦ નિસુણી

ખીજયો માલવ રાય, અભયકુમરને પુછે ઉપાય. સાં૦ ૩ ઉદયન કિણિ રીતે ઈહાં આવે, અભયકુમાર ઉપાય બતાવો; સા૦ વસ્ત્રતણો ઇક હાથી કીજે, પટ્ટાદિક તસ બાંધિ લીજે. સાં૦ ૪ અભ્યંતર તસ પુરૂષ રખાવો, વાત સકલ તેહને સમજાવો; સાં૦ વનમાંહે ગજ રૂપે ફિરશે, તવ તે ગજ ગ્રહીવા ચિત્ત ધરશે. સાં૦ ૫ વીણ વજાડતો આવે જીવારે, આણજો ગ્રહીને તેહ તીવારે; સાં૦ સાંભલી ચંડપ્રદ્યોતન હરખ્યો, અભયકુમરને કોવિદ પરખ્યો. સાં૦ ૬ વિષદ પુરૂષને કાજ ભલાયો, જીમ કહ્યો તિમ ગજ રૂપ બનાયો; સાં૦ વનમાંહી ફિરે ક્રીડા કરતો, દેખી વનચર મન સુખ ધરતો. સાં૦ ૭ ઉદયનને ગજ વાત જણાવે, તે પણ ગ્રહીવા વનમાં આવે; સાં૦ વાઇ વીણ વિશેષ કરીને, તવ ગજ ચાલે કપટ ધરીને. સાં૦ ૮ એકલો ઉદયન વાંસે આવે, ગજરૂપથી [૧]ભટ નિસરી ધાવે; સાં૦ ગ્રહી ઉદયનને અવંતી આણ્યો, ચંડપ્રદ્યોતે અભય વખાણ્યો. સાં૦ ૯ તેડી ઉદયનને કહે રાય, મેં તુજને ગ્રહ્યો કરિય ઉપાય; સાં૦ માહરે વૈર વિરોધ ન તુજશું, દ્વેષ મ ધારે મનથી મુજશું. સાં૦ ૧૦ માહરે તો તું પુત્રને તોલે, મૃગાવતિએ સોંપ્યો છે ખોલે; સાં૦ પણ તું તેડાવ્યો નવિ આવ્યો, તવ મેં એહવો દાવ ઉપાયો. સાં૦ ૧૧ વાસવદત્તા છે મુજ બેટી, સકલ કલા તે ગુણની પેટી; સાં૦ તેહને ગીત કલા દેખાવો, સુપરે ઘોષવતી શીખાવો.

---

૧. સુભટ.

સાં૦ ૧૨ માસી તુમારી શિવાદેવી રાણી, રહેજો તિહાં નિર્ભય સુખ જાણી; સાં૦ ઇમ આલિંગન દેઇ ભાંખે, ઉદયનશું હિત નૃપ બહુ રાખે; સાં૦ ૧૩ છલમાંહી કહે ઉદયન સુણજો, એક વચન મુજ સાચો ગણજો; સાં૦ કન્યા કાણી છે તે માટે, વદન વિલોકન કરતાં ન ખાટે; સાં૦ ૧૪ પરિચય અંતર રાખી ભણાવો, વીણાનાદ સુપરે જણાવો; સાં૦ બેટીને કહે પાઠક કોઢી, તું ભણજો મુખે અંબર ઓઢી; સાં૦ ૧૫ જો તેહનું મુખ દેખીશ બાઈ, તો તુજને રોગ વિલગશે ધાઈ; સાં૦ ઇમ અન્યો-ન્યે શીખવે ભૂપ, બંધાવે પરિચય ધરી ચુંપ. સાં ૧૬ ઉદયન ઉદ્યમથી શિખાવે, વીણા પ્રમુખ કલા વડદાવે; સાં૦ બીજી ઢાલ એ ચોથે ઉલ્હાસે, કહે જિન દાન કલ્પદ્રુમ રાસે. સાં૦ ૧૭.

## ॥ દોહા ॥

વાસવદત્તા વિનયથી, પઠન કરે નિતમેવ ।
શીખે વીણાની કલા, હોંશ ધરીને હેવ ॥૧॥
એક દિવસ પઠતે થકે, ચુકી વાર બે ચાર ।
તવ રોષ ઉદયન કહે, કાણી ફિરી સંભાલ ॥૨॥
સાંભલીને મન ચિંતવે, કાણી મુજ કહે કેમ ।
ફિરી જવ કાણી તે કહે, તવ બોલી સા એમ ॥૩॥
રે રે કુષ્ટી મુજ ભણી, કુડો આલ મ ભાંખ ।
હું છું નયન સુલોચના, કઠિન વચન મત દાખ ॥૪॥
ઉદયન કહે તે શા વતી, કુષ્ટ ભાંખ્યો મુજ ।
પણ એતો તાહરે પિતા, કપટ દેખાડયો ગુજ ॥૫॥

## ।। ઢાલ ૩ જી ।।

(પીછોલાંરી પાલ, આંબા દોઇ રાઉલા મારા લાલ–એ દેશી)

વાસવદત્તા વસ્ત્ર કરે તવ વેગલો મારા લાલ, દીઠે રૂપ અનુપ કુમરનો અતિ ભલો; મારા લાલ. અન્યોન્યે થઇ પ્રીતિ નયનથી નિરખતાં મા૦, જાણીએ દંપતિ હોય સદા આગે હતાં મા૦. ૧ યત: નયન પદારથ નયન રસ, નયને નયન મિલંત; અણજાણ્યા શું પ્રીતડી, પહિલી નયન કરંત. ૧ આપણને અન્યોન્ય રખે અંતરે પડે મા૦, કરીયે ગુપ્ત વિચાર રખે કોઇ મુખ ચડે મા૦; વાસવદત્તા વેગે કહે તવ કુમરને મા૦, માહરે તું ભરતાર વરૂં નહી અવરને મા૦ ૨ ચાર કલશ ધરી ચંગ વર્યાં તે દંપતી મા૦, તે બે સુખમય કાલ ગમાવે શુભ મતી મા૦; ગુપ્તપણે સુખ ભોગ સંયોગ સેવે રલી મા૦, પુરવ પુણ્ય સંયોગ વંછિત આશા ફલી મા૦ ૩ એહવે અનલગિરિ તોડી આલાન મદે કરી મા૦, વિફર્યો કરે વિનાશ હણે નરને તુરી મા૦; સાગરમેં જિમ પોત ભમે પવને ચડયો મા૦, તિમ છોડી નિજ ઠામ જઇ વનમેં પડયો મા૦ ૪ ચંડપ્રદ્યોતન વાત વેગે જવ સાંભલી મા૦, છુટયો અનલગિરી આજ ગ્રહે કહો કુણ વલી મા૦; માહરા રાજ્યનો સાર જીવન સમ એ અછે મા૦, ગજ અશ્વાદિ અનેક સવે ઇણથી પછે મા૦ ૫ પુછે અભયને તામ પ્રદ્યોત પાલવ ધરી મા૦, કહો કોઇ અવલ ઉપાય જયું વશ આવે કરી મા૦; અભય કહે

વચ્છરાજ વિણાના નાદથી મા૦, વાસવદત્તા સંગ ધરી શુભ સાદથી મા૦ ૬ એ વશ્ય આણુશે નાગ તે છાગપરે ગ્રહી મા૦, દિધો નૃપ આદેશ કુમરને તવ વહી મા૦; ભદ્રવંતીએ વેગ ચઢયાં દોય દીપતાં મા૦, તટની તીરે તામ ગયાં તે જીપતાં મા૦ ૭ વાઇ વીણુ વિશેષ અશેષ કલા કરી મા૦, ગાવે સરલે સાદ આલાપે ફિરી ફિરી મા૦; નાદે મોહ્યા કુરંગ સુરંગ સાંભલે મા૦, ભોગી પણુ સ્વર વિદ્ધ અનેક આવી મિલે મા૦. ૮ તેહ અનલ ગજરાજ સુણી સ્વર વીણુનો મા૦ મૃગપરે આવ્યો તત્ર સુણે થઇ ઇક મનો મા૦; વશ્ય કરી વચ્છરાજ ગ્રહ્યો મૃગની પરે મા૦, વેગવતીને કેડે ફિરાવે જ્યું ફિરે મા૦ ૯ ગાતો ગીત સુરંગ વજાડતો વીણુને મા૦, લેઈ આવ્યો ગજરાજ તે પ્રદ્યોતન કને મા૦; બાંધ્યો આલાનથંભ અચંભ તે ઉપન્યો મા૦, અભય થકી ગુણુ રાગ વધ્યો તવ ભુપને મા૦ ૧૦ મુકયા વિણુ વર માગ માલવ પતિ કહે હસી મા૦, દેખી બુદ્ધિ અનુપ થયો હું અતિ ખુશી મા૦; અભય કહે ભંડાર એ વર બીજો થયો મા૦, ઉદયન પણુ પ્રસ્તાવ લહી સ્ત્રી લેઇ ગયો મા૦ ૧૧ એહવે અવંતી માંહી અનલભય ઊપન્યો મા૦, પ્રતિદિન બાલે ગેહ એ અનરથ નિપન્યો મા૦; પુછયો અભયકુમાર ઉપાય કહે વહી મા૦, અગ્નિનો ઔષધ અગ્નિ કહ્યો છે તે સહી મા૦ ૧૨ સાહમી કરવી અગ્નિયે અગ્નિ હુવે યદા મા૦, અભયનો વચન પ્રમાણુ કરી

કીધી તદા મા૦ ઓલાણી તે આગ લાગી નહી તેહથી મા૦, બુદ્ધિ વખાણી રાય દિયો વર નેહથી મા૦ ૧૩ મુકયા વિણુ તે જાણી ભંડાર તે તવ ધર્યો મા૦, ત્રીજો વર તિણે ઠાય અભયકુમારે વર્યો મા૦; દેવપ્રકોપે રોગ અવંતીમેં થયો મા૦ પુછયો અભયકુમાર તિવારે ઉત્તર લહ્યો મા૦ ૧૪ જે સ્ત્રીથી તુમ નેત્ર ગલે અવલોકતાં મા૦, તેહને હાથે પિંડ દેવારો બલિ છતાં મા૦; રાજાયે સ્ત્રી સાતસે સવિ ભેલી કરી મા૦, માંડી જોવે દ્રષ્ઠિ સહુથી ફિરી ફિરી મા૦ ૧૫ અનિમિષ નયન વિકાર રહ્યો નહી કેહનો મા૦, ચેડા પુત્રી તામ શિવા નામ જેહનો મા૦; સતીયોમેં શિર દાર વીરે જે મુખે કહી મા૦, અનમિષ નયનથી તેહ આગલ ઊભી રહી મા૦ ૧૬ રાજાની ગલી દ્રષ્ટિ તે રામા આગલે મા૦, તવ કહે એ બલિપિંડ દિયો જઇ ભાગલે મા૦; દીધો બલિ તતકાલ ઉપદ્રવ સવિ ગયો મા૦, સતીયના શિયલ પ્રભાવથી સહુને સુખ થયો મા૦ ૧૭ માગમાગ વર મુજ મુકયા વિણુ તું હવે મા૦, તવ તે અભયકુમાર વિચાર તે સંભવે મા૦; ત્રીજી ઢાલ રસાલ એ ચોથા ઉલ્હાસની મા૦, કહી જિનવિજયે જોય કલ્પદ્રુમ રાસની મા૦ ૧૮.

## ॥ દોહા ॥

કહે અભય બુદ્ધિ કેલવી, મેલવી ચિત્ત વિચાલ ।
ચારે વરનું સાર એ કહું તે સુણો- ભુપાલ ॥૧॥
ચય ખડકાવો ચોકમેં, અગ્નિભીરૂ રથ ભાંજી ।

અનલ ગજેંદ્રે હું ચઢુ, શિવા ઉચ્છંગે આજ ॥૨॥
તું બેસે વાંસે થઇ, અમ ઉપર ધરિ છત્ર ।
ચયમેં જઇને લીજીએ, અગ્નિદાધ એકત્ર ॥૩॥
ભુધવ શિર ધુણી રહ્યો, વયણ ન વાલ્યો જાય ।
કરજોડી કુમર પ્રતે, હાર્યો હું કહે રાય ॥૪॥
તવ બોલ્યો ધીરજ ધરી, અભય કહે સુણ ભુપ ।
ધર્મ ઠગાઇ તેં કરી, પકડયો મુજ ધરી ચુંપ ॥૫॥
જિનશાસન મેલો કર્યો, લોપીને કુલ લાજ ।
આજ પછી હવે એહવો, કરવો નહિ અકાજ ॥૬॥
પણ મુજ દેખ પટંતરો, ત્રસવ્યો છે ઇક વાર ।
પણ વલી જોજે પારખું, પકડું બીજી વાર ॥૭॥
બાંધી મુસકે તુજ પ્રતે, દેતો દંડ પ્રહાર ।
લેઇ જાઓ સહુ દેખતાં, તો હું અભયકુમાર ॥૮॥
શીખ કરી માસી પ્રતે, નપશું કરી જુહાર ।
શુભ વેલા સાધી કરી, ચાલ્યો નિજ આગાર ॥૯॥

॥ ઢાલ ૪ થી. ॥
(છેડો નાંજી–એ દેશી.)

અભયકુમર પરિવારે પરિવૃત, મગધદેશમેં આવે; પુત્રાગ–મન સુણીને શ્રેણીક, હરખે સાહમો જાવે. અચરિજ દેખો દેખો દેખોરે અચરીજ દેખો; એહને પુણ્યતણો નહી લેખો, અચરીજ દેખોરે. લહ્યો જશ જગમેં સુવિશેષો અ૦ તુમે જ્ઞાન નયનથી પેખો. એ આંકણી. અભયકુમર નિજ તાત લહીને, હર્ષોલ્લસિત તવ થાવે; પ્રણમી પ્રેમે તાત ચરણને, વિનય વચન સંભલાવે. અ૦ ૨ તાતે હૃદય સંગાથે ભીડી, ઉચ્છંગે બેસાર્યો; એતા દિનનો

વિરહ તણો દુઃખ; ક્ષણ એક માંહી વીસાર્યો. અ૦ ૩ આડંબરથી અભયકુમરને, નગર પ્રવેશ કરાવે; શ્રેણીક રાજા અતિ મન હરખે, નિંદ્રા તિમ સુખ પાવે, અ૦ ૪ નંદિષેણ મેઘાદિક બાંધવ, આવી મિલિયા વેગે; શેઠ સેનાપતિ સચિવ સકલ પણ, મિલવા આવે નેગે અ૦ ૫ દિન કેતાઇક વિચમેં ગાલી પુરવ વાત સંભાલે. અભયકુમર વણઝારા વેષે, પોઠ લેઈને ચાલે. અ૦ ૬ પાંચ સાત ઘોડા અતિ તાતા, ઊંટ બે ચાર અટાલો. [1]વિમલ નામ વણઝારો થઇને, આવ્યો અતિ ઉજમાલો. અ૦ ૭ આહે આહે કરતો પોઠે, ગુણ સંભાલી લેવે; ઉજ્જયિનીને ચોકે આવી. ડેરા તંબુ દેવે. અ૦ ૮ નૃપને ભેટ દેઇને મિલિયો, વિનય થકી મનવ્યાપે; રાય પ્રસન્ન થઇ નિજ મંદિર પાસે સ્થાનક આપે. અ૦ ૯ ડેરા તંબુ તિહાં આરોપ્યા, માલના ગંજ તે કીધા; વ્યાપારીને દેઇ ક્રિયાણાં, દામ રોક તસ લીધા અ૦ ૧૦ વિકલેંદ્રિય એક નર નિપજાવ્યો, પાઠ ભણાવી ઠામે; તે કહે હું માલવનો મહિપતિ, ચંડપ્રદ્યોતન નામે. અ૦ ૧૧ એ સઘલા છે અમચા સેવક, રાણી સર્વ અમારી; હય ગય રથ પાયક સવિ અમચા, પ્રજા પ્રમુખ નિધિ સારી. અ૦ ૧૨ તવ તે બાંધી માર તેહને રે મુરખ શું બોલે; તે રાજા માલવનો મહિપતિ, તુ ગહીલો તૃણ તોલે. અ૦ ૧૩ ઇમ

---

૧ બાલાવબોધવાલા મહોટાચારિત્રમાં આ ઠેકાણે અભયચંદ્ર વણઝારો નામ છે.

પ્રતિદિન કરતો તે નગરે, સઘલ ગ્રથિલ તે જાણ્યો; એક
દિવસ સંધ્યા સમયે તવ, ભેદ કરણ ચિત્ત આણ્યો, અ૦
૧૪ ગણિકા બેને ગુપ્ત જે આણી, ઇંદ્રાણી સમ પોતે;
તે પાસે તવ નૃત્ય કરાવે, ચંડપ્રદ્યોતન જાતે. અ૦ ૧૫
દેખી રૂપ તે ગણીકા કેરો, ચંડપ્રદ્યોતન ચુકયો; દુતી
મેલી વાત કરાવી, લાહો લ્યો આજુકો. અ૦ ૧૬ તવ તે
બોલી અમે તો નાવું, ખપ હોય તો ઇહાં આવે; પણ
અમ સ્વામી કાર્ય વિશેષે, જવ તે બાહીર જાવે. અ૦
૧૭ દુતીએ જઇ વાત જણાવી, ચંડપ્રદ્યોતન હરખ્યો;
સમય જોઇને ડેરે પેઠો, અભયકુમારે નિરખ્યો. અ૦ ૧૮
રાત્રિ પ્રહર જાતે તસ બાંધી. ઉપર માર તે દેતે; રથમેં
ઘાલી ખેડી ચાલ્યા, મુખથી શબ્દ કહે તે. અ૦ ૧૯
ચંડપ્રદ્યોત કહે હું રાજા, મુજને એ લેઇ જાવે; શેઠ
સામંત સવિ સજ્જ થઇને, મુકાવો વડદાવે. અ૦ ૨૦
સહુ કો સાંભલી ચિંતે મનમેં, એહ તો ગહિલા બોલે;
કપટ તણો તો કોય ન જાણે, કપટે સઘલા ભુલે. અ૦
૨૧ ગ્રામ ગ્રામથી અશ્વ પાલટી, આવ્યા તુરત નિજ
દેશે; શ્રેણિકને વધામણી પહોતી, આવ્યા અભય સુવેષે.
અ૦ ૨૨ અભયકુમર પ્રદ્યોતનને તવ, તાતને પાય લગાડે;
વચન કહ્યા માટે મેં તુજને, આણ્યો ઇણે આ ખાડે.
અ૦ ૨૩ આજ પછી કોઇ રાજા સાથે, વૈર મ કરશો
ભાઇ; ઇમ કહી માલવપતિને વેગે, પહોચર્યો ચિત લાઈ.
અ૦ ૨૪ વૈર વિરોધ સહુથી ભાજ્યા, અભયે બુદ્ધિ પ્રકારે;
ચોથી ઢાલ ચોથે ઉલ્હાસે, કહી જિન મતિ અનુસારે. અ૦ ૨૫

## ॥ દોહા ॥

અભયકુમર વંછિત ફલ્યો, બુદ્ધિથકી સુપ્રમાણ ।
શ્રેણિકની ચિંતા ટલી, દિન દિન કોડી કલ્યાણ ॥૧॥
કહે નૃપ સાંભલ અભય તું, તુજ વિણ સહુ મુંઝાય ।
ન્યાય નીતિ કરવી પડે, પણ તે કિણુહી ન થાય ॥૨॥
સેચન ગજ છુટયો હતો, પાડયાં ઘરને હાટ ।
વાટ બિગાડી નગરની, અમને થયો ઉચાટ ॥૩॥
પણ ધન્નોશાહ તેહવે, આવ્યા આપણે ગામ ।
હાથી પકડી બાંધિયો, મોટી રાખી મામ ॥૪॥
કાણાથી ઝઘડો પડયો, ગૌભદ્રશેઠને હેવ ।
ન્યાય કિયો નરપતિ પરે, ઠગ ચાલ્યો તતખેવ ॥૫॥
બીજા પણ બુદ્ધે કરી, કામ સમાર્યાં કોડ ।
અવર કોઇ આવે નહી, જોતાં એહની જોડ ॥૬॥
સાહસિક સુકુલીન એ, ભાગ્યવંત ભરપુર ।
ભુજાબલે સુખ ભોગવે, દિન દિન ચડતે નુર ॥૭॥
તાત વયણ સુણી અભય તવ, પ્રીતિ ધરે પ્રતિપૂર્ણ ।
એક રંગ તાબુલમેં, જીમ કાથાદિક ચુર્ણ ॥૮॥
અહ નિશિ તવ રહે એકઠા ધન્ન ને અભયકુમાર ।
પ્રીતિ વધી પ્રેમે કરી, સુખ વિલસે શ્રીકાર ॥૯॥

## ॥ ઢાલ ૫ મી. ॥

(શીતલ જીન સુરંગા-એ દેશી)

એહવે ધન્નાના ભાઇ, કરે ગ્રામતણી ઠકુરાઈરે; સુગુણા;
ન્યાય ધરમ ચિત્ત ધારો; જીમ જગમેં સુજશ વધરો રે

સુગુણા; ન્યાય-ધરમ ચિત્તધારો, લોક ભણી સંતાપે; લોભે કરી અકરને થાપે રે, સુ૦ ન્યા૦ ૧ એ આંકણી જીમ શનિની દષ્ટે વર્ષા, નવિ થાયે અતિ ઉત્કર્ષારે. સુ૦ તિમ તે ગ્રામાધિપ થાતે, દુર્ભક્ષ થયો સવિ વાતેરે. સુ૦ ૨ લોક ગયા સવિ ભાંજી, હાથે ન રહી કાંઇ બાજી રે; સુ૦ તણ ધાન્યાદિકને અભાવે, ગજ અશ્વાદિક મરી જાવે રે. સુ૦ ૩ એહવે અગનિ પ્રયોગ તે દીઠો, થયો તેહને અતીહિ અનીઠો રે; સુ૦ નૃપે પણ દંડી લીધા, અન્યાય જીવારે કીધારે. સુ૦ ૪ ચોરે પણ તિમસંતાપ્યા, દુઃખ પામ્યા દેવ સરાપ્યા રે; સુ૦ તાતતણો ધન લેવે, પણ પાછો કદિય ન દેવે રે. સુ૦ ૫ ઇમ કરતે તેહ ધાઠા. વચ્છદેશ થકી તવ નાઠા રે; સુ૦ ત્રિણ્યે માલવમેં આવે, કૃષિકર્મ કરે વડદાવે રે. સુ૦ ૬ બીજ ભાત બલદ હલ લેવે. અનુચરને પણ ધન દેવે રે; કર્મવશે તસ થાવે વૃષભાદિક પશુ મરી જાવે રે. સુ૦ ૭ તીડ ગયાં કણ ખાઇ, ન થઇ તસ પેટ ભરાઇ રે; સુ૦ તવ તે પોઠી વાહે, જઇ મગધે ચિત્ત ઉમાહે રે. સુ૦ ૮ અન્ય દિવસ ઘઉં લીધા, ભરી પોઠયો ચાલ્યા ધરી સીધા રે; સુ૦ રાજગૃહી મેં આવે, પોઠયો સવિ ચહુટે ઠાવે રે; સુ૦ ૯ [1]પાડ જીવારે જોવે. તવ મુલગી [2]નીવી ખોવે રે; સુ૦ ભાગ્ય તે આગલ ચાલે, તેહનો દુઃખ કહો કુણ ટાલે રે. સુ૦ ૧૦

૧ ભાવ. ૨ અર્ધી મૂડી અર્થાત્ રાજગૃહીમાં આવીને જુએ તો ઘઉંનો ભાવ અર્ધો દીઠો; એટલે અર્ધી મૂડી તો ભાવમાંજ જતી રહી !

**યતઃ ॥ પડિવન્નો ગિરવાતણો, પાલીજે નિરવાણ; તુમે દેશાંતર ચાલિયા, અમ્મે આગેવાન ॥૧॥**

**ભાવાર્થ** :– જેમ મહોટા માણસને હાથ જે ચઢે, તેને તે નક્કી પાલેજ. તેમ ઇહાં ભાગ્ય કહે છે કે, (અમને તમે મલ્યા છો, તો અમે પણ તમને છોડીશું નહી.) જો તમે દેશાંતર જશો, તો ત્યાં પણ અમે આગેવાન થઇ સાથે આવીશું. ॥૧॥

સીત તાપાદિક સેવે, ઓલંભાં દૈવને દેવે રે; સુ૦ ધાન્યના ઢગલા કીધા, તે ત્રિણ્યે તિહાં રહ્યા સીધા રે. સુ૦ ૧૧ એહવે ધન્નોશાહ, મન ધરતો અતિહિ ઉમાહ રે; સુ૦ રાજસભાથી ઊઠે, ઘણો પરિકર ચાલે પુંઠેરે. સુ૦ ૧૨ ભટ તિહાં આગલ ચાલે, કંબાથી લોકને પાલે રે; સુ૦ ધનદત્તાદિક જેહ, ચહુટા વિચે બેઠા તેહ રે. સુ૦ ૧૩ કંબા દેઇ તસ ઊઠાડે, પગ પાટુએ કરીને પાડે રે; સુ૦ ગુણ્યો પણ વલી ઉપડાવ, રાજમાર્ગ વિધે સમરાવે રે. સુ૦ ૧૪ અયાસ કરંતા દીઠા, ધન્ને નિજ બાંધવ ધીઠારે; સુ૦ ચિંતે ઇહાં એ કિમ આવ્યા, વણઝારા નામ ધરાવ્યા રે. સુ૦ ૧૫ ગામ ને હય ગય દીધા, તે કિણ નૃપે પાડી લીધા રે; સુ૦ દેખો એ કિમ દુઃખ પાવે, મુજ બાંધવ નિગુણ સ્વભાવે રે. સુ૦ ૧૬ ઇમ ચિંતીને તેડાવ્યા, તવ તે પણ દોડી આવ્યા રે; સુ૦ નિજ મંદિર તેડી જાવે, વસ્ત્રાદિક શુભ પહિરાવે રે સુ૦ ૧૭ સ્વસ્થ કરીને

પુછે, નિર્ધનનું કારણ શું છે રે; સુ૦ તવ તેણે હૃદય વિમાસી, તસ સઘલી વાત પ્રકાસી રે. સુ૦ ૧૮ તુમે દીધો અમ ધન જેહ, પણ પાસે ન રહ્યો તેહ રે; સુ૦ દરિદ્રપણો રહ્યો સાથે, અમે આદર્યો હાથો હાથે રે. સુ૦ ૧૯ કોઇ તુમને દોષ ન દેવો, પોતાનો લેહણો લેવો રે; સુ૦ માત પિતાને દારા, કોશંબી માંહે ઉદારા રે. સુ૦ ૨૦ અમે ઇહાં પોઠયો ખેડું, હાથે સવિ કાજ નિવેડું રે; સુ૦ ઇહ ચોથે ઉલ્હાસે દાખી, ઢાલ પાંચમી જિન ઇમ ભાખી રે. સુ૦ ૨૧.

॥ દોહા ॥

તવ ધન્નો કહે ભ્રાતને, રહો તે માહરે પાસ ।
ખાવો પીવો ખાંતિશું, વિલસો લીલ વિલાસ ॥૧॥
તે કહે તુમ હેઠે અમે, રહેતાં લહીયે લાજ ।
સૂર્ય શુક્ર ગૃહમાં ગયે, નીચ કહે કવિરાજ ॥૨॥
તવ ધન્ને બાંધવ પ્રતે, ચૌદ ચૌદ ધન કોડિ ।
દીધી મન દોલત કરી, કુણ કરે એહની તોડિ ॥૩॥
દેખો તસ દુર્જનપણો, ધન્નાનો તિમ નેહ ।
અણ તોલ્યાં આવી મિલ્યાં, સહજ સ્વભાવે એહ ॥૪॥

યતઃ ॥ અનુષ્ટુબ્વૃત્તમ્. ॥ સજ્જનાઃ સજ્જના એવ દુર્જના એવ દુર્જનાઃ; નોષ્ણાઃ સુધાંશુ-ચિકિર્ણો, ન શીતાસ્તિગ્મરોચિષ ॥૧॥

ભાવાર્થ :— સજ્જન તે સજ્જન જ રહે અને દુર્જન તે દુર્જન જ રહે. જેમ ચંદ્રમાના કિરણો

કદિ પણ ગરમ થતાં નથી, તેમ સૂર્યનાં કિરણો શીતલ થતાં નથી. ॥૧॥

ચાલ્યા કોશંબી ભણી, ધન લેઇને જામ; ધનરક્ષક તવ દેવતા મારે મુદ્દગર તામ. ૫ બોલે પ્રગટ થઈ મુખે, હજીય ન લાગી લાજ, જન્મથકી જોવો નહિ, કરતાં કાજ અકાજ. ૬ ધન સવિ ધન્ના ભાગ્યથી, આવી મિલ્યો છે અત્ર; તટની નિર સવે સદા, જલનિધિમેં એકત્ર. ૭.

## ॥ ઢાલ ૬ ઠી ॥

(ભટીયાણીના ગીતની દેશી.)

તવ તે વચન સુણીને હો ધનદત્તાદિક ત્રિણ્યે તિહાં, આલોચે મનમાંહિ; આપણને વલી ભાગ્યે હો ધન અર્જન ઇહાં થાવો નથી, ખોટી હોંશ શી ત્યાંહિ. તવ૦ ૧ એ આંકણી. એટલા દિન આયાસેં હો સુપ્રકાસે ધન આગમ નહી, ન રહ્યો મુગલો ગેહ; બાંધવથી પણ પામ્યો હો ધન વામ્યો એહ વિલોકતાં, પુણ્ય વિના નર દેહ. તવ૦ ૨ ઇમ ચિંતિ મન ખંતે હો નિઃભ્રંતે પોઠી વાલીયા, ધનથી ભર્યા હુતા જેહ; ધન્નાને સવિ સોંપે હો તહિ કોપે મન વચ કાયથી, વાત કહે સવિ તેહ. તવ૦ ૩ એટલા દિન હઠ રાખ્યો હો નવિ ભાંખ્યો ગુણ કોઇ તાહરો, તે અમચો અપરાધ; તું અમ સહુથા લહુડો હો ગુણ દોઢો દીઠો હેજથી, ગુણ નિધિ જલધી અગાધ. તવ૦ ૪ અમ કુલ અંબર દીવો હો ચિરંજીવો તેજ પ્રતાપથી, અમે છું ખજુઆ સરૂપ; તું અમ પ્રીતે પાલક હો દુઃખટાલક

સકલ કુટુંબનો અંમે તો દ્રુમક સરૂપ. તવ૦ ૫ ઘણું ઘણું શું કહિયે હો નિરવહિયે અમને આજથી, જાણી બાંધવ પ્રેમ; એ ધન જે તુમે લીધો હો નવિ લીધો જાએ અમ થકી, જિમ કાયરથી નેમ. તવ૦ ૬ એહનો જે અધિષ્ઠાતા હો મદ માતા તે તાહરે વશે, અમ વશ કહો કિમ થાય; જિમ નિજ હાથે પરણી હો વર તરૂણી છાંડી કંતને, અન્ય ગૃહે નવિ જાય. તવ૦ ૭ તવ ધન્ને સનમાની હો બહુમાને બાંધવ રાખ્યા, આપ સભા કરી ત્યાંહિ; માત પિતા ભોજાઇ હો તેડાવ્યાં અતિ આદર કરી, મુકી સેવક ત્યાંહિ. તવ૦ ૮.

**યત: ।। અનુષ્ટુબ્વૃત્તમ્. ।। માતા તીર્થં પિતા તીર્થં. તિર્થં ચ જ્યેષ્ઠબાંધવા:; વાક્યે વાક્યે ગુરૂસ્તીર્થં, સર્વં તીર્થં જનાર્દનઃ ।।૧।।**

**ભાવાર્થ** :- માતા પિતા અને મહોટોભાઇ, એ સર્વ તીર્થરૂપ છે, તેમજ હરેક વચન બોલવામાં ગુરૂતીર્થ છે અને પરમેશ્વર એ સર્વ તીર્થ છે. ।।૧।।

સુંદર મંદિર આપ્યાં હો દુ:ખ કાપ્યાં માત પિતાતણાં ભાઇની કરી ભીર; ખાવે પીવે ખેલે હો અતિ ગેલે નવ નવ નેહથી, જિમ સહકારે કીર. તવ૦ ૯ પ્રહસમે નિત પ્રણમે હો ઘણું વિનયે માતપિતા પ્રતે, સુગતે જિનવર સેવ; પાત્ર સંયોગે રંગે હો પ્રતિલાભે ભાવ ધરી ઘણો, ધર્મ કરણની ટેવ. તવ૦ ૧૦ એહવે તિહાં કણે આવ્યા હો મન ભાવ્યા ચૌવિહ સંઘને, વિચરંતા

ભુપીઠ; ધર્મઘોષ ઇશે નામે હો પુણ્યકામે સુરતરૂ સરિખા, સયલ ગુણે સુવિસિદ્ધ. એહવે૦ ૧૧ એ આંકણી. વંદણને તિહાં ધાયા હો મિલિ આયા ભવિયણ ભાવશું, બેઠા જોઇ ઠામ; ધનસારે પણ જાણી હો ગુરૂ વાણી સાંભલવા પ્રતે, ધરે ઉદ્યમ હિત કામ. એહવે૦ ૧૨ ચારે પુત્ર સંઘાતે હો ભલી ભાંતે દયિતાને તિહા, વહુઅર સઘલી સાથ; આડંબરથી આવે હો ભલે ભાવે ગુરૂ ચરણાંબુજે, વંદે જોડી હાથ. એહવે૦ ૧૩ થિર ચિત્ત સહુનો જાણી હો ગુણખાણી ગુરૂ દિયે દેશના, કહે તજો પંચ પ્રમાદ; છકાયને ચિત્ત ધારો હો તુમે વારો હિંસા તેહની છંડો જીભ સવાદ. એહવે૦ ૧૪ ચાર કષાયને જીપો હો જિમ દીપો શ્રી જિનધર્મમેં પાલો પ્રવચન માત; પંચાશ્રવ તુમે વારો હો વલી ધારો દશવિધ ધર્મને, તિમ ટાલો ભય સાત. એહવે૦ ૧૫ બલીયા જો અતિ થાઓ તો ધાઓ શિવમંદિર ભણી, પંચ મહાવ્રત લેય; તપ જપ સંયમ કરણી હો અતિ સુખની વરણી એહ છે, ત્રિકરણ શુદ્ધ કરેય. એહવે૦ ૧૬ શ્રાવક ધર્મ સંભાલો હો અજુઆલો દ્વાદશ ભેદથી, આણી મન ઉપમાલ; ચોથા ઉલ્લાસે ગાવે હો મન ભાવે છઠી ઢાલમેં, જિન ઇમ વચન રસાલ. એહવે૦ ૧૭.

॥ દોહા ॥

દેશના સાંભલી દિલ ઠર્યો, ધન ધન કહે ધનસાર ।<br>
માનવ ભવનો આજ મેં, લાભ કહ્યો સુપ્રકાર ॥૧॥

પ્રમુદિત થઇ પુછે તદા, બિહું કરજોડી શેઠ ।
કૃપા કરી પ્રભુજી કહો, પુર્વ ભવાંતર ઠેઠ ॥૨॥
ધન્ને શી કરણી કરી, જિણે કરી પામ્યો રૂધ્ધિ ।
દુઃખ નવિ દીઠો દેહથી, પદ પદ સકલ સમૃધ્ધિ ॥૩॥
ત્રિણ્ય મોટા સુત સાહસી, ધનદત્તાદિક જેહ ।
પામી પામી હારવે, શે કરમે દુઃખ તેહ ॥૪॥
શાલિભદ્ર ભગિની ભલી, સતી સુભદ્રા સાર ।
શે કરમે માટી વહી, દુઃખ સહ્યાં વિવિધ પ્રકાર ॥૫॥
એહ સંદેહ તણો ઇહાં, જ્ઞાનતણે આધાર ।
વિવરીને કહો વેગથી, સયલ સંબંધ વિચાર ॥૬॥

## ॥ ઢાલ ૭ મી. ॥

(શાંતિ જીણેસર કેસર અચિંત જગધણી રે–એ દેશી.)

કહે મુનિવર સુણે શેઠ પુરવ ભવ વારત્તા રે પુરવ૦ પુર પઇઠાણ સુઠાણ જીહાં વાસે હતા રે; જી૦ તિણે નગરે એક નારી કાત્યાન દુર્બલી રે કા૦ કરે પર ઘરનાં કાજ પીસણ ખંડલ વલી રે. પી૦ ૧ દત્તનામે તસ પુત્ર સુપુત્ર વખાણીયો રે, સુ૦ તાત વિના જે જાત દુઃખી મહા જાણીયો રે; દુ૦ ચારે ગાયના વચ્છ ભેલા કરી ચોકમાં રે; ભે૦ પેટ ભરાઇ માત્ર હુવે તે લોકમાં રે. હુ૦ ૨ એક દિન પરવ વિશેષ અશેષથી દેખીયો રે અ૦, ઘર ઘર ખીરને ખાંડ ઘૃતાદિક પેખીયોરે; ઘૃ૦ આવી તતક્ષણ ગેહ માતા પાલવ ગ્રહ રે, મા૦ દ્યો મુજ પરિઘલ ખીર ઇશું મુખથી કહે રે. ઇ૦ ૩ માત કહે ભરપુર ન કૃકસ સંપજે રે, ન૦

તો તે ખીરને ખાંડ કહો કેમ નિપજે રે; ક૦ હઠ નવિ છંડે બાલ રડે તવ માવડી રે ૨૦, દેવે અવસ્થા એમ દીખિ કિમ આવડી રે. દી૦ ૪

યતઃ ॥ અનુષ્ટુબ્વૃત્તમ્ ॥ બાળકો દુર્જન-શ્રીરો વૈદ્યો વિપ્રાશ્ચ પુત્રિકાઃ; અર્થી નૃપોઽતિથી વેશ્યા ન વિદુઃ સદશાં દશાં ॥૧॥

ભાવાર્થ :– બાલક, દુર્જન, ચોર, વૈદ્ય, બ્રાહ્મણ, પુત્રી, અર્થી, રાજા, અતિથિ (પ્રાહુણા) અને વેશ્યા, એ સર્વે સરખી હાલતને સમજતા નથી. અર્થાત્ એ સર્વે પોતાના દુઃખની પેઠે પારકા દુઃખને જાણતા નથી. ॥૧॥

માતા પુત્રને સાથ દેખી રોતી થકી રે, દે૦ ચાર પાડોશણ તામ આવી કહે ઇમ બકી રે; આ૦ તું રોવે શા માટે રોવે કિમ દીકરો રે, રો૦ દુઃખની જે હોય વાત તે અમ આગલ કરો રે. તે૦ ૫ તવ તિણે પુત્રની વાત સવી માંડી કહી રે, સ૦ સાંભળી કહે પરમાન્ન માંહે શું છે સહીરે મા૦ ચાર પાડોશણ તત્ર સામગ્રી તતક્ષણે રે, સા૦ આણી આપી તાસ ધરી ઉંલટ ઘણે રે. ધ૦ ૬ માતાયે તવ ખીર નીપાઇ વેગથી રે ની૦ બેસાડી નિજ પુત્ર પિરસે અતિ વેગથી રે; પિ૦ કોઇક કાર્ય વિશેષ માતા ઘરમેં ગઇ રે મા૦, પુણ્યોદયથી દાન તણી મતિ તસ થઈ રે. ત૦ ૭ એહવે તપસી એક સુપરે સંભાલતો રે સુ૦, ફિરતો આહારને કાજ ભમર પરે માલતો રે; ભ૦ માસખમણને પારણે બારણે આવીયો રે, બા૦ દેખીને તવ

ચત્ત તણું મન ભાવીયો રે. ત૦ ૮ થાલ ભરી હતી ખીર સવે આપે મુદા રે સ૦, સાધુના વંદી પાય બેઠો સ્થાનક તદા રે; બે૦ આવી દેખે માત તે થાલી ચાટતો રે તે૦ પિરસે સઘલી ખીર ચિતે રખે ફાટતો. રે ચિં૦ ૯ વચન છલેથી તાસ ઉદર રોગ ઊપન્યો રે ઉ૦ મરણ સમય મધ્યરાત્રિ સુધ્યાને નિપન્યો રે સુ૦ તે અવિ દાન પ્રભાવ એ ધન્નો સુખ લહે રે, એ૦ તુજ કુલનો શિણગાર સકલને નિરવહે રે. સ૦ ૧૦ ચારે કીધો યોગ શીરાન્ન તણો તદા રે, શ્રી૦ ચારે વલી પરસંશ કરી તેહની મુદા રે; ક૦ ઇમ તે આઠે નારી દીઠો મુની વહોરતો રે, દી૦ ચિંતે ધન ધન એહ હિયે મુનિને છતો રે. હિ૦ ૧૧ સાધુ પ્રશંસા યોગે ઉત્તમ કુલ ઉપની રે, ઉ૦ તે એ આઠે નારી ધન્નાની રે, ધ૦ જેહ સુભદ્રા દુ:ખ લહી તે સાંભળો રે, લ૦ સરલ કરો નીજ ચિત્ત તજો મન આમલો રે. ત૦ ૧૨ પુર્વ ભવે ઇણે રોષ વશે સખીને કહ્યો રે, વ૦ વહે માટી રે દાસ પોતે ધનમદ વહ્યો રે; પો૦ તે કર્મ ઇણે શીશ થકી માટી વહી રે, થ૦ હસતાં બાંધે કર્મ રોતાં છુટે નહી રે રો૦ ૧૩

યત: ॥ જાતિ લાભ કુલૈશ્વર્યં, બલં રૂપં તપ: શ્રુતિ; કુર્વન્નષ્ટૌ મદાન્પુસાં, હીનાનિલભતે જન: ॥૨॥

ભાવાર્થ :- જાતિ, લાભ કુલ, ઠકુરાઇ, બલ, રૂપ, તપ અને વિદ્યા. એ આઠનો મદ કરનારો માણસ; એ આઠ હીણાં પામે છે. ॥૨॥

એ સંસારમેં જીવ મિથ્યાત્વ ગુણે કરીરે, મિ૦ જન્મ જરાને મૃત્યુને લહે તે ફિરી ફિરી રે; લ૦ પામી સદ્ગુરૂ યોગ દાનાદિક આચરે રે, દા૦ ધન્નાની પરે તેહ વંછિત લીલા રે. વં૦ ૧૪ પરસંશા પીણુ પુણ્ય પદારથ કહી ખરી રે, પ૦ દેખો તે પરતક્ષ આઠે એહ સુંદરી રે; આ૦ ચોથે ઉલ્લાસે ઢાલ કહીએ સાતમી રે, ક૦ જિન-વિજયે મન રંગ શ્રોતા મનમેં ગમી રે. શ્રો૦ ૧૫

॥ દોહા ॥

હવે ધનદત્તાદિક તણો, પુરવ ભવ અધિકાર ।
સદ્ગુરૂ કહે શુભ ચિત્તથી, સાંભલ રે ધનસાર ॥૧॥

॥ ઢાલ ૮ મી, ॥

( નમો નમો મનક મહામુનિ–એ દેશી.)

મુનિપતિ કહે તુમે સાંભલો, પુરવ ભવ વિરતંતો રે; ગ્રામ સુગ્રામ નામે ભલો, રૂદ્ધિ સમૃદ્ધિથી કંતોરે; મુનિ-પતિ૦ ૧ એ આંકણી. તિહાં કઠિયારા ત્રિણ્ય રહે, ધન હીણા અતિ ધીઠા રે; સદને આસન છે તેહનાં, મિત્રાઇ ગુણે તે મીઠા રે; મુ૦ ૨ એક દિન કાષ્ટ લેવા પ્રતે, ગ્રહીને સંબલ સાથે રે; પોહત્યા વનમેં પરવડા, લેઈ કુઠાર તે હાથે રે; મુ૦ ૩ મધ્યાને ભોજન સમે, બેઠા ભોજન કામે રે; માસ–ખમણ પારણુ યતિ, ક્ષમાસાગર ઈશે નામે રે; મુ૦ ૪ દીઠા દુરથી આવતા, સન્મુખ જઇને વંદે રે; સંબલ સઘલો શુભ મને, આપે મન આણંદે રે; મુ૦ ૫ સુલભબોધિ શ્રાવક કુલે, ઉપજવો તિહાં બાંધ્યો

રે; કાષ્ટ ગ્રહી સંધ્યા સમે, આવ્યા અસન ન લાધ્યો રે; મુ૦ ૬ એટલે રોષે ઇમ કહે, દાનતણાં ફલ દીઠાં રે; ભુખે દુઃખ પામ્યા ઇહાં, આગળ શાં હુશે મીઠાં રે; મુ૦ ૭ એમ નિંદા તે દાનની, ચાર વેલા તિણે કીધી રે; પશ્ચાતાપ સંયોગથી, સ્વલ્પપણે થઇ સીધી રે; મુ૦ ૮ તે ચવી અનુક્રમે તાહરા, પુત્ર થયા ત્રિણ્ય એહો રે; ચાર વેલા દુઃખ અનુભવ્યો, પુરવ કુત ગુણ તેહો રે; મુ૦ ૯ સાંભળી ધનદત્ત પ્રમુખના, પુરવ ભવ અધિકારો રે; વૈરાગે મન વાધિયો, બુઝ્યો તવ ધનસારો રે; મુ૦ ૧૦ ચિંતે એહ સંસારમાં, ધરમને કોય ન તોલે રે; સંસારીક સુખ કારમાં, વિષ સમ કેવલી બોલે રે; મુ૦ ૧૧ સંયમ લેવો માહરે, ઇમ મનમાં આલોચે રે; આયુ અથિર એ આપણો, જાણી પડે કુણ ખોચે રે; મુ૦ ૧૨ મુનિ વાંદી મંદિર ગયો, પરિકર સુત ધનસાર રે; દીક્ષા લેવાને તદા, પુછયો સવિ પરીવાર રે; મુ૦ ૧૩ શીલવતી પણ સજ્જ થઇ, ધન્નદત્તાદિક તેમ રે ત્રિણ્યે પુત્ર સંયમ ભણી, ધરતા ધર્મનું પ્રેમ રે; મુ૦ ૧૪ ઓચ્છવ કરી ધન્ને તદા, સંયમ સુપરે દેવાડયો રે; સહુ કહે ધન્ય ધનસારને, સુપરે આતમ તાર્યો રે; મુ૦ ૧૫ ધન્ને શ્રાવક વ્રત ધર્યાં, આઠ પ્રિયા સુત પ્રીતે રે; વિરમ્યો વિષય વિશેષથી, રૂડી આતમ રીતે રે; મુ૦ ૧૬ ધન્નોશાહ ઘેર આવીયા, પરિવૃત્ત સવિ પરિવારો રે; સુખ વિલસે સંસારનાં અભિનય સુર અવતારો રે; મુ૦ ૧૭ દીક્ષા દેઇ

તેહને, શીખવે સાધુ આચારો રે; ધનસારાદિક સાથે લેઇ, મુનિવર કરે વિહારો રે; મુ૦ ૧૮ ચારિત્ર પાલી શુભ મને, ત્રિણ્યે સુત સુત તેહો રે; દેવલોકે જઈ ઉપન્યા. દેવપણે ગુણ ગેહો રે; મુ૦ ૧૯ એક ભવે શિવ સુખ સવે, લહેશે તે નિરધારો રે; ચોથે ઉલ્હાસે આઠમી, ઢાલ કહી જિન સારો રે; મુ૦ ૨૦

॥ દોહા ॥

અથ શ્રોતાજન સાંભલો શાલીભદ્ર સુચરિત્ર ।
દેવલોક સુખ નરભવે, ભોગવે પુણ્ય પવિત્ર ॥૧॥
ઇણે અવસર નેપાલથી, સોદાગર સુવિવેક ।
રત્નકંબલ લેઈ કરી, આવ્યા મગધ સુછેક ॥૨॥
ગ્રામાગર ફિરતાં થકાં, રાજગૃહીમેં રંગ ।
દેખાડે ચહુટે દુરસ, રત્નકંબલનાં નંગ ॥૩॥
જોવે સહુ કો યતનશું, રત્નકંબલનાં રૂપ ।
પુછે મુલ તસ પરગડો, ચિત્તમેં રાખી ચુંપ ॥૪॥
વ્યાપારી કહે વયણથી, સવાલાખ સુવર્ણ ।
એકતણો એ મૂલ છે, સાંભલજો ધરી કર્ણ ॥૫॥
મૂલ સુણીને શેઠીયા, સહુકો સ્થાનક જાય ।
વ્યાપારી કરી કંબર ગ્રહી, ભેટયા શ્રેણિક રાય ॥૬॥

॥ ઢાલ ૯ મી ॥

(મારા મહેલાં ઉપર મેહ, ઉરૂખે વીજલી હો લાલ–એ દેશી)

તવ શ્રેણિક નરરાય બોલાવે તેહને હો લાલ બો૦, કિહાંથી આવ્યા શેઠ છે સુખ તુમ દેહને હો લાલ છે૦;

તવ બોલ્યા તે શાહ અમે નેપાલથી હો લાલ અ૦. આવ્યા ઈહાં વ્યાપાર કારણ ભુપાલથી હો લાલ ક૦; ૧ લાવ્યા કંબલ સોલ અમુલ્ય સંભાલતા હો લાલ અ૦, આવ્યા તુમ પરસાદ મગધમેં માલતા હો લાલ મ૦; દેખો સ્વામી વસ્તુ સુવસ્તુ સુભાવથી હો લાલ સુ૦, અગનિમેં નાંખે મેલ તજે એહ દાવથી હો લાલ ત૦; ૨ મૂલ સવાલાખ દામ એકેકા વસ્ત્રના હો લાલ એ, નૃપ કહે અમે આસકત અમુલિક સસ્ત્રના હો લાલ અ૦, ગજ અશ્વાદિક કાજ અમે ધન વાવરૂં હો લાલ અ૦, લાખ ગમે ધન દેય કંબલને શું કરૂં હો લાલ કં૦ ૩ તવ તે મુકી નિસાસ ઊઠીને ચાલીયા હો લાલ ઊ૦, શાલીકુમર આવાસ સમીપે માલીયા હો લાલ સ૦; કહે અન્યોન્યે એમ આપણ સવિ પાંતર્યા હો લાલ આ૦, દેઇ દામ કેઇ લક્ષ, કંબલ પાસે ધર્યા હો લાલ ક૦ ૪ રાજગૃહીમેં એક ખાગ્યો નહી કંબલો હો લાલ ખ૦, કહો કુણ નગરને ગામ હોશે એહથી ભલો હો લાલ હો૦; ભદ્રાયે તે વાત ગવાક્ષે સાંભલી હો લાલ ગ૦, બોલાવ્યા તે તામ વ્યાપારી કહે વલી હો લાલ વ્યા૦ ૫ નૃપ સરિખે કર્યો લોભ થોભાણો દેખિને હો લાલ થો૦, તુમે પણ વિફલ પ્રયાસ કરાવશો પેખિને હો લાલ ક૦ ભદ્રા કહે અહ ભ્રાત! કંબલ છે કેટલાં હો લાલ કં૦ તે કહે સોલ પ્રમાણ અમે લાવ્યા ભલાં હો લાલ. અ૦ ૬ માહરે વહુ બત્રીશ સતે ગુણ શોભતી હો લાલ, સ૦

આપું કેહને વસ્ત્ર ટાલું કેહને છતી હો લાલ; ટા૦
લાવો જો બત્રીશ તો સઘલાં રાખીએ હો લાલ, સ૦ લાભ
સહિત તસ મુલ્ય વિચારી ભાંખીએ હો લાલ. વિ૦ ૭
તવ બોલ્યા કહે માત કંબલ અધિકો નથી હો લાલ કં૦
જીમ જાણો તિમ કાર્ય કરો એહ માંહથી હો લાલ; ક૦
વીશ લાખ ધન પૂર્ણ દેવારો અમ પ્રતે હો લાલ, દે૦
સોલતણાં બત્રીશ કરી દ્યો વધુ પ્રતે હો લાલ. ક૦ ૮
સુણી ભદ્રાયે વેગ ભંડારી બોલાવીયા હો લાલ; ભં૦
તે પણ ધનદ સરૂપ ભદ્રા પેં આવીયા હો લાલ, ભ૦
કહે વીશ લાખ દીનાર દીયો ધન એહને હો લાલ, દી૦
તવ તે લહી આદેશ ગયા લેઈ તેહને હો લાલ. ગ૦ ૯
ઉઘાડે ભંડાર દેખે તવ વાણિયાં હો લાલ, દે૦ રૂપ્ય
સુવર્ણના પાટ દષદ પરે જાણીયા હો લાલ; દ૦ મોતીના
કેઇ માટ લસણિયા કુણ લિયે હો લાલ લ૦ પાનાનો
નહિ પાર હીરા નગુણેહીયે હો લાલ હી૦ ૧૦ મણિ-
માણેકનો મેલ કર્યો ન હુવે કદા હો લાલ, ક૦ વિદ્રુમ
વિવિધ પ્રકાર અપાર દેખે તદા હો લાલ; અ૦ થંભાણા
તવ તેહ વિચારે ચિત્તમેં હો લાલ, વિ૦ એ પ્રત્યક્ષ
દેવેંદ્ર ધનદસમ વિત્તમાં હો લાલ. ધ૦ ૧૧ ગણિ આપે
ધન સર્વ લેખો કરીને મુદા હો લાલ લે૦ વ્યાપારી લેઈ
દામ આવ્યા થાન કે તદા હો લાલ; આ૦ કરે અન્યોન્યે
વાત વિભવ દેખો છતા હો લાલ વિ૦ નૃપને ઈભ્યમેં
રૂદ્ધિ અંતર ઘણો પેખતાં હો લાલ. અં ૧૨ અંબરથી

ધનરાશિ ઉતરતી જેહને હો લાલ ઊ૦ મણિ મુક્તા-
ફલ એમ ન દીઠાં તેહને હો લાલ, ન૦ ચોથે ઉલ્હાસે
ઢાલ નૌમી મન ભાવતી હો લાલ, નૌ૦ જિન વિજયે
કહી એહ આણંદ ઉપાવતી હો લાલ આ૦ ૧૩

## ॥ દોહા ॥

એહવે રાણી ચેલણા, સુણી કંબલ વિરતંત ।
હોંશ થકી બેઠી હઠે, આણી દ્યો મુજ કંત ॥૧॥
રાજા કહે રાણી સુણો, કંબલનો શો કાજ ।
ધનથી સેના બલ કરી, રાખીજે નિજ રાજ ॥૨॥
રાજાને વલ્લભ તુરી, કે ગજ કે વલિ શસ્ત્ર ।
કંબલથી સંબલ નહીં, નિષ્કારણ એ વસ્ત્ર ॥૩॥
કહે રાણી કંબલ વિના, નલિઉં અન્ન ને પાન ।
હોંશ ન પહોંચે એટલી, તો શો તુમચો માન ॥૪॥
તવ રાજાયે તેડિયા, તે વ્યાપારી તામ ।
આદરથી તે આવિયા, બેઠા કરી પ્રણામ ॥૫॥
કંબલ દ્યો રાજા કહે, એક પ્રિયાને કાજ ।
સવા લાખ ધન સામટો, દેવરાવીશું આજ ॥૬॥
બોલ્યા બે કરજોડીને, સુણો નૃપ સુગુણ સમૃદ્ધ ।
સોલે કંબલ સામટાં, ભદ્ર ભામિની લીધ ॥૭॥
વીશ લાખ ધન વિવિધ પરે, એક મૂઠ ગણી દીધ ।
અંગજ ઈંદ્ર સમો અછે, શાલિભદ્ર સુપ્રસિદ્ધ ॥૮॥
સોલે કંબલનો વલી, ખપ છે અહો મહારાજ ।
તે કારણ અમે ચાલશું, નેપાલય ભણી આજ ॥૯॥

## ॥ ઢાલ ૧૦ મી ॥

( એ છીંડી કિહાં રાખી.–એ દેશી )

સાંભલી શ્રેણિક ભુપતિ ચિંતે, મુજ સમ અવર ન કોઇ; માહરી છત્ર છાયાયે માનવ, સુખીયા છે સહુ કોઇરે. ભવિકા, પુણ્યતણાં ફલ પેખો; પુણ્યે વંછિત સફલ ફલે સવિ, હૃદય વિમાસી દેખો રે. ભ૦ ૧. એ આંકણી. સામંતને મુકયો ભદ્રા ઘર, રત્નકંબલ ઇક આપો; સવા લાખ ધન તેહનો પૂર્વે, લેઇ ઘરમેં થાપો રે. ભ૦ ૨ સામંતે સવિ વાત પ્રકાશી, તવ કહે ભદ્રા એમ; કંબલનો વ્યાપાર કરેવા, અમને તો છે નેમ રે. ભ૦ ૩ રત્નકંબલમેં અચરિજ શો છે, અમને નૃપથી આમ; નૃપને નામ ઉપારી નાંખું, એ ધનને એ ધામ રે. ભ૦ ૪ પણ એક માહરી વિનતિ નૃપને, વિનવજો કરજોડી; રત્નકંબલ મે સોલના કીધા, ખંડ બત્રીશ વિત્રોડી રે. ભ૦ ૫ વહુ બત્રીશને વહેંચી દીધા, પણ તેહને મન નાવ્યા; શું કંબલ કરીએ એ પહેરી, ઇમ કહી ભૂમિ વિછાવ્યા રે. ભ૦ ૬ સ્નાન કરી તેણે પગ લુહી, નાખ્યા જલને ખાલે; જો મુજ વયણનો પ્રત્યય નાવે, તો જોવે પરનાલ રે. ભ૦ ૭ અવર કાજ ફરમાવશો જે કોઇ, તે કરશુ શિર નામી; વસ્ત્રાભરણ થકી સંતોષી, મુકયો દેઇ સલામી રે. ભ૦ ૮ વાત સર્વ નૃપને તેણે આવી, વિગતેશું સમજાવે; સાંભલી નૃપ મન વિસ્મય પામ્યો, અભય પ્રતે તેડાવે રે. ભ૦ ૯ ભદ્રાને મંદિરે તુમે જઇને,

શાલિકુમર બોલાવો; ગોભદ્રશેઠ તણો એ અંગજ અમ લગે તેડી આવો રે. ભ૦ ૧૦ અભયકુમર તતક્ષણ ભદ્રા ઘરે, તાત વચણથી આવે; દેખી ભદ્રા હર્ષ ધરીને, મોતીય થાલ વધાવે રે. ભ૦ ૧૧ ધન્યવેલા ધન્ય દિવસ અમારે, આંગણડે તુમે આયા; કાર્યોદેશ હુવે તે દાખો, સ્વામી કરી સુપસાયા રે. ભ૦ ૧૨ તાતજી શાલિકુમરને મીલવા, અભય કહે તિહાં તેડે; તે ભણી શાલિકુમરને સાંપ્રતિ, મુકો માહરી કેડે રે. ભ૦ ૧૩ તવ ભદ્રા બહુ ભેટણો લેઇ, અભયકુમરની સાથે; આખી નૃપને નમીયે ઇણિપરે, અરજ કરે બિહું હાથ રે. ભ૦ ૧૪ ચંદ્ર સૂર્ય ઉગ્યો નવિ જાણે દિન રાત; ગમનાગમ વ્યાપારાદિક તિમ, નવિ જાણે મુજ જાત રે. ભ૦ ૧૫ બાલપણાથી લાડકવાયો, નિશ્ચિંત સઘલી વાતે; પુર્વ સ્નેહથી દેવ થઇને, સુખીયો કીધો તાતે રે. ભ૦ ૧૬ તે માટે કરૂણા કરી સાહિબ, મંદિર આવો આજ; શાલિકુમર તુમ ચરણે નમશે, અમચી વધારો લાજ રે. ભ૦ ૧૭ રાજા સાંભલી મનમેં હરખ્યો, ભદ્રા વચનથી તામ; શાલિભદ્રને મિલવા તત્પર, ઉચ્છક થયો ગુણધામ રે. ભ૦ ૧૮ નૃપ આદેશ લેઇને ભદ્રા, નિજ મંદિર તવ આવે; ચોથે ઉલ્હાશે ઢાલ એ દશમી, જિન મન રંગે ગાવે રે. ભ૦ ૧૯.

॥ દોહા ॥

આંગમ જાણી નૃપતણો, ગોભદ્ર શેઠનો જીવ ।
દેવ પુત્ર નેહે કરી, રચના કરે અતીવ ॥૧॥

શાલિભદ્રના ઘર થકી, નૃપ મંદિર લગે ખાસ ।
મણિ માણિક મંડપ રચ્યા, ચિંહુ દિશિ તોરણ તાસ ॥૨॥
મણિમય માલા જાલિયાં, મુકતાફલનાં કીધ ॥
અમરભુવન અવની તલે, દે શકિતથી સિદ્ધ ॥૩॥
ધરણી તલ બાંધ્યો ધવલ, સ્ફટિક રત્ન સુવિચિત્ર ।
ક્ષીરસમુદ્ર પરે સુભગ, વિચ વિચ કમલ પવિત્ર ॥૪॥
આવાસે આભા અધિક, સૂર્યપરે સુપ્રકાસ ।
પંચવર્ણ મણિ તેજથી, સુંદર શોભે ખાસ ॥૫॥

## ॥ ઢાળ ૧૧ મી ॥

( લંકાનો રાજા—એ દેશી. )

હવે શ્રેણિક રાજા તિહાં રે, ભેરી સુદર્શના નામ; વજડાવે મન રંગશું, જસ નામ થકી આરામ રે; શ્રેણિક મહારાજા. અતિ રૂયડોરે, અધિક દિવાજા; ન્યાય ઘર મીરે, તિપતિ અતિ ધરમી ૧. એ આંકણી. અલબેલા તવ આવિયા રે; કોણિક પ્રમુખ કુમાર; નિજ નિજ પરીવારે કરી, પરિવૃત એક શત ઉદાર રે. શ્રે૦ ૨ પંચ શત સચિવ સોહામણા રે, શેઠ સામંત અનેક; ગણક ચિકિચ્છક સામટા, પંડિત વલી ધરતા ટેક રે. શ્રે૦ ૩ ચતુરંગી સેના સજી રે, સુપરે કરીને સાર; સેચ-નક ગયવર ઉપરે, નૃપ શ્રેણિક થયો અસવાર રે. શ્રે૦ ૪ અભયકુમર આગે ચલે રે, કદમી પુરૂષ પ્રધાન; સકલ કલાયે આગલે, ચારે બુદ્ધિતણો નિધાન રે. શ્રે૦ ૫ એહવે આડંબર થકી રે, આવે શાલિ આગાર; મંડપ

તોરણ દેખિને, અચરીચ લહે સહુ પરિવાર રે. શ્રે૦ ૬ રાજગૃહી રલિયામણી રે, કિમ શણગારી એણ; એતા દિન લગે એહવી, નવિ દીઠી હુતી નેણ રે. શ્રે૦ ૭ ભદ્રા તવ ભૂપતિ પ્રતે રે, વધતી કહે વેણ; રાજ પધારો ઊપરે, જુઓ મંદિર અમચો સેણ રે. શ્રે૦ ૮ પ્રથમ ભુમી જોતે થકે રે, વીસ્મય મનમેં હોય; સુહણો કે સાચો અછે, ભ્રમ ન ટલે ચિત્તથી કોય રે. શ્રે૦ ૯ તીમ વલી બીજી ભુમિકા રે, નીરખી હરખીત થાય; ભદ્રા કહે ઊપર તુમે, પાઉ ધારોને મહારાજા રે. શ્રે૦ ૧૦ ત્રીજી ભૂમિ જોતે થયો રે, રાજા વિભ્રમ ચિત્ત; શું દેવલોક આવીયો કોઇ દેવ થકી ધરી પ્રીત રે. શ્રે૦ ૧૧ તવ ભદ્રા કહે ઇહા રહે રે, અમચા દાસી દાસ; સ્વામી પધારો ઊપરે, જીહાં શાલિકુમર આવાસ રે. શ્રે૦ ૧૨ ચોથી ભૂમિના ચોકમાં રે, આવે ભુધવ જામ; નજરે જલ સમ નીરખીયો રે, ડર પામી ઊભો રહ્યો તામ રે. શ્રે ૧૩ અભયે તતક્ષણ મુદ્રીકા રે, નાંખી પ્રત્યય કાજ; રાજય પધારો રંગમેં, મણીપીઠ અછે મહારાજ રે. શ્રે૦ ૧૪ રાજા કહે અમથી હવે રે, આગે તો ન અવાય; શાલીકુમરને અમ કને, તેડી લાવોને ઇણ ઠાય રે. શ્રે૦ ૧૫ સિંહાસન તીહાં માંડીયો રે, બેઠા શ્રેણિક રાય; તવ ભદ્રા ઉચ્છકથકી, શાલીકુમરને તેડણ જાય રે. શ્રે૦ ૧૬ જઇને કહે ઊઠો નાનડા રે, સુપરે કરી વ્યવહાર શ્રેણિક આગંણ આવીયા રે, ઇહાં કરવો કવણ વિચાર

રે. શ્રે૦ ૧૭ પૂર્વે કદીય ન સાભલ્યો રે, કાર્યતણો લવલેશ; તે નિસુણી ચિત્તે ચિંતવે, એ શું કહે માત વિશેષ રે. શ્રે૦ ૧૮ રે માતા! તુમે શું કહ્યું રે મેં નવી લાધ્યો ભેદ; ચોથે ઉલ્હાસે ઈગ્યારમી ઢાલ, જિન કહે ધરી ઉમેદ રે. શ્રે૦ ૧૯.

॥ દોહા ॥

શું પુછો છો માતજી, વ્યવસાયાદિ વિચાર ।
શ્રેણિક લેઈ સામટો, ભદ્રા મંજુષ મઝાર ॥૧॥
ભદ્રા કહે રે પુત્ર સુણ, નહિ કિરિયાણો એહ ।
ત્રિભુવન માંહે અમૂલ્ય છે, રૂપ કલા ગુણ ગેહ ॥૨॥
તવ ત્રટકી કહે માતજી એવડો શો આલોચ ।
મુહ માગ્યો ધન દયને, રાખો થાનક ટોચ ॥૩॥
ભદ્રા કહે રે ભુલ મા, વચન વિચારી બોલ ।
દેશ મગધનો છે ધણી, ઈંદ્ર સમાન અતોલ ॥૪॥
હય ગય રથ પાયક તણો, કોય ન લાભે પાર ।
આપણ સરિખા એહને, વ્યાપારી લખ સાર ॥૫॥
આપણ ઉપર એહનો, હિત છે તિહાં લગે સર્વ ।
આપણને આધીન છે, છંડો તે ભણી ગર્વ ॥૬॥

યતઃ-સાસા પાસા અગિનિ જલ, ઠગ ઠાકુર સોનાર; એતા ન હુએ આપણા, મંકડ વડુઅ વિલાડ ॥૧૦॥

ભાવાર્થઃ- શ્વાસોશ્વાસ, પાસા, અગ્નિ, પાણી, ઠગ, રાજા, સોની, માંકડ, બડુઓ અને બિલાડી, એ સર્વે

આપણા ન હોય.

આવી પ્રણમો એહને, મનથી મુકી માન;
દુર્બલ ધન્ના રાજવી, એહથી વિનય નિદાન ૭.

## ।। ઢાલ ૧૨ મી ।।

( સરસતિ માતા રે, દિયો મતિ નિરમલી.—એ દેશી.)

વચણ સુણી વિષ સરિખાં માતનાં, ચિંતે શાલિકુમાર; મુજ ઉપર વલિ સ્વામી અછે, ધિગ ધિગ એ અવતાર; શાલિકુમર આલોચે ચિત્તમેં ૧. એ આંકણી. મેં નવિ કીધોરે ધર્મ; ધર્મ વિના પરવશ બંધન હુવે, કરે તવ માઠાં રે કર્મ. શા૦ ૨ જે પરવશ તે રે સુખ શો ભોગવે, પરવશ દુઃખનો રે મુલ; સ્વવશપણાનાં રે સુખ જોતે થકે, પરવશ સુખ અક તુલ્ય. શા૦ ૩.

યતઃ—અનુષ્ટુબ્વૃત્તમ્. સર્વં પરવશં દુઃખં, સર્વમાત્મવશં સુખં; એતદુક્તં સમાસેન, લક્ષણં સુખદુઃખયોઃ ।।૧।।

ભાવાર્થઃ—પરવશપણે બધું દુઃખ છે અને પોતાને વશ પણે બધું સુખ છે. ટુંકામાં જે કહ્યું, તે સુખ દુઃખનું લક્ષણ છે ૧.

એટલા દિન લગે સ્વામી સેવક તણી, મેં નવિ જાણી રે વાત; આજ સુણાવ્યો રે માતાયે ઈહાં, એહ કટુક અવદાત. શા૦ ૪ તો હવે માતા રે વયણ ન લોપવું, નવમો વસુધારે નાથ; તેહ પછી કરશું સવિ

જોયને, સાધશું અવિચલ સાથ. શા૦ ૫ ઇમ નિશ્ચય કરી શય્યાથી તદા, પાઉ ધરે ભૂપીઠ; સાતમી ભૂમિથી ઉતરવો પડયો, તે થયો અતિહી અનીઠ. શા૦ ૬ અનુક્રમે શ્રેણિકને આવી નમ્યો, વિનય થકી સુપ્રકાર; દેખી શ્રેણિક રૂપ કલા નીલો, અમર સદૃશ અનુકાર. શા૦ ૭ હર્ષ ધરી ઉચ્છંગે આપણે, બેસાર્યો તતકાલ આતપથી જિમ માખણ પરઘણે, તિમ પ્રસ્વેદ વિશાલ. શા૦ ૮ દેખી માતા રે ભુપ પ્રતે ભણે, એ પીતલિયો રે દેવ; પરકર ફરસ ન એ સાહસી શકે, શું જાણે એહ સેવ. શા૦ ૯ શીખ દ્યો એહને રે રાજ્ય મયા કરી, એહ છે તુમચો રે બાલ; તુમચી કૃપાથી રે લીલા કરે, તુમે એહના પ્રતિપાલ. શા૦ ૧૦ મધુર વચનથી રે બોલાવી મુદા, દીધી શીખ તિવાર; વિષધર કંચુકી છંડે તિણિ પરે, છોડિ ચલ્યો સુવિચાર. શા૦ ૧૧ બેઠો જઇને રે નિજ વાતાયને, સોચે ચિત્ત મઝાર; પંચ વિષય સુખ સરિખાં થયાં, ન ગમે વાત વિચાર. શા૦ ૧૨ આલોચે મન અતિ ઉદવેગથી, દુઃખ ગર્ભિત વઇરાગ; એહવી કરણી રે આજથી આદરૂં, જિણે કરી લહુ ભવ તાગ. શા૦ ૧૩ નાથ ન રાખું રે માથે આજથી રહી ગૃહવાસે રે રંગ; નાથ કરૂં એક ત્રિભુવનનો ધણી, જેહનો સ્નેહ અભંગ. શા૦ ૧૪ જિમ યોગીશ્વર ધ્યાન ધરી રહે, તિમ રહે શાલિકુમાર; ચોથે ઉલ્હાસે રે ઢાલ એ બારમી, જિન કહે વચન ઉદાર. શા૦ ૧૫.

॥ દોહા ॥

હવે ભદ્રા નૃપ આગલે, આવી કરે અરદાસ ।
ભોજન અવધારી ભલાં, પછે પહોચો આવાસ ॥૧॥
ભદ્રાનો મન રાખવા, રહ્યા તિહાં મન રંગ ।
લક્ષપાક તેલાદી તવ, ભદ્રા લાવે ચંગ ॥૨॥
મર્દનીયા મર્દન કરે, ઉટવણે ઘનસાર ।
સ્નાન કરણુ આવે તુરત, સ્નાનતણે આગાર ॥૩॥
જલક્રીડા કરતે થકે, પડી મુદ્રડી તત્ર ।
જોવે પણ લાધે નવી, શ્રેણીક લહે તે ચિત્ર ॥૪॥
મુખ વિલખો કરી ચિંતવે, મહારા ઘરનો સાર ।
એહવી મુદ્રડી માહરે, અવર નહી ઇણીવાર ॥૫॥
નીચે આનન નિરખતે, દેખે કુપક એક ।
મણિ આભુષણથી ભર્યો, ચિંતે તવ સુવિવેક ॥૬॥
પુછે દાસીને પ્રગટ, એહ કીશો એકત્ર ।
તે કહે શાલિકુમારનાં, ભુકતાભરણુ તે તત્ર ॥૭॥
નૃપ ચિંતે નવિ સાંભલ્યો, જે આભરણુ ઉચ્છિષ્ટ ।
તે મેં નજરે નિરખીયો, અહો અહો પુણ્ય પ્રકૃષ્ટ ॥૮॥
એહવે ભદ્રા નૃપ તણી, અડવી અંગુલી દેખ ।
તુરત કઢાવે મુદ્રડી, કલ કરીને સુવિશેષ ॥૯॥

॥ ઢાળ ૧૩ મી ॥

(દેશી મધુકરની.)

ભદ્રા મુદ્રી અવરથી, ભરીને થાલ સુચંગ હે; સાહિબ
મધ્યે નૃપ મુદ્રી ધરી, આગલ કરે ઉચ્છરંગ હે; સાં૦

દેખી નૃપ મન ચિંતવે. ૧ એ આંકણી. જુઓ જુઓ પુણ્ય પ્રમાણ હે; સા૦ એહની મુદ્રા આગલે, મુજ મુદ્રી શે માન હે. સા૦ દેખી૦ ૨ હીણી દેખી ઓલખી. તે લેવ તતખેવ હે; સા૦ ભદ્રા કહે ભોજન ભણી, બેસો સ્વામી હેવ હે. સા૦ દે૦ ૩ આસન બેસણ અતિ ભલાં, સહુકોન સુપ્રકાર હે; સા૦ નૃપને મણિરયણે જડયો, ભદ્રાસુન સુખકાર હે. સા૦ દે૦ ૪ થાન કચોલાં રયણનાં, કેઇ કંચનમય કાંત હે; સા૦ ઝારી પ્રમુખ વિવિધ સવે, ઉચિત દિયે તિણિ પાંતિ હે. સા૦ દે૦ ૫ તતક્ષણ દેવ પ્રયોગથી, ભોજન વિવિધ પ્રકાર હે; સા૦ ષટરસ સરસ સ્વાદથી, નીપન્યા તે મનોહાર હે. સા૦ દે૦ ૬ પક્વાન્નાદિક અતિ ભલા, છત્રીસ ભાંતિનાં શાક હે; સા૦ મેવા મીઠાઇ ઘણી, નવ નવ ભાંતિના પાક હે. સા૦ દે૦ નંદન વનમાં નૃપ પ્રતે, કલ્પદ્રુપ ફલ ખાસ હે. સા૦ પિરસે ભદ્રા પ્રેમશું, અતિ સુસ્વાદ સુવાસ હે સા૦ દે૦ ૮ પિરસણીયા પિરસે તિહાં, દેવ સરૂપી સુરંગ હે; સા૦ દેખી નૃપ વિસ્મય લહે, ભોજન સ્વાદ સુરંગ હે. સા૦ દે૦ ૯ શાલિ અનોપમ ઓપતી, વિવિધ પ્રકારની દાલ હે; સા૦ ઘૃત ગોરસની શોભતિ, જમતે હર્ષ વિશાલ હો. સા૦ દે૦ ૧૦ સૈન્ય સકલ સુપરે તિહાં, ભોજન કરે ભલી ભાંત હે; સા૦ જીમ ઝુઝે પર સૈન્યથી, તિમ ઝુઝે ધરી ખાંત હે. સા૦ દે૦ ૧૧

**અથ ભોજનવર્ણનમ્ ॥ સવૈયા એકત્રીશા. ॥**

**મોતીચુર ચુર કર જલેબી ખાજેપ કર દોટ દિયે**

દોઠે પર લાડુશું લરીજીએ, ઘેવરકો ઘેર કર પેંડાસેંતી પેટ ભર પતાસેકો પાસ ઘર લાપસીકું લીજીએ: આંબા કેલાં કેરી શાખ રાઇતેકી તીખી દ્રાખ બાટકું વડાઇ દેય પાયસાન્ન પીજીએ, કુરસેંતી દાલિ મેલિ ઘમ કેશું ઘૃત ભેલિ શાકકી સરાયશું લરાઈ એસી કીજીએ. ॥૧॥

ઊપર ગંગાજલ દીયા, વાસિત સુરભિ સુવાસ હે; સા૦ તાબુલાદિક તુરત મેં, દેવે ભદ્રા તાસ હે. સા૦ દે૦ ૧૨ યથા યોગ્ય પહિરામણી, લેઇ નૃપ આવાસ હે; સા૦ આવ્યા અતિ આણંદશું, પહોતી સવિ મન આશ હે. સા૦ દે૦ ૧૩ ગુણ્ય પ્રસંશા પરગડી, ભાંખે પ્રેમે ભુપ હે; સા૦ ચોથે ઉલ્હાસે તેરમી, કહી જિનવિજયે અનુપ હે. સા૦ દે૦ ૧૪.

॥ દોહા ॥

એહવે બત્રીશે મિલી, કામિની કરે વિચાર ।
કંત કહો શે કારણે, નવિ બોલે ઇણિવાર ॥૧॥
આપણે તો નથી દુહવ્યા, નવિ લોપી કુલવટ્ટ ।
રીશ ચઢાવીને રહ્યા, આજ તો એહ નિપટ્ટ ॥૨॥
બોલાવીજે બહુ પરે, નેહ ધરીને નાહ ।
પ્રેમ ધરીને પુછીએ, જે અમચો અપરાહ ॥૩॥
દયિતા ઇમ દિલમેં ધરી, આવી પ્રીતમ પાસ ।
વિવિધ વિનય વચને કરી, અધિક કરે અરદાસ ॥૪॥
પણ નવિ બોલે તેહથી, શાલિકુમર લવલેસ ।
તવ તે સાસુને કહે, વિનય કરી સુવિશેષ ॥૫॥

## ॥ ઢાલ ૧૪ મી ॥

(થારે માથે પંચરંગી પાઘ સોવનરો
છોગલો મારૂજી—એ દેશી.)

સુણો બાઇજી અરદાસ અનોપમ અમતણી સાસુ જી, કરૂં વિનતિ ગોદ બિછાય લળી લળી તુમ ભણી સાસુજી; તુમ નંદન સુગુણ નિધાન શોભાગી સેહરો સા૦, એહ ઈંદ્ર સરિસ અવતાર સુસાર તે દેહરો. સા૦ ૧ કરતો ક્રીડા મન કોડ સુજોડથી સર્વદા, સા૦ ધરતો મનમેં વીસવાસ ર [illegible] હી તદા; સા૦ ઇંદ્રાણીને અનુકાર મુદાર તે જાગુતો, સા૦ નિત પંચ વિષયસુખ ભોગ અમર પરે માણુતો. સા૦ ૨ નૃપ આવ્યાથી મનમાંહી વિષાદ કો ઊપન્યો સા૦ નવિ જાણીજે અમ કોય જે શ્યાથી નીપન્પો; સા૦ નસુણે ગુણ ગીત વિનોદ સુબુદ્ધિથી મેલવી, સા૦ હવે ન કરે વાત વિચાર કામિનીશું કેળવી. સા૦ ૩ અમે સુકુલીણી મિલી સર્વ કરૂં ઘણી વિનતિ, સા૦ તો પણ બોલે નહી એહ જીશો હુએ મુનિપતિ; સા૦ નવિ પુછે ભોજન વાત ન તાતિ વસન તણી, સા૦ આભુષણશું અનુરાગ સુરાગ ન ધન ભણી. સા૦ ૪ અમે દેખી પતિ દિલગીર ઝુરૂં સવિ ભામિની, સા૦ ન કરૂં સુપરે શીણગાર ન સુવું યામિની; સા૦ અમચો એ પ્રાણ આધાર વિચાર ધરે કીશો, સા૦ જો લહિયે તેહનો ભેદ ઉદ્યમ કરયે તિસો. સા૦ ૫ અમે દાઝયાં પીયુ દુઃખ દેખી વિશેષ લહું નહી, સા૦ જીમ કુપક કેરી છાંય

સમાવે તીહાં સહિ; સા૦ અમચો કોઇ હોયે દોષ તો દાખો તેહને, સા૦ અમે તુમ વિણુ એ પોકાર કહિજે કેહને. સા૦ ૬ ઇહને કોઇ આંતરધ્યાન કે ગ્યાન હીયે વશો, સા૦ તિણે કરી અમ ઉપર રાગ હતો તે સવિ ખશો; સા૦ જાણુાછાં સન પરિણામ ઉદાસી એહનો, સા૦ ઇણે છંડયા ભોગ સંયોગ મગન નહી કેહનો. સા૦ ૭ એહનો અમ ઉપર સ્નેહ કહો કિમ આવશે, સા૦ એ આખર છંડી ધામ આરામ વસાવશે; સા૦ અમને મનમેં ઉદ્વેગ અજાણ્યો એ ઉપન્યો, સા૦ કોઇ પુરવ કર્મ વિશેષ થકી ઇહાં નીપન્યો. સા૦ ૮ તે માટે કરી એ આયાસ પુછો તુમે જાતને, સા૦ તે પણ મન કેરી વાત કહેશે માતને સા૦ પછે જોઇ કારણ કાર્ય વિચારી ચિત્તથી, સા૦ કહેવો ઘટે તેહને ઓલંભ દેજ્યો શુભ રીતથી. સા૦ ૯ તવ ભદ્રા વહુઅર વાત સુણી વિભ્રમ થઇ કુમારજી જીહાં બેઠો શાલિકુમાર તહાં તતક્ષણ ગઇ; કુ૦ દેખે મુખ નુર ને સુર જીશો વાદલ થકી, કુ૦ વલી અંગીતને આકાર વિલોકીને છકી. કુ૦ ૧૦ બોલાવી ધરી બહુ નેહ સુસ્નેહ વાકયે કરી, કુ૦ કહો પુત્રજી પ્રાણાધાર એ શી ચિંતા ધરી; કુ૦ વ્યાપાર વણિજ ઘર હાટ ઉચાટ ન તાહરે, કુ૦ લેહણા દેહણાની વાત તે સઘલી માહરે. કુ૦ ૧૧ તુજ દેખી અગન આલોચ તે સોચ પ્રિયા ધરે, કુ૦ તુજ મુખ દેખી દિલગીર ભોજન પણ નવી કરે; કુ૦ ન કરે વલી સકલ શ્રૃંગાર હારાદિક નવી ગમે, કુ૦ કરે રૂદન

ધરી મન દુઃખ દિવસ ઇમ નીગમે. કુ૦ ૧૨ શા માટે એવડો દુઃખ આપે છે એહને, કુ૦ કોઇ દીઠો હોય અપરાધ કહીજે તેહને; કુ૦ પણ સઘલીને સમકાલ કહો કીમ ખીજીએ, કુ૦ ખીર નીર પરે એક તાર પ્રીયાશું કીજીએ. કુ૦ ૧૩ એ પ્રભુતાવંત મહેભ્ય તણી છે બાલીકી કુ૦ સુકુલીણીમાં શીરદાર વચન પ્રતિપાલીકા; કુ૦ પરણ જે પંચની સાખ તે પાલવથી જડી, કુ૦ તેહને વીણ અવગુણ દેખી ખીજીજે કીંમ ચડી. કુ૦ ૧૪ સુણી માતનાં વયણ વિશેષ ન રેષ બોલ્યો ફરી, કુ૦ યોગેંદ્ર પરે ધરી ધ્યાન બેઠો મન દઢ કરી; કુ૦ કહી ચૌદમી ઢાલ રસાલ એ ચોથા ઉલ્હાસની, કુ૦ ઇમ જિનવિજયે મન રંગ કલ્પદ્રુમ રાસની. કુ૦ ૧૫.

## ॥ દોહા ॥

એહવે તે રાજગૃહે, ધર્મઘોષ મુનિરાજ ।
સમવસર્યા સુપરે તિહાં, પણ સય સાધુ સમાજ ॥૧॥
વનપાલક આપે તિહાં, વર્દ્ધાપનિકા વેગ ।
શાલિકુમર તે સાંભલી, અધિક લહે સંવેગ ॥૨॥
જીમ રસવતી સવી નીપને, ધુત મીલે રસ હોય જેમ ।
તીમ શાળીભદ્ર વૈરાગ્યમેં, સાધુ સંયોગશું પ્રેમ ॥૩॥
દેઇ તાસ વધામણી, હય રથ બેસી હેવ ।
પરીવૃત બહુ પરીવારથી, ગુરૂ વંદન તતખેવ ॥૪॥
પાંચે અભિગમ સાચવી, વંદે સમતાનીપ ।
દેશના અમૃતથી અધિક, નિસુણે સુગુરૂ સમીપ ॥૫॥

## ॥ ઢાલ ૧૫ મી ॥

(હસ્તિનાગપુર વર ભલું.–એ દેશી.)

માનવ ભવ અતિ દોહિલો, ભવ ભમતાં સયલ સંસાર રે; આર્યક્ષેત્ર ઉત્તમ કુલે, પંચેંદ્રિય પુર્ણ ઉદાર રે. પંચેંદ્રિય પુર્ણ ઉદાર, સુણો ભવિ પ્રાણિયા સસનેહ રે; સસનેહ સુગુણ સુવિલાસ, કહે મન રંગશું મુનિ એહરે. ૧ એ આંકણી. ધર્મ શ્રવણ અતિ દોહિલો સદ્દહવો ચિત્ત રે; સૂક્ષ્મ વિચાર સુણી કરી, હઠ જે કરે તે વિપરીત રે. હ૦ સુ૦ ૨ વચન વિરોધ કરે જિકે, જિન પ્રવચનના જે ગુઢ રે; બહુલ સંસારી તે હુવે ભવ ભ્રમણ કરે મતિમુઢ રે. ભ૦ સુ૦ ૩ સાવદ્યાચાર્ય તણી પરે, વલિ જિમ જમાલી નિર્ગ્રંથરે; એકેક વચન ઉચ્છાપતે, પામ્યા સંસારનો પંથ રે. પા૦ સુ૦ ૪ સદહીને ધર્મ આદરે, તે વિરલા ઇણે જગ જીવ રે; આદરી પણ અવલું કરે, તે દુઃખ લહે પ્રાણી સદૈવ રે. તે૦ સુ૦ ૫ આદરવાં વ્રત દોહિલાં, મુનિવરનાં પંચ પ્રમાણ રે; ધૈર્ય ધરી જે આદરે, તે પામે પદ નિર્વાણ રે. તે૦ સુ૦ ૬ જન્મ જરા ભય રહિત તે, સ્થાનક શિવમંદિર રૂપ રે; કેવલજ્ઞાનમયી સદા, તિહાં અજર અમર ચિદ્રુપ રે. તિ૦ સુ૦ ૭ કર્મ વિટંબન છોડને, હુઆ નાથ ત્રિજગનો તામરે; ફિરી સંસારમેં આવવા, ન રહ્યો તેહને કાંઈ કામ રે. ન૦ સુ૦ ૮ પંચ મહાવ્રતનો હવે, સુણો લેશ થકી સુવિચાર રે; જીવદયા જિનધર્મનો, કહ્યો મુલ સયલ

સંસાર રે. ક૦ સુ૦ ૯ ત્રસ થાવર સવિ જીવની, રક્ષા કરવી તે નિત્ય રે; મન વચ કાયાથી કરી, દયા વીશ વિશ્વાથી પવિત્ર રે. દ૦ સુ૦ ૧૦ હિંસા કરે તે દુઃખ લહે, ન લહે સુખ કદિય લિગાર રે; સુભૂમ બ્રહ્મદત્ત સારિખા, હિંસાથી નરક મઝાર રે. હિં૦ સુ૦ ૧૧ એ પહિલો વ્રત સાધુનો, બીજે મૃષાવાદનો ત્યાગ રે; ક્રોધ લોભ ભય હાસ્યથી, જુઠો ન કહે મહાભાગ રે. જુ૦ સુ૦ ૧૨ જુઠે વસુરાજા જુઓ, નરકે ગયો દેવ પ્રકોપ રે; તે ભણી સત્ય જ બોલવો, જિણુ થાએ દુરિતનો લોપ રે. જિ૦ સુ૦ ૧૩ અણુદીધા લેવો નહી, તૃણુમાત્ર તે સાધુને કોય રે. ચોરીથી દુઃખ નીપજે, હુંડક પરે શાસ્ત્રમેં જોય રે હું૦ સુ૦ ૧૪ ચોથું વ્રત ચોખે ચિતે, પાલવું મનની શુદ્ધિ રે; નારી રૂપ ન દેખવું. લેખવવું ઉપલની બુદ્ધિ રે. લે૦ સુ૦ ૧૫ કુંડરિક નંદિષેણુ જે, અર્હન્નક આર્દ્રકુમાર રે; વિજય મુનીશ્વર તિમ વલી, રહનેમિ પ્રમુખ અણુગાર રે. ર૦ સુ૦ ૧૬ નારી દેખીને ચલ્યા, પાછા વલ્યા પુણ્ય પ્રયોગ રે; તે ભણી નવવાડે કરી, વ્રત પાલવો ફરી ઉપયોગ રે. વ્ર૦ સુ૦ ૧૭ તૃણુ તુસમાત્ર ન રાખવો, પરિગ્રહ મમતાથી ધીઠરે; પરિગ્રહથી નરકે ગયા, રે. નવનંદન સાગર શેઠ રે. ન૦ સુ૦ ૧૮ રાત્રિ ભોજન છાંડવો, ત્રિવિધે ત્રિવિધે થઇ ધિર રે; એ મુનિ વ્રત વિવરી કહ્યાં, આદરો ભાવે થઇ વીર રે. આ૦ સુ૦ ૧૯ સાધુતણી સુણી દેશના, -સમજયો ચિત્ત શાલિ મહંત રે આલિક પદાર્થ એ સહૂ, કહે સાધુ તે

સઘલો તંત રે. ક૦ સુ૦ ૨૦ ગુરૂ વાંદી ઘરે આવિયા, રથે બેસી શાલિકુમાર રે; ચોથે ઉલ્હાસે જિન કહે, પન્નરમી ઢાલ ઉદાર રે. ૫૦ સુ૦ ૨૧.

## ॥ દોહા ॥

ભદ્રાને પ્રણમી કહે, સાંભલ મોરી માત ।
સાધુ વચન સુણુતે લહી, વીતી સઘલી વાત ॥૧॥
સ્વારથિયો સંસાર સવિ, પરસ્વાર્થિ નહિ કોય ।
વિવિધ વિટંબન વેદના, જીવ સયલને જાય ॥૨॥

યતઃ શાર્દૂલવિક્રિતવૃત્તમ્ ॥ વૃક્ષં ક્ષીણફલં ત્યજંતિ વિહગા શુષ્કં સરઃ સારસાઃ, નિર્ગંધં કુસુમં ત્યજંતી મધુવા દગ્ધંવનાંત મૃગાઃ; નિર્દ્રવ્યં પુરૂષં ત્યજંતિ ગણિકા ભ્રષ્ટં નૃપં સેવકાઃ, સર્વઃ સ્વાર્થવશાજ્જનોભિરમતે નો કસ્ય કો વલ્લભઃ. ॥૧॥

ભાવાર્થ :– પક્ષીઓ ફલ વિનાના વૃક્ષનો, સારસ પક્ષી સુકાઇ ગએલા સરોવરનો, ભમરાઓ નિર્ગંધ ફુલનો મૃગો બલતાવનનો, ગણિકા નિર્ધન પુરૂષનો અને સેવકો રાજ્ય ભ્રષ્ટ રાજાનો ત્યાગ કરે છે, એ પ્રકારે સર્વે સ્વાર્થને વશ્ય છે. જો કે, તેઓ એકેકની ઉપર હેત રાખે છે, તથાપિ વાસ્તવિક રીતે જોતાં કોઇ કોઇનું વહાલુ નથી. ॥૧॥

તે માટે અનુમતિ દિયો, મયા કરીને આપ ।
સંયમ લેઇ સિંહ પરે, ટાલુ ભવ સંતાપ ॥૩॥

સુણી વયણ સંશય પડી, ભદ્રા કરે વિચાર ।
વ્રતની વાત કિશી કરે બાલક શાલિકુમાર ॥૪॥

## ॥ ઢાલ ૧૬ મી ॥

(નિદ્રડી વેરણ હુઇ રહી.–એ દેશી.)

ભદ્રા કહે ભલી ભાંતિશું, શીખ સાંભલ હો તું સુગુણ સુપુત્ર કે; આવાલંબન સમ સહી, તુજથી છે હો મુજ ઘરનો સુત્ર કે. ભ૦ એ આંકણી. વય લઘુ તાહરી વિચાર તું, તુજ દયીતા હો તે પણ સવી બાલ કે; સંતાનાદિક પણ નહી, તે માટે હો જુઓ હૃદય નિકાલ કે. ભ૦ ૨ નીતિમેં પણ ઇમ સાંભળ્યો, વય પહિલીયે હો વિદ્યા અભ્યાસ કે; બીજી વય સુખ વિલસવાં ત્રીજી વય હો વ્રત ગ્રહણ આયાસ કે. ભ૦ ૩

**યતઃ ॥ અનુષ્ટુબ્વૃત્તમ્ ॥ પ્રથમે નાર્જિતા વિદ્યા, દ્વિતીયે નાર્જિતં ધનં; તૃતીયે નાર્જિતો ધર્મઃ, ચતુર્થે કિં કરિષ્યસિ. ॥૧॥**

**ભાવાર્થ** :– જો તે પહેલી વયમાં વિદ્યા સંપાદન ન કરી, બીજી વયમાં ધન સંપાદન ન કર્યું અને ત્રીજી વયમાં ધર્મ સાધન ન કર્યો; તો ચોથી વયમાં તું શું કરીશ ? અર્થાત્ ધર્મ સાધન કરવાનો અવસર તો ત્રીજી વયમાં છે.

તો તે નીતિ વચન ઉલ્લંઘીને હાલ કરવા કેમ તૈયાર થયો છે ? તે ભણિ લઘુપણમેં તુમે. શ્રાવક વ્રત હો ધરજ્યો થઇ ધીર કે; નિરતિચારે પાલતાં, સુખ લહીએ

હો અતિ દિવ્ય શરીર કે. ભ૦ ૪ બાલપણે વ્રત તે ગ્રહે, જસ હોવે હો દુઃખ સબલ સંસાર કે; ખાવા પીવા પણ નહી, વલી ન હુવે હો કોઇનો આધાર કે. ભ૦ ૫ યૌવનમેં જેહને નહી; કાંતાદિક હો તે લિયે વલી દીખ કે; માન તજી મધુકર પરે, મધ્યાન હો ભમે લેવા ભીખ કે. ભ૦ ૬ તું તો સુખમેં ઊછર્યો, નવિ જાણે હો સેવકને સ્વામ કે; વંછિત સઘલો તાહ રે, પુરે દેવતા હો સુત સ્નેહ સુકામ કે. ભ૦ ૭ સંયમ લઈને શું તુમે, પુત્ર સાધશો હો મુજને કહો અત્ર કે; દેવભોગ તુમ પાસ છે, અધિકો કિશો હો સુખ પામશો તત્ર કે. ભ૦ ૮ તવ કહે શાલિકુમર ઇશું, સંયમથી હો લહિયે સુખવાસ કે; માથે નાથ ન સંપજે વલી કોઇની હો કરવી નહી આશ કે. ભ૦ ૯ સુણી ભદ્રા ચિત્ત ચિંતવે, વાત ઊડી હો કહિ કવણ પ્રકાર કે; તાતપરે એ પણ સહી, છંડી જાશે હો એ સવિ ઘરબાર કે. ભ૦ ૧૦ કહે સુણ પુત્ર તું ચિત્તથી; વ્રત દોહિલાં હો મુનિવરનાં તંત કે; મેણ દાંત લોહમય ચણા, ચાવતાં હો અતિ તેહ દુરંત કે. ભ૦ ૧૧ ગંગા સનમુખ ચાલવો, રત્નાકર હો તરવો નિજ બાંહ કે; વાયથી ભરવા કોથલા, જીમ દુર્ભર હો તિમ સંયમ ચાહ કે. ભ૦ ૧૨ પંચ મહાવ્રત, પાલવાં, વલી ટાલવા હો બેતાલીશ દોષ કે; પંચાચારતે યત્નથી, નિરદોષે હો કરવો તસ પોષ કે. ભ૦ ૧૩ ક્રોધ કષાય ન રાખવા, નવિ ભાંખવા હો અસમંજસ બોલ કે; શત્રુ મિત્ર સમ

ધારવા, વલી વારવા હો મદ આઠ અતોલ કે. ભ૦ ૧૪ સિંહપરે વ્રત આદરી, સિંહની પરે હો પાલે તે પ્રમાણ કે; સંયમ લેઇ લડથડે, તસ જીવિત હો સયંમ અપ્રમાણ કે. ભ૦ ૧૫ વ્રત પાલંતાં દોહિલાં, નવિ સોહિલાં હો સુખીયાને નેઠ કે; નૃપ ઉચ્છંગે બેસતે, તેં જાણી હો તે દેવની વેઠ કે. ભ૦ ૧૬ તે ભણી યૌવન વય લગે, શ્રાવક વ્રત હો ધરો સુપરે ચિત્ત કે; ચઢતે ચઢતે અનુ-ક્રમે, પહોંચી જે હો મહોલે જીમ નિત્ય કે. ભ૦ ૧૭ માત વચન તે માનીયે, માતા તીરંથ હો કહી શાસ્ત્રમેં સાર કે; સેવા કીજે શુભ મને, લહીયે સુખ હો સ્વર્ગાદિ ઉદાર કે. ભ૦ ૧૮.

યતઃ ઉપાધ્યાયે દશાચાર્યો, અચાર્યાંણાં શતં પિતા; સહસ્રં તુ પિતુર્માતા, ગૌરવેણા તિરિચ્યતે ॥૨॥

ભાવાર્થઃ— દશ ઉપાધ્યાયે એક આચાર્ય સો આચાર્યે એક પિતા અને હજાર પિતાયે એક માતા; તે કારણ માટે માતા સર્વથી મોટી છે. ॥૨॥

માત વચણ સુણી ને તદા, મૌન કરીને હો રહ્યો શાલિકુમાર કે; ઢાલ એ ચોથા ઉલ્હાસની, કહી સોલમી હો જિનવિજયે વિચાર કે. ભ૦ ૧૯.

॥ દોહા ॥

શાલિકુમર મન ચિંતવે, હઠનો કામ ન હેવ ।
સમય ગ્રહીને સાધીયે, ચિંતિત નિજ સ્વમેવ ॥૧॥

ઇમ આલોચી ચિત્તમેં, ચઢયો ચતુર ચોબાર ।
માતા મન હરખિત થઇ, તિમ બત્રીશે નાર ॥૨॥
વિલસે કાંતાથી વિષય, પણ મનથી વૈરાગ ।
જીમ પંખી પંજર પડયો, જોવે છુટણ લાગ ॥૩॥
ચિત્તમેં ચિંતવતે થકે, ઉપની બુદ્ધિ અનુપ ।
પ્રમદા છંડુ પ્રતિ દિવસ, એકેકી ધરી ચુપ ॥૪॥
હલવે હલવે વિષય સુખ, છંડણની ધરૂં ટેવ ।
અનુક્રમે અનુમતિ લેયને, વરશું સંયમ હેવ ॥૫॥
જીમ જીમ પરણીતી મુદા, તિમ તિમ તજું નિદાન ।
નિયતિ ધરી તે દિન થકી, છંડે ધરી સુજ્ઞાન ॥૬॥
પ્રથમ દિવસ મોભિણ તજી, તિણે વ્રત લાધ્યો દાવ ।
વાંક સકલ તે મેં કિયો, તે દાખ્યો પ્રસ્તાવ ॥૭॥
દિન બીજે બીજી પ્રતે, છોડણ કીધ પ્રપંચ ।
તે પણ વિલખિત વદનથી, ચિતે એ શો સંચ ॥૮॥
ત્રીજે દિન ત્રીજી તિમંજ, છંડી તરૂણી જામ ।
તવ સઘલી ચિત્ત ચિંતવે, અહો શું એ કરે આમ ॥૯॥
અનુક્રમથી એ છંડશે, અમને સહિ ભરતાર ।
ભાવીથી બલ કોયનો, ચાલે નહિ લિગાર ॥૧૦॥

## ॥ ઢાલ ૧૭ મી ॥

( હરિયાં મન લાગ્યો.–એ દેશી )

એહવે તે ધન્ના ગૃહે, સતીય સુભદ્રા વિખ્યાત રે; સ્નેહી સુણ મોરા; પતિને સ્નાન કરાવતે, ચિત્ત સાંભરિયો ભ્રાત રે; સ્નેહી સુણ મોરા. એહવે૦ ૧. એ આંકણી.

ડસ ડસતી રૂદન કરે, નયનથી નીર પ્રવાહ રે. સ્ને૦ છાતી માંહિ જાગીયો, વિરહ દાવાનલ દાહ રે. સ્ને૦ એ ૨ દેખી દયિતા દુબવી, દીન વદન વિચ્છાય રે. સ્ને૦ પુછે ધન્નો ધણુ પ્રતે, કહે ચિંતા તુજ કાંય રે સ્નેહી સુણુ કાંતા. એ૦ ૩ આઠે માહે અગ્રણી, માહરા ઘરનો મંડ રે સ્ને૦ શાલિકુમર સરિખો અછે, બાંધવ રૂદ્ધિ પ્રચંડ રે સ્ને૦ એ૦ ૪ તવ બોલી સા સુંદરી, કંત પ્રતે કરજોડ રે; સ્નેહી સુણુ સ્વામી. તુમ પરસાદે માહરે, કદિય ન કોય છે ખોડ રે. સ્નેહ૦ એ૦ ૫ શાલિકુમર બાંધવ અછે, અગ્રજ અતિહિ વિખ્યાત રે સ્ને૦ શ્નેહ-થકી પાસે રહે, દેવ સ્વરૂપી તાત રે સ્ને૦ એ૦ ૬ નૃપ મંદિર આવ્યા પછી, કોઇ થયો વિજ્ઞાન રે સ્ને૦ મૌનપણે બેસી રહે, જીમ યોગીસર ધ્યાન રે સ્ને૦ એ૦ ૭ ભોગતણી તૃષ્ણા નહી, યોગ ગ્રહણુ મન ટેવ રે સ્ને૦ ( દિન દિન એકેકી પ્રતે, છંડે છે સુવિવેક રે ) ભોજન પાણી નવિ રૂચે, ન રૂચે નૃત્ય ક્ષણુમેવ રે સ્ને૦ એ ૮ રમણી રૂદ્ધિ સવિ તજી, વિષયાદિક સુખ ભોગ રે સ્ને૦ માસાનંતર તેહવે, લેશે સંયમ યોગ રે સ્ને૦ એ૦ ૯ તે દુઃખ ચિત્તમેં સાંભરે, સાલે સાલ સમાન રે સ્ને૦ માડીના જાયા પખે, પીયરમાં શો માન રે સ્ને૦ એ૦ ૧૦ નિત નિત આભુષણુ નવાં, નવ નવાં વસ્ત્ર ઉદાર રે સ્ને૦ હેજ ધરી કુણુ આપશે, આવે શુભ તિથિ વાર રે સ્ને૦ એ૦ ૧૧ કુણુ કહેશે મુજ બહિનડી, સાયતમેં સો

વાર રે સ્નેહ૦ કેહને બાંધશું રાખડી, ઘણિ ઘણિ કરી મનુહાર રે સ્નેહ૦ એ૦ ૧૨ હવે કિહાંથી અમે દેખશું, શુભ લક્ષણ ભત્રીજ રે સ્નેહ૦ કેહને ભોજન પિરસીને, લેખવશું ભાઈબીજ રે સ્નેહ૦ એ૦ ૧૩ સ્ત્રી પીયરને ઉપરે, સાસરે સુહથી થાયરે સ્નેહ૦ બંધવ વીણુ પીયર કીશો, જેહથી વિસુકી જાય રે સ્નેહ૦ એ૦ ૧૪ એ દુઃખ મુજને ઇણુ ભવે, કહો કિમ વિસરે કંત રે સ્ને તિણુ દુઃખથી મુજ નયણુથી, નીર ઝરે છે એકાંત રે સ્નેહ૦ એ૦ ૧૫ તવ ધન્નો કહે ગોરડી બાંધવ દુઃખ તે સાચરે સ્નેહી સુણુ કાંતા. પણુ કાયર શિર સેહરો, તુજ અગ્રજ સુણુ વાત રે. સ્નેહ ૧૬ જે ત્યાગી જગમેં થયા, તે કિમ કરેય વિચાર રે સ્નેહ૦ જેહ વિચાર કરી રહ્યા, તે કાયર શિરદાર રે. સ્નેહ૦ એ૦ ૧૭ દાઝયા ઉપર જેહવો, ખાર દિયે જિમ કોય રે; સ્નેહી સુણુ સ્વામી, બાંધવ દુઃખ ઉપર તિસો, કંત વચન તિમ હોય રે. સ્નેહ૦ એ૦ ૧૮ તવ કહે પ્રીતમ સાંભળો, મુજ બાંધવની વાત રે; સ્નેહ૦ યૌવન વય યુવતી ભણી, છંડે તે અખિયાત રે સ્નેહ૦ એ૦ ૧૯ કવડી એકને મુકતે, કરે વિરમાસણુ વીશ રે; કોડિગમે ધન પરિહરે, મુજ બાંધવ સુજગીશ રે. સ્નેહ૦ એ૦ ૨૦ રત્નજડીત વર માલીયાં, જાલિયાં મણિમય જોય રે સ્નેહ૦ એ અહિનાણે ધનતણો, લેખો કિણિ વિધિ હોય રે. સ્નેહ૦ એ૦ ૨૧ રાત દિવસ નવિ જાણુતો રવિ શશિ ઉદય વિચાર રે સ્નેહ૦ તે દીક્ષા વ્રત પાલશે,

રાખે મન ઇક તાર રે. સ્નેo એ ૨૨ વય ચોથીમેં વીસમ્યાં, દંપતિ જે તનુ ખીણુ રે સ્નેo તે પણ વ્રત લેવા ભણી, મન ન ધરે મતિ હીણુ રે. સ્નેo એo ૨૩.

યતઃ અંગં ગલિતં પલિતં મુંડં, દશનવિહીનં જાતં તુંડં; વૃદ્ધો યાતિ ગૃહિત્વા દંડં, તદપિ ન મુંચત્યાશાપિંડં ॥૧॥

ભાવાર્થ:–અંગ ગલી ગયું, માથું પલિયાવાળું થયું, મુખ દાંત વિનાનું થયું અને વૃદ્ધ થયો છતો લાકડી લેઈ ડકડક કરીને ચાલે છે, તેમ છતાં પણ આશાપિંડને મુકતો નથી. ॥૧॥

મુજ બાંધવ અવહેલતે, શું નાવે તમ લાજ રે, સ્નેo ગુણ લીજે તેહના સદા, જે કરે ઉત્તમ કાજ રે. સ્નેo એo ૨૪ કહેવો જગમેં સોહલો, પણ કરતાં જંજાલ રે સ્નેo કાયર નરના બોલડા, થાયે આલ પંપાલ રે. સ્નેo એo ૨૫.

યતઃ–કહેતા દીસે કોડ, કરતા દીસે કો નહિ; એહજ મોટી ખોડ, એક લંપટ બીજા લાલચી ॥ ૨ ॥.

મુજ બાંધવ સમ જગતમેં, દુજો કોય ન દીઠો રે સ્નેo સુખ છંડી સંયમ ગ્રહે, કરી સંસાર અનીઠ રે. સ્નેo એo ૨૬ દિન બત્રીશે છંડશે, બાંધવ નારી બત્રિશ રે સ્નેo પણ એક વાતજ માહરી, સાંભલો વિસવા વીશ રે. સ્નેહo એo ૨૭ જો બલિયાં તુમે

તેહથી, વચનતણા પ્રતિપાલ રે સ્ને૦ તો આઠે અંતે-ઉરિ છંડોને સમકાલ રે. સ્ને૦ એ૦ ૨૮ વચન સુણી વનિતાતણાં, ધન્નો સમજ્યો ધીર રે સ્ને૦ ચોથે ઉલ્હાસે સત્તરમી, જિન કહે ગુણ ગંભીર રે. સ્ને૦ એ૦ ૨૯.

॥ દોહા ॥

તબ ધન્નો કહે ધન્ય તું, ભલો દિયો ઉપદેશ ।
આઠે છંડી આજથી, લિઉં સંયમ સુવિશેષ ॥૧॥
મેં કીધો તાહરો કહ્યો, સુપરે ધરી સનેહ ।
તું ભગિની માહરે મને, અવિચલ સગપણ એહ ॥૨॥
ઇમ કહી તતક્ષણ ઉઠીયો, લેવા સંયમ ભાર ।
ભામિની આઠે આવીને, પાલવ ગ્રહે તિવાર ॥૩॥
કહે સુભદ્રા સ્વામિ મુજ, સમજ્યો અવિનય એહ ।
દુઃખ દાઝયાથી વયણ જે, કહ્યું અઘટતું તેહ ॥૪॥
આસંગે અવિનય હુવે, ધીર ન ધારે ચિત્ત ।
હાંસો કરતાં તુમ તણો, કાર્ય થયો વિપરીત ॥૫॥

॥ ઢાલ ૧૮ મી ॥

( દેશી હમીરિયાની. )

કહે કરજોડી કંતને, સતીય સુભદ્રા એમ; પ્રીતમજી. હાંસીથી હઠ કિમ કરો, રાખો પુરણ પ્રેમ. પ્રી૦ કહે૦ ૧. એ આંકણી. માત પિતાયે મોહથી, સોંપ્યાં તુમને સ્વામ પ્રી૦ તુમે ઇમ છોડી ચાલશો, તો અમને કુણ ઠામ: પ્રી૦ ક૦ ૨ સ્ત્રીને સુખ સંસારમેં, કંત કહે સહુ કોય પ્રી૦ સુકુલીણીને કંતથી, અધિકો કોય ન હોય,

પ્રી૦ ક૦ ૩ આઠેને અવહેલતે, પામશો શોભા કેમ; પ્રી૦ કાં અમને ભુંડાં કરો, નાથ થઇને એમ. પ્રી૦ ક૦ ૪ રૂદન કરે પાલવ ગ્રહી, પય પ્રણમે કરજોડ પ્રી૦ તવ ધન્નો ધીરજ ધરી, કહે તું મુજને છોડ, સલુણી; ધન્નો ધણ પ્રતે બુઝવે. ૫ એ આંકણી; તુજ સરિખી હિત વાંછિકા, અવર ન નારી હોય સ૦ જે તારે ભવજલ થકી, સબલ સખાઇ સોય સ૦ ધ૦ ૬ મેં તાહરો વચ-માનીયો, સુપરે ધરી સંવેગ સ૦; હિત દેખાડયો હેજથી, ટાલ્યો મન ઉદવેગ સ૦ ધ૦ ૭ વય વલી જાસે વેગથી, બલથી ઇંદ્રિયહીન સ૦; વ્યાધિ જરા જબ લાગશે, તવ સવિ વાતે દીન સ૦ ધ૦ ૮ અથીર સંસારમાં એ સહુ, મીલીયો છે સંબંધ સ૦; સંધ્યા રાગ તણીપરે, અથીરશું શો પ્રતિબંધ સ૦ ધ૦ ૯.

યતઃ શીખરીણી વૃત્તમ્

શ્રીયો વિધુલ્લોલા કતીપયદિનં યૌવનમિદં,
સુખં દુઃખાક્રાંતં વપુરનિયતં વ્યાધિવિધુરં;
ગૃહાવાસઃ પાસઃ પ્રણયતી-સુખં સ્થાર્યવિમુખં,
અસારઃ-સંસાર-સ્તદીહનિયતં જાગૃત જનાઃ ॥૧॥

ભાવાર્થ:-લક્ષ્મી વિજલીના ચમત્કાર જેવી ચંચલ છે, આ જુવાની કેટલા દિવસ રહેવાની ? સુખ છે તે દુઃખથી વ્યાપ્ત છે, નીશ્ચે આ શરીર વ્યાધિગ્રસ્ત છે, ગ્રહસ્થાશ્રમ પાસ જેવો છે, સ્ત્રીનું સુખ અસ્થીર છે

અને આ સંસાર અસાર છે ! તે કારણ માટે હે લોકો ! નીશ્ચેં તમે ઈહાં જાગૃત થાઓ. ॥૧॥

ધનનો પણ મદ કારમો, તો તે દીઠો પરતક્ષ સ૦; તેં ઇણે ભવે માટી વહી, જોય વિચારી દક્ષ સ૦ ધ૦ ૧૦ નર ભવ પામી ચેતીયે, તો સીઝે સવિ કાજ સ૦; તપ સંયમ સંયોગથી, લહીયે અવિચલ રાજ સ૦ ધ૦ ૧૧ વાર અનંતી નીપન્યો, એ સગપણ સંયોગ સ૦; વિષયરસ વાહે થકે, ભોગવિયા બહુ ભોગ સ૦ ધ૦ ૧૨ તૃપતો જીવ થયો નહી, અવિરતિથી કોઇ કાલ સ૦; તેહભણી તું સુંદરી, સુપરે હૃદય નિહાલ સ૦ ધ૦ ૧૩ વચન સુણી પિયુનાં તદા, કહે તે સુભદ્રા ભામ પ્રી૦ તુમ સાથે માહરે સહી, કરવો ઉત્તમ કામ પ્રી૦; કહે કરજોડી કંતને ૧૪. એ આંકણી. પંચની સાખે પાલવ ગ્રહ્યો, તે કિમ મુકયો જાય પ્રી૦; તે ભણી સંયમ માહરે લેવો, તુમચે સહાય પ્રી૦ ક૦ ૧૫ તવ બોલી સાતે સતી, અનોપમ કરી આલોચ પ્રી૦; સતીય સુભદ્રાની પરે, અમચો પણ આલોચ પ્રી૦ ક૦ ૧૬ અવર ન કો આધાર છે, અમચે ઇણે સંસાર પ્રી૦ તુમ સાથે તેહ કારણે, લેઇશું સંયમ ભાર પ્રી૦ ક૦ ૧૭ ધન્નો કહે સાચી તુમે, પતિવૃતા વ્રત પરિપાલ સ૦ સંગતિથી સરવે થયાં, વ્રત લેવા ઉજમાલ સ૦ ક૦ ૧૮ ત્યાગ કિયો તિણે તુરતમેં, પરિગ્રહનો નહી પાર સ૦; ચોથે ઉલ્હાસે અઢારમી, જિન કહે ધન્ય પરિવાર સ૦ ક૦ ૧૯.

## ॥ દોહા ॥

અથ તે ધન્નાશાહને, રૂદ્ધિતણો પરિમાણ ।
હય ગય રથ ગૃહ હટ્ટ તિમ, પંચ પંચ શત માન ॥૧॥
પાંચશે પ્રવહણુ પરગડાં, પન્નરશે વર ગ્રામ ।
વાણોતર એક સહસતિમ, ગોકુલ આઠ સુકામ ॥૨॥
સપ્તભુમિ આવાસ અડ, આઠે પિયા ઉદાર ।
કોડિ એકેકી તેહને, કંચન કહ્યો સુપ્રકાર ॥૩॥
છપ્પન ક્રોડ નિધિમેં રહે, છપ્પન ક્રોડ વ્યવસાય ।
છપ્પન ક્રોડ વ્યાજે વધે, કર્ષ સંખ્યા ઇમ થાય ॥૪॥
લક્ષગમે કોઠાર તીમ, ધાન્યતણા પરિપૂર્ણ ।
ઈત્યાદિક સવિ રૂદ્ધિને, છંડી ધન્ને તુર્ણ ॥૫॥
સુરમણિ આદે અવર પણ, રત્નરાશિ રમણીક ।
નવવિધિ પરિગ્રહ સકલને, તૃણપરે તજે તે ઠીક ॥૬॥
સપરિવાર ધન્નો તદા, સંયમ લેવા કાજ ।
ચિંતે જો મુજ ભાગ્યથી, સમવસરે જિનરાજ ॥૭॥

## ॥ ઢાલ ૧૯ મી ॥

( બે બે મુનિવર વહોરણ પાંગરયા જી,–એ દેશી. )

એહવે તિહાં પુણ્ય પ્રયોગે આવિયાજી, જિનપતિ વીર જિણંદ વિખ્યાત રે; સમવસરણ દેવે સુપરે રચ્યો જી, તેજે કરી દિવ્ય સાક્ષાત રે. એહવે૦ ૧. એ આંકણી. ચોત્રીશ અતિશય સુંદર શોભતા જી, અટ મહાપ્રતિહાર્ય ઉદ્દામ રે; સહસ જોયણનો ઈદ્રધ્વજ તિહાં જી, અગેં તિમ ધર્મચક્ર અભિરામ રે એ૦ ૨ ત્રિગડો વિરાજે મણિ-

કલ્યાણથી જી, કોશીશા રત્ન વિચિત્ર સુતેજ રે; મણિ-મય સિંહાસન શોભે ઘણું જી, છત્ર ત્રય અમર ધરે ધરી હેજ રે એ૦ ૩ ચૌવીશ ચામર વીજે દેવતાજી, ભામંડલ તરણિ સહસ સમ નુર રે; વાવ્ય વિરાજે ચિહું દિશિ બારણે જી, દેવ વિનમિંત જલથી પુરરે એ૦ ૪ ચૌવિહ સંઘ સંગાથે પરિવર્યા જી, સમવસરણમેં શ્રી જિનરાજ રે; બેસી સિંહાસને મેઘ તણી પરે જી, વરસે વચનામૃત ભવિ હિતકાજ રે એ૦ ૫ પરષદ બારે આવે પ્રેમશુ જી, વાંદીને બેસે વિનયથી તામ રે; સાંભલે સુપરે શિવસાધન ભણીજી, દેશના અદ્ભુત ગુણ અભિરામ રે એ૦ ૬ આરામિકે દીધી જાઇ વધામણી જી, ભુપતિ શ્રેણિકને અતિ ઉલ્હાસ રે; સાંભલી નૃપ હર્ષિત થઇ તેહને જી, કનકરસનાદિક દિયે સાવિલાસા રે અ૦ ૭ ધન્નોશાહ સાંભલી આવ્યા જન પ્રતે જી, ઘણુને કહે સીધાં વંછિત કાજ રે; જેહની અભિલાષા મન હુતી ઘણી જી, તે પ્રભુ પાંઉ ધર્યાં જિનરાજ રે એ૦ ૮ સંયમ લેતાં વિલંબ ન કીજીએ જી, એહવો ફીરી મીલવો જોગ તે દુર રે; સાહીબ થાપી વીર જિણંદને જી, કર્મને હણવા થાઓ શુર રે એ૦ ૯ કંત વયણ સુણી સંયમ સાધવા જી, પ્રમદા પણ થઇ અતિહી ઉજમાલ રે; સાતક્ષેત્રે ધન સઘલો વાવરી જી, દાન પ્રમુખ પીણ અતીહી વિશાલ રે એ૦ ૧૦ પડઘા તીમ

૧ સુવર્ણની જીભ વિગેરે.

ઓઘા [1]કુત્રી હાટથી જી, દેઇ ધન લક્ષ પ્રમીત તેણીવાર રે; તીમ વલી કાશ્યપ તે તેડાવીને જી, કેશાગ્ર સમરાવે સ્ત્રી ભરતાર રે. એ૦ ૧૧ સહસ પુરૂષ નીર્વાહક શીબિકા જી, મંડાવે તીહા સિંહાસન સુપ્રમાણ રે; સાજન સઘલા તતક્ષણ આવીયા જી, કહે સુખ હોજ્યો તુમ કલ્યાણ રે. એ૦ ૧૨ અભયકુમર પણ આવી ઇમ કહે જી, ધન્ય-ધન્ય ધન્નોશાહ સુજાણ રે; ધન્ય ધન્ય એ પરીકર રામા-તણોજી, પતિવૃતા બીરૂદ તે એહ પ્રમાણ રે. એ૦ ૧૩ એ વય એ ધન એહવી અંગના જી, તજીને જે લેવે સંયમ ભાર રે; તે તો ન્યાયેથી શિવરમણી વરે જી, ઇમ સહુ જંપે નરને નાર રે. એ૦ ૧૪ વાજાં તીહાં વાજે વિવિધ પ્રકારનાં જી, જય જય બોલે ચારણ ભાટ રે; દાન ધરાએ વરસે તેહને જી, મીલીયા તીહાં નર નારીના થાટ રે, એ૦ ૧૫ ધનોસાહ સંયમ લેવા સંચરેજી, પ્રમાદથી સોહે જેહવો ઇંદ્ર રે; ઢાલ ઓગણીશમી ચોથા ઉલ્હાસની જી, કહી ઇમ બુધ જિનવિજયે અમંદરે. એ૦ ૧૬

॥ દોહા ॥

વાત સુણી ધન્નાતણી, જે એ લેવે દીખ ।
આઠે સ્ત્રી સાથે અધિક, સુણી સુભદ્રા શીખ ॥૧॥
પરિગ્રહ સઘલો પરિહરી, છંડી માયા મોહ ।
સંયમ લેવા સંચરે, જીમ રણ ભૂમિ [2]જોહ ॥૨॥

---

[1] સાર્વ વસ્તુના વેચનાર કુત્ર કાપણની દુકાનેથી [2] જોદ્ધો.

શાલીશ્રાભદ્ર ચીત ચિંતવે, જુઓ ધન્નની વાત ।
વચન થકી વામી કરી, ચાલ્યો કરી અખીયાત ॥૩॥
હું એકેકી દિનપ્રતે, છંડુ રમણી જેહ ।
કાયર ધન્ને જે કહ્યો, તેહમાં નહી સંદેહ ॥૪॥
જો છોડણનો મન થયો, તો તીહાં કીશો વિલંબ; ।
ઇમ ચિંતી ભદ્રા કને, આવે અતિ અવિલંબ. ॥૫॥
પય પ્રણમીને વિનવે, મેં તુમ વયણ પ્રમાણ; ।
તો તે હવે તુમે માહરો, વંછિત કરો સુજાણ. ॥૬॥
ધન્ને પણ ધણુ વયણથી, છોડયો સયલ સંસાર; ।
તે માટે હું પણ હવે, છંડીશ વિષય વિકાર. ॥૭॥
માતા મોટમ મન કરી, દિયો સંયમ આદેશ; ।
વીર સામીપે વ્રત ગ્રહી, ટાલું સયલ કિલેશ. ॥૮॥
ભદ્રા ચિંતે એહને, કિણ વિધ રાખું ગેહ; ।
બહિન બનેવી બિહું મિલ્યાં, સહચારી સસનેહ. ॥૯॥
તો પણ વચન કહ્યા તણી, કીમ રાખીજે હામ; ।
રોઇને ઘર રાખીયે, કીજે સ્વાર્થિક કામ. ॥૧૦॥

**યતઃ અનુષ્ટુબ્વૃત્તમ્. અપમાનં પુરસ્કૃત્ય, માનં કૃત્વા ચ પ્રષ્ટઃ; સ્વકાર્યં સાધયેદ્ધિમાન્, કાર્યભ્રંશો હિ મુર્ખતા. ૧**

**ભાવાર્થઃ–** અપમાનને આગલ કરીને અને માનને પાછલ કરીને બુદ્ધિમાન પુરૂષ પોતાનું કાર્ય સાધે, પરંતુ કાર્યનો નાશ કરવો એ તો મૂર્ખપણું છે. ૧

## ॥ ઢાલ ૨૦ મી ॥

(અરણિક મુનિવર ચાલ્યા ગૌવરી–એ દેશી)

ભદ્રા વલતી રે શાલિકુમર ભણી, ગદગદ સ્વરથી વાણી

રે; રડતી બોલે રે પુત્ર મેં તાહરી, વાત હૃદયની જાણી રે. ભદ્રા૦ ૧ એ આંકણી. તું જાણે છે રે સંયમ આદરૂ, પણ કોઇ ખબર ન રાખે રે; માતાને આધાર તે તુજ વિના, અવર કીશો તું દાખે રે. ભ૦ ૨ બાલપણામાં રે મનમાં જાણતી, પુત્ર હોશે જવ મોટો રે; વૃદ્ધાપણ મુજને તવ પાલશે, માહરે કોઇ ન ત્રોટો રે. ભ૦ ૩ બત્રીશ વહુને રે બાલક આવશે, તે આલંબને થાશે રે; દૈવે વાત ન કો પુરી કરી, શું જાણે ઇમ જાશે રે. ભ૦ ૪

યતઃ આર્યાવૃત્તમ્-અઘટીતઘટીતાનિ ઘટયતિ, સુઘટીતઘટીતાનિ જજ્જંરીકુરૂતે; વિધિરેવતાનિ ઘટયતિ, યાનિ પુમાન્નૈવ ચીંતયતિ. । ૧

**ભાવાર્થ** :- દૈવ જે છે. તે જેમ તેમ ઘડેલી ચીજોને સારી બનાવે છે અને સારી રીતે ગઠારી મઠારેલી ચીજોને ખોખરી કરી નાંખે છે! માટે દૈવ ચીજોને તેવીજ બતાવે છે કે, જેનો પુરૂષ પણ વિચાર ન કરી શકે! અર્થાત દૈવની અટલ શક્તિ છે. ૧

માહરો દૈવ રે આયુ અધિક કર્યો, જે દુઃખ દેખણ બેઠી રે; નામ કચુંકી પરે તું છંડે ઇહાં, તુજ વિરહાનલે પેઠી રે; ભ૦ ૫ કોઇ ન બાલક પાછલ તાહરે જે આલબંન કીજેરે; પુરવકૃત ફલ સવિ આવી મીલ્યાં, દોષ તે કેહને દીજે રે. ભ૦ ૬ નવ માસવાડા રે ઉદરે ઉધર્યા, બાલપણાથી પોષ્યોરે; તે કોઇક દિન કેરે કારણે, નવિ જાણું ઇમ હોશે રે. ભ૦ ૭ એ બત્રીશે રે સુંદર ગોરડી, શે દોષે તું છંડે રે; સુકુલિણીને રે ખીજવવા જાણી, એવડો

શો હઠ મંડેરે. ભ૦ ૮ એ કઠોર ભંડાર ધને ભર્યા, તેહને કહો શું કીજે રે; તેહ થકી અમે વિવિધ વીનવું, પણ તું તિલ નવિ ભીજે રે. ભ૦ ૯ તુમ વિરહે એક ક્ષણુ તે મુજ પ્રતે, વરસ સમાણી થાશે રે; તો કહે કુમાર મુજને તુજ વિના, જનમ સયલ કિમ જાશે રે. ભ૦ ૧૦ તાહરે તાતે જે દીક્ષા ગ્રહી, તે તુજને ગૃહે થાપી રે; તું કેહને સોંપી દીક્ષા ગ્રહે, તે કહે મુજ મતિ આપી રે. ભ૦ ૧૧ માતા છોડીરે સંયમ આદરો, નિજ સુખ સાધન હેતેરે; પણ માતા તીરથ મોટો કહ્યો જિન શિવમત સંકેતેરે. ભ૦ ૧૨

યતઃ અનુષ્ટુબ્વૃત્તમ, **પ્રસ્તરઃ પ્રતિમામુઢવૃથા ધર્માર્થમર્ચસીધર્મેણકાર્યં યદીચેત, ત્રીસંધ્યં જનન્યો નમઃ ૨**

**ભાવાર્થ** :– હે મુર્ખ ! તું ધર્મને માટે પાષાણની પ્રતિમાને ફોગટ પુજે છે! જો તહારે ધર્મવડે કાર્ય હોય, તો ત્રણુ સંધ્યાને (સવારે, બપોરે અને સાંજે) પોતાની માતાને નમસ્કાર કર. ૨

બાલપણો જો રે તુજને સાંભરે, જ્ઞાન થકી એણીવેલા રે; તો મુજને તું છોડણુ વારતા, ન કરે મુખથી સ્હેલા રે. ભ૦ ૧૩ તુજ વિરહે ઘર પિંજર પંખીયા, પ્રાણુ પ્રાહુણા થાશે રે; એ ધન પ્રમુખ સવે સ્વામી વિના, રાજ ભુવનમાં જાશે રે. ભ૦ ૧૪ ગોદ બિછાઇ રે તુજને વીનવું, જનની મુકીમેં જાયોરે; વીશમી ઢાલ રે જિન કહે નેહથી, કહો શું ન કહે માયોરે; ભ૦ ૧૫

## ॥ દોહા ॥

શાલિ કહે રે માતાજી, સાચ કહી સવિ વાત ।
મરણ સમય આવે થકે, કુણ કરશે સુખશાત ॥૧॥
વનમાહે જિમ મૃગપ્રતે, લીયે સિંહ ઉલાલ ।
તિમ જમ આવે જન પ્રતે, લેઇ ચાલે તતકાલ ॥૨॥
જરા આવશે વેગથી, તનુ ઉપજશે રોગ ।
પંચેંદ્રિય બલ હારશે, તવ નહી ધર્મ સંયોગ ॥૩॥

યતઃ શાર્દુલવિક્રીડિતવૃત્તમ્ – યાવત્ સ્વસ્થમિદંશરીરમરૂજંયાવજ્જરા દુરતો, યાવચ્ચેંદ્રિયશક્તિપ્રતિહતા યાવચ્ચિરો વાયુષઃ; આત્મશ્રેયસિ તાવદેવ હિ જનૈઃ કર્તવ્યઃ ધર્મોદ્યમઃ, સંદિપ્તે ભુવને હિ કુપખનનં પ્રત્યુદ્યમઃ કીદશ. ૧

ભાવાર્થઃ– જ્યાંસુધી. આ શરીર સ્વસ્થ અને રોગ વિનાનું છે, વૃદ્ધાવસ્થા વેગલી છે, ઇંદ્રિયોની શકિત કાયમ છે અનેઆયુષ્ય લાંબુ છે; ત્યાં સુધી માણસોએ પોતાના આત્મ કલ્યાણને અર્થે ધર્મોદ્યમ કરવો જોઈએ; પરંતુ આગ લાગ્યા પછી કુવો ખોદવાનો ઉદ્યમ કરવો, એ કેવો ? નકામો ! ૧

તે ભણી અનુમતિ દ્યો હવે, જિમ સંભાલું આપ; વીર વચન હીલમેં ધરી, અજુવાલું મા બાપ ૪

એહવે બત્રીશે મિલી,કામિની કરે વિચાર; કંતે હઠ માંડયો અછે, લેવા સંયમ ભાર. ૫ સાસુજી સુપરે કહ્યો, ઘરવટ વાત વિચાર; પણ નવિ માને વચન તસ, આપમતિ ભરતાર. ૬ નીતિ રીતથી ભાંખીયો, સ્વામીશું ધરી સ્નેહ; કંત વિના શાં કામનાં, એ ધન ભુષણ ગેહ. ૭

## ॥ ઢાલ ૨૧ મી ॥

( જિનજી ચંદ્રપ્રભુ અવધારો કે નાથ
નિહાલજો રે લો.–દેશી. )

સાહિબા તવ બત્રીશે નાર મિલી કહે નાહને રે લો, સા૦ અતિ આકુલથી તામ કે પાલવ સાહિને રે લો સા૦; કિમ જાવો છો છોડી કે મોહન માહરા રે લો, સા૦ અમે કિમ છોડું એમ કે પાલવ તાહરો રે લો; મારા વાલમા રે લો ૧. એ આંકણી. સા૦ તુમ શું અમચો નેહ કે પુરવ પ્રીતથી રે લો, સા૦ લાગ્યો અવિહડ નેહ કે જીમ છોહ ભીંતથી રે લો; સા૦ ધોયો તે ન ધોવાય કે અતિ ઘણા નિરથી રે લો, સા૦ પ્રીત બની એક રંક કે જીમ જલ ખીલ ખીરથી રે લો મા૦ ૨ સા૦ શું અમ છોડણ કાજ કે પરણી પ્રેમથી રે લો, સા૦ કે અમે આવિ અત્ર કે અલવે એમથી રે લો. સા૦ અમચા પણ માબાપ કે છે ઘરમાં સુખી રે લો, સા૦ અમને સોપ્યાં જેહ કે શું કરવા દુઃખી રે લો. મા૦ ૩ સા૦ તુમે અમ મસ્તક મોડ કે અમે તુમ વાણહી રે લો, (સા૦ તુમચી આણા જેહ કે કદી લોપી નહી રે લો) સા૦ સુપરે પાલો સ્નેહ કે કે નીરવાહી સહી રે લો. સા૦ પુરિસાની રીતિ કે રાખો હેજથી રે લો, સા૦ અંગીકૃત નિરધાર ન મુકે ખીજથી રે લો. મા૦ ૪ સા૦ જુઓ ઇશ્વર અંર્ધાગ ઉમાદેવી ધરી રે લો, સા૦ ક્ષણ એક માત્ર વિચાલ ન મુકે તે પરી રે લો. સા૦ મસ્તકમેં

તિમ ગંગ ધરે બહુ યત્નથી રે લો, સા૦ અંગીકૃતને કાજ ન મુકે પ્રયત્નથી રે લો. મા૦ ૫

યતઃ; વસંતતિલકાવૃત્તમ્ – **અદ્યાપિનો ઝતિહરઃ કલિકાલકુટં, કુર્મો બિભર્ત્તિ ધરણિં કીલ પૃષ્ટકેન; અંભોનિધિસ્સહતિ દુસ્સહં વાડવાગ્નિં અંગીકૃતં સુકૃતિનઃ પરિપાલયંતિ, ૧**

**ભાવાર્થઃ–** શિવ હજુ સુધી કાલકુટ ઝેરને વારી દેતો નથી, કાચબો (કચ્છપાવતરમાં) જે છે, તે પૃથ્વીને પોતાની પીઠે ધરી રાખે છે અને સમુદ્ર દુસ્સહ એવી વડવાનલ અગ્નિને સહન કરે છે! માટે ભલા પંડિત પુરૂષો, અંગીકાર કરેલાને ત્યાગ કરતા નથી. ૧ સા૦ આશ્રિત માટે સર્પ કંઠે ભુષણ કીયો રે લો, સા૦ કાલકુટ વિષ દુષ્ટ ગ્રહી ભક્ષણ કિયો રે લો, સા૦ લક્ષ્મીને જુઓ કૃષ્ણ ઉછંગે રે લો; સા૦ મોરલી મધુરે નાદ સુસાદે આલવેરે લો. ૬ સા૦ મા૦ કહો પીયુજી તુમે દુષ્ટ થયા છો શા ભણી રે લો, સા૦ અમચા મનમેં હોંશ હતી વલ્લભ ઘણી રે લો; સા૦ કોઇક દાખો દોષ સુઘોષ કરી મુખે રે લો, સા૦ કે કોઇ દેઇ આધાર પછે જાજ્યો સુખે રે લો. મા૦ ૭ સા૦ દૈવપ્રયોગે એમ જો મતિ તુમચી ફરી રે લો, સા૦ નવિ દીધી વલી તેમજ કેહને દીકરી રે લો; સા૦ પુત્રતણી તો હોંશ પુરી કિહાંથી પડે રે લો, સા૦ દૈવ સંગાથે જોર કિસીપરે નિવડે રે લો. મા ૮ સા૦ તે ભણી બાલ બે ચાર હુવે અમચે યદા રે લો; સા૦ તે આધાર ઉદાર હોશે અમને તદા રે લો; સા૦ પછે સુખે લેજો દીખ

કહું છું આજથી રે લો, સા૦ યદવા તદવા બોલન બોલું લાજથી રે લો. મા૦ ૯ સા૦ વય અમચી લઘુ દેખી દયા નથી આવતી રે લો, સા૦ જે જિનધરમમેં સાર કહી છે તે વતી રે લો; સા૦ વલિ તજવો અભિમાન સિધ્ધાંતે એ વકી રે લો, સા૦ તે તુમે રાખ્યો ચિત્ત નૃપ આવ્યા થકી રે લો. કે મા૦ ૧૦ સા૦ વિનયમલ જિનધર્મ અમે પિયુ સાંભલ્યો રે લો, સા૦ માતાને દિલગીર કરતાં તે ગલ્યો રે લો; સા૦ જોવો હ્રુદય વિમાસ એ સાચી વાતડી રે લો, સા૦ રમણીને કુણ કરે હેત કંતા વિણુ ઇમ ભડી રે લો. મા૦ ૧૧ સા૦ પંચની સાખે હાથ ગ્રહ્યો તે નિરવહો રે લો, સા૦ જાશું જાશું એમકે મુખથી શું કહો રે લો; સા૦ શું તુમ લાગ્યું ભુત કે વ્યંતર આશ્રય્યો રે લો, સા૦ કે શું ભડકી સાન કે કથન કો ગમ્યો રે લો. મા૦ ૧૨ સા૦ ઇમ બત્રીશે નારી વિવિધ વચને કરી રે લો, સા૦ સમજાવે નિજ નાહ કે સુપરે સુંદરી રે લો; સા૦ નવિ ભેદાણો નાહ કે નેહ ન રાખીયો રે લો, સા૦ પાછો પણ તસ ઉત્તર એક ન ભાંખીયો રે લો. મા૦ ૧૩ સા૦ તવ થાકી તે નાર ગઇ સાસુ કને રે લો. સા૦ પાય નમીને વાત કહે સવિ શુભ મને રે લો; સા૦ નિત્ય એકેકી ત્યાગ કરંતો કામિની રે લો, સા૦ આજ તો સઘલી તેમ તજે કાં ભામિની રે લો. મા૦ ૧૪ સા૦ જે વલી કોય ઉપાય હોવે તે દાખવો રે લો, સા૦ ઉલલે ગાડે ગણેશ હવે શો ભાખવો રે

લો; સા૦ એ એકવીશમી ઢાલ ચોથા ઉલ્લાસની રે લો, સા૦ કહી જિનવિજયે એહ કે વચન વિલાસની રે લો. મા૦ ૧૫

॥ દોહા ॥

માતાએ સુત સ્નેહથી, વિવિધ કર્યા વિલાપ ।
તિમ સ્ત્રી પણ સઘલી મલી, દાખ્યા કલા કલાપ ॥૧॥
શાલિભદ્ર નવિ ભેદિયો, મન વચનથી મહિરાણ ।
શીલ સન્નાહને શું કરે, મનમથ નૃપનાં બાણ ॥૨॥
તવ માતા કહે તાહરે, શો છે મન આલોચ ।
શાલિ કહે સંયમ ભણી, હું કરૂં સયલ સંકોચ ॥૩॥
માતા ચિંતે મુજ થકી, અનુમતિ કિમ દેવાય ।
એ પણ ઘરમાં નવી રહે, અહી છછુંદરી ન્યાય ॥૪॥
એહવે ગોભદ્ર દેવ તવ, કહે ભદ્રાને આમ ।
અનુમતિ દ્યો દીક્ષા તણી, શાલિભણી સુખકામ ॥૫॥
તવ ભદ્રા મન દૃઢ કરી, કહે વચ્છ તુમ સુખ જેમ ।
તિમ કરો અતિ અવિલંબથી, સદા રહો તુમ એમ ॥૬॥
ભદ્રા લેઇ ભેટણો, પહોતી શ્રેણિક પાસ ।
કર જોડી કોમલ સ્વરે, એમ કરે અરદાસ ॥૭॥
શાલિકુમર સંયમ ગ્રહે, છંડી સયંલ સંસાર ।
તે ભણી છત્રાદિક સવે, આપોજી ઇણિવાર ॥૮॥
સુણી શ્રેણિક વિસ્મિત થયો, કહે ભદ્રાને વાણ ।
ઓછવ દીક્ષાનો અધિક, અમે કરશું ઈણે ઠાણ ॥૯॥
રજોહરણ પડઘો તિહાં, દેઈ લક્ષ દીનાર ।
કુતિયાવણથી આણીયા, ભદ્રાયે તિણિવાર ॥૧૦॥

## ॥ ઢાલ ૨૨ મી ॥

( દેશી–ઝુંબખાની. )

શ્રેણિક સવિ પરિવારશું રે, આવે શાલિ આગાર. સનેહી સાજના; ઉચ્છંગે આણંદ શું રે, બેસારે તેણિ-વાર; સનેહી સાજના. ૧. એ આંકણિ. શા માટે સંયમ ગ્રહો રે, આ યૌવન વય માંહ; સ૦ ભોગવિયે લક્ષ્મી ભલી રે, રહો મુજ બાંહની છાંહ. સ૦ ૨ શાલિ કહે તવ રાયને રે, તુમે કહ્યો તે સવિ સાચ; સ૦ જન્મ મરણ ભયથી સદા રે, રાખી સકો કહો વાચ. સ૦ ૩ શ્રેણિક કહે એહથી સવે રે, ભય પામે સવિ જીવ; સ૦ અરિહંત વિણ નવિ એહનો રે, ભય વારણ તે સદૈવ. સ૦ ૪ શાલિ કહે તે ભયભણી રે, ટાલવા લીઉં ચારિત્ર; સ૦ તવ શ્રેણિક શાલિભદ્રને રે, નમણ કરાવે પવિત્ર. સ૦ ૫ પૂજા શ્રી જિનરાજની રે, વિરચે સત્તર પ્રકાર; સ૦ અષ્ટા-ચીક ઓચ્છવ કરે રે, ખરચે દામ અપાર. સ૦ ૬ અનુકંપાદિક અતિઘણા રે, દેવરાવે તીણીવાર; સ૦ કાશ્યપને તેડે તદા રે, ઘે તસ લક્ષ દીનાર. સ૦ ૭ ચાર અંગુલ વરજી સવે રે, સમરાવે શિવ કેશ; સ૦ તવ ભદ્રા રોતી થકી રે, પાલવ ગ્રહે સુવિશેષ. સ૦ ૮ ધોઇ સુવાસિત નીરથી રે, ધુપે ધુપે તાસ; સ૦ તિથિ પરવે એ દેખશું રે, પુત્રના કેશ પ્રકાસ. સ૦ ૯ રત્નકરંડે થાપીને રે, રાખ્યા યતને તેહ; સ૦ ઓચ્છવ દીક્ષાનો તિહાં રે, શ્રેણિક કરે સસનેહ. સ૦ ૧૦ પુનરપિ સ્નાન કરાવીને

રે, વસ્ત્રાભરણ વિશેષ; સ૦ પહિરાવે પ્રેમે કરી રે પુષ્ફ-દામ સુવિશેષ. સ૦ ૧૧ શાલિકુમરને સિંહાસને રે, શિબિકામાંહિ બેસાર; સ૦ બત્રીશે નારી તિહાં રે બેઠી કરી શિણગાર. સ૦ ૧૨ સહસ પુરૂષ વહે શિબિકા રે, શોભીત શુચી કરી ગાત્ર; સ૦ આગલ હય ગય રથ ભલા રે, તિમ વલી નાચે પાત્ર. સ૦ ૧૩ બંદીજન જય જય કરે રે, બોલે બિરૂદ સુચીત; સ૦ વાજીંત્ર વાજે અતિ ઘણાં રે, સોહવ ગાવે ગીત. સ૦ ૧૪ . દાન દેવે યાચક પ્રતે રે, જે માગે તે તાસ; સ૦ એહવે ગોભદ્ર દેવતા રે, ઓછવ કરે ઉલ્હાસ. સ૦ ૧૫ રાજગૃહી રલિયામણી રે, શિણગારી સવિ તેહ; સ૦ આકાશે દેવદુંદુભિ રે, વાજે ધ્વનિથી અછેહ. સ૦ ૧૬ છત્ર ધરે શિર ઉપરે રે, મેઘાડંબર દેવ; સ૦ ચામર અતિ સોહામણાં રે, વિંજે વિધિથી હેવ. સ૦ ૧૭ શ્રેણિક સેચન ગજ ચઢી રે, ચાલે પરિકરજુત સ૦ અવર દિશે ગોભદ્રજી રે, દેવ સ્વરૂપ પ્રયુકત. સ૦ ૧૮ મણિમય શિબિકામેં તિહાં રે, પાછલ ભદ્રા માત; સ૦ મેઘતણી પરે વરસાતી રે, વસુ-થકી અધિક વિખ્યાત. સ૦ ૧૯ ઇત્યાદિક આડંબરે રે, ચાલ્યા, શાલિકુમાર; સ૦ ધન્નોશાહ પણ રૂદ્ધિથી રે, આવી મિલ્યા તિણિવાર. સ૦ ૨૦ દુધમેં જીમ મિસારી મિલ્યે રે, હોવે અધિક સતેજ સ૦ તિમ શાલિભદ્રને તિણે સામે રે, ધન્નાથી વદ્યો હેજ. સ૦ ૨૧ .સમવસરણ આવ્યા વહી રે, મહોટો કરીય મંડાણ; સ૦ છત્રાદિક

દેખી કરી રે, ઊતરિયા તિણે ઠાણ. સ૦ ૨૨ પંચાભિગમ તે સાચવી રે, વંદે સવિ નર નાર; સ૦ રોમાંચિત હરષિત તદા રે, ધન્નો શાલિકુમાર. સા૦ ૨૩ બેઠા પ્રભુને વાંદીને રે, લેવા સંયમ ભાર; સા૦ ઢાલ બાવીશમી જિન કહે રે, ચોથે ઉલ્હાસે ઉદાર. સા૦ ૨૪.

॥ દોહા ॥

તવ શ્રી વીર જિનેશ્વરૂ, દેશના દ્યે સુપ્રકાર ।
શ્રેણિક પ્રમુખ સકલ તિહાં, સુણે વિનયથી સાર ॥૧॥
શાલિભદ્ર ધન્નો તદા, માગે સંયમ શીખ ।
અહાસુખં ઇમ ઉચ્ચરે, વીર વચન રસ ઈખ ॥૨॥
કુણ ઈશાને આવીને ઊતારે આભર્ણ ।
તે સઘલાં ભદ્રા ગ્રહે, ઉચિતપણાથી તુર્ણ ॥૩॥
પંચમુષ્ટિ કરે લોચ જવ, શાલિકુમર થઇ ધીર ।
સજલ નયનથી તવ કહે, ભદ્રા વયણ ગંભીર ॥૪॥
યતના કરજે જાત તું, આલસ તજજે દુર ।
પૂર્ણ પરાક્રમથી ધરે, સંયમ માર્ગ સનુર ॥૫॥
ચારિત્ર ચિંતામણિતણા, કરજે કોડિ યતન્ન ।
ફિર ફિરિને નથી પામવો, એહ અમુલ્ય રતન્ન ॥૬॥
જો છંડયો છ ભોગને, વિષ સમ જાણી અત્ર ।
તો રખે લાલચ રાખતો, સુંદર લહી અન્યત્ર ॥૭॥
તિમ ધન્નાને પણ કહે, શીખ વચન સુવિલાસ ।
પુત્રી સુભદ્રા પ્રમુખને, ભદ્રા દ્યે સાબાશ ॥૮॥
પ્રતિવ્રતા તુમે પદ્મિણી, ધન ધન તુમ અવતાર ।

પતિ સંયોગ ગ્રહ્યો, પાલજો નિરતીચાર ॥૯॥
વેષ ધરી વિધિશું સવે, આવે વીર નજીક ।
વાંદી કહે દીક્ષા દિયો, અહો સમતારસ નીક ॥૧૦॥
વીર વાસ છવીસરે, દીક્ષા શિક્ષા રુપ ।
આપીને હવે ઉપદિસે, દેશના અતિહે અનુપ ॥૧૧॥

## ॥ ઢાલ ૨૩ મી ॥

(તુંગીયા ગિરિ શિખર સોહ.–દેશી.)

વીર મધુરી વાણી જંપે, સુણે પરષદ બાર રે; હૃદય વિકસીત કરી નિસુણે, ધન્ન સાલિ અણગાર રે. વીર૦ ૧ એ આંકણી. ચારિત્ર ઉપર સુણો ઉપનય, રાજગૃહીમાં રંગ; ધન્નોસાર્થંપ સુગુણ નિવસે, ભદ્રા સ્ત્રી તસ ચંગ રે. વી૦ ૨ પુત્ર ચાર સુરૂપ રૂડા, ધનપાલને ધનદેવરે ધનગોપને વલી ધનરક્ષિત, કરે તાતની સેવ રે. વી૦ ૩ પરણાવિયા તે પુત્રને તવ, શેઠે ધરી મન રાગ રે; એક દિવસે રાત્રિ સમયે, ચિંતવે મહાભાગ રે. વી૦ ૪ સકલ નગરમેં મુજને પુછે, કાર્ય કામે લોક રે; નાતિમે પણ સહુ માને, વચન ન કરે ફોક રે. વી૦ ૫ હવે મુજને કાલધરમે, અથવા કોઇક કાજ રે; ઊપને મુજ ઘરતણો સવિ, રાખશે કુણ રાજય રે. વી૦ ૬ યોગ્ય જાણી ભાર ઘરનો, સોંપવો નિરધાર રે; વિચરર્યા વિણ ભાર સોંપે, કરી નાંખે ખ્વાર રે, વી૦ ૭

યતઃ માલિનીવૃત્તમ્ યદિ શુભમશુભંવા કુર્વતાં કાર્યજાતં, પરિણતિરવધાર્યા યત્નતઃ પંડિતેન; અતિરભસકૃતાનાં કર્મણામાવિપત્તે, હૃદયદાહી

શલ્યતુલ્યો વિપાકઃ. ૧

**ભાવાર્થઃ-** કામ કરનારા માણસને કામ કરતાં, જો કદિ સારૂ અથવા નરસું જે થાય, તો તેની પરિણતિપંડિત પુરૂષે યત્નથી અવધારવી જોઈએ; કારણ કે ઉતાવલથી કરેલા કામોનો વિપાક, જ્યાં સુધી તે સંબંધી વિપત્તિ રહે છે, ત્યાં સુધી હૃદયને બાળે છે અને એક શલ્ય સરખો સાલે છે. ૧

પ્રભાતે સવિ સયણ પોષી, તેડી વહુઅર ચાર રે; પાંચ પાંચ કણ શાલિ કેરા, દિયે કરી મનોહાર રે. વી૦ ૮ માગીએ જવ અમે તુમથી, દેજો એ કણ પંચ રે; ચાર વહુને શીખ સુપરે, દિયે જોઇ સંચ રે. વી૦ ૯ ચારે વહુ કણ લેઇ ચાલી, પહોતી નિજ નિજ ઠામ રે; વડી ચિંતે એહ કણથી, સીઝશે શો કામ રે. વી૦ ૧૦ માગશે તવ અન્ય દેશું, નાંખી દે ઇમ જાણીરે; બીજીએ કણ ભક્ષ કીધા, સ્વસુર હસ્ત પ્રમાણ રે. વી૦ ૧૧ ત્રીજી ચિંતે તાતજીએ, દીધા કારણ કોય રે; યતન કરીને ગુપ્ત સ્થાનક, રાખ્યા યુગતે સોય રે. વી૦ ૧૨ લઘુ વધુ મનમેં વિમાશે, વધારૂં એહ બીજ રે; પીયરે જઇ કૃષ્ણકરને, દીયે કરી ઘણી રીઝ રે. વી૦ ૧૩ એ પાંચે કણ સુપરે કરીને, વાવજ્યો શુભ ઠામ રે; કણ હુવે તવ સર્વ લેઇ, રાખજ્યો કોઇ ધામ રે. વી૦ ૧૪ જીમ કહ્યો તિમ તિણે કીધો, બીજની થઇ વૃદ્ધિ રે; વલી બીજે વરસ આવે, ખેત્ર ખેડી સમૃદ્ધિ રે. વી૦ ૧૫ બીજ સઘલો તિહાં વાવ્યો, થઇ બહુલી શાલ રે, વરસ પાંચ લગે એમ કરતાં, કણ થયા અસ-

રાલરે; વી૦ ૧૬ ભરી કોઠા કરી મુદ્રા, લઘુ વહુ મન રંગ રે; પાંચ વર્ષે ફિરી તેડયો, કુટુંબ સવિ ઉછરંગ રે. વી૦ ૧૭ વડી વહુ બોલાવી વેગે, માગે કણ તે પંચ રે; તવ તુરતમેં આણી દીધા, કરી નવી ખલચંચ રે. વી૦ ૧૮ સુસરો કહે એ કણ ન માહરા, કરો સપથ સુસંગ રે; તવ કહે મેં નાંખી દીધા, એહ અવર અભંગ રે. વી૦ ૧૯ વયણ નિસુણી સ્વસુર કોપ્યો, કહે રાખી રીશ રે; છાણ લીંપણતણો કારજ, કરે તુ નિશદીશ રે. વી૦ ૨૦ ઉજ્ઝિતા તસ નામ દેઈ, રાખી ગૃહને દ્વાર રે; હવે બીજી વધુ બોલાવી, માગે કણ તિણિવાર રે. વી૦ ૨૧ તે કહે મેં ભક્ષ કીધા, સુણી કોપ પ્રકાસ રે; ભક્ષિકા તસ નામ થાપી, કરી રાંધણ તાસ રે. વી૦ ૨૨ ત્રીજી પ્રતે તેડી તિવારે, આવી પ્રણમે પાય રે; તેહ કણ યતને કરીને, કહે વધુ તેહ નિશ્ચય, ઇહાં નહી સંદેહ રે. વી૦ ૨૪ રક્ષિકા તસ નામ થાપી, સોંપ્યા સયલ ભંડાર રે; લઘુ વહુપે લાડથી તવ, માગે કણ સુપ્રકાર રે. વી૦ ૨૫ હસી કહે તવ તેહ બાલા, શકટ ષોડશ વીશ રે; જીમ તુમારા કણ ગ્રહીને, લાવીએ સુજગીશ રે. વી૦ ૨૬ સુણિ સસરો ચિત્ત હરખ્યો, દેખી બુદ્ધિ વિલાસ રે; રોહિણાચલ પરે રૂડી, નામ રોહિણી ખાસ રે. વી૦ ૨૭ ઘર ભાર સઘલો દિયો તેહને, યોગ્ય જાણી તામ રે; પંચમે પણ વધી શોભા, થયો ઈચ્છિત કામ રે. વી૦ ૨૮ ઇમ જેહ દીક્ષા લેઇ ઉજ્ઝિત, કરે તે મતિ મુઢ રે; હીલણા ઇહ લોક

પાવે, નરકે જાવે ગુઢ રે. વી૦ ૨૯ લેઇ સંયમ ઉદરવ્રતે, વ્રતતણો કરે ભક્ષ રે; ભક્ષિકાપરે પેટ ભરતાં, કહ્યો નહિ તે દક્ષ રે. વી૦ ૩૦ વ્રત ધરીને ભંગ ન કરે, પાલે નિરતિ ચાર રે; રક્ષિકા પરે માન પામે, પરભવે શિવ સાર રે. વી૦ ૩૧ રોહિણી પરે જે વધારે, વ્રતતણા ગુણ રંગ રે; ઉપદેશથી પણ બુઝવે વલી, તરે તેહ સુચંગ રે. વી૦ ૩૨ શેઠ જિનવર શિષ્ય તે વધુ, પંચ કણ વ્રત પંચ રે; તે વધારે તેહ પામે, વિપુલ શિવ સુખ સંચ રે. વી૦ ૩૩ તે ભણી વ્રત લેઇ પાલો, રોહિણી સમ ધીર રે; એહ ઉપનય કહ્યો તુમને, ઇમ કહે શ્રી વીર રે. વી૦ ૩૪ સુણી પરષદ સવે હરખી, શાલિ ધન્નો તેમ રે; ત્રેવીશમી ઢાલ જિન કહે એ, ચોથે ઉલ્હાસે એમ રે. વી૦ ૩૫

॥ દોહા ॥

ભદ્રા કહે કરજોડીને, સુણો એક અરદાસ ।
એ સુત થાપણની પરે, સોંપું છું તુમ પાસ ॥૧॥
દુઃખ દીઠો નથી સુપનમેં, સુખોપવિત છે એહ ।
તપ જપ કરતો એહને, જાલવજ્યો ધરી નેહ ॥૨॥
તુમને એ બાલક તણી, ઘણી ભલામણ આજ ।
શી દીજે સુપરે કરી, દેતાં લાગે લાજ ॥૩॥
પુત્ર જમાઇ પુત્રિકા, અતિ વલ્લભ જગ માંહ ।
તે ત્રિણ્યે તુમને અમે, વહોરાવ્યા સોચ્છાહ ॥૪॥
ઇમ કહી વાંદી વીરને, પુત્રાદિકને તેમ ।
વાંદી વહુ તેડી ઘરે, ભદ્રા આવી એમ ॥૫॥

સુત વિરહે ઝુરે ઘણું, તિમ પતિ વિરહે નારી ।
વીર ધિર પણ તિહાં થકી, કરે અન્યત્ર વિહાર ॥૬॥
શાલિભદ્ર ધન્નો હવે, ભણે તે અંગ ઇગ્યાર ।
તપ દુસ્તપ કરે તિમ વલી, ચારિત્ર નિરતીચાર ॥૭॥
બારે વરસે વિચરતાં, તારણ ભવજલ તીર ।
રાજગૃહિમેં રંગશું, સમવસર્યા શ્રી વીર ॥૮॥
શાલિભદ્ર ધન્નાતણી, આવ્યાની સુણી વાત ।
દેખે લાખ વધામણી, તામ તે ભદ્રા માત ॥૯॥

## ॥ ઢાલ ૨૪ મી ॥

(મુખને મરકલે–એ દેશી.)

તવ ભદ્રા ભણે ભાવે જી, મુખથી ઇમ ભાંખે; વહુ સઘલીને સમજાવે જી, સુપરેં કરી દાખે; ફલ્યાં ભાગ્ય અનુપ તુમારાં જી, મુ૦ આવ્યા પુત્ર જમાઇ અમારા જી. સુ૦ ૧ વલી આવ્યાં સુભદ્રાબાઇ જી, મુ૦ એહની પુરણ પુણ્ય કમાઇ જી; સુ૦ આજ આંગણે અમીરસ વુઠયા જી, મુ૦ ઇષ્ટદેવ આવીને તુઠયા જી. સુ૦ ૨ જેહની જોતાં ઘણી વાટ જી, મુ૦ અહનિશિ કરતા ઉચ્ચાટજી; સુ૦ તેહ આવ્યા પુણ્ય પસાયે જી, મુ૦ નામ લેતાં આણંદ થાયે જી. સુ૦ ૩ વંદન સામગ્રી કીજે જી, મુ૦ ધન કેરો લાહો લીજે જી; સુ૦ તુમે સોલ સજો શિણગાર જી, મુ૦ પહિરો વલી વેશ સાફર જી. સુ૦ ૪ ઘણે દિવસે ભુષણ કાઢો જી, મુ૦ આજ હૃદય થયો મુજ તાઢો જી; સુ૦ સામગ્રી વંદણકેરી જી, મુ૦ કરે સુતને સ્નેહ ભલેરી જી. સુ૦ ૫

એટલે ધન્નો શાલિ સુબાધ જી, મુ૦ વંદે વીરને નિર-બાધ જી; સુ૦ માગે શીખ ગૌચરીને કાજ જી, મુ૦ માસખમણુનો પારણો આજ જી. સુ૦ ૬ કહે વીર સુણો વચ્છ વાત જી, મુ૦ માત હાથે આહાર સુખ્યાત જી; સુ૦ સુણી શાલિ મુનીશ્વર હરખી જી, મુ૦ ધન્ના સાથે જાય નિરખી જી. સુ૦ ૭ તેહ ગૌચરિયે તિહાં જાવે જી, મુ૦ નિજ માતાને ઘરે આવે જી સુ૦ સ્ત્રી બેઠી તનુ શિણગારે જી, મુ૦ પણ પતિ નવિ ઓલખ્યો ત્યારે જી. સુ૦ ૮ આદર તવ કિણહી ન દીધો જી, મુ૦ વલિ આહાર ન મિલ્યો તિહાં સીધો જી; સુ૦ ધન્નો શાલિભદ્ર વિચારે જી, મુ૦ વીર વચન હૃદય સંભારે જી; સુ૦ ૯ તવ તિહાંથી પાછા વલિયા જી, મુ૦ પણ કિણુહી તેહ ન કલિયા જી; સુ૦ મારગમેં મિલી મહિયારી જી, મુ૦ વિનયાતન થઇ સુપિયારી જી. સુ૦ ૧૦ દેખી શાલિને ઉલ્લસિત થાયે જી, મુ૦ તસ હૃદયમેં હરખ ન માયે જી; સુ૦ વિકસીત વદને ઇમ બોલે જી, મુ૦ વોહરો દહીં એમ અતોલે જી. સુ૦ ૧૧ બે સાધુના પડઘા પુરયા જી, મુ૦ નવિ રાખ્યા કાંઈ અધુરા જી; સુ૦ વહોરીને સ્થાનક આવે જી, મુ૦ વીર વાંદી અધિકે ભાવેજી. સુ૦ ૧૨ તિહાં ગમનાગમન આલોવે જી, મુ૦ કરજોડી વીરને પુછે જી; સુ૦ તુમે માત કહી હતી સ્વામી જી, મુ૦ દધિ દાતા એ અન્ય પામી જી. સુ૦ ૧૩ તવ વીર કહે તુમ માતાજી મુ૦ પુરવ ભવની સુવિખ્યાતા જી; સુ૦ સવિ પુરવ ભવ પરકાશો

જી, મુ૦ શાલિ મુનિવરે જેહ અભ્યાશે। જી. સુ૦ ૧૪ સુણી શાલિ તહત્તિ વિચારે જી, મુ૦ નિજ પુરવ ભવ ચિત્ત ધારે જી; સુ૦ જુઓ પુરવ ભવે હું ગોવાલ જી, મુ૦ ઇણે ભવે ન ગણ્યો ભુપાલ જી. સુ૦ ૧૫ વસ્ત્ર ખંડ ન મિલતો સાજો જી, મુ૦ (ગત ભવે મુજ અન્ન ન મિલતો તાજો જી; સુ૦ આ ભવ રત્નકંબલ લીધાં જી, મુ૦ સ્રીયે પગ લુહી નાંખી દીધાં જી. સુ૦ ૧૬ પાયસાન્ન તે દુલ્હો પાયો જી, મુ૦ પુરવ ભવે પરિશ્રમે આયો જી; સુ૦ ઇહ ભવે દિવ્ય ભોજન કીધાં જી, મુ૦ મનવંછિત દિન સવિ સીધાં જી. સુ૦ ૧૭ ગત ભવે એક કવડી ન પાઇ જી, મુ૦ ઇહ ભવે વલી લક્ષ્મી આઇ જી; સુ૦ એક સાધુના દાન પ્રભાવે જી, મુ૦ એ પામ્યો સુખ વડદાવે જી; સુ૦ ૧૮ ધન ધન જિનધર્મ આધાર જી, મુ૦ જેહથી સુખ લહીએ સાર જી સુ૦ ચોવીશમી ચોથે ઉલ્હાસે જી, મુ૦ ઢાલ સુંદર જિન ઇમ ભાસે જી. સુ૦ ૧૯

॥ દોહા ॥

વીર નમીને વિનયથી, તે બહુ મુનિ શિર તાજ ।
માસખમણનો પારણો, કરે તનુ +ભાટક કાજ ॥૧॥
શાલિભદ્ર ધન્નો મિલી, કરે વૈરાગ્ય વિચાર ।
કાયા બલ કાચાં થયાં, કરિયે અણસણ સાર ॥૨॥
ભાડું દેતા જે ભણી, તેહ તો કાજ ન થાય ।
તે માટે વોશિરાવીએ, સાધીયે શિવસુખ થાય ॥૩॥

+ભાડું અર્થાત્ શરીરને ભાડું આપવા માટે આહાર કરે.

પ્રત્યુષે શ્રી વીરને, પ્રણમી માગે શીખ ।
અણસણ તુમ આણા થકી, આદરિયે જીમ ઈષ ॥૪॥
વીર કહે જીમ સુખ હોવે, તિમ આરાધો હેવ ।
વિલંબ ન કરવો એહમેં, હે ×સુરપ્રિય સ્વયમેવ ॥૫॥

## ॥ ઢાલ ૨૫ મી ॥

(નિંદા ન કીજે કોઇની પારકી રે.–એ દેશી)

આજ્ઞા લહી શ્રી વીર જિણંદની રે, હરખ્યા મનમેં સાધુજી તામ રે; ત્રિણ્ય પ્રદક્ષિણા દેયને રે, વાંદે વિધિથી જિન અભિરામ રે. આજ્ઞા૦ ૧ એ આંકણી. પુનરપિ પંચ મહાવ્રત ઊચરે રે, આલોઈ સયલ અતિચાર રે; ગૌતમાદિક અણગારને રે, વિધિશું ખમાવે વારંવાર રે. આ૦ ૨ ચંદન બાલા પ્રમુખ મહાસતી રે, તેહશું પણ ખામે ટાલી શલ્ય રે; ગૌતમ સ્વામીને સાથે લેયને રે, ચઢયા વૈભારે થઇ નિર્મલ્ય રે. આ૦ ૩ શામ શિલાને પડિલેહી તિહ રે, કીધા સંથારા અણસણ કાજ રે; ચાર આહારને પચખ્યા પ્રેમશું રે, ચારે શરણાં કરે રૂષિરાજ રે. આ૦ ૩ લાખ ચોરાશી જીવાયોનિને રે, ખમે ને ખમાવે શુભ ભાવ રે; શત્રુ મિત્ર સવે સરિખા ગણે રે, ત્રિકરણ રાખીને ઇક ભાવેં રે. આ૦ ૫ પાદોપગમન અણસણ આદર્યો રે; જાવજીવ લગે કરી જોર રે; કાયા વોસરાવી કાચી જાણીને રે; ઈંદ્રિને વશ કીધાં દેખી ચોર રે. આ૦ ૬

×દેવાનુપિય.

મદને મદિરા સમ જાણી છોડિયા રે, રાગ દ્વેષને રાખ્યા તે કહી દ્રઢ રે; ભયનો ભય ટાલીને નિર્ભય થયા રે, ખેલે તે સમતા ગંગને પુર રે. આ૦ ૭ સુમતિ ગુપતિને ચિત્તમાંહે ધરી રે, ભાવે ભાવે ભાવના બાર રે; આત્મ સ્વરૂપ પ્રત અવગાહતા રે, મન ધરે ધ્યાન તિહાં અવિકાર રે. આ૦ ૮ એહવે ભદ્રાયે સામગ્રી સજી રે, વહુ બત્રીશેને લેઇ સાથ રે; શ્રેણિક નૃપને સાથે તેડીયા રે, ભેટવા ભાવે શ્રી જગનાથ રે. આ૦ ૯ વાજીંત્ર વાજે વિવિધ પ્રકારનાં રે, ગાજતે ઘન સમ અંબર નાદરે; અધીક ઓચ્છવથી આવી વાંદવા રે, મનમાંહી ધરતી અતી આહ્લાદરે. આ૦ ૧૦ આવીને વાંદે જિનવર વીરને રે, ત્રિધિશું ચિત્તથી ધરીય ઉલ્હાસ રે; સાધુ સર્વેને નીરખે ખાંતિશું રે, શાલીભદ્ર તીહાં નવી દેખે પાસ રે. આ૦ ૧૧ ધન્ન મુનિવરને પણ દીઠા નહી રે, ઉપન્યો મનમેં ભદ્રાને વિશ્લેષ રે; શું કિહાં ધ્યાનાદિકને લેયને રે, બેઠા હશે તે શુભ સ્થલ દેખ રે. આ૦ ૧૨ પુછે કરજોડી જિનપતિ વીરને રે, શાલિભદ્ર ધન્નો છે કિણ ઠામ રે; વીર વૃત્તાંત સવિ વિવરી કહ્યો રે, જિહાં લગે પહોંત્યા અણુસણ કામ રે. આ૦ ૧૩ તતક્ષણ ભદ્રા સુણી વિલખી થઇ રે, રૂદન કરે તિહાં અસરાલ રે; દુઃખથી દાઝી ધરણીએ પડી રે, તિમ તરફડે વિરહે નાર રે; ચોથે ઉલ્હાસે ઢાલ પચવીશમી રે, કહે જિન સ્નેહ બંધન તે અસારરે. આ૦ ૧૫

## ॥ દોહા ॥

ભદ્રા વહુઅર તેડીને, ચાલી ચતુરા વેગ ।
રૂદન કરંતી રાનમેં પુત્ર વિરહ ઉદ્વેગ ॥૧॥
પગમેં ખુચે કાકરા, કાંટા ઠેસ અપાર ।
કષ્ટ ઘણો ખમતી થકી, પહોતી તે વૈભાર ॥૨॥
ગિરિ ઊપર ચઢી લડથડી, દેખી પોઢયા દોય ।
ધ્રસક દેઇ ધરણી ઢલી, મુર્છાગત થઇ સોય ॥૩॥
પવને પામી ચેતના, દેખે પુત્રનું રૂપ ।
માંસ રૂધિર શોષિતપણે, અતિ કૃશ્ય અસ્થિ સરૂપ ॥૪॥
હાહાકાર કરે તીહાં, પુત્ર વિરહથી તેહ ।
આ શો કષ્ટ તેં આદર્યો, અહો પુત્ર ગુણગેહ ॥૫॥

## ॥ ઢાલ ૨૯ મી ॥

(ઘર આવો રે મન મોહન ઘોટા—એ દેશી.)

જીવ જીવન તું વલ્લભબેટા, તું આધાર અતીવ બેટા; તું કુલમંડલ માહરે બેટા, તું હિતકરણ સદૈવ બેટા; હસી બોલોને મન મોહન બેટા; ૧ એ આંકણી. તું મુજ આપદ વારક બેટા, ઠારક ચિત્ત સુ ઠામ બે૦ તુજ સમ અવર ન માહરે બે૦, આશાનો વિસરામ બે૦; હ૦ ૨ તું કુલ અંબર દિનમણી બે૦, તું સુકુલીન સુજાત બે૦; તું કોમલચિત્ત કારક બે૦, સુણ સુણ માતની વાત બે૦. હ૦ ૩ હુ મનમાંહિ જાણતી બે૦, મલશે વાર બે ચાર બે૦; હોંશ ધરી પડિલાભશું બે૦, કરશું સફલ અવતાર

બે૦. હ૦ ૪ તું તો આંગણે આવીયો, બે૦, કરવા માતની સાર બે૦ પણ મેં તુજને ન જાણીયો બે૦ હું ભુલી તિણિવાર બે૦, હ૦ ૫ એ દુઃખ મુજને ઘણો થયો બે૦, દાજ્યા ઉપર લુણ બે૦; તું ઈણિ રીતે ઇહાં રહયો બે૦, તે દુઃખ ટાલશે કુણ બે૦; હ૦ ૬ તેં તપ કરી કાયા દહી બે૦, ફિરી ગયો તુજ આકાર બે૦; આંગણે આવ્યો ન ઓળખ્યો બે૦. નવિ પડિલાભ્યો લગાર બે૦; હ૦ ૭ હું પુણ્યહીન અભાગણી બે૦, મુજને પડો ધિક્કાર બે૦; કલ્પદ્રુમ પરે આંગણે બે૦, આવ્યો ન જાણ્યો તિવાર બે૦. હ૦ ૮ ધન ધન તે તુજ માવડી બે૦, મહિયારી ગુણગેહ બે૦; પુત્ર ભવાંતરે ઓલખ્યો બે૦ સાચો તેહ સનેહ બે૦, હ૦ ૯ પૂર્વે પણ પાયસાન્નથી બે૦, સંતોષ્યો હતો સંત બે૦; આ ભવે પણ તુમ વાંછિત બે૦ હિત ધરી દધિ દિયો તંત બે૦. હ૦ ૧૦ જો હું જાણું તેહને બે૦, તો થાપું ઘરમાંહિ બે૦; બહિન કરીને લેખવું બે૦, સેવું તમ ઉચ્છાંહિ બે૦. હ૦ ૧૧ તુજ વિરહાનલ દાહથી બે૦, દુઃખણી છું ઇણ કાલ બે૦; વચનામૃતજલથી કરી બે૦ ઠારો કરીય સંભાલ બે૦; હ. ૧૨ એકણવાર બોલાવીને બે૦, તે અમ મન કોડ બે૦; ગોદ બિછાઇને વિનવું બે૦, પાય નમુ કરજોડ બે૦, હ૦ ૧૩ પ્રાણ હુશે હવે પ્રાહુણા બે૦, તું અણબોલે ઇણિવાર બે૦; વચન બે ચાર જે બોલશો બે૦; તે અમ થાશે આધાર બે૦ હ૦ ૧૪ ઇણિપરે વિવિધ વિલાપથી બે૦,

રૂદન કર્યો અસરાલ બે૦; ચોથે ઉલ્હાસે છવ્વીશમી એ૦, કહી જિનવિજયે ઢાલ બે૦; હ૦ ૧૫

॥ દોહા ॥

ઇણુપરે ભદ્રાએ ઘણા કર્યા વિશેષ વિલાપ ।
નિરખી નિરખી શાલિને, અતિ પામે સંતાપ ॥૧॥
તેહ કાયા તેહ ચાતુરી, તે તનુ તેજ સુવાસ ।
તપથી દાઝયા દેખીને, ભદ્રા થઈ ઉદાસ ॥૨॥
ભદ્રા, વિલવિલતે થકે, તવ બત્રીશે નાર ।
પ્રીતમને દેખી કરી, કરે વિલાપ અપાર ॥૩॥
શીર કુટે કર મુષ્ટિથી, હૃદય પછાડે હેવ ।
હાહારવ મુખથી કહે, શું કીધું તે દેવ ॥૪॥

॥ ઢાલ ૨૭ મી ॥

(ચાંદલિયો ઉગ્યો રે હરિણી આથમી રે.–એ દેશી)

નાહલીયા નીહેજા-રે કેમ બોલો નહી રે, અમથી તુમે ઇણીવાર; બાર વરસથી આજ તુમે મીલ્યા રે, કીમ ન કરો પીયુ સાર. ના૦ ૧. એ આંકણી. અમે તો નિગુણી છું સુણ કંતજી રે, તુમે છો સુગુણ નિધાન; અમે તો તુમચો પાલવ જે ગ્રહ્યો રે, તેહનો ન રાખ્યો રે માન. ના૦ ॥૨॥ તુમે અમ મસ્તક મુગટ શિરોમણી રે, અમે તુમ ચરણની ખેહ; તમે તો મેઘ સઘન રૂતુના સહી રે, અમે તો પશ્ચિમ નિશિ ત્રેહ. ના૦ ૩. તુમે તો માનસરોવર હંસ છો રે, અમે તો મંડુક તુલ્ય; તુમે તો વૈડુર્ય

ચિંતામણી સારીખા રે, અમે કાંકર એહ; સીંહ પરે દુર્ધર તુમે સાહીબા રે, અમે શૃંગાલ સરેહ. ના૦ ૫. તે ભણી અમને મહેર કરી હવે રે, નીરખી નયણુનીહાલ; અમે દુઃખયાંને દેખી દયા કરો રે, જીવદયા પ્રતીપાલ. ના૦ ૬. અમે ભૂલ્યાં તે વેલા અતી ઘણું રે, નવી જાણ્યા તુમ કંત; તે ગુનહો અમ પડયો છે પ્રીતમા રે, ખમજયો તુમે મતિમંત. ના૦ ૭. માતાજીને અમને અવગુણી રે, નવી બોલો ઇણીવાર; તે વિરહાનલ દાઝયા ઉપર રે, કંતજી કાં દીયો ખાર. ના૦ ૮. હવે અમને તુમ દરિશણ દોહીલો રે, દેખવો આજથી કંત છેહલો મેલો કરવા આવીયાં રે, અવધારો ગુણવંત. ના૦ ૯. પડિલાભ્યાની હોંશ હતી ઘણી રે, કરવા હાથ પવિત્ર; તે તો અમચી પુરી નવી પડી રે; એ એ કર્મ વિચિત્ર. ના૦ ૧૦. લાછો અમને વીસરશે નહી રે, જીવંતાં લગે જોર; આંગણ આવ્યા પણ નવિ ઓલખ્યા રે, તે અમ કર્મ કઠોર. ના૦ ૧૧. તુમે તો બાલપણાથી પ્રિતડી રે, પાલી પુરણ પ્રેમ; વચન વિરોધ ન કીધો કોયથી રે, સહુશું ચિંતવ્યો ખેમ. ના૦ ૧૨. હવે ઇણ વેલા બોલાવો મુખે રે, એટલે લાખ પસાય; અમચો જીવિત સફલ હુવે સહી રે, કહુ છું ગોદ બિછાય. ના૦ ૧૩. ઇણિ વેલાયે અણબોલ્યા રહો રે, તે અમ જીવિત શલ્ય; અંત સમય અવગુણવો જે કરે રે, તે તો મરણને તુલ્ય. ના૦ ૧૪. કર દોય જોડી બોલા પાથરે રે, કામિની તેહ

બત્રીશ; પણ નવિ લેકે સાધુ શિરોમણી રે, શાલિભદ્ર મુનિ સુજગીશ. ના૦ ૧૫. નયન ઉઘાડી પણ જોઇ નહી રે, માતા ભામિની કોય; ચોથે ઉલ્હાસે ઢાલ સત્તાવીશમી રે, જિન કહે ધન ધન સોય. ના૦ ૧૬.

## ॥ દોહા ॥

એહવે અભયકુમાર તિમ, શ્રી શ્રેણિક ભૂપાલ ।
રૂદન કરંતાં દેખીને, સમજાવે તિણુ તાલ ॥૧॥
શો દુઃખ કરવો એહનો, એણે અજુવાલ્યો વંશ ।
જિનશાસન શોભાવિયો, એ ઉત્તમ અવતંસ ॥૨॥
ધન ધન તાહરી કુખને, પ્રસવ્યો પુત્ર રતન્ન ।
ભોગી યોગી જાગતો સકલ કલા સંપન્ન ॥૩॥
વીરતણી તું ભારજા, વીર પ્રસવ સાક્ષાત ।
ધીરજ ધર ચિત્તમેં ચતુર, તું થઇ જગત્ત વિખ્યાત ॥૪॥
પુત્ર જમાઇ બિહું જણે, સાર્યાં આતમ કાજ ।
તેહભણી દુઃખ છોડી દ્યો, ધરી આનંદ સમાજ ॥૫॥
તવ ભદ્રા ધન્ના પ્રતે, વાંદે વિવિધ પ્રકાર ।
ધન ધન તુમ અવતારને, ઇમ કહે વારંવાર ॥૬॥
રડતી પડતી રોવતી, પાછી વલી પ્રવીણ ।
વહુ બત્રીશે લેયને, આવી દુઃખભરી દીન ॥૭॥
વીર પાસે વ્રત આદર્યાં, શ્રાવકનાં સુવિવેક ।
વધુ સહિત પાલે વિધે, આતમથી અતીરેક ॥૮॥
પોખે પાત્ર પ્રસન્ન મન, સેવે શ્રી જિનધર્મ ।
તપ જપ શક્તિ સમ કરે, આરાધે શિવધર્મ ॥૯॥

અંત અણુસણુ આદરી, પહોતી તે સુરલોગ ।
મહાવિદેહે સીઝશે, પામી કેવલ યોગ ॥૧૦॥

## ॥ ઢાલ ૨૮ મી ॥

( વર્ત્તમાન શાસનનો સ્વામી–એ દેશી )

હવે તે ધન્નો ધર્મ ધુરંધર, શાલિભદ્ર મુનિરાયા જી; કરી સંલેષણુ કાયા ગાલી, ધર્મધ્યાન મન ધ્યાયા જી. હવે૦ ૧. એ આંકણી. એક માસનો અણુસણુ પાલી, દોષ સવેપર જાલી જી; વ્રત પચ્ચકખાણુ સુપરે સંભાલી, ઉત્તમ સદ્ગતિ ભાલી જી હ૦ ૨. કામ ક્રોધ મદ મચ્છર છંડયો, સયણુશું સ્નેહ મંડયો જી; મન મંત્રીને પકડી દંડયો, શ્રી જિનવિજય ન ખંડયો જી. હ૦ ૩. પુન્યોદય અધિકે કરી પહોત્યા, સર્વારથસિદ્ધ વિમાને જી૦ શાલિભદ્ર ધન્નો દોઇ મુનિવર, દેવ થયા શુભ થાને જી હ૦ ૪. તેત્રીશ સાગર આયુ અનોપમ, ભોગવશે ભલી રીતે જી; અન્યોન્યે અહમિંદ્રપણે તે, રહે છે પુરણુ પ્રીતે જી હ૦ ૫. તિહાંથી ચવી નરભવ તે લહેશે, ક્ષેત્ર વિદેહ મઝાર જી; ઇભ્ય કુલે ધનવંત થઇને, ભોગવશે સુખસાર જી હ૦ ૬. ગુરૂ દેશના સુણી સંયમ લેઇ, પાલશે નિરતિચાર જી૦ અંતે કેવલજ્ઞાન લહીને, પહોંચશે મુગતિ મઝાર જી હ૦ ૭. સતી ય સુભદ્રાદિક આઠે જે. ચારિત્ર સુમને પાલી જી; અણુસણુ કરી સુરલોકે પહોંત્યાં, નિજ આતમ અજુઆલી જી; ૮. એકાવતારી તે સુવિચારી, લહી

માનવ અવતાર જી; સંયમ સંગે નિર્મલ રંગે, લહેશે શિવ શ્રીકાર જી હ૦ ૯. દેખો દાનતણાં ફલ પ્રાણી, ધન્નાશાહે પામ્યા જી; સંપદ લહ્યો સવિ ઠામે ઠામે, કીધાં સઘલાં કામોજી હ૦ ૧૦. [1]બાંધવમેં અધિકો [2]બુદ્ધિમેં અધિકો, [3]વ્યાપારે બહુ દામ જી; [4]કલાકુશલ અતિ [5]શુરપણો તિમ, [6]પરદેશે ધન ધામ જી હ૦ ૧૧. [7]નૃપ પુત્રી પરણ્યો નિજ નયથી, [8]બુઝયો અબલા હાસ્યે જી; એ આઠે અચરિજ ધન્નાને, કવિયણ સયલ પ્રકાશે જી હ૦ ૧૨.

યદુક્તં ચરિત્રે ।। વંશસ્થવૃત્તમ્ ।। સૌભ્રાત્રમગ્ર્ય વિવિધાશ્ચ બુદ્ધયઃ, ક્રયે મૃદાદેરપિ હેમસિદ્ધયઃ; કલા સુકૌશલ્યમતીવ શૂરતા, શ્રિયોવિદેશેપિ સુખૈકસંગતા ।।૧।। અપિ પ્રિયાનર્મગિરાવ્રતાવતિ, વણિગ્ જનત્વેપિ નૃપત્વસંપદઃ ।। ઇમાનિ ધન્યે નિતરામનુત્તરાન્યષ્ટાવપિસ્પષ્ટતરાણિ વિષ્ટપે ।।૨।।

ભાવાર્થઃ- ૧ સર્વોત્તમ બાંધવોશું હિત ચિંતવન, ૨ વિવિધ પ્રકારની બુદ્ધિઓ, ૩ માટી ખરીદવામાં પણ (તેજમતુરી નીકસવાની) સુવર્ણ સિદ્ધિઓ, ૪ કલાઓને વિષે કુશલપણું, ૫ ઘણું જ શૂરાતન, ૬ પરદેશને વિષે પણ સુખે સુખે લક્ષ્મીઓ મેલવી, ૭ સ્ત્રીની મશ્કરી રૂપ વાણીથી વ્રત લેવા અને ૮ વણિક જન છતાં પણ, રાજાની દોલત; એ આઠે હંમેશાં ધન્ન કુમારને વિષે સર્વોત્તમ હતાં ૧. ૨.

૧ દેવભોગ નરભવે ભોગવિયા, ૨ કનકનિર્માલ્ય તે કીધોજી. ૩ રાજા શ્રેણિકતે કિરિયાણો, લેવા આદેશ દીધો જી હo ૧૩. રાજમાન અપમાન તે જાણ્યો, એ આશ્ચર્ય અતોલેજી; ચારે અદ્ભુત શાલિકુમરને, સહુકો પંડિત બોલેજી હo ૧૪.

**યદુક્તં ચરિત્રે ॥ સ્વર્ગોપભોગી નૃપતિક્રયાણકં, સુવર્ણનિર્માલ્યમભૂત્સ્રગાદિવત; નરેન્દ્રમાનેપ્યપમાનચિંતનં, શાલેર્મહાશ્ચર્યમિદં ચતુષ્ટયં ૩.**

**ભાવાર્થ**:– ૧ સ્વર્ગનો ઉપભોગ કરવો, ૨ રાજાને કરિયાણું ગણવું, ૩ ફુલની માલાદિક પેઠે સુવર્ણને નિર્માલ્ય ગણવું અને ૪ રાજાના માનને અપમાન ગણવું; એ ચાર વાનાં શાલિભદ્રને વિષે મ્હોટાં આશ્ચર્યકારક હતાં. ૩.

**અનુત્તરદાનમનુત્તરં તપો અનુત્તરં માનમનુત્તરો યશઃ; ધન્યસ્ય શાલેશ્ચ ગુણા અનુત્તરાઃ, અનુત્તરધૈર્યમનુત્તરં પદં ૪.**

**ભાવાર્થ**:–સર્વોત્કૃષ્ટ દાન, સર્વોત્કૃષ્ટ તપ, સર્વોત્કૃષ્ટ માન, સર્વોત્કૃષ્ટ યશ, સર્વોત્કૃષ્ટ ધૈર્ય અને સર્વોત્કૃષ્ટ પદ એટલે સર્વાર્થસિદ્ધ વિમાન; એ સર્વે ધન્નકુમારના અને શાલિભદ્રકુમારના સર્વોત્કૃષ્ટ ગુણો હતા. ૪.

એહ ધન્ના શાલિભદ્રતણા ગુણ, સ્વલ્પ બુદ્ધિથી ગાયાજી; રસના પાવન નિર્મલ ગુણથી, લાભ અનંતા

પાયા જી હ૦ ૧૫. શ્રી જિનકીર્તિસૂરીશ્વર વિરચિત, સંસ્કૃત ચરિત્ર નીહાલીજી. એ અધિકાર રચ્યો મેં સુંદર, નિજ ગુરૂ વચણ સંભાલીજી હ૦ ૧૬. અધિકો ઓછો રભરભાપણાથી, કુટીલ બુદ્ધિ સંકેતજી; તે મુજ મિચ્છામિ દુક્કડ હોજ્યો, કહું નિજઆતમ હેતેજી હ૦ ૧૭. શ્રી તપગચ્છપતિ તેજ દિવાકર, શ્રી વિજય ક્ષમાસૂરિરાયાજી; તસ પટ્ટાંબર દિનમણી સાંપ્રતિ, શ્રી વિજયદયાસૂરિ પાયાજી હ૦ ૧૮. તેહ તણો આદેશ લહીને, રાસ રચ્યો એ રૂડોજી; ચોરાશી ઢાલે સંપુરણ, ચાર ઉલ્હાસશું જોડયો જી હ૦ ૧૯. સંવત સત્તરશે નવાણું, વર્ષે શ્રાવણ માસે જી. શીત દશમી ગુરૂવાર અનોપમ, સિદ્ધિયોગ સુવિલાશેજી. હા૦ ૨૦. દાનતણાં ફલ ઉત્તમ જાણી, દેજો દાન વિલાસેજી; ઢાલ અઠાવીશમી જિનવિજયે, કહી ચોથે ઉલ્હાસેજી. હ૦ ૨૧.

॥ દોહા ॥

દાન પંચ જિન દાખીયાં, અભય સુપાત્ર ઉત્તંગ ।
અનુકંપા ઉચિતાદિ તીમ, કીર્તિદાન મન રંગ ॥૧॥
અભય સુપાત્રે મોક્ષફલ, શેષ ત્રીણ્ય સુખ ભોગ ।
લહીયે દાનતણે ગુણે, ઇપ્સિત સયલ સંયોગ ॥૨॥

॥ યતઃ ॥ અર્યાવૃત્તમ્ ॥ અભય સુપત્તં દાણું, અણુકંપાઉચીય કીત્તિદાણાઇં; દુન્નિવિ મોક્ખો ભણીઓ, તિન્નિવિ સુરગઇયં દિંતિ ૧.

ભાવાર્થ:—અભયદાન, સુપાત્રદાન, અનુકંપાદાન, ઉચીતદાન અને કીર્તિદાન; એ પાંચ પ્રકારના દાનમાં પ્રથમનાં બે દાન પણ મોક્ષને આપે છે અને બાકીનાં ત્રણ દાન પણ સુખ ભોગાદીકને આપે છે. ૧.

અભયદાનથી સયલસુખ, પામ્યા શાંતિ જિણંદ; પાત્રદાનથી પરમપદ, શ્રી શ્રેયાંસ કુમારેન્દ્ર. ૩. અનુકંપાથી પીણ અધિક, જશ પામ્યા જગમાંહ; મુંજ ભોજ વિક્રમ કરણ, પ્રમુખ નૃપતિ શોરછાહ ૪. તે માટે ભવિ જન તુમે, દેજ્યો દાન સુપાત્ર; નરભવનો એ લાભ છે, શુચી કરણ નિજ ગાત્ર ૫.

## ॥ ઢાલ ૨૯ મી ॥

( દિઠો દિઠો રે વામાકો નંદન દિઠો.—એ દેશી. )

શ્રીગુરૂ દેવ પ્રસાદે પુરણ, વંછીત ઇચ્છીત પાયા; દાન કલ્પદ્રુમ રાસ રચંતે, આણંદ અધિક ઉપાયા રે; મેં દાનતણા ગુણ ગાયા ૧. એ આંકણી. જિમ કલ્પદ્રુમ વંછીત પુરે, તીમ એ શુભફલ દાતા; દાનાદિક અધિકાર અનોપમ, છાયાથી સુખશાતા રે મેં૦ ૨. મંગલાચરણ તે મૂલ મનોહર સુનય તે પીઠ પ્રકાસ; વચન યુકિત તે સ્કંધ વિરાજે ચાર શાખા ઉલ્લાસ રે મેં૦ ૩. નવ નવ રૂપે ઢાલની રચના, પ્રતીશાખા પ્રતીભાસે; દોકંધ પત્ર સદા નવપલ્લવ, સુકૃત પુષ્પ સુવાસે રે મે૦ ૪. શુભ ફલ તે તસ અર્થ નો કહેવો, રીઝવવો તે સ્વાદ; શ્રોતા પંખી વિવિધજાતિના, સ્વાદ ગ્રહે અથ માદ રે. મે૦ ૫.

રક્ષણ તે ગુરૂ વકતા સમજું, કલ્પદ્રુમનો સ્વામી; તે પાસેથી ફલ માગીજે, આતમને હિત કામી રે. મે૦ ૬. એ ફલ સ્વાદનથી દુઃખ જાવે, લહિયે મંગલ માવો; દેશી વિવિધ પ્રકારે વિધિશું, સ્વ સ્વરથી કરી ગાવો રે. મે૦ ૭. શ્રી તપગચ્છ સુરેશ અનોપમ, શ્રી વિજયદેવસૂરીંદા; ગૌતમ જંબુ વયર સમોવડ ગુણથી તેહ મુણિંદા રે. મે૦ ૮. તસ પાટે શ્રી વિજયસિંહ ગુરૂ, મુનિજન કૈરવ ચંદા; ગુણમણી રોહણ ભુદર ઉપમ, સંઘ સકલ સુખકંદા રે મે૦ ૯ મેદપાટ પતિ રાણા જગતસિંહ, પ્રતિબોધી જશ લીધો; પલ આખેટક નીયમ કરાવી શ્રાવક સમ તે કીધો રે. મે૦ ૧૦. તાસ શિષ્ય સુવિહિત મુનિ-પુંગવ, બુધ ગજવિજય સવાયા; શાંત સુધારસ પરમ મહોદધિ, ઉત્તમ સુયસ ઉપાયા રે. મે૦ ૧૧. તસ સેવક કોવિદ શીર શેખર, હિતવિજય ગુરૂ રાયા; ષટ દર્શન આગમ જલનિધિમેં, બુધિ જહાજ તરાયા રે. મે૦ ૧૨ તાસ શષ્યિ પંડિત જિન સિંધુર, ભાણુવિજય મન ભાયા; તાસ સતીર્થ વીબુધ જિનવિજયે, ગીરૂઆના ગુણ ગાયા રે. મે૦ ૧૩. શ્રી મહાવીરને વારે મનોહર, પંચ પુરૂષ-સુ કહાયા; લબ્ધિપાત્ર શ્રી ગૌતમ ગણધર, બુદ્ધે અભય સુહાયા રે. મે૦ ૧૪. માને દશારણભદ્ર મહાબલી, કય-વન્નો સૌભાગ્યે; રૂદ્ધિબુદ્ધિથી શાલિભદ્ર તીમ, નામ લીય ભય ભાગે રે. મે૦ ૧૫. શાલિભદ્ર ધન્નો રૂષિરાયા, જેહના સુજશ ગવાયા; નામ લીયંતાં પાતીક નાસે,

નિર્મલ થાયે કાયા રે. મે૦ ૧૬. તપગચ્છમેં પંડિત વૈરાગી, દીપવિજય બુદ્ધ રાયા; તેહના શિષ્ય સંવેગી-સુંદર કવિ દયાવિજય સવાયા રે. મે૦ ૧૭. તસ પદ્ર સેવક કૃષ્ણવિજય વર, ધર્મથકી ઘરે માયા; તસ આગ્રહથી રાસની રચના, કીધિ ગુરૂ સુપસાયા રે. મે૦ ૧૮. ઉત્તમ એહ ચરિત્રજ જાણી, ભાવ અનોપમ લાયા; સુવિહિતના ગુણ ભણતે સુણતે, શ્રોતા અતિ સુખ પાયા રે. મે૦ ૧૯. ક્ષોપરી એ ઢાલ પતાકા, રૂપ કહી મનરંગે; સુરતી મંડલ પાસ પસાયે સુરતમેં સુખ સંગે રે. મે૦ ૨૦ ચાર ઉલ્હાસે અધીક વિલાસે, રાસ કલ્પદ્રુમ ગાયો; બુધ જિન-વિજય કહે વિસ્તરજયો, શત શાખાયે સુચ્છાયો રે. મે૦ ૨૧.

ઇતિ શ્રી ધન્ના શાલિચરિત્રે પ્રાકૃત પ્રબંધે દાન કલ્પદ્રુમમાખ્યે ચતુર્થ શાખારૂપ ધન્નાશાલિ-સંયમ ગ્રહણવર્ણનાભિધો ચતુર્થોલ્લાસ સમાપ્તમ્ ।। અસ્મન્નોલ્હાસે ઢાલ ।। ૨૯ ।। પ્રથમોલ્હાસે ઢાલ ૧૭, દ્વિતીયોલ્હાસે ઢાલ ૧૭, તૃતીયોલ્હાસે ઢાલ ૨૨।। ચતુર્થોલ્હાસે ઢાલ ૨૮।। સર્વ ઢાલો ૮૫ ।।

卐

## શ્રી પ્રભસૂરિ વિરચિત ધર્મવિધિ મૂલ પ્રકરણનો
### ગુજરાતિ અનુવાદ.

(૧) દેવેન્દ્ર અને નરેન્દ્રે બહુમાન કરેલ વર્ધમાન સ્વામિને નમસ્કાર કરીને, પોતાના તથા પારકાના હિત માટે સંક્ષેપમાં ધર્મ વિધિ કહું છું. (૨) જીવોને મનોવાંછિત તમામ વસ્તુ આપવાને કલ્પતરૂ સમાન ધર્મ સદા હોય છે. તે ધર્મનો નીચે પ્રમાણે વિધિ કહીએ છીએ. (૩) ધર્મ વિધિ પ્રકરણમાં ધર્મની પરીક્ષા (૧) લાભ (૨) ગુણ (૩) દોષ (૪) ધર્મદાયક (૫) ધર્મયોગ્ય (૬) ધર્મના ભેદ (૭) અને વિધિ સહીત ધર્મ કરવાથી ફળની સિદ્ધિ (૮) એમ આઠ દ્વાર કહેવાશે. । (૪) જેમ સોનાની પરીક્ષા કષ, છેદન, તાપ, અને તાડનથી થાય છે. તેમજ ધર્મની પરીક્ષા શ્રુત, શીલ, તપ અને દયાથી કરવી. (૫) જ્યાં પરસ્પર અવિરૂદ્ધ શ્રુત હોય, ગુપ્તિ સહિત શીલ હોય, ઇચ્છા રહિત તપ હોય, અને વિશુદ્ધ દયા હોય તે ધર્મ શુદ્ધ જાણવો. (૬) જેમકે શીલ ગુણ સમક્ષ પ્રદેશિ રાજાએ પરીક્ષા કરી સ્વીકારેલો ધર્મ તે પ્રદેશિ રાજાને કલ્યાણકર થયો તેમ પરીક્ષા કરી સ્વીકારેલો શુદ્ધ ધર્મ બીજા ધર્મના અર્થીઓને સુખકારક થાય છે. ॥ (૭) સમ્યગ-દર્શનરૂપ ધર્મનો લાભ અનાદિ મોહનીય કર્મના ક્ષયોપ-શમથી થાય છે; અને વળી તે ક્ષયોપશમ નીચે પ્રમાણે થાય છે. (૮) યથા પ્રવૃત્તિકરણે કરીને જીવ મિથ્યાત્વ મોહનીય કર્મની ૬૯ કોટાકોટી સાગરોયમ સ્થિતિ ખપાવે છે. (૯–૧૦) જેમ પર્વતમાંથી નીકળતી નદીમાંનો પથ્થર પોતાની મેળે ક્રમે ક્રમે ઘસાઇને ત્રિકોણ વિગેરે થાય છે, તેમ યથાપ્રવૃત્તિ કરણ વડે જીવ એક કોટાકોટી સાગરો

પમની સ્થિતિનું મોહનીય કર્મ કરીને ગ્રંથી દેશને જયારે પ્રાપ્ત થાય છે, ત્યારે અપૂર્વ વીર્યના ઉલ્લાસના વશથી જે ભવ્ય જીવ છે તેજ ગ્રંથીનો ભેદ કરે છે. એમ સિદ્ધાન્તમાં કહેલું છે.

(૧૧) ગ્રંથી સુધી યથાપ્રવૃત્તિનામનું પ્રથમકરણ ગ્રંથી ભેદતાં યાને ઓળંગતાં બીજુ અપૂર્વકરણ અને સમ્યકત્વ દર્શન યોગ્ય જીવને સમ્યકત્વ પ્રાપ્ત થતાં ત્રીજુ અનિ-વૃત્તિકરણ હોય છે, (૧૨) જેમ કર્કશ, ઘન, યાને નિબિડ, રૂઢ, અને ગૂઢ ગાંઠ અત્યંત મુશ્કેલીથી છોડાય છે, તેમ જીવને કર્મજનિત ઘન રાગદ્વેષ પરિણામ રૂપ કર્મની ગાંઠ છોડવી ઘણી મુશ્કેલ છે. (૧૩) ગ્રંથિ ભેદ કરીને અનિવૃત્તિ કરણ વડે જીવ સમ્યકૃત્વ પામે છે અને એક કોડાકોડી સાગરોપમની કર્મ સ્થિતીમાં પણ બેથી નવ પલ્યોપમ કર્મ સ્થિતિ ઓછી થતાં જીવ દેશવિરતિ આદિ પામે છે. (૧૪) સમ્યગદર્શનયુકત, પ્રથમ નહિ પામેલ—પામવો અત્યંત દુલર્ભ એવો દેશ વિરતિ આદિ ધર્મ પામીને તે—સદ્ધર્મ ઉદાયન રાજાની પેઠે હમેશાં વિશુદ્ધ પરિણામે ધારી રાખવો. ||| (૧૫–૧૬) ભવ દુ:ખરૂપ દારિદ્રયનો નાશ કરનાર સમ્યકૃત્વરૂપ મહારત્ન પામનારને નરક અને તિર્યંગ્ચ ગતિ એ બન્ને દ્વારો બંધ થાય છે. અને દેવ મનુષ્ય અને મોક્ષના સુખ જીવને સ્વાધીન થાય છે. સમ્યગ્દૃષ્ટિ જીવ નરક અને તિર્યંચનું આવખુ બાંધતો નથી. (૧૭) શ્રી વીર જિનેશ્વર ભગવાન પાસે ઉત્તમ સમ્યગ્દર્શન આદિ ધર્મ પામેલ કામદેવ શ્રાવક દેવલોકનાં સુખ વિગેરે ભોગવીને મહા વિદેહમાં સિદ્ધિ પદને પામશે, IV (૧૮) ચાર પ્રથમ કષાયો એટલે અનંતાનું બંધી

ક્રોધ માનમાયા–લોભ સંસારમાં ભટકવા સુધી જીવને અનુસરે છે અને નરકગતિના હેતુ છે, તેમનો ઉદય થાય છે. ત્યારે ભવ્ય જીવો પણ સમ્યકત્વને છોડી દે છે. (૧૯) અનુક્રમે એક વર્ષ અને ચાર માસ સુધી, બીજા અને ત્રીજા એટલે અપ્રત્યાખ્યાની અને પ્રત્યાખ્યાની કષાયો (ક્રોધ–માન–માયા–લોભ) ટકે છે તે કષાયો અનુક્રમે તિર્યંચ અને મનુષ્ય ગતિના હેતુઓ છે. અને તે કષાયોનો ઉદય થાય છે. ત્યારે બન્ને પ્રકારની વિરતિ જીવ વમીદે છે. (૨૦) સંજવલન કષાયનો ઉદય એક પક્ષ સુધી ટકે છે, અને દેવગતિનો હેતુ છે. તે સંજવલન કષાયનો ઉદય હોય ત્યારે મુલોતરગુણ વિષયક વ્રતાતિચાર થાય છે પણ તેના ઉદયથી સમ્યકત્ત વિગેરે નાશ પામતા નથી યથાખ્યાત ચારિત્ર ન પમાય.

(૨૧) પ્રથમ કષાયના ઉદયથી સમ્યક્ત્વ વગેરે ધર્મ-પરિણામથી પડીને નંદનમણીયારનામનો શેઠ ટુંક વખતમાં તિર્યંચ ગતિ પામ્યા. (૨૨) જ્ઞાનાદિ પાંચ પ્રકારના આચાર પાળનાર પૃથ્વી કાયાદિ છ જીવ નિકાયનો રક્ષણ કરવામાં ઉદ્યમી, ઈર્યા આદિ પાંચ સમિતિ વાન અને મનો ગુપ્ત્યાદિ ત્રણ ગુપ્તિના ધારક એવા, ૩૬ ગુણવાન્ ગુરૂ જાણવા. (૨૩) તેવા ગુરૂ પાસે, વિશુદ્ધ ધર્મ પામવાની શુદ્ધ બુદ્ધિએ વિધિ સહિત સમ્યક્ત્વાદિ ધર્મ ગૃહસ્થે અંગીકાર કરવો.(૨૪) જેમ લોહ વગરના વહાણો સમુદ્રમાં પોતાને તથા બીજાને તારનાર થાય છે. અને બીજા લોહ વાળા થતા નથી; તેમ ભવ રૂપી સમુદ્રમાં લોહ (લોભ) વગરનાંજ ગુરૂઓ પોતાને અને પરને તારનાર થાય છે. બીજા એટલે લોહ (લોભ) વાળા ગુરૂઓ તરનાર થતા નથી.

(૨૫) સંપ્રતિ રાજા આર્યસુહસ્તિ ગુરૂના ભારે પ્રસાદના મહાત્મ્યથી નિરૂપમ સુખનો સમુહ પામ્યા. (૨૬) અક્ષુદ્રાદિ ૨૧ ગુણોથી યુકત હોય તેજ ધર્મના યોગ્ય થાય છે. સુગુરૂએ યથોચિત ધર્મ તેવાનેજ આપવો. (૨૭) જેમ ગાયને ખવડાવેલ ઘાસ પરમ પયસ (ક્ષીર) રૂપ પ્રમાણે છે. તેમ યોગ્યને આપેલ ધર્મ પરમ પદનો હેતુ થાય છે; પણ તેજ પયસ સર્પના ઉદરમાં નાખવાથી વિષ રૂપ થાય છે. તેમ અયોગ્ય ને ધર્મ આપવાથી તેને તે વિષ રૂપ પ્રણમે છે. (૨૮) સુગુરુનો ઉપદેશ લેશપણ પામીને કેટલાક જીવો યોગ્ય હોવાથી જન્મારા સુધી નૃપ પુત્ર વંકચૂલની પેઠે ધર્મમાં દ્રઢ થાય છે. (૨૯) જિનવર ભગવાને આ ધર્મ ચાર પ્રકારનો તથા બે પ્રકારનો કહ્યો છે. પ્રથમ પ્રકાર દાન વિગેરે ચાર જાતનો કહ્યો છે. (૩૦) પાત્રને શુદ્ધદાન, વિમળશીલ, આશા રહિત તપ, અને શુદ્ધભાવના એમ ચાર પ્રકારે ધર્મ છે.

(૩૧) સત્સાધુ પાત્રને શુદ્ધદાન ભકિત સહિત આપે છે. તે મૂળદેવની પેઠે આ જન્મમાં પણ લક્ષ્મીનો ભાજન થાય છે. (૩૨) ત્રણલોકની અંદર જય ઘોષ ઉત્પન્ન થાય તેવું અકલંક શીલ જે પાળે છે. તે સુભદ્રાની પેઠે રાજા વિગેરેને વંદનીય થાય છે. (૩૩) છઠ, અઠમ, વગેરે તપની લબ્ધિવડે ઉત્પન્ન થયેલા મહાત્મ્યથી મહાસત્વો વિષ્ણુકુમારની પેઠે જિન શાસનની ઉન્નતિ કરનાર થઇ સિદ્ધિ પદને પામે છે. (૩૪) ભાવના વડે વાસીત અંતઃકરણ વાળા કેટલાક ઇલાચી પુત્ર જેવા ગ્રહસ્થો પણ કેવળજ્ઞાન પામીને મોક્ષ પામ્યા છે. (૩૫) સાધુ ધર્મ

અને ગ્રહસ્થધર્મ એમ બે પ્રકારે ધર્મ છે. તેમાં પ્રથમ યતિધર્મમાં ઉદ્યમ કરવો અને તે જેનાથી ન બની શકે તેમને ગૃહસ્થ ધર્મમાં ઉદ્યમ કરવો. (૩૬) યતિધર્મ અને ગૃહસ્થા ધર્મ એ બંને પ્રકારના ધર્મોનું મૂળ ઝાડના મુળની પેઠે સમ્યક્ દર્શન છે તે સમ્યક્દર્શન દેવતા-ધર્મ માર્ગ અને સદ્ગુરૂ તત્વ ઉપર શ્રદ્ધાન રૂપ ભવ્યોને હોય છે. (૩૭) તે સમ્યક્ત્વ પણ ત્રિવિધ ત્રિવિધ છે. મિથ્યાત્વ ત્યજીને નિસર્ગ ઉપદેશ દશ પ્રકારનું ધારણ કરવું. (૩૮) અતિદુર્લભ સમ્યક્ત્વ પામીને વિષય સુખ ત્યજીને સ્થુળ ભદ્રમુનિની પેઠે દશ પ્રકારનો સાધુ ધર્મ અંગીકાર કરો. (૩૯) ભોગ, તૃષ્ણા, સ્વજન સ્નેહ, ભીરૂતા અગર પરિષહથી ડરીને જો યતિ ધર્મ કરવા અસમર્થ થતો હોય તો ગૃહસ્થ ધર્મ અંગીકાર કર.

(૪૦ ૪૧) ગૃહસ્થ ધર્મ બાર પ્રકારે છે. (૧) સ્થૂલ પ્રાણી વધ વિરતિ. (૨) સ્થુલ અલિક વિરતિ (૩) સ્થૂલ અદત્તાદાન વિરતિ. (૪) પર યુવતી વિવર્જન. (૫) ઇચ્છા પરિમાણ. (૬) દિગ્ માન. (૭) ભોગવૃત (૮) અનર્થ દંડ વિરતિ (૯) સામાયિક (૧૦) દેશાવકાશિકવ્રત. (૧૧) પૌષધ (૧૨) અતિથી સંવિભાગ. (૪૨) ઉપર કહેલ બાર પ્રકારનો સુવિશુદ્ધ ગૃહસ્થ ધર્મ જે ગૃહસ્થ રૂડી રીતે કરે છે. તે સુરદત્ત શેઠની પેઠે. નિરૂપ દેવ રિદ્ધિ પામે છે. (૪૩) ધર્મનું ફળ વિરતિ છે. તે વિરતિ આશ્રવના નિરોધથી અવશ્યે થાય છે. કારણકે આશ્રવોને રોકવાથી. નવા કર્મનો બંધ થતો નથી. (૪૪) બધી બાજુએ બંધ કરેલ દ્વાર વાળા સરોવરમાંથી

પાણી જેમ ગળતુ નથી તેમ પાપ રૂપી આશ્રવનો સમુહ આવતો રોકેલ જીવમાં કર્મ આવતાં નથી. (૪૫) આશ્રવ રોકયાથી, શુકલ ધ્યાન રૂપ વિશુદ્ધ પરિણામ રૂપ મેરૂ-મંથાન વડે ભવ રૂપી સમુદ્રનું જેણે મંથન કર્યું છે. અને જ્ઞાન રત્ન જેને પ્રાપ્ત થયું છે. તે પ્રાણી જમ્બૂ સ્વામીની પેઠે હંમેશાં સુખી થાય છે. ૪૬) ધર્મ વિધિ ગ્રંથનું મુળ સ્થાન જેમ સમુદ્રથી ઉધરેલ અમૃત કળશે સંતોપને હર્યો તેમ આ આઠ દ્વારવાળી ભવદુઃખના ઉપતાપને હરનારી, ધર્મ વિધિ આગમ રૂપી સમુદ્રમાંથી અમૃત કળશની પેઠે ઉદ્ધરેલી છે. (૪૭) ધર્મ વિધિગ્રંથ ઉદ્ધરવાનું કારણ મધ્યસ્થ, આગમ રૂચી અને સંવેગથી વાસિત, મતિવાળા, જીવોને ઉપકાર અર્થે આ ધર્મવિધિ આગમમાંથી ઉદ્ધરી છે. પણ સકષાય ચિત્તવાળા જીવોના અર્થે નહિ. (૪૮) ધર્મ વિધિકોનું મહાત્મ્ય-રોગનું કારણ જાણનાર કુશળ વૈદ્ય જેમ વ્યાધિ અપહરે છે. તેમ આ સંસારમાં ધર્મ વિધિનો જાણ ભવ્યજીવ કર્મ ખપાવે છે. (૪૯) જેમ જીવ રાજ્યમાંથી નિધિ પામીને દારિદ્રયને હરે છે. તેમ વીર જિન રાજ શાસન આ ધર્મ નિધિની પેઠે, પામીને થોડા વખતમાં દુર્ગતીને દલી નાખે. (૫૦) દુઃખમ કાળ, તુચ્છ બળ, વગેરે દોષોને આશ્રીને અત્યંત મુશ્કેલીથી પ્રાપ્ત થયેલ મનુષ્ય જન્મ રૂપી રત્ન વૃથા ન ગુમાવો. (૫૧) શ્રી શ્રીપ્રભસૂરીએ સમુપદીષ્ટ આ ધર્મ વીધી જે રૂડી રીતે આચરે છે. તે શાશ્વત સુખ પામે છે. ઇતી.

અનુવાદકઃ—શેઠ વર્ધમાન સ્વરૂપચંદ વકીલ.
ઇડર—મહિકાંઠા.

# —: અમારા અમૂલ્ય ગ્રંથો :—

| ગ્રંથ | | મૂલ્ય |
|---|---|---|
| ચિત્રાવલી સેટ | | |
| નારકી ચિત્રાવલી (ગુજરાતી) | | ૪૦-૦૦ |
| નારકી ચિત્રાવલી [હિન્દી) | | ૩૦-૦૦ |
| નારકી ચિત્રાવલી (અંગ્રેજી) | | ૪૦-૦૦ |
| સત્કર્મ ચિત્રાવલી (ગુજરાતી) | | ૨૦-૦૦ |
| સત્કર્મ ચિત્રાવલી (હિન્દી) | | ૨૦-૦૦ |
| સત્કર્મ ચિત્રાવલી (અંગ્રેજી) | | ૨૫-૦૦ |
| ઉપમિતિ ભવપ્રપંચા વિવરણ | ભા. ૧ | ૬૦-૦૦ |
| ,, | ભા. ૨ | ૮૦-૦૦ |
| ,, | ભા. ૩ | ૮૦-૦૦ |
| પંચપ્રતિક્રમણ વિવરણ (૯૦૦ પેજ) | | ૧૨૫-૦૦ |
| લઘુ પૂજામૃત સંગ્રહ | | ૨૦-૦૦ |
| કુલભૂષણ કથા | | ૧૦-૦૦ |
| શાંતિસ્નાત્ર વિધિ | | ૨૦-૦૦ |
| સામાયિક સૂત્ર [illegible] | | ૪-૦૦ |
| દેવસીરાઇ પ્રતિ[illegible] | | ૮-૦૦ |
| Matsyodara [illegible] | | 6-00 |
| કલ્પસૂત્ર ચિત્રા[illegible] | | [illegible]૦૦-૦૦ |

**શ્રી હર્ષ[illegible]ા**

૪૫ દિ. પ્લોટ, જામનગર

સુરેશ પ્રિન્ટરી, વઢવાણ શહેર. ફોન : ૨૪૫૪૬